# શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ

પ્રસાદ નં. ૪

માસિક લવાજમ રૂ. ૩)

સોનગઢ.

ભાદરવા સુદ ૮. તા. ૧૯-૯-૫૦.


## મૂર્તિક જ્ઞાન

આત્મા જ્ઞાનસ્વભાવી છે; તે જ્ઞાનની પૂર્ણદશા થાય તે જ આદરણીય છે. આત્માના જ્ઞાનની જે અવસ્થા જડ ઈંદ્રિયોના અવલંબને કાર્ય કરે તે જ્ઞાનને મૂર્તજ્ઞાન કહ્યું છે, કેમકે તે જ્ઞાનમાં રાગની ઉત્પત્તિ થાય છે. અને જે જ્ઞાન આત્માના અવલંબને કાર્ય કરે તે જ્ઞાન અતીંદ્રિય છે; – એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરવી તે ધર્મની શરૂઆત છે. ઈંદ્રિયજ્ઞાનના આશ્રયે ધર્મ થતો નથી. ઈંદ્રિયો મૂર્ત છે તેથી તેને અવલંબીને જે જ્ઞાન થાય તેને પણ મૂર્ત કહ્યું છે. તે જ્ઞાન રાગવાળું છે, તેથી તે હેય છે; તે જ્ઞાનથી ધર્મ થતો નથી. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેને અવલંબીને જે જ્ઞાન થાય તે અતીંદ્રિય જ્ઞાન છે, ને તે જ્ઞાનથી ધર્મ થાય છે.

આવા અતીંદ્રિયજ્ઞાનને જ ઉપાદેય માનનાર ધર્મી જીવ પરનું કરવાનો અહંકાર તો કરતો નથી ને રાગનો પણ કર્તા થતો નથી. રાગ થાય તેને જાણે છે, અને ઈંદ્રિયજ્ઞાન હોય તેને પણ જાણે છે; પણ તેને આદરણીય માનતો નથી. ચૈતન્યસ્વભાવથી દ્રષ્ટિથી તેના આશ્રયે જે અતીંદ્રિયજ્ઞાન થાય તે જ આદરણીય છે. પર્યાયના આશ્રયે જ્ઞાન થાય–એને જ માને તો તે પર્યાયબુદ્ધિ છે, ત્રિકાળી ચૈતન્યના આશ્રયે જ્ઞાનપર્યાય પ્રગટે છે. તે ત્રિકાળી ચૈતન્યનો આશ્રય તે જ દ્રવ્યદ્રષ્ટિ છે, અને તે ધર્મ છે. આત્માનો પર્યાય પરનો આશ્રય લ્યે તો તે જ્ઞાન મિથ્યા છે અને આત્માનો પર્યાય ચૈતન્યદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય તો તે સમ્યક્ જ્ઞાન છે. ધર્મની પહેલી ભૂમિકામાં એટલે ચોથા ગુણસ્થાનથી આવાં શ્રદ્ધાન-જ્ઞાન પ્રગટે છે.

આ ગાથામાં ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓને પણ મૂર્ત કહી છે. ઉપયોગ-શક્તિઓ છે તો આત્માના અરૂપી પર્યાયો, પણ તેમાં ઈંદ્રિયોનું નિમિત્ત હોય છે, તેથી તેને મૂર્ત કહેલ છે. ઈંદ્રિયજ્ઞાન ઈંદ્રિય અને મનદ્વારા ઉત્પન્ન થતું હોવાથી અનિત્ય છે. વળી જે વખતે રસનું જ્ઞાન હોય છે તે વખતે ગંધ ઈત્યાદિનું જ્ઞાન હોતું નથી, તેથી તે ક્રમે પ્રવર્તતું છે. વળી તે જ્ઞાન તેના પ્રતિપક્ષ અજ્ઞાન સહિત જ હોય છે, કારણકે તે પૂર્ણ નથી. વળી તે ઈંદ્રિયજ્ઞાન વધઘટવાળું છે, કોઈ વખતે તેનો ઉઘાડ ઘણો હોય છે તો કોઈ વખતે ઓછો હોય છે. જેમ પાંચ શેર દૂધ હોવા છતાં ઉફાળો આવે ત્યારે તે અર્ધો મણ દેખાય છે પણ થોડા વખતમાં તે બેસી જશે, તેમ ઈંદ્રિયજ્ઞાનનો વર્તમાન ઉફાળો–ઉઘાડ દેખાય છે પણ તે સ્વાભાવિક ન હોવાથી થોડા વખતમાં બેસી જશે– હીણું થઈ જશે. અભવીને એક વખત ૧૧ અંગનું જ્ઞાન દેખાતું હોવા છતાં તે સ્વભાવના લક્ષે ન થયું હોવાથી હીન થઈ જશે ને ક્રમે ક્રમે તે નિગોદમાં જશે કે જ્યાં તેનું જ્ઞાન ઘણું જ હીણું થઈ જશે. આમ હોવાથી તે ઐન્દ્રિય જ્ઞાન છોડવા જેવું છે.

અતીંદ્રિયજ્ઞાન–ક્ષાયિકજ્ઞાન–કેવળજ્ઞાન અત્યંત આત્માધીન હોવાથી નિત્ય છે. તે બધા પર્યાયોને એકી સાથે જાણે છે, તે કદી અજ્ઞાનરૂપ થતું નથી, અને તેમાં ક્યારે વધઘટ પણ થતી નથી, તેથી તે જ્ઞાન જ ઉપાદેય છે.

પ્ર:- ઇન્દ્રિય સુખ કામચલાઉ સુખ તો કહેવાયને? અમુક વખતનું સુખ તો ખરું ને?

ઉ:- તે સુખ જ નથી. સુખ તો આત્મામાં આત્માના આશ્રયે થાય છે. અંતરસ્વભાવના આશ્રયે થાય છે. પણ અતીન્દ્રિય સુખના કામી ઇન્દ્રિયસુખને ઇચ્છે નહિ.

xxx xxx xxx

પ્ર:- અશુભ પરિણામને આપ અધર્મ કહો તો કહો પણ શુભપરિણામને અધર્મ ન કહો.

ઉ:- શુભ પરિણામ તે વિકાર છે, રાગ છે માટે અધર્મ છે. ધર્મ હોય તો કર્મબંધ ન થાય, પણ શુભ વખતેય સાત-આઠ કર્મોનો બંધ તો થાય છે, માટે તે અધર્મ છે.

xxx xxx xxx

પ્ર:- જ્ઞાની અશુભનો આશ્રય તો નથી કરતા પણ શુભનો આશ્રય તો લે છે ને?

ઉ:- ના. જ્ઞાની શુભનો આશ્રય ધર્મ માની લેતા જ નથી. તેનો આશ્રય લેનાર મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો અખંડ જ્ઞાયક સ્વભાવનો જ આશ્રય લે છે. (પ્ર. ગા. ૫૩ ના પ્રવચનમાંથી ભા. સુ. ૭)

# શ્રી સદ્ગુરુ પ્રવચન - પ્રસાદ

સોનગઢ.
વાર્ષિક લવાજમ રૂ. ૩)

પ્રસાદ નં.
૫.

ભાદરવા સુદ ૯ બુધવાર.
તા. ૨૦-૯-૫૦.


## આત્માનો જ્ઞાનસ્વભાવ.

(પ્ર. ગા. ૫૪. વ્યા. સુ. ૮)

સુખનું કારણ કેવળજ્ઞાન છે તે એક જ આદરણીય છે અને પ્રશંસનીય છે.

સુખનો ઉપાય શું તે કહેવાય છે. શરીર, મન, વાણી, દયા દાનાદિના શુભભાવ, તથા જ્ઞાનની હીણી દશા - અલ્પજ્ઞતા તે સુખનું કારણ નથી. ખરેખર જો સુખ જોઈતું હોય તો સુખનું સાધન શું તે જાણવું જોઈએ. અતીંદ્રિય કેવળજ્ઞાન પ્રગટે તે જ સુખનું સાધન છે. અતીંદ્રિય પૂર્ણજ્ઞાન એક સમયમાં સર્વને જાણે છે. તે અતીંદ્રિય જ્ઞાન અંતરની દ્રષ્ટિથી જ પ્રગટ થાય છે. અને તે જ સુખનું સાધન છે.

પ્ર:- શાતાવેદનીય તે સુખનું કારણ ખરું કે નહિ?

ઉ:- શાતાવેદનીયના નિમિત્તે મળતા સંયોગોમાં મોહી જીવ આકુળતાના પરિણામ કરે છે, માટે તે દુઃખનું કારણ બને છે. બહારના સંયોગો તો જડ છે પણ અજ્ઞાની જીવોએ બહારના અનુકૂળ સંયોગોને સુખનું કારણ માન્યું છે.

કેવળજ્ઞાનની શક્તિ એટલી છે કે તે એક સમયમાં મૂર્ત તથા અમૂર્ત એવા બન્ને પ્રકારના પદાર્થોને જાણે છે. તેમ જ મૂર્ત પદાર્થોમાં પણ જે એક પરમાણુ આદિ તથા સૂક્ષ્મ સ્કંધ જે અતીંદ્રિય છે તેને પણ જાણે છે. કાલાણુ તથા એક પરમાણુ વગેરે જે ઢંકાયેલ છે તેને અતીંદ્રિયજ્ઞાન જાણે છે. કેવળજ્ઞાન અમૂર્ત એવા ધર્મ, અધર્મ, કાળ, આકાશ - દ્રવ્યોને જાણે છે.

જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલું તે કેવળજ્ઞાન ઢંકાયેલ પદાર્થોને ચાર પ્રકારથી જાણે છે. દ્રવ્ય અપેક્ષાએ કાળ, ધર્મ, અધર્મ, આકાશને, ક્ષેત્ર અપેક્ષાએ અલોકાકાશના પ્રદેશોને (અલોકાકાશને જાણે છે કહેતાં લોકાકાશ આવી જાય છે), કાળે પ્રચ્છન્ન એટલે ભૂત તથા ભવિષ્યની બધી અવસ્થાઓ અને ભાવે પ્રચ્છન્ન એટલે સ્થૂળ અવસ્થાઓમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો તથા તેના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. આવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી સ્વ અને પરને પૂરેપૂરી રીતે જાણે છે. કારણ કે તે જ્ઞાન ઈંદ્રિયના અવલંબન વગર જાણે છે.

આવું જ્ઞાન કોને પ્રગટ થાય? કે જે જ્ઞાયક સ્વભાવની રુચિ કરી તેમાં એકાગ્રતા કરે તેને થાય. અને આવું જ્ઞાન પ્રગટ થતાં બધું જણાઈ જાય છે એટલે આકુળતા રહેતી નથી. આવું કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત શરીર, મન, વાણી, ઈંદ્રિય, પુણ્ય-પાપના ભાવ અગર જ્ઞાનના અલ્પ ઉઘાડમાં નથી, અને તેને લઈને તે તાકાત આવતી પણ નથી.

જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે, તે તાકાત દીવાસળીના લાકડામાં કે તેના ખોખાના રેતીવાળા કાગળમાં પણ નથી; તે ટોપકાને ઘસવાથી ભડકો થાય છે; તેમ આ ચૈતન્ય કે જેમાં પૂર્ણ શક્તિ ભરી છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી એકાગ્રતાના ઘસારાથી કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ થાય છે.

જ્યાં અતીંદ્રિય પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું ત્યાં પૂર્ણ આનંદ હોય છે; દુઃખ હોતું નથી. તેથી અલ્પ જ્ઞાનવાળા બધા પ્રાણીઓ દુઃખી જ છે. આવા સ્વાભાવિક અને પરિપૂર્ણ કેવળજ્ઞાનને જો જાણે તો ચાર અધૂરાં જ્ઞાનનો તેમ જ શુભરાગનો મહિમા આવે નહિ. મહિમાવંત એક કેવળજ્ઞાન જ છે.

અલ્પજ્ઞને સંસારમાં જે ગુપ્ત વસ્તુ રહેલી હોય તેને જાણવાની આકાંક્ષા હોય છે, આકુળતા હોય છે, તેને વિસ્મયતા થાય છે. પણ પૂર્ણ અતીંદ્રિય જ્ઞાન થતાં સર્વ ગુપ્ત અને અમૂર્ત પદાર્થોને પણ જાણે છે તેથી આકાંક્ષા, આકુળતા કે વિસ્મયતા થતી નથી. તેથી તે જ સુખનું કારણ છે.

એક જ દીવાસળીમાં લાખો મણ ઘાસને બાળવાની તાકાત છે તેમ આત્માના અંતરમાં રહેલી શક્તિને જાણી એકાગ્ર થઈ કેવળજ્ઞાન પ્રગટ કરે તો લોક-અલોક સર્વને યુગપદ્ જાણવાની તાકાત પ્રગટ થાય છે. અંતરશક્તિના આશ્રયે પ્રગટ થયેલું કેવળજ્ઞાન આત્મા સાથે સદાય રહે છે, ને આત્માથી સીધું – ઇંદ્રિય વગેરેની અપેક્ષારહિત – જાણે છે, ને અનંત અનંત શક્તિના કારણે તે અનંતપણાને પામ્યું છે. એવા જ્ઞાનમાં શું ન જણાય? બધું જણાય છે. જેમ અગ્નિમાં પડેલા સર્વે પદાર્થો બળી જાય છે કોઈ ન બળે તેમ બનતું નથી, બધાય બળીને સ્વાહા થઈ જાય છે. તેમ કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો જણાઈ જાય છે. બધા પદાર્થો તથા તેની સર્વ અવસ્થાઓ જ્ઞાનની હદ ઓળંગતા નથી એટલે કે બધા જણાઈ જાય છે. માટે તે કેવળજ્ઞાન એક જ ઉપાદેય ને પ્રશંસનીય છે.

વર્તમાનમાં કેવળજ્ઞાન પર્યાય પ્રગટ તો છે નહિ તો કેવી રીતે તેને ઉપાદેય માનવું? તો કહે છે કે જ્ઞાતાદ્રવ્ય સ્વભાવ જે પરિપૂર્ણ છે તેનો આદર કરે અને શરીર, મન, વાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર તેમ જ અધૂરી અવસ્થાનો આદર છોડે તથા પોતે સર્વજ્ઞ થઈ શકે એમ છે એવો પોતાના સ્વભાવનો નિર્ણય કરે તો તેણે સર્વજ્ઞનો અને કેવળજ્ઞાનનો સાચો નિર્ણય કર્યો કહેવાય. આવી રીતે જેણે સ્વભાવને ઉપાદેય માન્યો તેણે કેવળજ્ઞાનને ઉપાદેય માન્યું કહેવાય

# શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ

સોનગઢ. | પ્રસાદ નં. ૭. | ૨૪૭૬. ભાદરવા સુદ ૧૨.
માસિક લવાજમ રૂ. ૧) | | તા. ૨૨-૯-૫૦. શુક્રવાર.

(પ્ર. ગા. ૫૫ ના પ્રવચનમાંથી)
(ભા. સુ ૧૦ સવારે)

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. આત્માનું જ્ઞાન શરીરાદિ પરદ્રવ્યની ક્રિયામાં ફેરફાર ન કરે. આત્મા દેહ, લક્ષ્મી વગેરે જડની ક્રિયા કરી શકતો નથી, ઈંદ્રિયોને પણ અજ્ઞાન ભાવે પલટાવી શકતો નથી. આત્માનું જ્ઞાન આત્માના અંતરસ્વભાવ સન્મુખ થઈને કાર્ય ન કરતાં ઈંદ્રિયો વગેરે વિલક્ષણ જડના આશ્રયે કાર્ય કરે તેનું નામ અધર્મ છે. અંતરસ્વભાવના આશ્રયે જે અતીંદ્રિયજ્ઞાન કાર્ય કરે તે અતીંદ્રિય જ્ઞાન ધર્મ છે.

જે જીવ એમ માને છે કે ઈંદ્રિયો તરફના લક્ષે થતા અંશ જ્ઞાન જેટલો જ હું છું તેણે પોતાના ચૈતન્યની હિંસા કરી છે, કારણ કે આખા ચૈતન્યને સ્વીકાર્યો નહિ. પરથી જ્ઞાન થાય ને અંશ જેટલો હું એમ માનનાર અજ્ઞાની છે કારણ કે તેણે આત્માને અંશ પૂરતો માન્યો છે.

મિથ્યાદૃષ્ટિ જીવ બાહ્ય સંયોગો ઈંદ્રિયો-કાન-આંખ-વગેરે ઠીક હોય તો મને જ્ઞાન થાય એમ માને છે, અને તેથી તેની અવસ્થામાં ફેરફાર કરવા માગે છે. તે અજ્ઞાની જીવ બાહ્યદૃષ્ટિ હોવાથી ઠાણે ઠાણે ઠગાય છે. મિથ્યાત્વને સેવે છે, અધર્મને સેવી રહ્યો છે— કારણ ઈંદ્રિય તથા આત્માને અત્યંત અભાવ છે. તો અભાવસ્વરૂપ વસ્તુથી પોતાને— આત્માને લાભ માનવો તે અધર્મ છે. શરીરાદિની અવસ્થાનો ફેરફાર તેના પોતાના કારણે થાય છે, આત્માના રાગને લીધે તેમાં ફેરફાર થતો નથી. આવા જડ ચૈતન્યની ભિન્નતા સમજ્યા વગર, ઊંધી માન્યતા છોડ્યા વગર ધર્મ થઈ શકે તેમ નથી. આમાં પર પદાર્થ સાથે દ્વેષ કરવાની વાત નથી. જેમ છે તેમ જાણી લેવાની વાત છે.

આત્માના અખંડ જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન ઉપજે તે અતીંદ્રિય-જ્ઞાન છે. તેમાં ઠાણે ઠાણે સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. માટે અતીંદ્રિય જ્ઞાન જ ઉપાદેય છે ને ઈંદ્રિયજ્ઞાન હેય છે. અતીંદ્રિયજ્ઞાનને ઉપાદેય કહેતાં તેમાં ધ્રુવ જ્ઞાન સ્વભાવનો આશ્રય કરવાનું જ આવ્યું. કેમકે અતીંદ્રિય કેવળજ્ઞાન વર્તમાન પર્યાયમાં તો છે નહિ, તેથી ધ્રુવસ્વભાવની દૃષ્ટિથી જ. અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય ને ઈંદ્રિયજ્ઞાન હેય છે એમ નક્કી થાય છે. ને તે સ્વભાવના આશ્રયે જ અતીંદ્રિયજ્ઞાન પ્રગટે છે.

જિજ્ઞાસુ જીવને શ્રવણનો વિકલ્પ આવે પણ તે શુભરાગથી, દેવ-ગુરુ-શાસ્ત્રના બહારના સંયોગથી અગર ઈંદ્રિયોથી જ્ઞાન થાય એમ માનતો નથી.

આ જીવ શરીર, પરપદાર્થ, ખાવાપીવાના પદાર્થોને પકડી શકતો નથી છતાં અજ્ઞાની જીવ ઈંદ્રિય જનિત ઓછા જ્ઞાનને લીધે, પકડી શકું છું એમ માને છે. માટે ઈંદ્રિયજનિત જ્ઞાન છોડવાયોગ્ય છે..

ૐ

(ગાથા. ૫૬. ભા. કૃ. ૧૦)

ઈંદ્રિયો પોતાના વિષયોને એક સાથે ગ્રહણ કરી શકતી નથી માટે ઈંદ્રિયજ્ઞાન હેય છે.

ઈંદ્રિયજ્ઞાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણને જાણે છે પણ આત્માને જાણતું નથી. ઈંદ્રિયજ્ઞાન ભગવાનના શરીરને, મૂર્તિને, પુસ્તકને જાણે છે, પણ ભગવાનના આત્માને જાણવાની તાકાત તેનામાં નથી. વળી બધા રૂપી પદાર્થોને પણ એકી સાથે જાણવાની તાકાત ઈંદ્રિયજ્ઞાનમાં નથી. તે ઈંદ્રિયજ્ઞાન જ્યારે ભગવાનને આંખથી જોવાનું કામ કરે ત્યારે ધ્વનિ સાંભળવાનું કામ કરી શકે નહિ. સાંભળવાનું કામ કરે ત્યારે સ્પર્શ વગેરેનું કામ કરી શકે નહિ. છદ્મસ્થ જીવ બધી ઈંદ્રિયો દ્વારા એકી સાથે જ્ઞાન કરી શકે નહિ, કારણકે ક્ષયોપશમજ્ઞાનની એવી જ લાયકાત છે. કોઈ કહે કે ઈંદ્રિયોમાં કચાશ છે માટે જણાતું નથી, તો તે વાત ખોટી છે. આંખો ફૂટી ગઈ માટે ન જાણ્યું, કાનોમાં ફેરફાર થયો માટે સાંભળવાનું જ્ઞાન ન થયું — એ માન્યતા ખોટી છે; દરદીને ક્લોરોફોર્મ સુંઘાડવામાં આવે ત્યારે જ્ઞાનની દશા હીણી થઈ છે તે ક્લોરોફોર્મને લઈને થઈ નથી, અને સ્થૂળ ઉપયોગરૂપ કામ કરતી દેખાય છે તે ક્લોરોફોર્મની અસર પૂરી થઈ છે માટે એમ થયું — એમ પણ નથી. ક્ષયોપશમજ્ઞાનની તે તે વખતની એવી જ યોગ્યતા છે.

ક્ષયોપશમજ્ઞાન — કાગડાના બે ડોળામાં એક કીકીની માફક — શીઘ્ર ગતિએ કામ કરે છે એટલે સ્થૂળ દૃષ્ટિથી અજ્ઞાનીને એમ લાગે છે કે પોતાનું જ્ઞાન બધે એકી સાથે કામ કરે છે પણ તે તેની ભ્રમણા છે. ક્ષયોપશમજ્ઞાન એક વખતે એક જ ઈંદ્રિય દ્વારા ક્રમપૂર્વક એક પછી એક વિષયનું જ જ્ઞાન કરી શકે છે. સંસારદશામાં આત્મજ્ઞાન પરાધીન છે. કોઈ જીવ હજારો અવધાન કરતો હોય ત્યારે પણ પ્રશ્ન સાંભળતી વખતે તેનો ઉપયોગ બીજી ઈંદ્રિયો તરફ હોતો નથી. આવી રીતે જે ક્રમપૂર્વક જ્ઞાન થાય છે તે પરાધીન છે ને દુઃખનું કારણ છે.

અજ્ઞાની જીવનું લક્ષ ભલે ભગવાન તરફ તથા તેમની વાણી તરફ હોય પણ જ્યાંસુધી જ્ઞાન જ્ઞાતાનું છે એમ દૃષ્ટિ કરી ચૈતન્ય તરફ ન વળે તો તેનો પરલક્ષી ઘણો ઉઘાડ પણ અજ્ઞાનભાવ છે, સંસારભાવ છે. તે જ્ઞાનને ઈંદ્રિયજ્ઞાન કહીને અહીં હેય બતાવ્યું છે.

પોતાના જ્ઞાનના પર્યાયનો, પર્યાયવાન જ્ઞાતા ભગવાન સાથે સંબંધ કરવો તે જ ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાતા તરફનું વલણ જ મુખ્ય છે ને તે વલણ જ્ઞાતા સાથે સર્વથા અભેદ થતાં કેવળજ્ઞાન પ્રગટે છે.

ક્ષાયોપશમભાવ પરના આશ્રયે કામ કરે તે અધર્મ છે જેપર જેટલો - અંશ જેટલો માને તે પણ પર્યાયબુદ્ધિ છે. હેય છે. ઈંદ્રિયજ્ઞાન પરાધીન છે, ક્રમે કામ કરે છે માટે છોડવા યોગ્ય છે. જે જ્ઞાન ધ્રુવ સ્વભાવી સ્વ-દ્રવ્યના આશ્રયે કામ કરે તે જ્ઞાન ધર્મ છે. તે તે જ ઉપાદેય છે.

(સમય. ગા. ૧૩ ટીકા પાનું ૨૯. ભા. સુ. ૧૦)

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પ્રસાદ નં. ૯. ૨૪૭૬ ભાદરવા સુદ ૧૨.
માસિક લવાજમ રૂ. ૩) તા. ૨૩-૯-૫૦. શનિવાર.

## ઈંદ્રિયજ્ઞાન દુઃખરૂપ છે. (પ્ર. ગા. ૫૭. ભા. સુ. ૧૧)

આ આત્મા છે તેનો જ્ઞાન સ્વભાવ છે. ઈંદ્રિયો જડ છે, પુદ્ગલ છે, પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. ઈંદ્રિયોના લક્ષે જ્ઞાન થાય તે શુભાશુભ ભાવ ઉત્પન્ન કરે છે. ખાવા-પીવાના પદાર્થો, વેપાર આદિ તરફ ઈંદ્રિયજ્ઞાન લક્ષ કરે તો પાપની ઉત્પત્તિ થાય છે. જો દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ ઈંદ્રિયજ્ઞાન લક્ષ કરે તો પુણ્યની ઉત્પત્તિ થાય છે, એટલે કે વિકારની જ ઉત્પત્તિ થાય છે, અધર્મ થાય છે, દુઃખ થાય છે. ધર્મ અથવા સુખની ઉત્પત્તિ થતી નથી. કેવળ ચૈતન્ય ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના આશ્રયે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે ખરેખર પ્રત્યક્ષ છે. તે સુખ છે. ધર્મ છે. અહીં કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે પણ નીચલી દશાવાળો જીવ આવી ઓળખાણ કરી પોતાના સ્વભાવ તરફ જ્ઞાનના પર્યાયને વાળે ને અતીંદ્રિય કામ કરે તો તેને અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય છે ને ધર્મ થાય છે. ને કેવળજ્ઞાન તેના ફળમાં થાય છે.

અજ્ઞાની જીવ ત્રિકાળી સ્વભાવને ચૂકીને વર્તમાન પર્યાયમાં પર પદાર્થનું ઠીક અઠીકપણું કલ્પે છે, ને સંસાર ઉભો કરે છે. પાંચ ઈંદ્રિયો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દના સ્વભાવવાળી છે, ને આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વભાવવાળો છે. બંનેના સ્વભાવ જુદા જુદા છે, જેથી આ ઈંદ્રિયો આત્મસ્વભાવને સ્પર્શતી જ નથી. આત્માના જ્ઞાનનો સંબંધ ગુણી એવા આત્મદ્રવ્ય સાથે છે પણ જ્ઞાનને જડ ઈંદ્રિયો સાથે સંબંધ માનવો તે અધર્મ છે.

પોતાના સ્વભાવનો આશ્રય ચૂકીને જે જ્ઞાનનો પર્યાય ઈંદ્રિયનો આશ્રય લેવા જાય છે તે જ્ઞાન પ્રત્યક્ષ નથી તેનાથી શુભાશુભ ભાવ થાય છે. અહીં પર્યાયબુદ્ધિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ- સ્વભાવદૃષ્ટિ - કરાવવાની વાત છે.

"પરનો એટલે ઈંદ્રિયનો નાતો તોડ,
ને સ્વનો-ત્રિકાળીનો નાતો જોડ."
(પ્ર. ગા. ૫૮)

વર્તમાનમાં છદ્મસ્થ જીવ પોતાના ચૈતન્યસ્વભાવને ચૂકીને પર વસ્તુનું જ્ઞાન કરે છે ત્યારે તેમાં મન વગેરે છ નિમિત્તો હોય છે.

૧) અંતઃકરણ = દ્રવ્યમન. ૨) ઈંદ્રિય = પાંચ દ્રવ્ય ઈંદ્રિયો.
૩) પરોપદેશ = અન્યનો ઉપદેશ. (ગુરુનો ઉપદેશ અગર ભગવાનની વાણી.)
૪) ઉપલબ્ધિ = પર પદાર્થને જાણવાની લબ્ધિરૂપ શક્તિ.
૫) સંસ્કાર = પૂર્વ પર્યાયમાં જાણેલા પદાર્થની ધારણા.
૬) પ્રકાશ = પ્રકાશ.

આ છને લક્ષે થતું જ્ઞાન પરોક્ષ છે. ઈંદ્રિયો, વાણી વગેરે પરપદાર્થથી જ્ઞાન કે સુખ થાય તે વાત તો છે જ નહિ. પણ તેને લક્ષે થતું જ્ઞાન પણ પરોક્ષ છે. દુઃખદાયક છે, હેય છે.

ૐ

ॐ

વિશિષ્ટતા એ છે કે અંતઃકરણ, ઈંદ્રિયો, પરોપદેશ ને પ્રકાશ તો પર વસ્તુ જ છે પણ અહીં ઉપલબ્ધિ તથા સંસ્કાર જે આત્માના જ્ઞાનગુણની અવસ્થા છે તે પર પદાર્થને જાણવાના ઉઘાડવાળી હોવાથી તેને પણ અહીં પરવસ્તુ ગણી છે. તેનો ખુલાસો એ છે કે તે અધૂરો પર્યાય છે, વધઘટ થતી હોવાથી તે પલટન પામે છે, અંશ છે. તેને લક્ષે જે જ્ઞાન થાય તે પણ પરોક્ષ છે. તેના લક્ષે આત્મજ્ઞાન અથવા ધર્મ થતો નથી અથવા સાધક દશામાં પણ પ્રત્યક્ષ જ્ઞાનની ઉત્તરોત્તર નિર્મળતા અધૂરી પર્યાયને લક્ષે થતી નથી.

મતિ-શ્રુત, અવધિ ને મનઃપર્યયજ્ઞાન જે જ્ઞાનની ઉઘાડરૂપ અવસ્થા છે તે તરફનું લક્ષ પણ લાભનું કારણ નથી, ને તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટતું નથી કારણ તે પણ અવસ્થાઓ - એટલે કે અંશ છે, ભેદ છે, વિનાશી છે. તેના ઉપર લક્ષ કરતાં જીવને રાગ થાય છે. એ રીતે જ્ઞાન રાગમાં રોકાય છે તેથી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. સાધક દશામાં પણ જ્ઞાનની નિર્મળતા અખંડ ચૈતન્યના આશ્રયે જ થાય છે, વધે છે ને કેવળજ્ઞાન પણ અખંડના લક્ષે જ થાય છે. માટે સર્વ ભેદોનો આશ્રય છોડી - પર નિમિત્તો અને વર્તમાન જ્ઞાનગુણના પર્યાયની અપેક્ષા છોડી દઈને એક ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો આશ્રય કરવાથી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને તે કેવળ આત્માથી જ ઉત્પન્ન થાય છે તેથી તે મહાપ્રત્યક્ષ છે, ને તે જ સુખનું કારણ છે, માટે તે જ ઉપાદેય છે.

છદ્મસ્થ દશામાં કેવળજ્ઞાન પ્રગટ નથી તો નીચલી દશાવાળાએ કેવળજ્ઞાનને કેવી રીતે ઉપાદેય માનવું? તો કહે છે કે જે સાધક જીવ વર્તમાન બહારના નિમિત્તો તથા પર્યાય જે અંશરૂપ છે તેનો આશ્રય છોડી પોતાના વર્તમાન પર્યાયને પોતાના ત્રિકાળી સ્વભાવ સાથે જોડે છે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને સુખ થાય છે માટે જેણે પોતાના શુદ્ધ સ્વભાવને ઉપાદેય માન્યો તેણે કેવળજ્ઞાન ઉપાદેય માન્યું કહેવાય.

ॐ

# શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ

સોનગઢ. દૈનિક પ્રસાદ નં. ૨૪૭૬ ભાદરવા સુદ ૧૩.
માસિક લવાજમ રૂ. ૬) ૯ તા. ૨૪-૯-૫૦ રવિવાર.


## કેવળજ્ઞાન એ જ સુખ છે. (પ્ર. ગા. ૫૯ ના પ્રવચનમાંથી) ભા. સુ. ૧૨

દશ લક્ષણીપર્વમાં આજે ઉત્તમ ત્યાગ ધર્મનો દિવસ છે. ચૈતન્યમાં રાગની ઉત્પત્તિ ન થતાં વીતરાગ દશા ઉત્પન્ન થવી તે ઉત્તમ ત્યાગ ધર્મ છે.

શ્રાવકના ધર્મમાં ચાર પ્રકારનાં દાન કહ્યાં છે તે વ્યવહારથી કહ્યાં છે. પરવસ્તુનો ત્યાગ તો આત્મા કરી શકતો નથી પણ અશુભરાગ છોડી શુભરાગ કરવો તે પણ ત્યાગ ધર્મ નથી. રાગનું સ્વામિત્વ છોડી ચૈતન્યનો આશ્રય કરતાં વીતરાગી દશા ઉત્પન્ન થતાં શુભાશુભ રાગનો સ્હેજે ત્યાગ થઈ જાય છે તે ઉત્તમ ત્યાગ ધર્મ છે.

અહીં કેવળજ્ઞાની જ પરિપૂર્ણ સુખી છે તે વાત ચાલે છે. ઈંદ્રિયના લક્ષે દેવ-દર્શન, પૂજા, સામાયિક, પૌષધ વગેરે જે કાંઈ શુભભાવ જીવ કરે છે તે પુણ્યબંધ એટલે સંસારનું કારણ બને છે. તેનાથી ધર્મ થતો નથી, અને સુખ થતું નથી. અતીંદ્રિય કેવળજ્ઞાન એક જ પરમ સુખ છે. તે કેવળજ્ઞાન સ્વયં આત્માથી થાય છે, સર્વ આત્મપ્રદેશોથી જાણે છે, અનંતા પદાર્થોને એકી સાથે એક સમયે જાણે છે, સ્પષ્ટ છે, ને અવગ્રહાદિ ક્રમરહિત જાણે છે, તેથી તેમાં જરાપણ આકુળતા નથી.

હવે ઈંદ્રિયજ્ઞાન આકુળતામય છે એમ બતાવે છે.

૧) પોતાના સ્વભાવને ચૂકીને ઈંદ્રિયના આશ્રયે ઉપજતું ઈંદ્રિયજ્ઞાન પરાધીન છે. ભગવાનના દર્શન, પૂજા વગેરેના લક્ષે થતું બધું જ્ઞાન પરાધીન છે.

૨) ઈંદ્રિયજ્ઞાન આંખના પ્રદેશોદ્વારા જ જોવાનું કાર્ય કરે છે, આત્માના સર્વ પ્રદેશો-દ્વારા કરી શકતું નથી, તેથી પરાધીન છે, આકુળતાવાળું છે.

૩) ઈંદ્રિયજ્ઞાન એક વિષયને જાણવા જતાં બીજા વિષયોને જાણી શકતું નથી માટે આકુળતામય છે.

૪) સંશય-વિપરીતતા-વિભ્રમ દોષને લીધે યથાર્થ બોધ પમાડતું નથી.

૫) અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા વગેરે ક્રમપૂર્વક ઈંદ્રિયજ્ઞાન ઉપજે છે, એકી સાથે જ્ઞાન થતું નથી તેથી ખેદ થાય છે.

આ કારણોને લીધે ઈંદ્રિયજ્ઞાન - પરોક્ષજ્ઞાન - આકુળતાવાળું જ છે તેમાં સુખ નથી.

કેવળજ્ઞાન આકુળતારહિત છે તેથી તે પરમ સુખ છે એમ હવે કહે છે.

૧) કેવળજ્ઞાન ચૈતન્યના અનાદિ નિત્ય સ્વભાવ ઉપર વિકાસ પામીને વ્યાપી છે. કેવળી ભગવાનને જડ ઈંદ્રિય ને મન હોય છે પણ તેમને તેનો આશ્રય હોતો નથી. કેવળજ્ઞાન ધ્રુવસ્વભાવના લક્ષે પ્રગટ થાય છે માટે આત્માધીન છે. પ્રગટ થયા પછી સમયે સમયે તેનું પરિણમન થયા જ કરે છે, તે ધ્રુવશક્તિ અંતરમાં પડી છે તેમાંથી પ્રગટરૂપે આવે છે.

સિદ્ધ ભગવંતોને ઘણા વર્ષ પહેલાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું માટે તેમના ધ્રુવસ્વભાવમાં કાંઈ ઓછું થઈ ગયું એમ નથી અને નિત્યનિગોદનો જીવ અનાદિથી સંસાર દશામાં છે ને કેવળજ્ઞાન પ્રગટ નથી માટે તેનો ધ્રુવસ્વભાવ વધી ગયો છે એમ નથી, કારણ કે વધઘટ ધ્રુવસ્વભાવમાં નથી. નિત્યનિગોદના જીવનો અને સિદ્ધના જીવનો ધ્રુવસ્વભાવ તો એકરૂપ છે. તે શક્તિનો વિશ્વાસ કરી જીવ તેનો આશ્રય કરે તો કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે કેવળજ્ઞાન આત્માધીન હોવાથી તેમાં આકુળતા હોતી નથી.

૨) કેવળજ્ઞાન આત્માના સર્વ પ્રદેશોમાં પરમ પ્રત્યક્ષ છે. સર્વ પ્રદેશોદ્વારા જાણે છે. નીચલી દશામાં ઈંદ્રિયજ્ઞાન વખતે નિમિત્ત થવાની યોગ્યતા અમુક પ્રદેશોમાં હતી પણ કેવળજ્ઞાનમાં એમ નથી. કેવળજ્ઞાન સર્વ આત્મપ્રદેશેથી જાણી શકે છે માટે તેમાં આકુળતા નથી.

૩) કેવળજ્ઞાન લોકાલોકને પી ગયું છે. આખો લોકાલોક જે અનેક વિવિધતારૂપ છે તેને કેવળજ્ઞાન જાણે છે. જેમ પેટમાં પાણી સમાઈ જાય છે તેમ લોકાલોક તેમાં જણાઈ જાય છે. બહારના દૃશ્યમાન જ્ઞેય પદાર્થો કેવળજ્ઞાનમાં પેસી જતા નથી. જ્ઞેયો પેસી જતાં હોય તો રૂપીના ગુણો અરૂપીમાં ભળી જાય. પણ એવું કદી બનતું નથી. જ્ઞેયો સ્વતંત્ર હયાતિ રાખીને જ્ઞાનમાં જણાઈ જાય છે.

લોકાલોક કરતાં અનંતા લોકાલોક હોય તોપણ તેને એક સમયમાં જાણવાની તાકાત કેવળજ્ઞાનની એક સમયની અવસ્થામાં છે. "લોકાલોક ખુટે પણ કેવળજ્ઞાન ખૂટતું નથી" એવી કેવળજ્ઞાનની વિશાળતા છે. જેમ માંડવા ઉપર વેલડી પથરાતી પથરાતી જાય છે, માંડવો પૂરો થઈ જાય પણ વેલડી ખૂટતી નથી; તેમ કેવળજ્ઞાનરૂપી વેલડી મહાવિકાસથી વ્યાપી રહી છે તે કોઈ દિવસ ખૂટતી નથી.

કોઈ પ્રશ્ન કરે કે એકવાર કેવળજ્ઞાનમાં બધું જણાઈ ગયું પછી બીજા સમયે શું જાણવાનું બાકી રહે છે? તેનો ઉત્તર એ છે કે: કેવળજ્ઞાનમાં પરને એટલે લોકાલોકને જાણવાની મહત્તા નથી. પોતાના શુદ્ધ સ્વભાવમાંથી સમયે સમયે આનંદ, જ્ઞાન વગેરે પર્યાયો નવા નવા ઉત્પન્ન થાય છે તેને કેવળજ્ઞાની જાણી-અનુભવી રહ્યા છે. લોકાલોકના જ્ઞેય પદાર્થો સમયે સમયે જેવી વિવિધતાને પામે છે તેવી જ વિવિધતા સમયે સમયે કેવળજ્ઞાનમાં સહજ જણાઈ જાય છે. જ્ઞેયોમાં વિવિધતા છે માટે જ્ઞાનમાં વિવિધતા જ્ઞેયને લઈને છે એમ નથી. જ્ઞાન ને જ્ઞેય બંન્નેની સ્વતંત્રતા છે.

કોઈ જીવ ધર્મસભામાં પ્રશ્ન કરે - શંકા કરે ને ભગવાનને તેનો જવાબ આપવા વાણી કાઢવી પડે - ભગવાનને જવાબ આપવો પડે - એવું કેવળીપ્રભુને હોતું નથી. પ્રશ્નકારની શંકા ભગવાન પહેલેથી જ જાણે છે ને તેનો વ્યક્તિગત જવાબ આપવાનું ભગવાનને હોઈ શકે નહિ. ઓંકાર ધ્વનિમાં તેનો જવાબ સહેજે આવી જાય છે.

આવી રીતે કેવળજ્ઞાન પરિપૂર્ણ છે જેથી કોઈ પદાર્થને જાણવાની ઈચ્છા નથી માટે આકુળતા રહિત છે અર્થાત્ સુખરૂપ છે.

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

સોનગઢ
માસિક લવાજમ રૂા. ૩)

દૈનિક પ્રસાદ નં.
૬૧

૨૪૭૬ ભાદરવા સુદ ૧૫.
તા. ૨૬-૯-૫૦. મંગળવાર.

## કેવળજ્ઞાન એકજ પરિપૂર્ણ સુખ (પ્ર-ગાથા ૬૦ ... પ્રવચન) (માંથી. ભા. સુદ ૧૩)

આત્માના પૂર્ણ સુખનું કારણ શું? તે વાત ચાલે છે ધ્રુવ ચૈતન્યનો આશ્રય કરીને વર્તતું પૂર્ણ અતીંદ્રિય જ્ઞાન તેજ પૂર્ણ સુખનું કારણ છે.

(૧) આત્મા, શરીર, પૈસા, કુટુંબ તથા દેવ ગુરુ શાસ્ત્રથી જુદો છે તેથી તેમાં આત્માનું સુખ નથી તેમજ તેમાંથી આત્માને સુખ થતું નથી.

(૨) આત્માથી ભિન્ન એવી પરવસ્તુઓને પોતાની માનીને આત્માની અવસ્થામાં જે પુણ્ય પાપના ભાવો કરે તે વિકારી ભાવો હોવાથી તેમાં પણ સુખ નથી.

(૩) પરવસ્તુમાં ને વિકારમાં સુખ માનીને જ્ઞાનનો જે પર લક્ષી ઉઘાડ હોય તે ક્ષાયોપશમિક જ્ઞાન પણ ઇંદ્રિયજનિત હોવાથી આકુળતાવાળું છે. તેમાં સુખ નથી છતાં સુખની માન્યતા કરવી તે મિથ્યા છે. ને દુઃખનું કારણ છે.

(૪) આત્માને કોઈ પરવસ્તુ, વિકાર, અને પરલક્ષે થતો જ્ઞાનનો અલ્પ ઉઘાડ પણ સુખનું કારણ નથી. ધ્રુવ ચૈતન્યના આશ્રયે પ્રગટનું પૂર્ણ અતીંદ્રિય જ્ઞાન જ આત્માને સુખનું કારણ છે. માટે તેજ ઉપાદેય છે. એમ નક્કી કરીને તેની શ્રદ્ધા ને આશ્રય કરતાં ધર્મીને અંશે અતીંદ્રિય જ્ઞાન થઈ અંશે આનંદ પ્રગટ થાય છે તે પણ આત્માના પૂર્ણ સુખનું કારણ નથી.

આત્માના પૂર્ણ સુખનું કારણ પૂર્ણ અતીંદ્રિય જ્ઞાન છે. તે પૂર્ણ અતીંદ્રિય જ્ઞાન ધ્રુવ ચૈતન્ય દ્રવ્યના અવલંબને જ પ્રગટે છે, તેથી તે કારણ છે. એટલે તે ધ્રુવ-ચૈતન્ય દ્રવ્યના આશ્રયે જે કેવળજ્ઞાન પ્રગટે તેજ પૂર્ણ સુખનું સાધન છે.

કેવળજ્ઞાન પરિપૂર્ણ સુખ છે તેના ત્રણ બોલ ગઈકાલે આવી ગયા છે.

(૧) કેવળજ્ઞાન ઇંદ્રિયના આલંબન વગરનું આત્માધીન છે, (૨) સર્વ આત્મપ્રદેશેથી એક સાથે બધું જાણે છે. (૩) ને બધા પદાર્થોને એક સાથે જાણે છે તેથી તેમાં આકુળતા નથી. આજે હવે આગળના બોલ કહેવાય છે.

(૪) નિમિત્તો તરફનો આશ્રય સર્વથા મટી ગયો છે ને આત્મસ્વભાવનો સર્વથા આશ્રય થયો છે, વળી જ્ઞાનાવરણીય કર્મ ટળી ગયું છે, તેથી કેવળજ્ઞાન અત્યંત સ્પષ્ટ ચૈતન્ય પ્રકાશવાળું વિમળ છે. તેમાં નીચલી દશામાં રહેલા શંકા, વિપરીતતા વગેરે દોષો હોતા નથી તેથી કેવળજ્ઞાનમાં આકુળતા નથી.

(૫) લોકાલોકના જ્ઞેય પદાર્થો પોતાની ત્રણે કાળની અવસ્થા સહિત કેવળજ્ઞાનમાં એક સમયે જણાઈ જાય એવો જ્ઞેયોનો સ્વભાવ હોવાથી જ્ઞેયો યુગપદ્ કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. અધૂરી દશામાં છદ્મસ્થનું જ્ઞાન એક જ્ઞેય પછી બીજા જ્ઞેયને જાણતું ને તે પણ અવગ્રહ-ઈહા વગેરે ક્રમપૂર્વક જાણતું તેથી તેમાં ખેદ થતો પણ

ૐ

કેવળજ્ઞાનમાં અક્રમે બધા પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી ખેદ હોતો નથી એટલે આકુળતા નથી. તેથી નક્કી થાય છે કે કેવળજ્ઞાન એજ પરિપૂર્ણ સુખ છે. ને તેજ ઉપાદેય છે.

અજ્ઞાની જીવ માને છે કે ગુરુની વાણીથી શિષ્યને લાભ થયો ને વાણી અને શુભ રાગથી જ્ઞાન થયું પણ તે માન્યતા ખોટી છે.

(૧) ગુરુની વાણી શિષ્યના કાનને સ્પર્શી જ નથી કારણ કે એક બીજાને અન્યોઅન્ય અભાવ છે.

(૨) ગુરુની વાણી શિષ્યના જીવને કદી સ્પર્શી જ નથી માટે તેનાથી જ્ઞાન થાય નહી. કારણ કે એક બીજાને અત્યંત અભાવ છે,

(૩) ગુરુનું જ્ઞાન શિષ્યના જ્ઞાનને કદી સ્પર્શ્યું જ નથી. માટે ગુરુના જ્ઞાનથી શિષ્યને જ્ઞાન થાય નહિ. કારણ કે એક બીજાને અત્યંત અભાવ છે.

(૪) વાણીના લક્ષે થતો શિષ્યનો શુભ રાગ જે ચારિત્ર ગુણનો વિકારી પર્યાય છે. તે શિષ્યના જ્ઞાન ગુણની પર્યાયને સ્પર્શ્યો નથી તેથી તે વડે પણ જ્ઞાનની અવસ્થા ખીલતી નથી કારણ કે એક બીજાને અતદ્ભાવ છે.

(૫) શુભાશુભ ભાવો ગમે તેટલા તીવ્ર હોય તો પણ તે પોતાના શુદ્ધ સ્વભાવને કદી સ્પર્શ્યો જ નથી કારણ કે એક બીજાને અત્યંત અભાવ છે,

(૬) પોતાના જ્ઞાન ગુણની પૂર્વ અવસ્થા પણ જ્ઞાનની વર્તમાન અવસ્થાને સ્પર્શતી નથી. ગમે તેટલો પૂર્વનો પરલક્ષી ઉઘાડ હોય તો પણ તે વર્તમાન જ્ઞાનની અવસ્થાને મદદ કરતો નથી. કારણ એક બીજામાં અભાવ છે.

(૭) સાધક દશામાં પણ સમ્યક્ જ્ઞાનનો પૂર્વ પર્યાય, પછીના જ્ઞાન પર્યાયને મદદ કરતો નથી.. ગણધર ભગવાન જે. ચાર જ્ઞાનના ધણી છે.- તેમની બારમા ગુણસ્થાનની જ્ઞાનની અવસ્થા તેરમા ગુણસ્થાનની. એટલે કેવલજ્ઞાનની અવસ્થાને સ્પર્શી જ નથી. સમ્યક્ શ્રુતજ્ઞાનથી પણ કેવલજ્ઞાન પ્રગટતુ નથી. એક બીજામાં પરસ્પર અભાવ છે.

(૮) કેવલજ્ઞાન થયા પછી પણ કેવલજ્ઞાનની એક સમયની અવસ્થા બીજા સમયની કેવલજ્ઞાનની અવસ્થાને સ્પર્શી નથી કેવલ જ્ઞાનના પ્રથમ પર્યાયને લીધે કેવલજ્ઞાન ટકતુ નથી કારણ એક બીજામાં અભાવ છે.

એક બીજામાં અભાવ સ્વભાવવાળી વસ્તુ બીજી વસ્તુને શું મદદ કરે ? કાંઈ નહિ. દરેક દ્રવ્યો ગુણો ને પર્યાયો સ્વતંત્ર પોતાની ધારાથી રહ્યા છે અસહાય છે.

જીવમાં જ્ઞાનને શુભ રાગ એક સમયમાં સાથે હોવા છતા. અને બન્ને એકજ દ્રવ્યના પર્યાય હોવા છતા શુભ રાગ જ્ઞાનને મદદ કરતો નથી તો પછી બહારના સંયોગો જીવને મદદ કે સુખ આપે એ માનવુ તદ્દન મીથ્યા છે.

જે જીવ રાગથી લાભ માને. ઇંદ્રિય જ્ઞાનથી લાભ માને કે પૂર્વ પર્યાયથી લાભ માને. તે તેની સાથે એકત્વ બુદ્ધિ કર્યા વગર લાભ માની શકે નહિ. અજ્ઞાની જીવ સંયોગ તથા પર્યાયથી જુવે છે એ તેની પર્યાય દ્રષ્ટી છે, માટે ચૈતન્ય ધ્રુવ સ્વભાવને આદરણીય માનવો તે દ્રવ્ય દ્રષ્ટી છે ને તે દ્રવ્ય દ્રષ્ટી વડે

[illegible] કેવલજ્ઞાન [illegible] કેવલજ્ઞાન.

ઘણા જીવો નમસ્કાર મંત્ર બોલે છે. નવ લાખ નમસ્કાર મંત્રના જાપ જપે છે પણ તેનો ભાવ સમજ્યા વગર સમ્યક્‌દર્શન અગર સુખ થતું નથી. તે મંત્રના પહેલા પદમાં "નમો અરિહંતાણં" એ પદ આવે છે. અરિહંતનું સ્વરૂપ એટલે કેવળજ્ઞાનીનું સ્વરૂપ કેવું હોય તે જાણવું જોઈએ.

જેણે મિથ્યાત્વ અજ્ઞાન રાગ ને દ્વેષનો સર્વથા પ્રકારે નાશ કરી સર્વજ્ઞપણું પોતામાં પ્રગટ કર્યું તેને અરિહંત કહેવાય છે તેમ જે જીવ પોતાનો સ્વભાવ શુદ્ધ છે એવી શ્રદ્ધા કરી પર્યાયમાં થતા મિથ્યાત્વ રાગ દ્વેષ ને અજ્ઞાનનો નાશ કરી પુર્ણ વિકાસ કરી શકે એમ છે એવી શ્રદ્ધા જ્ઞાન કરે તો તે અરિહન્ત ભગવાનને સાચો નમ્યો કહેવાય ને નમસ્કાર મંત્ર સાચો શીખ્યો કહેવાય.

તે કેવળજ્ઞાન એ સુખરૂપ છે એ આ ગાથામાં જ્ઞાન સાથે અવિનાભાવી સુખને અભેદ કરીને વર્ણન કર્યું છે.

(૨) વિકારનું પરિણમન દુઃખ હોઈ શકે પણ કેવળજ્ઞાનમાં વિકાર હોતો નથી જેથી ત્યાં સુખ છે ને તે સુખરૂપ પરિણમન થઈ રહ્યું છે કેવળજ્ઞાન પલટે છે પણ તેમાં દુઃખ નથી. આનંદનો એવો ને એવો નવો નવો પર્યાય પ્રગટી રહ્યો છે.

અજ્ઞાનીને ખેદના સ્થાનો ઘાતી કર્મો છે એમ કહ્યું છે એ કથન વ્યવહારનું (નિમિત્તનું) છે. મિથ્યા અવસ્થામાં જીવના મોહના પરીણામ તે જ ખેદના કારણ છે. અજ્ઞાની જીવ શરીર મારૂં, પૈસા મારા, કુટુંબ મારા એમ માને છે. દરેક પદાર્થ પ્રત્યે મમતા કરી સારા નરસાની બુદ્ધિ કરે છે. પુણ્યના ભાવ હોય તો લાભ થાય, પુણ્ય કરતા કરતા હળવે હળવે ધર્મ થશે એમ અજ્ઞાની માને છે. જેમ ધતુરો પીધેલ માણસને બહારના પદાર્થો રાતા પીળા ભાસે ને જેવા હોય તેવા ભાસે નહિ તથા દારૂના ઘેનમાં પોતાની સ્ત્રીને માં કહે ને માને સ્ત્રી કહે છે તેમ અજ્ઞાની જીવ શરીર સારૂં હોય તો ધર્મ થાય, "કર્મ મને હેરાન કરે છે," "પુણ્યથી લાભ થશે" એવી માન્યતા રૂપી મહાન દારૂ પીધો છે, અતત્‌માં તત્‌બુદ્ધિ કરે છે એટલે કે પોતાનું સ્વરૂપ પરપદાર્થોને પરભાવમાં માને છે ને પરનું સ્વરૂપ પોતામાં માને છે. આવા મહા મોહના પરિણામ જીવ પોતે ઉભા કરે છે. બહારના પદાર્થોને ઈષ્ટ અનિષ્ટ માની થાકી જાય છે ને ખેદ કર્યા જ કરે છે.

અજ્ઞાની જીવ જ્ઞેય પદાર્થને રાગનું કારણ માને છે તથા કોઈ સગાના મૃત્યુનું અગર અકસ્માતનું જ્ઞાન થયું માટે રાગ થયો એમ માને છે. આવા મોહના પરિણામ જીવ જ્યારે કરે ત્યારે ઘાતી કર્મો નિમિત્ત સ્વતંત્ર ઉદય રૂપે હોય છે એટલે કર્મો એ અજ્ઞાની જીવોને મોહ કરાવ્યો એમ ઉપચારથી કથન કહેવામાં આવે છે

સમ્યક્‌દ્રષ્ટિ જીવો પર જ્ઞેયોને રાગનું કારણ માનતા નથી તેમજ બહારના સંયોગી વિયોગી પદાર્થોના જ્ઞાનને રાગનું કારણ માનતા નથી. અસ્થિરતામાં પોતાની નબળાઈને લીધે રાગ થાય છે તેટલું અંશે અલ્પ અસ્થિરતાનું દુઃખ છે

કેવળી ભગવાનને પરિપુર્ણ જ્ઞાન પ્રગટી ગયું છે. સર્વ પ્રકારે સમાધાન વર્તે છે.

ૐ

કેવળીભગવાનને તત્‌માં અતત્ બુદ્ધિ ટળી ગઈ છે ને સાધક દશામાં નબળાઈને લીધે અલ્પ ખેદ થતો તે અલ્પ ખેદ પણ કેવળીભગવાનને હોતો નથી કેવળી ભગવાન પુરેપુરા સુખી છે. કેવળજ્ઞાન આનંદરૂપે પરિણમી ગયું છે.

(૩) મહાવિદેહ ક્ષેત્રનો ક્રોડ પૂરવનો આયુષ્યવાળો જીવ તેની પાંચમી પેઢીનો નાનો બાળક ગુજરી જતા ખેદ કરતો નથી કારણ તે ઘણો વસ્તારી ને ઘરડો થયો છે. ઘણા માણસોનો વસ્તાર તેમાં કેનો ખેદ કરે, તેમ કેવળજ્ઞાન પક્વ થઈને જ્ઞાનવૃદ્ધ થયું છે. જગતમાં શું શું થયું, શું થાય છે ને શું થશે તેવા અનંત જ્ઞેયો પોતામાં જણાઈ ગયા છે. કોઈ અકસ્માત કે અચાનક કોઈ પર્યાય બનતી નથી. (અજ્ઞાનીને ખબર નહી હોવાના કારણે અચાનક બન્યાનું કહે છે.)

મિથ્યાત્વ દશામાં એક જ્ઞેય પછી એક જ્ઞેયને ક્રમથી જાણવા જતા ખેદ ખેદ થતો જ્યારે ભગવાનને એક જ્ઞેય પછી બીજો જ્ઞેય જણાય એવું હોતું નથી એટલે જ્ઞાનને અટકવું પડતું નથી બધું એકી સાથે જણાવાથી જરા પણ ખેદ નથી માટે કેવળી પ્રભુ પુરે પુરે સુખી છે આવી દશા પ્રગટવાથી ઘાતી કર્મો જો તેના કારણે સ્વયં નાશ થયો છે તેથી ઘાતી કર્મોના અભાવથી કેવળીભગવાનને સુખ પ્રગટ્યું એમ કહેવામાં આવે છે,

(૨) જેમ દિવાલ ઉપર એક ચિત્ર ચીતરેલું હોય તે બધું સામાન્ય રીતે એકી સાથે જોવામાં આવે છે તેવી રીતે ત્રણ કાળના ને ત્રણ લોકના પદાર્થો એકી સાથે ચીતરેલી ભીતની જેમ જણાઈ જાય છે. કોઈ ચીજ આડી અવળી દેખાતી નથી. ભવિષ્યમાં શું બનશે તેવી કોઈ ચીજ કેવળજ્ઞાનની બહાર હોતી નથી

આવી દશા પ્રગટ કરવી તે સુખરૂપ છે

કોઈ પ્રશ્ન કરે કે તેરમા ગુણસ્થાનની વાત શું કામ કરો છો? તેનો જવાબ એ છે કે સંસારમાં થોડી મુડીવાળો મોટી મુડી મેળવવાના ભાવ કરે છે તેમ અહીં પણ મુમુક્ષુ જીવ [illegible] ભાન સહીત કેવળજ્ઞાન પ્રગટાવવાની ભાવના ભાવે છે, આવું સાચુ જ્ઞાન કરે તો અકસ્માત કાંઈ બનતું નથી એમ શ્રધ્ધા કરને પર પદાર્થમાં અગર શાતા અશાતાના પ્રસંગે આમ કર્યું હોત તો આમ ઠીક થાત એવા પર પદાર્થોને ઠીકઠીક કરવાનો ખળભળાટ મટીને શાંતિ થાય.

સંસારમાં પણ પોતાનો દીકરો અશાતાના ઉદય વખતે અમુક રૂપીઆ સટ્ટામાં ખોયા હોય તેની ખબર પડે તો વિચાર કરે કે છોકરાને ઠપકો આપીશ તો છોકરો લાજનો માર્યો આપઘાત કરશે માટે તેમ કરવું ઠીક નહિ. રૂપીઆ ખોટમાં ગયા તે છોકરાના ભાગે જેટલા ઓછા આવશે વધારે હતા તો બધા રૂપીઆ તેના હતા ને ઓછા થયા તો તેના છે. રૂપીઆ મારા નથી માટે તો બધા તેને જ આપી દેવાના હતા. અગર કોઈ જીવ સમાધાન ન કરે તો રૂપીઆ મારા ગયા એમ કરી આકુળતા વેદે છે.- બીજો જીવ રૂપીઆ છોકરાના ગયા કરી આકુળતા મંદ કરે છે

અજ્ઞાની સંયોગો એવા હોય છે છતાં સાધારણ લૌકિક સમાધાન કરે છે આમ પર હાજુ એક અગવડતા ના પ્રસંગે સમાધાન કરવાની જીવમાં તાકાત છે તો અનંત અગવડતા આવવા છતાં જીવમાં સ્વલક્ષે સમાધાન કરવાની અનંત તાકાત રહેલી છે

સંયોગો જીવને પ્રતિકુળ નથી - સંયોગોનું જ્ઞાન સ્વભાવને પ્રતિકુળ નથી પ્રતિકુળતા અનુકુળતા જ્ઞાનમાં છે જ નહિ. જ્ઞેયોમાં પણ પ્રતિકુળતા અનુકુળતા છે જ

નહિ આમ જ્યારે જીવ પુરેપુરૂ સમાધાન કરે ને અધી અવસ્થા ઉપરથી લક્ષ ઉઠાવ પોતે જ્ઞાતા દ્રષ્ટા થઈ જાય તો સમાધાન ને શાંતિ થાય એમ છે કારણ સ્વભાવ પોતેજ સમાધાન સ્વરૂપ છે આવું જ્ઞાનમાં સમાધાન વર્તે તો પર નો ફેરફાર થતા આકુળતા થાય નહિ તેવું સમાધાન ને સુખ પોતાના સ્વભાવમાંથી આવે એમ છે જેમ કેરીના એક નાના ગોટલામાં ઘણા આંબાના વૃક્ષો ને કેરીઓ ફાલવાની તાકાત છે તેમ ચૈતન્ય સ્વભાવમાં કેવળજ્ઞાનરૂપી આંબાની કેરીઓ ફળવાની તાકાત છે તે તાકાત -પર- પદાર્થો, નિમિત્ત- રાગ કે અધુરી દશામાં નથી,

કેવળજ્ઞાનનું માહાત્મ્ય આવતા સ્વભાવનું મહાત્મ્ય આવે છે ને પર વસ્તુ તથા પુન્યનું મહાત્મય છૂટી જાય છે ને સ્વભાવમાં એકાગ્ર થતા કેવળજ્ઞાન પ્રગટે છે ને તેજ સુખરૂપ છે

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ

સોનગઢ.
માસિક લવાજમ રૂ. ૬)

દૈનિક પ્રસાદ નં. ૨૧

૨૪૭૬ ભાદરવા વદ ૧૦
તા. ૬-૧૦-૫૦ શુક્રવાર.


## કેવળજ્ઞાન સર્વથા અનુમોદવા યોગ્ય છે. (પ્ર. ગા. ૬૦ ના પ્રવચનમાંથી ભા. વ. ૯ ગુરુ. સવાર)

આ ગાથા અનંતચતુર્દશીના રોજ વંચાઈ હતી, આજે ફરીથી વાંચવામાં આવે છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. નિમિત્તનો, વિકારનો કે અધૂરી પર્યાયનો આશ્રય ન લેતાં આત્મા સ્વનો આશ્રય કરે અને એક આત્માની જ અપેક્ષા લ્યે તો તેને સમ્યગ્જ્ઞાન થાય છે, ને વધીને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાનની પ્રતીતિ કરવી એટલે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી, તેજ ધર્મ છે ને સુખ છે.

મિથ્યાત્વ અવસ્થામાં રાગ ને જ્ઞાનનું એકપણું થતું હતું, તેવા અજ્ઞાનને છોડીને નિરપેક્ષ તત્વનો આશ્રય કરતાં જ્ઞાન ને આત્મા એક થાય છે. ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે ને પછી સર્વથા એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે.

આ કેવળજ્ઞાન સંહિતા છે. સંહિતા એટલે વ્યવસ્થિત પદાર્થોની ગોઠવણી એવો અર્થ થાય છે. ત્રિકાળી સ્વભાવ વ્યવસ્થિત છે, કેવળજ્ઞાન વ્યવસ્થિત છે, જ્ઞેયો પણ વ્યવસ્થિત છે, ગુણો વ્યવસ્થિત છે, પર્યાયો પણ વ્યવસ્થિત છે. આમ વ્યવસ્થિતની શ્રદ્ધા થતાં પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ ટળી જાય છે ને સ્વભાવ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીઓ આ કથનને કટાક્ષમાં "નિયતિવાદ" કહે છે પણ તે તેમની ભૂલ છે. જે જ્ઞાન ને વીર્ય પરમાં ખંડખંડ થઈ જતું તેને સ્વભાવ તરફ વાળતાં આત્મા જ્ઞાતાદૃષ્ટા થાય છે. તે જ સમ્યક્ નિયતિવાદ એટલે કે પુરુષાર્થવાદ છે ને તે જ ધર્મ ને સુખ છે.

આ જ્ઞાન ને સુખ શેમાંથી આવે છે? નિમિત્ત અગર પૂર્વ પર્યાયમાંથી આવે છે? ના. જે પદાર્થમાં જ્ઞાન ને સુખ નથી તેમાંથી તે ન આવે. જે પદાર્થમા જ્ઞાન અસ્તિરૂપે હોય તેમાંથી અસ્તિરૂપે આવે.

(૧) દેવ, ગુરુ, શાસ્ત્ર, શરીરાદિ તો પ્રત્યક્ષ જુદાં છે તેમાંથી જ્ઞાનની અસ્તિ આવી શકે નહિ.
(૨) વિકાર થાય તે રાગ છે માટે રાગમાંથી જ્ઞાન કે વીતરાગતાની અસ્તિ આવી શકે નહિ.
(૩) જ્ઞાનની પૂર્વ પર્યાય તો અધૂરી છે ને વર્તમાન વ્યયરૂપ છે એટલે કે નાસ્તિરૂપ છે. માટે નાસ્તિમાંથી અસ્તિ આવી શકે નહિ.

માટે જે અસ્તિ હોય તેમાંથી અસ્તિ પ્રગટ થાય છે. ચૈતન્ય ધ્રુવ પદાર્થ જે ત્રિકાળ અસ્તિરૂપ છે તેમાંથી કેવળજ્ઞાનની અસ્તિ એટલે પ્રગટ દશા થાય છે. અજ્ઞાની જીવોને આવા ત્રિકાળી સ્વભાવની મહત્તા આવતી નથી ને બહારની ક્રિયાની, પુણ્યની ક્રિયાની મહત્તા ખસતી નથી.

ઝળહળ જ્યોતિ સ્વરૂપ કેવળજ્ઞાન છે, તેમાં ત્રણ કાળના, ત્રણ લોકના પદાર્થો જેમ છે તેમ વ્યવસ્થિત જણાઈ જાય છે. તેમાં કોના કેટલા ભવ વગેરે બધું જણાઈ જાય છે, કોઈ ચીજ કેવળજ્ઞાનની જાણબહાર નથી. જ્ઞાનમાં જ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે તેમાં "આમ કેમ થયું" ને "આમ કેમ ન થયું" એવા પ્રશ્ન જ રહેતા નથી.

(૧) જ્ઞાનની અવસ્થા બદલાવી તે દુઃખનું કારણ નથી પણ પરનો આશ્રય કરી 
ઠીકઠીક બુદ્ધિ કરવી તે દુઃખનું કારણ છે. અજ્ઞાનદશામાં નિમિત્તની રુચિ કરી કરીને એક જ્ઞેયથી બીજા જ્ઞેય તરફ જતાં જ્ઞાન થાકી જાય છે.

સ્વભાવ તે ખેદનું કારણ નથી. સ્વભાવ ખેદનું કારણ હોય તો આનંદ કદી પ્રગટે નહિ. નિમિત્તાધીન દૃષ્ટિ ખેદનું કારણ છે તેથી ઘાતિકર્મો ખેદનું સ્થાન છે એમ ઉપચારથી કહેવામાં આવ્યું છે.

કેવળજ્ઞાનમાં નિમિત્તાધીન દૃષ્ટિનો સર્વથા અભાવ છે ને પર તરફનું વલણ સર્વથા નાશ થયું છે જેથી ભગવાનને ખેદ નથી. ઘાતિકર્મોનો સ્વયં અભાવ હોય છે જેથી ઘાતિકર્મોના અભાવથી કેવળજ્ઞાનમાં ખેદ નથી એમ કહેવું તે ઉપચારથી કથન છે.

(૨) જેટલા પદાર્થો- ભૂત, વર્તમાન, ભવિષ્યના હોય છે તે બધા યુગપદ્, ચીતરેલી ભીંતની જેમ કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. કેવળજ્ઞાનીને અન્ય પરિણામ નથી એટલે વિકાર કે અધૂરી દશાના પરિણામ નથી. જ્ઞાનનું એક જ પરિણામ છે. જ્ઞાન રાગમાં અટકતું નથી જેથી તેમને થાક લાગતો નથી તેથી ખેદ નથી.

(૩) અજ્ઞાનદશામાં અજ્ઞાનના કારણે જ્ઞાનનું જ્ઞેયમાં ઠીકઠીક કરી રોકાવું થતું હતું તે અજ્ઞાન સર્વથા ટળી ગયું છે, તેમજ સાધકદશામાં પોતાની નબળાઈના કારણે જ્ઞાન અટકતું હતું તે અલ્પ વિઘ્નનો પણ અભાવ થઈ ગયો છે તેથી કેવળજ્ઞાનમાં સ્વભાવ પ્રતિઘાતનો અભાવ છે. અને તેથી અનંત શક્તિઓ કોઈ જાતના અંકુશ વગર અમર્યાદિત ખીલી રહી છે. જેમ હોજના ફુવારામાંથી પાણી બહાર સેરરૂપે ફેલાઈ રહ્યું છે તેમ ચૈતન્ય-ફુવારામાંથી અનંતશક્તિરૂપ ઝરણા ઉલ્લસી રહ્યા છે.

કેવળજ્ઞાનને સર્વકાળે એકરૂપ રહેનારું એટલે અચળ, અત્યંત નિષ્કંપ કહ્યું છે. અહીં કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું છે એનો અર્થ એમ નથી કે તે સર્વથા અપરિણામ છે, પરંતુ તે એક જ્ઞેયથી અન્ય જ્ઞેય પ્રતિ પલટાતું નથી. સર્વ કાળે સમસ્ત જ્ઞેયાકારોને જાણ્યા કરે છે. એકરૂપ રહેનારું છે તેથી તેને કૂટસ્થ કહ્યું છે.

આવી રીતે કેવળજ્ઞાનમાં આકુળતા નથી. અનાકુળતા તે સુખનું લક્ષણ છે માટે કેવળજ્ઞાન તે જ સુખ છે. કેવળજ્ઞાન ને સુખને જુદાઈ નથી, માટે તે જ સર્વથા અનુમોદવાયોગ્ય છે. બહારના પદાર્થો, પૈસા, દેવ-ગુરુ-શાસ્ત્ર, શુભરાગ અથવા અધૂરી દશા અનુમોદન કરવા યોગ્ય નથી.

જેણે પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવની સાચી પ્રતીતિ ને જ્ઞાન કર્યાં એટલે કે સ્વભાવને અનુમોદન આપ્યું તેણે કેવળજ્ઞાનને અનુમોદન કર્યું કહેવાય.

# શ્રી સદ્ગુરુ - પ્રવચન - પ્રસાદ


સોનગઢ
માસિક લવાજમ રૂ. ૬)

દૈનિક પ્રસાદ નં.
૨૨.

૨૪૭૬ ભાદરવા વદ ૧૧.
તા. ૭-૧૦-૫૦. શનિવાર


(પ્ર.ગા. ૬૦ ના પ્રવચનમાંથી
ભા. વ. ૧૦. શુક્ર. સવાર)

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. ગોળનો ગળપણ, લીંબુનો ખટાશ, અફીણનો કડવાશ સ્વભાવ છે એમ આત્માનો જાણવાનો સ્વભાવ છે.

આત્મા શરીર, મન, વાણીનો કર્તા નથી, પર લક્ષે થતી ભ્રાંતિ એ તેનું કાર્ય નથી; મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પણ આત્માનું કાર્ય નથી. તેનું કાર્ય માત્ર જાણવાનું છે. સાચું જ્ઞાન થતાં સાધકદશામાં જ્ઞાન સ્વ, પર, રાગ, નિમિત્તો એ બધાને જાણે છે ને પરિપૂર્ણ કેવળદશા પ્રગટ થતાં સ્વ-પરને પૂરેપૂરી રીતે જાણે છે.

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે કે: "કેવળજ્ઞાનમાં પણ પરિણામ થયા કરતા હોવાથી થાક લાગે અને તેથી દુઃખ થાય, માટે કેવળજ્ઞાન એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે?" એ આશંકાનું શ્રીગુરુ સમાધાન કરે છે.

પલટન થાય તે થાક કે દુઃખનું કારણ નથી, એ જો દુઃખનું કારણ હોય તો જડમાં પણ પલટન થયા કરે છે. લાકડામાંથી રાખ, યુવાન શરીરમાંથી વૃદ્ધ શરીર થાય છે, તો જડને પણ દુઃખ થવું જોઈએ. પરંતુ જડમાં સુખદુઃખ નથી માટે પલટન તે દુઃખનું કારણ નથી. પણ પર વસ્તુ મારી અને એનાથી મને સુખ થાય, તથા પરવસ્તુને હું પલટાવી શકું એવો અજ્ઞાનભાવ તે દુઃખનું કારણ છે.

અજ્ઞાનીને દુઃખની ખબર પણ નથી. હરખ સન્નેપાતવાળો જીવ રોગથી ઘેરાઈ ગયો છે, બીજા જાણે છે કે આ થોડા વખતનો મહેમાન છે પણ તે તો ખડખડાટ હસે છે. તેથી શું તે સુખી છે? તેને દુઃખની ખબર નથી. તેવી રીતે અજ્ઞાની પરપદાર્થમાં ઈષ્ટપણું કલ્પી પોતાને સુખી માનતો હોય તો તેથી તે સુખી નથી. જ્ઞાની તો તેને અજ્ઞાનના દુઃખમાં બળતો ભાળે છે.

કોઈ જ્યોતિષી અજ્ઞાની જીવને કહે કે "એક વર્ષમાં પાંચ લાખ રૂપીઆની પ્રાપ્તિ થશે ને ઘેર દીકરાનો જન્મ થશે" તો એવું સાંભળી તેના રાગમાં ને માન્યતામાં કેવો ખળભળાટ થાય છે? પોતાની માનેલી અનુકૂળતા માટે કેવો તલસી રહ્યો છે. જ્યોતિષી જે કાંઈ કહે તે બધું માને છે ને બધું કરે છે. પરવસ્તુ જે જ્ઞેય છે તેનું માહાત્મ્ય આવે છે પણ તે બધાને જાણનાર પોતાના જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. કેવળી ભગવાન-મોટા જ્યોતિષી-કહે છે કે "પરની રુચિ તે દુઃખ છે ને સ્વની રુચિ તે સુખ છે, આવી માન્યતા કર તો સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી સુખી થઈશ. જેવા જેવા જ્ઞેયો આવશે તેવા તેવા પ્રકારનું જ્ઞાન કરવાની તારામાં તાકાત છે. જ્ઞેયોને પલટાવવાની તારામાં તાકાત નથી." પણ અજ્ઞાનીને પોતાના આવા જ્ઞાનસ્વભાવનો ભરોસો આવતો નથી.

કેવળજ્ઞાનમાં અજ્ઞાનના પરિણામનો નાશ થઈ ગયો છે. માટે તેમાં થાક કે દુઃખ નથી. કેવળજ્ઞાન સ્વઆશ્રિત હોવાથી ખેદ હોઈ શકે નહિ. વળી ઘાતિકર્મોનો પણ નિમિત્તરૂપે અભાવ છે તેથી તેમાં સુખ છે.

કેવળજ્ઞાન પોતે પરિણામશીલ છે, પલટવાનો નાશ થાય તો પર્યાયનો નાશ ને કેવળજ્ઞાન નાશ પામે. પણ એવું કદી બને નહિ. પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ છે, ને કેવળજ્ઞાન પોતાના આત્માશ્રિત છે જેથી પરિણામદ્વારા ખેદ નથી.

કેવળજ્ઞાન ત્રણે કાળના પદાર્થોને સર્વદા અકોલપણે જાણે છે. કેવળજ્ઞાન અત્યંત સ્થિર ને આકુળતારહિત છે કારણ તેમાં પદાર્થો એકી સાથે જણાઈ જાય છે. રાગદશામાં જ્ઞાન અસ્થિર છે પણ કેવળજ્ઞાનમાં રાગનો અભાવ હોવાથી તે સ્થિર છે.

આવી રીતે કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે, માટે તેની શ્રદ્ધા ને જ્ઞાન કરી તેની પ્રાપ્તિ માટે પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો ને તેનો જ આશ્રય કરવો.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ | દૈનિક પ્રસાદ નં. | ૨૪૭૬ ભાદરવા વદ ૧૨.
માસિક લવાજમ રૂા. ૬) | ૨૩. | તા. ૮-૧૦-૫૦ રવિવાર.

(પ્ર. ગા. ૬૨ના પ્રવચનમાંથી
ભા. વ. ૧૦ શુક્ર. સવારે

આ ગાથા ૬૨માં કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે એમ નિરૂપણ કરી ઉપસંહાર કરે છે.

કેવળજ્ઞાન બધા પદાર્થોને ભેદ પાડીને જાણે છે ને કેવળ દર્શન લોકાલોકને સામાન્યપણે ભેદ પાડ્યા વગર દેખે છે, એટલે કે લોકાલોકમાં ફેલાએલું છે. સર્વ અજ્ઞાન નાશ પામ્યું છે ને જે ઈષ્ટ છે તે પ્રાપ્ત થયું છે, એટલે કેવળજ્ઞાન પોતે જ સુખસ્વરૂપ છે.

ભગવાન કેવળજ્ઞાની પરિપૂર્ણ સુખી છે. કુટુંબ, પૈસા, રાગ, કે અધૂરી દશા સુખનું કારણ નથી. અધૂરું જ્ઞાન સ્વભાવ તરફ કામ કરે તો કેવળજ્ઞાન થાય ને પરસન્મુખ થઈ કામ કરે તો સંસારમાં રખડે.

જ્ઞાનનું જ્ઞાનપણે રહેવું ને રાગપણે તે જ્ઞાનનું નહિ રહેવું તે અનેકાંત છે ને તે જ સુખ છે.
જ્ઞાન જ્ઞાનપણે ન રહેતા જ્ઞાનનું રાગપણે થવું ને પરના કર્તા થવું તે મિથ્યા એકાન્ત છે ને તે જ દુઃખ છે.

પર પદાર્થને પલટાવી દઉં, દયાદાનાદિના શુભભાવથી ધર્મ થશે, વિકાર સન્મુખ થઈ વિકારની રુચિ કરી વિકારને ઘટાડી દઉં, એવા અજ્ઞાનભાવ અજ્ઞાની અજ્ઞાન દશામાં કરે છે. તેવો અજ્ઞાનભાવ પોતે જ વિઘ્ન છે ને આવા વિઘ્નથી અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવનો ઘાત કરે છે.

કેવળદર્શન ને કેવળજ્ઞાન સ્વતંત્ર રીતે ખીલી રહ્યાં છે કારણ તેમાં કોઈ વિઘ્ન નથી. જેવી રીતે બીડાયેલું કમળ સૂર્ય ઉગતાં પૂરી રીતે ખીલી જાય છે તેમ જ કેવળજ્ઞાન પરિપૂર્ણ રીતે ખીલી ગયું છે. સંસારદશામાં જ્ઞાનની અજ્ઞાનદશા સંકોચવાળી હતી તેનો સર્વથા નાશ થઈ ગયો છે. એકલી સ્વસન્મુખ દશા થઈ ગઈ છે. તેથી વિઘ્નનો અભાવ જેનું કારણ છે એવું સુખ તે કેવળજ્ઞાનનું સ્વરૂપ છે. અહીં જ્ઞાન ને સુખનું અભેદ વિવક્ષાથી, અવિનાભાવી સંબંધથી કથન કર્યું છે.

હવે કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે તે બીજી રીતે સમજાવે છે. કેવળજ્ઞાન સુખ છે કારણકે સર્વ અનિષ્ટનો નાશ થયો છે. શાતાના પ્રસંગે આ પદાર્થો સુખરૂપ છે એવી માન્યતા, અશાતાના પ્રસંગે આ પ્રતિકૂળ સંયોગો તે દુઃખનું કારણ છે એવી માન્યતા, ધર્મને નામે શરીરની ક્રિયા ને પુણ્યની ક્રિયા તેથી લાભ થશે તેવી માન્યતા તે અનિષ્ટ છે. આવા અનિષ્ટનો કેવળજ્ઞાનમાં નાશ થયો છે.

સુખનું વિપક્ષ દુઃખ છે ને દુઃખનું સાધન અજ્ઞાન છે. કેવળજ્ઞાનમાં અજ્ઞાન પૂર્ણ નાશ થઈ ગયું છે, તેથી દુઃખનું સાધન નથી, ને દુઃખનો અભાવ હોવાથી પરિપૂર્ણ સુખ છે. સુખનું સાધન પરિપૂર્ણ જ્ઞાન છે તેથી કેવળજ્ઞાન એ જ પરિપૂર્ણ સુખ છે.

અહીં દુઃખનું સાધન અજ્ઞાન કહ્યું છે. સગાવ્હાલાનાં મરણ તે દુઃખ નથી પણ એ જીવો મારા હતા ને તેથી મને સુખ હતું એવો જે અજ્ઞાનભાવ તે દુઃખ છે. પરપદાર્થ કોઈ આત્માના નથી. એક જ્ઞાનતત્વ જ આત્માનું છે.

અજ્ઞાની જે અજ્ઞાનભાવ કરે છે તેમાં સુખ નથી ને અલ્પજ્ઞાની છે તે પૂરા સુખી નથી. કેવળજ્ઞાની એક જ પરિપૂર્ણ સુખી છે.

પ્રશ્નઃ જ્ઞાનતત્વમાં જ સુખ છે ને પુણ્ય તથા જડ તત્વમાં સુખ નથી તો જિનમંદિરોની સ્થાપના ને પંચકલ્યાણક મહોત્સવ થાય છે તેનું શું? તો કહે છે કેઃ- ભાઈ! તે જિનમંદિરો વગેરે તો જડની અવસ્થા છે ને તે જડને લીધે થાય છે. સાધકજીવને નબળાઈને લીધે શુભરાગ થાય છે અને જ્ઞેય તરફ લક્ષ જાય છે પણ તે જડની અવસ્થાનો ને શુભરાગનો તો જ્ઞાતા જ છે. ત્યારે પણ જ્ઞાનતત્વ જ કામ કરી રહ્યું છે. જ્ઞેયો જ્ઞેયોના કારણે આવ્યા છે. રાગના કારણે જ્ઞેયો (મંદિર વગેરે) આવ્યા નથી ને રાગ થયો માટે જ્ઞાન થયું એમ પણ નથી. જ્ઞાનની ક્રિયા, રાગની ક્રિયા ને જડની ક્રિયા ત્રણે સ્વતંત્ર છે. જેવા જેવા જ્ઞેયો હોય તેવા તેવા જ્ઞેયોને જાણી લેવા એવો જ્ઞાનનો સ્વભાવ છે.

જ્ઞેયોનું માહાત્મ્ય છોડી જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો તે ધર્મની શરૂઆત છે, ને જ્ઞાનસ્વભાવમાં પરિપૂર્ણ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે તે પૂર્ણ ધર્મ છે ને તે જ પરિપૂર્ણ સુખ છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. | દૈનિક પ્રસાદ નં. ૨૬. | ૨૦૭૬ ભાદરવા વદ ૧૩
માસિક લવાજમ રૂા. ૬) | | તા. ૯-૧૦-૫૦. સોમવાર


## કેવળી ભગવાનને ઉત્કૃષ્ટ સુખ છે

(પ્રવચનસાર ગા. ૬૨ ભાદરવા વદ ૧૨ સની રવિવાર)

આ ગાથામાં કેવળી ભગવાનને ઉત્કૃષ્ટ સુખ છે તેમ આચાર્ય ભગવાને કહ્યું છે. ત્યાં "એવું વચન સાંભળીને" એમ કહ્યું છે પણ "વાંચીને" એમ કહ્યું નથી. તેનો અર્થ એ છે કે શિષ્ય શ્રવણ સુધી તો આવ્યો છે. ભગવાનને ઉત્કૃષ્ટ સુખ છે એટલે પુણ્ય પાપ, અને પરવસ્તુમાં સુખ નથી તેમજ સંસારીક સુખમાં પણ સુખ નથી, આવું સાંભળીને જે શ્રદ્ધતો નથી - સ્વીકાર કરતો નથી તે જીવ અભવ્ય છે - નાલાયક છે. અનંત નિગોદ નરકના ભવમાં રખડવાને લાયક છે.

આત્મામાં સુખ છે તેનો સ્વીકાર કરતો નથી, તે આત્માની શાન્તિનો ખૂની છે. વ્રત, તપ, આદિ બાહ્ય ક્રિયામાં સુખ છે એમ જે જીવ માને છે તે જીવ, આત્મામાં સુખ છે તેને માનતો નથી તેથી તે પુણ્ય પાપમાં બળી જાર રહ્યો છે. તે જીવ નરક નિગોદમાં છેદાવાનો ભેદાવાનો કામી છે. અહીં વ્યવહારના આશ્રયે સુખ નથી એમ સમજાવ્યું છે. એટલે વ્રત તપ આદિમાં જેણે સુખ માન્યું તેણે આકુળતામાં સુખ છે તેમ માન્યું છે. તેથી તે અભવ્ય છે - નાલાયક છે; અને આત્મામાં સુખ છે તેમ સ્વીકાર્યું તે ભવ્ય છે - લાયક છે.

આ જગતમાં શરીરનું રૂપ, સ્ત્રીનું રૂપ આદિ ભાવોવાળા જીવો પોતાના સ્વભાવના ઘાતના કારણે અને આકુળતાના લીધે થતા સુખાભાસને એટલે કે સુખ નથી તેને સુખ કહે છે. અને તેવા જીવોને મૂઢ જીવો સુખી કહે છે. પૈસાવાળા, કુટુંબવાળા સુખી છે તેમ માનવું તે મૂઢ જીવોની જુઠી રૂઢી છે. ખરેખર તેમાં સુખ છે જ નહિ. છોકરો લાકડાને ઘોડો કહે તેવી ખોટી રીત છે. ખરેખર તો આકુળતાના કારણે તેઓ દુઃખી છે.

પર્વતની બખોલમાં જેમ ભીલ કોળી રહે છે તેમ બંગલામાં શેઠિયાઓ રહે તેમાં કાંઈ ફરક નથી. બન્ને દુઃખી છે. તેમને સુખી કહેવા તે જેમ બાળક વિષ્ટાને ચાટે અને સુખ માને છે, તેમ પુણ્ય પાપ કે જે આત્માના સુખનો વિકાર છે તેને સારો ને સુખ માને છે તે ખરેખર દુઃખી છે.

કેવળી ભગવાન કે જેમને ઘાતિ કર્મનો ક્ષય થયો છે, તેમને સ્વભાવનો ઘાત નહિ હોવાથી આકુળતા નથી. ને સુખના કારણભૂત સ્વભાવના ઘાતનો અભાવ અને સુખના લક્ષણનો — અનાકુળતાપણાનો — સદ્ભાવ-

હોવાથી ખરેખર સુખી છે. અજ્ઞાની સંસારમાં અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ ને લીધે બન્ને પ્રકારે દુઃખી છે. અને આત્મા ચૈતન્ય જ્ઞાતા છે. તેમાંજ સુખ છે, આવું તેને શ્રદ્ધાન નથી. તેથી તેઓ મુક્તિરૂપી અમૃતપાનથી દૂર રહેવાવાળા અભવ્યો-નાલાયક છે. જેમ મૃગ ઝાંઝવામાં જળને અનુભવે છે. તેમ અજ્ઞાની દુઃખમાં સુખ કલ્પે છે.

જેઓ આ વચનનો એટલે "આત્મામાં સુખ છે" તેનો સ્વીકાર હમણાં કરે છે, શ્રદ્ધે છે, તે લાયક છે-ભવ્ય છે. પુણ્યના સંજોગો મળશે અને પછી ધર્મ કરશું એવું માનીને પુણ્ય કરનારા અભવ્ય છે. કારણ કે, જે આ વચનનો હમણાં સ્વીકાર કરતા નથી તેના અભિપ્રાયમાં ભવિષ્યમાં પણ સ્વીકાર કરવો નથી,-એમ વર્તે છે. એટલે અનંત કાળે પણ મારે સુખ જોતું નથી. તેવું જેને છે તે અભવ્ય છે. કેવળજ્ઞાની તથા સાધક જીવોનો તે અનાદર કરે છે. અને પુણ્ય, પાપમાં સુખ છે એવું માનનારનો આદર કરે છે. તે-ચોરાશીના અવતારના દુઃખનો સ્વીકાર કરે છે. નિગોદાદિમાં સાંભળવાનું મળ્યું નથી અને અહીં સાંભળવાના ટાણા મળ્યા છતાં શ્રદ્ધતો નથી, સંમત થતો નથી, તે નાલાયક છે.

ભવ્ય પાત્ર જીવ "કેવળી ઉત્કૃષ્ટ સુખી છે" તે વચનનો આદર કરે છે માટે તે ભવ્ય છે, લાયક છે. "<u>તે વચનનો હમણાં જ સ્વીકાર કરે છે</u>"- એમ ઉદ્ગારના કારણોમાં લીધું છે. તે નિકટ ભવ્ય માટે લીધું છે. અજ્ઞાનીને તે વચન નિમિત્તરૂપે થયું નથી તેથી તેને માટે "<u>વચન</u>" એવો શબ્દ કહ્યો નથી, તેથી ભવ્ય માટે "<u>વચન સાંભળતાં જ</u>"-એમ લીધું છે. તેઓ મુક્તિરૂપી લક્ષ્મીને નજીકમાં પ્રાપ્ત કરવાને લાયક છે. અને જેઓ આગળ ઉપર સ્વીકાર કરશે તે દૂરભવી છે,

પ્રશ્ન = મોક્ષની પ્રાપ્તિ લોટરીથી થાય કે નહિ!

ઉત્તર = આત્મામાં સુખ છે અને પરમાં સુખ નથી તેવી શ્રદ્ધારૂપી લોટરી નાખે તો તેમાંથી મોક્ષરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય, અને પરમાં સુખ છે આત્મામાં સુખ નથી તેવી શ્રદ્ધાની લોટરીથી ચાર ગતિ, સંસારના દુઃખ મળે છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. દૈનિક પ્રસાદ નં. ૨૫. ૨૪૭૬ ભાદરવા વદ ૧૪
માસિક લવાજમ રૂ. ૬) તા. ૧૦.૧૦.૫૦ મંગળવાર.

(પ્ર.ગા. ૬૩ના પ્રવચનમાંથી
ભા.વ. ૧૨ રવિ. સવાર

ચક્રવર્તિઓ, ભુવનપતિના ઈંદ્રો અને સુરેંદ્રો વગેરે મોટા વૈભવવાળા જે ઈંદ્રિયોમાં ને ઈંદ્રિયોના વિષયોમાં સુખ માને છે તે દુઃખ સહન નહિ કરી શકવાથી સંસારી વિષયોમાં રમે છે.

અહીં ઈંદ્રો વગેરે લીધા છે. મોટા વૈભવવાળા લીધા છે એટલે એમાં નાના આવી જાય છે. [illegible]કીતિ ઈંદ્રોની વાત અહીં નથી.

અજ્ઞાની જીવો અતીંદ્રિયજ્ઞાનની રુચિ નહિ કરતાં પરોક્ષ ઈંદ્રિય જ્ઞાનનો આશ્રય કરે છે તેથી પરોક્ષ ઈંદ્રિય જ્ઞાનમાં નિમિત્ત પાંચ ઈંદ્રિયો તરફ વલણ સ્વાભાવિક થઈ ગયું છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણના પદાર્થો તરફ પ્રીતિ કરે છે, પણ તેઓ દુઃખી છે ને દુઃખ સહન નહિ થવાથી જે વિષયો ઠીક લાગે તે ભોગવે છે.

મિથ્યાત્વરૂપી પર્યાય આત્માના સ્વભાવનો કોળીયો કરી ગઈ છે. ઈંદ્રિયો ને વિષયોમાં એકમેક થઈ ગયેલો જીવ ચૈતન્ય, નિજ સ્વભાવ ભૂલી ગયો છે. જ્ઞાતા દૃષ્ટા, સુખ સ્વરૂપ, આત્માની રુચિ છોડીને પરમાં સુખ માનીને, કહેવાતા સુખમાં ઈંદ્રિયો નિમિત્ત છે તેથી ઈંદ્રિયોની રુચિ કરી રહ્યો છે આવી જીવ મિથ્યાત્વ ને અજ્ઞાનમાં બળી જળી રહ્યો છે. વસ્તુ તો એની એ જ હોય પણ આવી રીતે ભોગવું ને આમ ભોગવું - એમ જુદા જુદા પ્રકારના રાગ કરી રહ્યો છે.

જેવી રીતે તપેલા લોઢાના ગોળાને પાણીની અત્યંત તૃષા લાગી હોય ને પાણી જેમ શોષી લ્યે તેવી રીતે અજ્ઞાની જીવને મહા મોહરૂપી તૃષ્ણા ઉત્પન્ન થઈ છે તેથી જુદી જુદી ઈંદ્રિયો દ્વારા જુદા જુદા પદાર્થને ભોગવી સુખ મેળવી લઉં એવા મોહ સાથે એકાકાર થવાથી - પીડા સહન નહિ થવાથી પીડાના નિવારણ માટે જુદા જુદા વિષયોમાં રમે છે.

પોતાનો અનાકૂળ શાંત સ્વભાવ રમ્ય ન લાગ્યો તે વિષયોને રમ્ય માને છે. વિષયો તો ખરેખર જ્ઞેય છે, તેમાં સુખ કે દુઃખ નથી, પણ અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે વિષયોને રમ્ય માને છે માટે અહીં વિષયો રમ્ય કહ્યા છે. તે વિષયો ભોગવીને ઘડીભર શાંતિ થઈ - એમ માને છે ખરેખર તે રોગનો ઈલાજ નથી. જો રોગનો ઈલાજ એ હોય તો જુદા જુદા વિષયોને કેમ ફેરવે? સવારે ચા પીવે, પછી દુકાને જાય, પછી ખાય, પછી આરામ કરે, પાછો સાંજે ખાય તથા પદાર્થો પણ જુદા જુદા ફેરવી ફેરવીને ચાખવા ભોગવવાની ઈચ્છા કરે છે તેથી તે ખરેખર રોગનો ઈલાજ નથી પણ અજ્ઞાની તેમ ઉંધી રીતે માની રહ્યો છે.

અહીં ઈંદ્રિયો વ્યાધિ સમાન કહી છે ને વિષયો વ્યાધિના ઈલાજ સમાન કહ્યા છે કારણ કે ઈંદ્રિયો તરફનું વલણ તે જ વ્યાધિ છે, વ્યાધિ ઓછી કરવા વિષયો

તરફ અજ્ઞાની લક્ષ કરે છે તેથી એમ કહ્યું છે. ખરેખર ઈંદ્રિયો તેમ જ વિષયો બન્ને જ્ઞેય છે. અજ્ઞાની જીવ અનુકૂળતાના પ્રસંગો હોય તો પણ રાગની આકુળતાથી દુઃખી છે ને પ્રતિકૂળતાના પ્રસંગો હોય તો દ્વેષની આકુળતાથી દુઃખી છે. અજ્ઞાની જીવ ઈંદ્રિયો તરફ એકાન્ત વલણ કરી રહ્યો છે તેને પારમાર્થિક સુખ નથી.

(ગાથા ૬૪)

જે જીવોને પાંચ ઈંદ્રિયોના વિષયમાં પ્રેમ છે તેમને દુઃખ સ્વાભાવિક છે. જો દુઃખ તેમનો સ્વભાવ ન હોય તો જુદા જુદા વિષય અર્થે પ્રવૃત્તિ હોઈ શકે નહિ.

અજ્ઞાની જીવો પોતાના આત્મામાં સુખ છે, આનંદ છે, તે ચૂકીને ઈંદ્રિયોની રુચિ કરીને સુખ મેળવવા ઈચ્છે છે. આબરૂ સારી પેદા કરું, પૈસા કમાઈને સુખ પેદા કરું, કુરૂપ ટાળીને સુરૂપ મેળવું – આમ જે ઈંદ્રિયોમાં સુખ મેળવવા માગે છે તેને ઈંદ્રિયો જીવતી છે, આત્મા જીવતો નથી. ચૈતન્ય આખો ખોવાઈ ગયો છે.

આત્મા અને ઈંદ્રિય બન્ને જુદા પદાર્થ છે. આત્મા ચૈતન્ય છે, ઈંદ્રિય જડ છે, બન્નેને અત્યંત અભાવ છે, તેથી ઈંદ્રિયો સુખ કેવી રીતે આપી શકે?

અહીં ઈંદ્રિયોને હત (નિંદ્ય) કહી છે. ઈંદ્રિયો તો નિંદ્ય નથી, તે તો જ્ઞેય છે. પણ અજ્ઞાનીની ઈંદ્રિયો તરફની રુચિ નિંદ્ય છે તેનો આરોપ શાસ્ત્રકારે ઈંદ્રિયો ઉપર કર્યો છે. અજ્ઞાનીને જે દુઃખ છે તે બહારના સંયોગને લીધે નથી, પણ સ્વાભાવિક જ છે, એટલે પોતે કલ્પના કરે છે ને પોતાના પર્યાયમાં મોહ કરે છે, મોહ નિમિત્તે કરાવ્યો નથી માટે સ્વાભાવિક કહ્યો છે.

(૧) હાથી સ્પર્શેન્દ્રિયના વિષયમાં સુખ માનીને ખોટી હાથણીને ભોગવવા જાય છે ત્યાં ખાડામાં પડે છે. સંસારી જીવોને સ્પર્શ ઈંદ્રિય અનાદિ કાળથી છે તેથી પહેલી લીધી છે. અહીં હાથી ખાડામાં પડ્યો તે દુઃખનું કારણ નથી પણ સ્પર્શની રુચિ તે દુઃખનું કારણ છે. (૨) માછલું લોઢાના કાંટામાં રાખેલ વસ્તુ ખાવા જતાં કાંટો ભોંકાઈ જતાં મરણ પામે છે. કાંટાનું ભોંકાવું તે દુઃખનું કારણ નથી પણ રસમાં સુખબુદ્ધિ તે દુઃખનું કારણ છે. (૩) ભમરો બીડાઈ જવાને તત્પર કમળમાં ગંધ લેવા જાય છે ને હાથી આવીને કમળ ખાઈ જાય છે. અહીં પણ સુગંધ તરફ પ્રીતિની રુચિ તે દુઃખ છે (૪) પતંગિયું દીવાની જ્યોતમાં ઝંપલાવે છે. દીવો તે દુઃખનું કારણ નથી પણ રૂપ જોવાનો રસ તે દુઃખનું કારણ છે. (૫) હરણ શિકારીના સંગીત તરફ ધસે છે ત્યાં વીંધાઈને મરણ પામે છે. અહીં સંગીતના શ્રવણની રુચિ તે દુઃખનું કારણ છે.

બધા અજ્ઞાની જીવો આ દ્રષ્ટાંત પ્રમાણે પાંચ ઈંદ્રિયોના વિષયોમાં દુઃખી છે. તે વિષયો ક્ષણિક છે, ઘડીમાં જોવાનો વિષય પૂરો થાય, ઘડીમાં સાંભળવાનો પૂરો થાય. એમ વિષયો ક્ષણિક હોવા છતાં અજ્ઞાની પાંચ ઈંદ્રિયોના વિષયો તરફ ધસી રહ્યા છે, ને દુઃખી થઈ રહ્યા છે. બહારના સંયોગોને લીધે દુઃખી નથી પણ પોતાની-પાંચ ઈંદ્રિયોના-વિષયોની લોલુપતાને લીધે દુઃખી છે.

(પ્ર.ગા. ૬૪ના પ્રવચનમાંથી.
ભા. વ: ૧૩ સોમ-સવાર)

અજ્ઞાની જીવો પદાર્થોની રુચિ કરે છે ને તે તરફ ધસ્યે જાય છે તેથી નક્કી થાય છે કે તેઓ દુઃખી છે.

૧) જેને ટાઢીયો તાવ ઉતરી ગયો હોય તેને કોઈ પરસેવો વાળવા ગોદડા ઓઢાડતો નથી. ૨) જેને ઉનીયો તાવ ઉતરી ગયો હોય તેને કોઈ મીઠાના પોતા મૂકતો જોવામાં આવતો નથી. (૩) જેને આંખનો દુઃખાવો મટી ગયો હોય તેને દવા આંજતો દેખાતો નથી (૪) જેને કાનનો દુઃખાવો નથી તે કાનમાં બકરાનું મૂત્ર નાખતો નથી (૫) જેને શરીરમાં ગુમડું મટી ગયું હોય તે મલમપટ્ટા કરતો જોવામાં આવતો નથી.

ઉપરના દાખલાઓથી નક્કી થાય છે કે જેને રોગ મટી ગયો હોય તે ઉપચાર કરતો જોવામાં આવતો નથી. અને જે ઉપચાર કરે છે તેને રોગ મટી ગયો નથી તે સાબિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની જીવ પોતાનું દુઃખ મટાડવા માટે જુદા જુદા પોતાના માનેલા ઉપચાર કરે છે, એક પછી એક વિષયમાં ઝંપલાવે છે તે કાર્ય પ્રત્યક્ષ દેખાય છે તેથી તે દુઃખી છે એમ નક્કી થાય છે.

પરોક્ષજ્ઞાનવાળા અજ્ઞાની પાંચ ઈંદ્રિયોના વિષયોમાં સુખ છે એવી માન્યતાથી સ્વાભાવિક જ દુઃખી છે. તેથી તે વારંવાર પાંચ ઈંદ્રિયોના વિષય તરફ ઝુકે છે અને દુઃખી થાય છે.

જ્ઞાની પાંચ ઈંદ્રિયોના વિષયમાં કે તેમાં થતા રાગભાવમાં રુચિપૂર્વક જોડાતા નથી. તેથી તે ઈંદ્રિયો તથા તેના વિષયોથી થતા રાગભાવને રાખવાનો ઉપાય કરતા નથી માટે તેની ઈંદ્રિયો જીવતી નથી એટલે તેઓ સુખી છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. દૈનિક પ્રસાદ નં. ૯૬. ૨૪૭૬ ભાદરવા વદ ૦))
માસિક લવાજમ રા. ૬) તા. ૧૧-૧૦-૫૦. બુધવાર.

(પ્ર.ગા. ૬૫ના પ્રવચનમાંથી.
ભા. વ. ૧૩ સોમ. સવાર

હવે સિદ્ધના સુખ માટે શરીર સાધન છે એવી માન્યતાનું ખંડન કરે છે, અર્થાત્ સિદ્ધને શરીર વગર જ સુખ છે એમ સ્પષ્ટ સમજાવવા માટે સંસાર અવસ્થામાં પણ શરીર ઈંદ્રિયસુખનું સાધન નથી એમ નક્કી કરે છે.

અજ્ઞાનીની પાંચે ઈંદ્રિયો સંસારના વિષયોનો આશ્રય કરે છે ને અજ્ઞાની પોતે જ સુખાભાસરૂપ થાય છે, પણ શરીર સુખરૂપ થતું નથી.

બહારના પદાર્થોનો, શરીરનો તથા ઈંદ્રિયોનો સંયોગ છે માટે અજ્ઞાની સુખ કલ્પતો નથી પણ તે પદાર્થો તથા શરીર સારા છે એવી કલ્પના પોતે મોહને લીધે કરે છે. શરીરાદિ બધા પદાર્થો જડ છે, અચેતન છે તેને ખબર નથી કે આ જીવ મારા ઉપર રાગ કરે છે, તેમજ શરીર, ઈંદ્રિયો પોતે સુખરૂપ પરિણમતા નથી. સુખની કલ્પના કરવાવાળો જીવ પોતે રાગરૂપે પરિણમે છે તેથી સુખ માને છે.

કોઈ જીવને શરીરમાં કળતર થતી હોય ને શરીર દબાવેતો ઠીક માને ત્યાં શરીરને ખબર નથી કોણ દાબે છે. શરીર રાગ કરતું નથી ને શરીર સુખરૂપ થતું નથી શરીરમાં જ્ઞાન નથી, વિકાર નથી, સુખ નથી, પણ શરીર દબાતાં મને સુખ થયું એવી કલ્પના અજ્ઞાની ઉભી કરે છે, ને સુખ માને છે. જડની અવસ્થા, રાગની અવસ્થા, આત્માનું સુખ ત્રણે અવસ્થા જુદી જુદી છે, તે અજ્ઞાની જાણતો નથી.

અજ્ઞાની જીવ શરીર-જડ-ની અવસ્થામાં ફેરફાર થતાં પોતામાં ફેરફાર થયો એમ માને છે. અજીવમાં જીવ માને છે તે જ મિથ્યાત્વ ને અધર્મ છે. આત્મા પોતે જ્ઞાનને ત્યાં અટકાવે છે, કલ્પના કરે છે. શરીર કલ્પના કરતું નથી. જ્ઞાન કરતું નથી ને તેને લીધે પણ જીવ સુખની કલ્પના કરતો નથી, પણ શરીરમાં ફેરફાર થતાં પોતાને થયું એવા પોતાના મોહને લીધે સુખદુઃખની કલ્પના કરે છે. માટે શરીર તથા ઈંદ્રિયો સંસારના સુખદુઃખ માટે અકિંચિત્કર છે એમ નક્કી થાય છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. દૈનિક પ્રસાદ નં. ૨૪૭૬ આસો સુદ ૧
માસિક લવાજમ રૂા. ૬) **૨૭** તા. ૧૨-૧૦-૫૦. ગુરુવાર.

(સ. ગા. ૬૫ના પ્રવચનમાંથી
ભા. વ. ૧૪. મંગળ. સવાર)

ખરેખર આ આત્માને સંસાર અવસ્થામાં સંસારના સુખ માટે શરીર સાધન નથી. કારણકે જેવી રીતે દારૂ પીધેલ માણસ જેમ તેમ વર્તે છે તેમ પરપદાર્થો મને ઈષ્ટ છે એવી ગાઢ મિથ્યાત્વમાં વશ થઈને, પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને ચૂકીને ભાવઈંદ્રિયો-વડે, અજ્ઞાની જીવ અયોગ્ય પરિણતિને અનુભવી રહ્યો છે.

સંસારના પદાર્થોમાં-મકાન, કુટુંબ વગેરેમાં, અજ્ઞાની સુખ માને છે તે પાપભાવ છે, તે પાપભાવમાં શરીર કારણ નથી; દયા, દાનના શુભભાવ કરે છે તે પુણ્યભાવ છે તેમાં શરીરની કોઈ ક્રિયા કારણ નથી. અને જ્ઞાનીને જે ધર્મ દશા ઉત્પન્ન થાય છે તે બહારના કારણે અગર શરીરને કારણે થતી નથી. ધર્મમાં શરીર કારણ નથી.

પાપભાવ, પુણ્યભાવ કે ધર્મભાવ, કોઈમાં પણ શરીર કારણ નથી એમ નક્કી થાય છે તો પછી બહારના પદાર્થો કે જે શરીરથી તદ્દન ભિન્ન છે તે કારણ થાય એવું કદી બનતું નથી. સ્ત્રી, પુત્ર તે પાપના કારણ નથી, પૈસા આદિનું દાન તે પુણ્યનું કારણ નથી ને દેવગુરુ-શાસ્ત્ર તે ધર્મનું કારણ કોઈ દિવસ બની શકે નહિ. શરીરથી તદ્દન જુદા પદાર્થો પુણ્ય-પાપ કે ધર્મમાં કારણ થાય એ વાત અજ્ઞાનીઓએ માનેલી છે.

અજ્ઞાની જીવ પર પદાર્થ ને પરની ક્રિયામાં સુખબુદ્ધિ કરી, ઈંદ્રિયોની રુચિ કરીને પોતે વિકારરૂપ પરિણમ્યો છે. ભલે ત્યાગી હોય તો પણ જો તેની રુચિ પરથી સુખબુદ્ધિ માનવાની છે તો તે પણ મિથ્યાત્વરૂપ થઈ ગયો છે એટલે પર્યાયબુદ્ધિ છે. આવો જીવ જ્ઞાતા દૃષ્ટા, સુખ, આનંદ સ્વરૂપ એવો પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે ને સ્વભાવનો આશ્રય કરતો નથી, તેથી તેની જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યની પરમ શુદ્ધતા રોકાઈ ગઈ છે, હીણી થઈ ગઈ છે. આ હીણી દશા પોતે પોતાના કારણે કરી છે કોઈ કર્મના ઉદયને લઈને થઈ નથી.

જ્ઞાન, દર્શન, વીર્ય જે અખંડ જ્ઞાતા આત્મા તરફ વળવું જોઈએ તે, તે તરફ ન વળતાં બહારના ઠીકાઠીકમાં રોકાયું તે જ સંસારના સુખનું નિશ્ચય કારણ છે. શાતા વેદનીયનો ઉદય આવ્યો માટે સુખ થયું. શરીરને લીધે સુખ થયું, સારા પદાર્થો, દીકરા વગેરે હતા તો સંસારનું સુખ ભોગવ્યું તે વાત એકદમ નિષેધવામાં આવી છે. તેને લઈને સંસારનું સુખ છે જ નહિ.

અજ્ઞાની જીવ પોતે જ્ઞાન, દર્શન, વીર્ય, સુખનો પિંડ અભેદ, અંશી, આખો છે તેની રુચિ છોડીને અંશમાં ને હીણી દશામાં અટકે છે ને ઈંદ્રિયો તરફ વળે છે તે અંશબુદ્ધિ જ સંસારના સુખનું કારણ છે.

(૧) લક્ષ્મી, કુટુંબ, મકાન તે સંસારસુખનું કારણ નથી. (૨) શરીર ને પાંચ ઈંદ્રિયો તે સંસારસુખનું કારણ નથી. (૩) શાતાવેદનીય કર્મોનો ઉદય તે સંસારસુખનું કારણ નથી. (૪) આત્માનો શુદ્ધ સ્વભાવ તે સંસારસુખનું કારણ નથી. માત્ર જ્ઞાન, દર્શન, વીર્યમાં અટકેલી પર્યાય તે સંસાર સુખનું કારણ છે.

વર્તમાન હીણી પર્યાય તે જ કારણ ને વર્તમાન પર્યાયમાં થયેલું સંસારસુખ તે જ તેનું કાર્ય છે. કારણ કાર્ય વર્તમાન પર્યાય પોતે જ છે. આજકાલ કારણ કાર્ય સંબંધમાં ઘણા ગોટા ચાલે છે. અહીં તો આચાર્ય ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે પોતાની હીણી પર્યાય તે જ નિશ્ચય કારણ છે, બહારના કોઈ પદાર્થો કારણ નથી.

ઈંદ્રિયસુખનું વાસ્તવિક કારણ હીણી પર્યાયરૂપે પરિણમેલો આત્મા પોતે જ છે, તેમાં દેહ કારણ નથી. સુખરૂપ પરિણતિ ને દેહ તદ્દન ભિન્ન છે. બંનેને અત્યંત અભાવ છે; માટે સંસારસુખનું કારણ શરીર છે તે વાત ખોટી ઠરે છે. નિશ્ચયથી બંનેને કારણ કાર્યપણું બિલકુલ નથી.

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. સાચું જ્ઞાન કરાવે છે. ~~સ્વભાવ~~-પર્યાયનું જ્ઞાન કરાવી પર્યાયબુદ્ધિ નિષેધ કરાવે છે ને સ્વભાવબુદ્ધિ કરાવે છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં.

સોનગઢ. 　　　　　　　　　　　　　　　　　　　　　　　　　૨૪૭૬ આસો સુદ ૩.

માસિક લવાજમ રૂ. ૦-૫) 　　　　　　　　　　　　　　　　　તા. ૧૪-૧૦-૫૦. શનિવાર.


(પ્ર. ગા. ૬૬ ના પ્રવચનમાંથી
આ. સુ. ૧ ગુરુ.)

આત્માનો સુખસ્વભાવ છે, તેનું સાધન આત્મા પોતે છે. તેનું ભાન નહિ હોવાના કારણે સંસારી જીવ કલ્પના ઊભી કરે છે તે જ સંસારના સુખનું કારણ છે. દેવમાં વૈક્રિયિક શરીર સુખનું કારણ નથી ને નરકમાં વૈક્રિયિક શરીર તે દુઃખનું કારણ નથી. ત્યાં પણ જીવની કલ્પના જ સુખદુઃખનું કારણ છે એમ બતાવે છે.

આત્મા ને શરીર બંને ભિન્ન પદાર્થ છે, બંનેને અત્યંત અભાવ છે. - અભાવરૂપ વસ્તુ આત્માને સુખદુઃખ આપી શકે નહિ. અજ્ઞાની જીવો પોતાના અજ્ઞાનને કારણે સ્પર્શ, રસ, ગંધ, વર્ણને વશ થવાની વૃત્તિ કરે છે, વિષયો જીવને વશ કરતા નથી. સ્વર્ગના અનુકૂળ સંયોગો ને નરકના પ્રતિકૂળ સંયોગો જીવને તાબે કરતા નથી પણ પોતે સુખદુઃખ માની તાબે થયાનું માને છે.

દેવ તથા નારકીમાં સમ્યગ્દૃષ્ટિ જીવો હોય છે તેઓ પોતાના સ્વભાવને સુખરૂપ માને છે ને શરીર તથા સામગ્રીમાં સુખદુઃખ કલ્પતા નથી. અલ્પ રાગદ્વેષ થાય છે તે પોતાની નબળાઈથી થાય છે તેને જાણે છે પણ શરીર તથા બાહ્ય સામગ્રીને સુખદુઃખનું કારણ માનતા નથી.

આ ઉપરથી નક્કી થાય છે કે વૈક્રિયિક શરીર સુખદુઃખનું કારણ નથી પણ અજ્ઞાની પોતાના શરીર સાથે પર્યાયબુદ્ધિ કરે છે તે જ સુખદુઃખનું કારણ છે.

(પ્ર. ગા. ૬૭ ના પ્રવચનમાંથી)

જો પ્રાણીની દૃષ્ટિ અંધકાર નાશ કરે તેવી હોય તો દીવાની જરૂર પડતી નથી અર્થાત્ દીવો કાંઈ કરતો નથી. તેમ આત્મા પોતે સુખદુઃખરૂપ થાય છે તેમાં વિષયો કાંઈ કરતા નથી - એમ બતાવે છે.

ભૂત, સર્પ, ઘુવડ, બીલાડી, વગેરેને અંધકારમાં જોવાની પોતામાં - લાયકાત છે, તેને અંધકાર નડતો નથી, તેથી જોવા માટે દીપક અગર પ્રકાશની જરૂર પડતી નથી; તેમ અજ્ઞાની જીવ પોતાની કલ્પનાના કારણે સુખદુઃખરૂપ થાય છે તેને વિષયો કાંઈ કરતા નથી.

અજ્ઞાની જીવ માને છે કે પૈસા હોય તો વૃદ્ધાવસ્થામાં મદદ કરે. બધા વખત સારા રહેતા નથી. તથા "સંઘરેલો સર્પ પણ કામનો છે" - એવી ઊંધી માન્યતા કરે છે ને મકાન, દરદાગીનો, ખાનપાનના પદાર્થો, પૈસા, દીકરા વગેરે બધા પદાર્થોને ઈષ્ટના સાધન માની તેનો આશ્રય કરે છે, અને તેનો સંગ્રહ કરે છે, પણ એ કોઈ સુખના કારણ નથી. એ પદાર્થો પોતાને અનુકૂળ થઈને પ્રાપ્ત થાય એવી જે કલ્પના ઊભી કરે છે તે સંસારસુખનું કારણ છે. બહારના પદાર્થોથી સંસારસુખ થાય છે તે વાત અહીં નિષેધવામાં આવી છે.

કુતરો રોટની કુણેક (પિંડો) ઉપાડી ગયો ને પાછળ જવા છતાં હાથ ન લાગે પછી કહે કે 'કુતરાને દાન આપું છું' ને આ જીવ તો જ્ઞાતા દૃષ્ટા છે' - એમ **કોઈ કહે તો તે વાત બરાબર નથી. તે ચીજોને રાખવાનો અભિપ્રાય તો છે જ.** પણ હાથમાં ન આવતાં 'જ્ઞાતા છું' - એમ કહેવું તે અજ્ઞાન જ છે. જેણે પર પદાર્થને રાખવાની ઈષ્ટબુદ્ધિ કરી તેને તે જતાં અનિષ્ટ બુદ્ધિ થયા વગર રહેશે જ નહિ. વર્તમાનમાં નક્કી કરવું જોઈએ કે કોઈપણ પર ચીજ આ આત્માની છે જ નહિ. ભૂત, વર્તમાન ને ભવિષ્ય પર્યાયનો જ્ઞાતા જ છું - એમ નક્કી કરે તો જ્ઞાતા કહેવાય. પોતે રોક્યો નહિ એટલે "જ્ઞાતા રહીએ તો"? એ પ્રશ્ન જ અજ્ઞાનીનો છે. તે જ્ઞાતાને સમજતો નથી.

કેવળ ભગવાનને જ્ઞાનમાં આખું લોકાલોક જણાય છે પણ તે ત્રણ લોકના પદાર્થો ભગવાનના સુખનું કારણ નથી. અને નીચલી દશામાં પોતાના જ્ઞાનના વિકાસ અનુસાર જેટલા પદાર્થો જણાય તે પદાર્થો સુખનું કારણ નથી, તેમ-જ તે પદાર્થો ઠીક અઠીક બુદ્ધિ કરાવતા નથી.

પર પદાર્થો આ જીવના સુખદુ:ખમાં કાંઈપણ કારણ નથી, અકિંચિત્કર છે - એમ બતાવી પર પદાર્થો ઉપરની સંયોગીદૃષ્ટિ છોડવા જેવી છે અને સ્વભાવ દૃષ્ટિ કરવા જેવી છે - એમ કહ્યું છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. માસિક લવાજમ રૂ. ૬)

દૈનિક પ્રસાદ નં. 30

૨૦૦૬ આસો સુદ ૪ તા. ૧૫-૧૦-૫૦ રવિવાર.


(પ્રવચનસાર ગા. ૬૮ ના પ્રવચન ઉપરથી. આસો સુદ ૪)

જેમ આકાશમાં સૂર્ય સ્વયમેવ. તેજ. ઉષ્ણ. અને દેવ છે. તેમ લોકમાં સિદ્ધ ભગવાન સ્વયમેવ. જ્ઞાન. સુખ અને દેવ છે. જેમ સિદ્ધ. જ્ઞાન, સુખ. અને દેવ છે. તેમ બધા આત્મા સિદ્ધ સમાન શક્તિએ. જ્ઞાન. સુખ. દેવ સ્વરૂપ છે. તેમ બતાવ્યું છે.

સૂર્ય અનાદિ નિધન પદાર્થ છે. આકાશમાં કોઈ કારણની અપેક્ષા રાખ્યા વગર પ્રકાશી રહ્યો છે. પૂર્વ થી પશ્ચિમ જાય તેમાં કોઈ ટેકાની જરૂર નથી.

(૧) સૂર્ય પોતાના પુષ્કળ પ્રકાશમય સ્વરૂપથી પ્રકાશિત હોવાથી તેજ રૂપ છે.

(૨) લોખંડનો ગોળો કોઈ વખત ગરમ થાય તેમ સૂર્ય સદાય ઉષ્ણતા પરિણામને પામેલો હોવાથી ઉષ્ણ છે (સૂર્યનું વિમાન તે એકેન્દ્રિય પૃથ્વીકાય જીવ છે તેને આતાપ નામ કર્મનો ઉદય છે તેથી ઉષ્ણ જણાય છે)

(૩) દેવગતિ નામ કર્મના ધારાવાહી ઉદયને લીધે. તે દેવ છે. આંહી દેવગતિ નામ કર્મનો ઉદય જે કહ્યો છે, તે તેમાં વસતા દેવો હોય છે પણ તેનો ઉપચાર વિમાન ઉપર કર્યો છે.

તેવી જ રીતે આ. આત્મા સ્વયમેવ છે સ્વયમેવ શબ્દ સ્વતંત્રતા બતાવે છે આત્મા કોઈનો બનાવેલ બન્યો નથી અને કોઈથી નાશ થઈને બીજામાં ભળી જાય તેમ નથી

(૧) સિદ્ધ ભગવાનને સ્વપર પ્રકાશક શક્તિ પ્રગટ થઈ છે તે શક્તિવાળા સહજ સંવેદન સાથે જ્ઞાન એકમેક છે. વિકારનો નાશ થઈ ગયો છે તેથી શુદ્ધ પર્યાયો સાથે જ્ઞાન એકમેક છે. આ આત્માનું સ્વરૂપ પુણ્ય. પાપ સાથે એકમેક નથી.

(૨) જ્ઞાન સ્વભાવની એકાગ્રતાથી ઉપજતું પરિપૂર્ણ સુખ સિદ્ધ ભગવંતોને હોય છે ને તેથી આકુળતા નહિ હોવાના કારણે વિશેષ સ્થિત છે, ને સુખી છે. તેમ આત્મા પણ સિદ્ધ સમાન છે. વ્યવહાર. દયા, દાન પૂજના ભાવ એ આત્મ તૃપ્તિનું કારણ નથી પણ પોતાનો આત્મા સુખ સ્વભાવી છે એની પ્રતીતિ, જ્ઞાન ને [illegible] છે એમ જે માને તેને સમ્યક્ જ્ઞાન થાય છે. જ્ઞાનમાં સંતોષ ને શાંતિ થઈ છે, પરમ શાંત રસની તૃપ્તિથી આત્મા આગળ વધીને સિદ્ધ થાય છે. માટે આ આત્મા પણ સુખ સ્વરૂપ છે.

(૩) જેની સર્વજ્ઞ દશા નજીક છે. એવા ગણધરો આચાર્યો જ્ઞાની પુરુષોના મનરૂપ થાળમાં સિદ્ધ ભગવંતની દિવ્યતાની સ્તુતિ કોતરાયેલી છે. આવા મહાપુરુષો સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે છે. માટે સિદ્ધ ભગવાન દેવ છે. તેવી રીતે આ આત્મા પણ પોતાના સ્વરૂપની દિવ્યતાના ગાણા ગાય છે. માટે આ આત્મા પણ દેવ સ્વરૂપ છે. અજ્ઞાની ને પોતાના સ્વરૂપની ખબર નથી તેથી તે પોતાના રાગના ગાણા ગાય છે. જ્ઞાનીને વિકલ્પ હોય ત્યારે સિદ્ધના ગાણા ગાય છે એમ કહેવાય છે પરંતુ તે પોતાના આત્મ દેવના ગાણા ગાય છે

માટે આ આત્મા પોતેજ જ્ઞાન છે, પોતેજ સુખરૂપ છે, ને પોતે જ દેવ છે, (૯૫)

તેથી આચાર્ય ભગવાન કહે છે કે સુખના સાધન જે અજ્ઞાની કલ્પે છે. તે બાહ્ય પદાર્થો શરીર, ઇન્દ્રિયો, લક્ષ્મી, કુટુંબ, પુણ્ય, પાપ, વગેરે સુખના સાધન નથી. તેનાથી બસ થાઓ. અરકી જાઓ. ને પરિપૂર્ણ કેવળદશા પ્રાપ્ત કરો.

સિદ્ધ તે આદર્શ અરિસો છે. સિદ્ધને જે હોય તે મને હોય, સિદ્ધના પુણ્ય પાપ ને વ્યવહાર નીકળી ગયા છે. તો આત્મામાં પણ પુણ્ય, પાપ અને વ્યવહાર નીકળી જવાને પાત્ર છે. સિદ્ધ તો અનંત જ્ઞાન દર્શન સહિત છે, ને રાગાદિ રહિત છે. તેવો નિર્ણય સિદ્ધ દશા પ્રગટ ન હોવા છતાં જ્ઞાન સ્વભાવ જોઈને આ આત્મા નિર્ણય કરેલો પોતે સુખી થઈને સિદ્ધ દશા પ્રાપ્ત કરે,

[ પ્રવચનસાર ગાથા ૬૯ ના પ્રવચન માંથી. ]

આ ગાથામાં શુભોપયોગનું સ્વરૂપ બતાવે છે,

આ આત્મા જ્યારે દુઃખના સાધન અગર પ્રતિકૂળતા તરફનો દ્વેષ છોડે છે ને અનુકૂળ સામગ્રી ને પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનો અનુરાગ છોડે છે, એટલે કે સંસારના અશુભ ભાવ છોડે છે, ત્યારે દેવ, ગુરુ યતિ, વગેરેના પૂજાના શુભ ભાવ કરે છે.

આવો જીવ સાત્વિક વૃત્તિવાળો હોય છે. અઢાર દોષ રહિત, વિતરાગ સર્વજ્ઞદેવ ને માને છે, ને પૂજે છે. સમ્યક્ દર્શન સહિત ના નિર્ગ્રંથ, દિગમ્બર ગુરુ આચાર્યોની પૂજા કરે છે. ચાર પ્રકારના દાન યોગ્ય મુનિ ને આપે છે. પોતે શિયળને કોમળતા ધારે છે. ને ઉપવાસાદિ તપ કરે છે. તે ધર્માનુરાગ હોવાથી શુભોપયોગ છે, પુણ્ય છે, પણ ધર્મ નથી.

અજ્ઞાની જીવને આ શુભભાવમાં લીનતા હોય છે. તેથી તેને આદરવા કહ્યો છે. શુભભાવ તે ધર્મનો ઘાતક છે. તેથી પારમાર્થિક સુખ મળતુ નથી. પણ ઇન્દ્રિય સુખ મળે છે, એટલે રાજા અગર સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય પણ ધર્મ કે મોક્ષની પ્રાપ્તિ થાય નહિ,

અહીં તો દેવ ગુરુનું સાચું સ્વરૂપ જાણી શુભોપયોગમાં લીનતાવાળા મિથ્યાદ્રષ્ટિના શુભભાવ આત્માના ઘાતક છે, ને સંસારમાં પરિભ્રમણ કરાવે છે તેની વાત કહેવાય છે. કુદેવ તથા કુગુરુને માને તો તેના પુણ્યના પણ ઠેકાણા નથી.

દેવનું સ્વરૂપઃ– સર્વજ્ઞ દેવ, ક્ષુધા, તૃષ્ણા, વિસ્મય, વગેરે અઢાર દોષથી રહિત વીતરાગ પરમાત્મા જે એક સમયમાં ત્રણકાળ ત્રણ લોકને જાણે છે. તેજ દેવ માનવા યોગ્ય છે,

ગુરુનું સ્વરૂપઃ– પોતાના આત્માની અખંડ પ્રતિતિ, યથાર્થ જ્ઞાન ને લીનતા તે આચરણ તે નિશ્ચય રત્નત્રય છે, અને સાચા [illegible] જ્ઞાન ને શુભભાવ તે વ્યવહાર રત્નત્રય છે. ગુરુ આવા ભેદ અને અભેદ રત્નત્રયના આરાધક છે. ને બીજા આરાધક જીવો ને જિન દીક્ષા આપે છે, સમ્યગ્દર્શન જ્ઞાન સહિત અંતર દશા વધી, તેને દીક્ષા આપે છે. ત્યારે બાહ્ય નગ્ન દિગંબર દશા હોય છે,

અહીં વ્યવહારના આરાધક કહ્યા છે. તેનો અર્થ એટલો છે કે નિશ્ચયની સાથે વ્યવહાર વર્તે છે. ને તે વ્યવહારનો નિષેધ વર્તે છે તેથી તેમને વ્યવહારના આરાધક કહ્યા છે પણ વ્યવહાર રત્નત્રયના આશ્રયે ધર્મ થતો નથી એમ તેઓ જાણે છે.

યતિનું સ્વરૂપઃ– પાંચ દ્રવ્ય ઇન્દ્રિય એ આત્માનું સ્વરૂપ નથી, શરીરની ક્રિયા આત્માની નથી. પુણ્ય પાપ આત્માનું સ્વરૂપ નથી. ઇન્દ્રિયાતીત સ્વરૂપ એ શુદ્ધ ચિદાનંદનું સ્વરૂપ છે એમ સતત સ્વરૂપ આત્માની જતના (પુરુષાર્થ) કરે છે તે યતિ છે,

જે જીવ આવા દેવ ગુરુ યતિ ની તથા તેમની પ્રતિમાની પૂજા કરે છે, (૯-૩)
આહારાદિ ચાર પ્રકારના દાન દે છે, શાસ્ત્ર અનુસાર વ્રતાદિ નું પાલન કરે છે, ઉપવાસ વગેરેમાં પ્રીતિ કરે છે. તેને ધર્માનુરાગ હોવાથી શુભોપયોગ થાય છે તે પુણ્ય નું કારણ છે. ધર્મનું કારણ નથી. આવા શુભોપયોગથી સ્વર્ગાદિ ની પ્રાપ્તિ થાય છે. એટલે ઇંદ્રિય સુખ મળે છે, કારણ કે જે જીવને પુણ્ય-શુભભાવ, વ્યવહારની જ રુચિ છે. ને વ્યવહાર ને પોતાની ફરજ માને છે. એવા રૂચી વાળા જીવને પારમાર્થિક સુખ મળતું નથી,

ગાથા ૭૦ માં આગળ કહેશે કે જે જીવ શુભ અને અશુભ માં ભેદ પાડે છે તે ઘોર સંસારમાં રખડે છે. શુભોપયોગ ધર્મનો ઘાતક જ છે. એમ અહીં બતાવ્યું છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૩૧.

સોનગઢ. પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૬)

૨૪૭૬ આસો સુદ ૫. તા. ૧૬-૧૦-૫૦. સોમવાર.

## શુભોપયોગનું ફળ ઈંદ્રિયસુખ.

(પ્ર. ગા. ૭૦ના પ્રવચનમાંથી) આસો સુદ ૩. શનિ.

આત્મામાં દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ થાય તે શુભ ઉપયોગ છે તેથી ઈંદ્રિયસુખ મળે છે પણ આત્મધર્મ થતો નથી.

જે જીવ પંચમહાવ્રત પાળે, દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા, ભક્તિ કરે તે મરીને જુગલીઆ તિર્યંચ થાય, કોઈ મોટો રાજા થાય, શેઠીઓ થાય, અથવા કોઈ દેવ થાય છે. શુભભાવથી બહારના પદાર્થોના સંયોગો મળે છે પણ ધર્મ કે પારમાર્થિક સુખ થતું નથી. અને તે પણ તેનું આયુષ્ય હોય તેટલો વખત સંયોગરૂપે રહે છે. જેમ શુભભાવ ક્ષણિક ને પલટતો છે તેમ તેના ફળરૂપે સામગ્રી પણ ક્ષણિક ને પલટતી મળે છે.

આ ઉપરથી નક્કી થાય છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભોપયોગનું ફળ સંસાર છે, આત્મધર્મ નથી.

X

## ઈંદ્રિયસુખ તે દુઃખ જ છે.

(પ્ર. ગા. ૭૨.)

ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુના ઉપદેશમાં એમ નક્કી છે કે દેવો જે પુણ્યમાં ચઢિયાતા છે (ઓછા પુણ્યવાળા મનુષ્યાદિ આમાં આવી જાય છે) તેને સ્વાભાવિક એટલે આત્મસુખ નથી. તેઓ પણ પાંચ ઈંદ્રિયમય શરીરની વેદનાથી દુઃખી થઈ રહ્યા છે, તેથી ~~તેઓ~~ રમ્ય વિષયોમાં રમે છે.

દેવોને વૈક્રિયિક શરીર છે. તે શરીરમાં રોગ થાય નહિ, વૃદ્ધ થાય નહિ, છતાં પણ શરીરની વેદનાથી પીડિત છે. અપ્સરા નચાવે, વાજાં વગડાવે, વિમાનમાં બેસી ફરવા જાય,- એમ પાંચ ઈંદ્રિયના વિષયો -જોવા, સાંભળવા, વગેરે-માં તલ્લીન થઈને આકુળતા સેવી રહ્યા છે. જેમ કોઈ દુઃખી દુઃખથી કંટાળીને - શિખર ઉપરથી ખીણમાં ભૂસકો મારે તેમ દેવો જુદા જુદા મનોજ્ઞ વિષયો તરફ દોડી રહ્યા છે, તે જ આકુળતા ને દુઃખ છે.

જ્યાં આવા સુંદર વૈક્રિયિક શરીર ને પુણ્યની સામગ્રીના ઢગલા હોવા છતાં પણ દેવો દુઃખી છે તો એથી ઓછા પુણ્યવાળા અજ્ઞાની મનુષ્યો કે જેમને ઔદારિક શરીર -જે ઘડીમાં સાજું માંદુ થાય ને વૃદ્ધ થાય તેવું છે- ને સામગ્રી પણ પુણ્ય પ્રમાણે ઓછી છે તેઓ તો વિષયો મેળવવાની આકુળતાને લીધે દુઃખી જ હોય.

સમ્યગ્દૃષ્ટિ ઈંદ્રો ભગવાનના- કાંતિના પુંજ ને રત્ન સમાન-ના શરીરને હજારો આંખોથી, હજારો વખત જુએ તો પણ તૃપ્ત થાય નહિ, છતાં તે પુણ્યભાવ છે, તેનો આદર તેમને હોતો નથી, તેમની દૃષ્ટિ સ્વભાવ ઉપર જ છે. જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ શરીર ને પુણ્ય ઉપર છે.- બેમાં મોટું અંતર છે.

'એકાંત સુખી મુનિ વીતરાગી'- ધર્માત્મા ને મુનિઓ સુખી છે.

જે જીવ એકલો શુભોપયોગમાં લીન થઈ શુભને ધર્મ માને છે તેને ઈંદ્રિયસુખ મળે છે એટલે કે દુઃખી થાય છે. નિયમસારમાં કહ્યું છે કે પોતાનું ચૈતન્ય દ્રવ્ય તો અભેદ છે છતાં પણ જે જીવ જ્ઞાન, દર્શન, વગેરે (ગુણગુણી) ના ભેદ પાડી શુભરાગમાં અટકે છે તે જીવની મુક્તિ થતી નથી, તેને ધર્મ થતો નથી ને તે જૈનદર્શન નથી. અભેદ અંતરસ્વભાવની રુચિ એ જ ધર્મ છે.

ઈંદ્રિયસુખ તે દુઃખ જ છે એમ નક્કી કરીને ઈંદ્રિયસુખના સાધન પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગ અને દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગ તે બંને સમાન છે એમ ૭૨ મી ગાથામાં કહે છે.

═══ X ═══ (પ્ર.ગા.૭૨)

મનુષ્યો, નારકના જીવો, તિર્યંચો, અને દેવો, બધાય શરીરસંબંધી દુઃખને જ અનુભવે છે તો શુદ્ધોપયોગથી વિરુદ્ધ અશુદ્ધોપયોગના બે ભેદ કઈ રીતે છે ? અર્થાત્ શુભ ને અશુભમાં કાંઈ ભેદ નથી. જેવી રીતે ૧૦૫ ડીગ્રી તાવ ને ૧૦૨ ડીગ્રી તાવ બંને તાવ જ છે તેમ શુભ અને અશુભ બંને અશુદ્ધના ભેદ હોવાથી તેમાં કાંઈ ભેદ નથી.

દેવોને પુણ્યના ફળરૂપે સામગ્રી હોવા છતાં વિશેષ સામગ્રી મેળવવી, હરવું, ફરવું, વગેરે પ્રકારની આકુળતા સેવી શરીરસંબંધી દુઃખી થઈ રહ્યા છે.

મનુષ્યને પણ પુણ્યના ફળરૂપે સામગ્રી હોવા છતાં શરીરની જુદી જુદી સગવડ સાચવવાની અને તે માટે અનેક સાધનો મેળવવાની આકુળતા કરી શરીર સંબંધી દુઃખી થઈ રહ્યા છે.

તિર્યંચને આહાર, પાણી નિયમસર ન મળે, ભાર સહન કરવા પડે, -એમ પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગોમાં આકુળતા કરી શરીરસંબંધી દુઃખી થઈ રહ્યા છે.

નારકીને અનાજ, પાણી બિલકુલ મળતા નથી, ગરમી ઠંડી ઘણી સહન કરવી પડે છે એમ પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગોમાં આકુળતા કરી શરીરસંબંધી દુઃખી થઈ રહ્યા છે.

આમ ચારે ગતિના અજ્ઞાની જીવો અનુકૂળ ને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખી થઈ રહ્યા છે, કારણ તેઓની દૃષ્ટિ દેહ ઉપર છે, દેહાતીત એવા આત્મસ્વભાવ ઉપર નથી. શુભ અને અશુભ બંનેનાં ફળમાં આકુળતા ને દુઃખ છે તેથી શુભ ને અશુભ ભાવ બંને એક જ જાત છે તેમાં કાંઈ ફેર નથી.

જે જીવ એકલા - શરીર સંબંધી, કુટુંબ સંબંધી - અશુભભાવમાં રચ્યો પચ્યો રહે છે તેની તો અહીં વાત નથી તે તો આ વાણી સાંભળવાને લાયક નથી - પણ જે જીવ અશુભની ભૂમિકા ઓળંગી ગયો છે ને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પૂજા કરે છે, વાંચન, શ્રવણ કરે છે તેવાને આચાર્ય ભગવાન કહે છે કે "શુભાશુભનું ફળ આકુળતા છે માટે - શુભને છોડી શુદ્ધ સ્વભાવનું લક્ષ કર".

અહીં દેવ, રાજા, શેઠિયા, બધા ભિખારી છે ને નારકીના જેવા જ દુઃખી છે - એમ બતાવીને શુભ તે ધર્મનું કારણ નથી ને શુભ તે ધર્મને મદદગાર નથી એમ સમજાવે છે, તેથી શુભ અને અશુભ બંનેની જુદી વ્યવસ્થા ટકતી નથી એટલે કે બંને એક જ જાત છે.

# શ્રી સદ્‌ગુરુ - પ્રવચન - પ્રસાદ

દૈનિક પ્રસાદ નં.
સોનગઢ. પુસ્તક બીજું. ૩૨ ૨૪૭૬ આસો સુદ ૬.
માસિક લવાજમ રૂા. ૬) તા. ૧૭-૧૦-૫૦ મંગળવાર.

(પ્ર. ગા. ૭૨ ના પ્રવચનમાંથી
આસો સુદ ૪ રવિવાર

અજ્ઞાની જીવો ચારે ગતિમાં પુણ્ય પાપના ફળમાં શરીરસંબંધી દુઃખને જ અનુભવે છે, તેથી શુભથી સંસારમાં સુખ છે અને અશુભથી દુઃખ છે તે વાત રહેતી નથી. માટે જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ બંને ભાવ જ્ઞાનથી વિરુદ્ધ છે. જ્ઞાન-સ્વભાવમાં પુણ્ય-પાપ નથી અને પુણ્ય-પાપમાં જ્ઞાન સ્વભાવ નથી.

આવી નિશ્ચયની વાણી સાંભળીને કોઈ જીવ સ્વચ્છંદી થઈને કહે કે "શુભ અને અશુભ બંને બંધ છે તો અશુભ હોય તો શું વાંધો છે? અમારે તો શ્રદ્ધાના વિષયની હાલ જરૂર છે. તમો અમને પહેલા આસક્તિ છોડાવવાનો ઉપદેશ આપો છો તો તે તો શ્રદ્ધા થયા પછી આવે છે. હમણાં તો દૃષ્ટિના વિષયનું ઘોલન કરાવો! તો કહે છે કે આવો અજ્ઞાની જીવ નિશ્ચયની વાણી સાંભળ્યા પહેલાં પણ મિથ્યાત્વને પોષી જ રહ્યો હતો પણ સાંભળ્યા પછી - અશુભની રુચિથી તીવ્ર અશુભભાવને પોષી રહ્યો છે એટલે તે બમણા પાપને પોષી રહ્યો છે. ધર્મશ્રવણ વખતે જે જીવનો ઉપયોગ જ્ઞાનીની વાણી તરફ નથી પણ સંસારના વિષયો તરફ છે તે પૂરો સ્વચ્છંદી છે. જિનેંદ્ર ભગવાનની પ્રતિમા સામે બેઠો હોય ત્યારે વિષયના પરિણામની તીવ્રતા જે જીવ કરે છે તે મહાપાપી છે.

"ગુરુના વિનય વખતે અશુભ હોય તો શું વાંધો છે? શુભ અને અશુભ બંને જ્ઞાનસ્વભાવ નથી એમ તો તમે પણ કહો છો." આમ કહેનાર જીવને નિમિત્તનો પણ વિવેક નથી. વ્યવહાર વિનયનો પણ જેને વિવેક નથી તેને નિશ્ચયનો વિવેક ક્યાંથી આવે? જેણે શુભ અને અશુભ નિમિત્તોના આંતરા પાડયા - નથી તે નિમિત્ત અને ઉપાદાનના આંતરા ક્યાંથી પાડી શકે? જે જીવ અશુભથી ખસી શુભમાં આવતો નથી તે અશુભથી ખસી સીધો શુદ્ધમાં આવી શકે નહિ. તે જીવ શુભભાવને તેમ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સમજતો નથી. જ્ઞાનીની અને તેની વાણીની હેલણા કરી રહ્યો છે તે નરક નિગોદનો કામી છે.

આત્મા જ્ઞાનપ્રકાશ છે ત્યાં ક્યાંય અંધારું ચાલે તેમ નથી. આંખ નાના તણખલાને રહેવા દેતી નથી તેમ આ સત્ય ધર્મનો પંથ છે. પોંપાબાઈનું રાજ્ય નથી, જરાપણ દોષ ચાલે તેમ નથી.

અજ્ઞાની જીવ ક્રમબદ્ધના નામે સ્વચ્છંદ પોષે છે. જે જીવ શુભની રુચિ કરે છે તેને પણ ક્રમબદ્ધનો નિર્ણય નથી તો પછી અશુભની રુચિ કરે છે તેને ક્રમબદ્ધનો નિર્ણય ક્યાંથી થાય? તે તો ગાઢ મિથ્યાત્વ તથા પાપને પોષી રહ્યો છે. અનંતસંસારી છે. આવી રીતે મુમુક્ષુ જીવોએ જ્ઞાનીની વાણી એકાગ્ર ચિત્તે બહુ વિનયપૂર્વક સાંભળવી જોઈએ.

ગાથા ૭૨ માં એમ કહ્યું કે શુભ અને અશુભના ફળમાં ચારે ગતિનાં અજ્ઞાની જીવો દુઃખી થઈ રહ્યા છે માટે પરમાર્થે શુભ અને અશુભ એવા બે ભેદ ઘટતા નથી.

૭

આ ગાથામાં શુભોપયોગના ફળરૂપે પુણ્યને સ્વીકારીને શુભોપયોગને નિંદે છે. (પ્ર.ગા.૭૭) (૧૦૩)

ઈંદ્રોને પુણ્યના ફળરૂપે ઈંદ્રાણીઓ, વિમાનો વગેરે સામગ્રી પ્રાપ્ત થાય છે.— ચક્રવર્તિને ૯૬ કરોડ પાયદળ, રાણીઓ વગેરેની પ્રાપ્તિ થાય છે અને તે પદાર્થો ભોગવતી વખતે સુખી જેવા દેખાય છે માટે પુણ્યકર્મ વિદ્યમાન છે-એમ નક્કી થાય છે.

પુણ્યવાળા અજ્ઞાની જીવો પાંચ ઈંદ્રિયના વિષય સુખને ભોગવવા માટે દવા વગેરે ખાય છે ને તેમાં લાખો જીવોની હિંસા થતી હોય તો પણ દરકાર કરતા નથી. એટલે પુણ્યના ફળમાં મળેલા સાધનોથી શરીર તથા ઈંદ્રિયોને પોષે છે પણ આત્માને પોષતો નથી.

જેવી રીતે જળો ખરાબ લોહીમાં ઘણી આસક્ત છે ને લોહી પીને મોટી થઈ સુખી હોય એમ જળો ભાસે છે તેમ અજ્ઞાની ભોગમાં આસક્ત વર્તતા સુખી લાગે છે. માટે પુણ્યો જોવામાં આવે છે ખરા પણ તે ઈંદ્રિયને પોષણ માટે કામ લાગે છે ને આત્માનો ઘાત કરે છે. કારણ અજ્ઞાની જીવોનું વલણ બાહ્ય ઉપર જ છે તેથી પુણ્યના ફળરૂપે મળેલી વસ્તુ ઉપર જ તેની દૃષ્ટિ ચોંટે પણ આત્મસ્વભાવ ઉપર જશે નહિ.

# શ્રી સદ્ગુરુ - પ્રવચન - પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં. 33. ૨૪૭૬. આસો સુદ ૭.
માસિક લવાજમ રૂા. ૬) તા. ૧૮-૧૦-૫૦. બુધવાર.


(પ્ર. ગા. ૭૪ ના પ્રવચનમાંથી આસો સુદ ૫. સવારે)

શુભ ઉપયોગથી ઉપજેલા પુણ્ય કર્મો છે. ને કર્મો ને લીધે વિધવિધ સામગ્રી મળે છે. તે પુણ્યો દેવો સુધીના બધા અજ્ઞાની જીવોને વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે,

અજ્ઞાની જીવો ને સ્વરૂચિ નથી તેથી શુભની રૂચિ છે ને શુભના ફળમાં સામગ્રી મળે છે. અજ્ઞાની જીવો સામગ્રીમાંથી સુખ મેળવવાની ખોટી ભ્રાંતિને લીધે વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે,

પદાર્થો તૃષ્ણા કરાવતા નથી. પણ અજ્ઞાની જીવો પોતાનો સુખ સ્વભાવ મુકીને સંયોગી દ્રષ્ટિ કરે છે, તેથી. પુણ્ય અને સામગ્રી તૃષ્ણા કરાવે છે. એમ કહેવામાં આવે છે,

જેમ જળો. ખરાબ લોહીમાં આસક્ત વર્તે છે. તેમ સમસ્ત અજ્ઞાની જીવો પાંચે ઇંદ્રિયોના વિષયો તરફ પ્રવૃત જોવામાં આવે છે. તેથી. અજ્ઞાની જીવોને તૃષ્ણા છે. એમ નક્કી થાય છે અને પુણ્યો તૃષ્ણાના વધારનાર છે. એમ અવિરોધ પણે નક્કી થાય છે,

અનુકૂળતાના સંયોગવાળા જીવો, અનુકૂળતામાં રાગ કરીને અને. પ્રતિકૂળતાના સંયોગવાળા જીવો પ્રતિકૂળતામાં દ્વેષ કરીને દુઃખી. દુઃખી થઈ રહ્યા છે. માટે પુણ્યો. સુખના સાધન નથી, પણ દુઃખ બીજરૂપ તૃષ્ણાના સાધન છે,

---

પ્રવચન સાર ગાથા ૭૫

જે જીવો ને તૃષ્ણા છે. તે જીવો તૃષ્ણાથી દુઃખી દુઃખી થઈ રહ્યા છે તે મરણ પર્યંત વિષય સુખો ને ઇચ્છે છે. અને દુઃખ સહન નહિ થવાથી વિષયો ભોગવે છે,

પૂર્વે જીવો એ શુભભાવો કર્યા હોય તેને દ્રવ્ય પુણ્ય બંધાય છે અને ફળ રૂપ સારા સંયોગની પ્રાપ્તિ થાય છે. તે સંયોગોમાં તૃષ્ણા કરે છે દેવ સુધી બધા સંસારી જીવો. અનેક પ્રકારની તૃષ્ણા કરે છે. ને તૃષ્ણા દુઃખનું બીજ છે માટે તેઓ અત્યંત દુઃખી છે,

જે. જીવને. શરીરમાં રોગ થાય નિર્ધનતા આવે. પ્રતિકુળ સંયોગો આવે દીકરા ગુજરી જાય. દીકરી વિધવા થાય. આબરૂ જાય. તે સંયોગો ગમતા નથી ને દ્વેષ કરે છે તે જીવ એમ ઇચ્છે છે કે પૂર્વે સાતાવેદનીય કર્મ બાંધ્યા હોત તો ઠીક રહેત. એવા જીવો પુણ્યની ભાવના ભાવી રહ્યા છે, અને જે જીવો ને સુખી કુટુંબ સારી દુકાન શરીર નિરોગી. વગેરે બધી સગવડ હોય તે એવાને એવા રહી રહો. એમ ઇચ્છે છે. તે પુણ્યની ભાવના ભાવે છે,

સગવડતાના કામી અગવડતા વખતે રાડ નાખે છે, ને અગવડતા નો દ્વેષી સગવડતાની ભાવના કરે છે. બધી સગવડતા હોય તો ધર્મ થાય. એવી જેની રૂચિ છે. તેને પુણ્યની રૂચિ છે. પણ સ્વભાવની રૂચિ નથી,

અહીં કોઈ પ્રશ્ન કરે કે. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના કોણ કરશે?

તો ભાઈ. પૈસા ને લીધે પ્રભાવના થતી નથી અને પ્રભાવના ને લીધે સામાની પર્યાયમાં અસર થતી નથી. સૌ પોતે પોતામાં પ્રભાવના કરે છે.

આત્મા સમજે તે લક્ષ્મીવાળો. ન સમજે તે ગરીબ.

અહીં તો. શુભોપયોગ. તેનું ફળ શાતાકર્મ. તેના ફળ તૃષ્ણા. રાગ. તથા અશુભોપયોગ. તેનું ફળ અશાતાકર્મ. તેના ફળમાં તૃષ્ણા. દ્વેષ. એમ છ પ્રકારે. બધાને એક સરખા મૂકવામાં આવ્યા છે.

જે. જીવ ચિદાનંદ સ્વરૂપને ચૂક્યો છે, તે શુભમાં હો કે અશુભમાં હો. તો પણ દુઃખી છે. જેવી રીતે જળો ખરાબ લોહીને ખૂબ ચૂસે છે લોહી મૂકવું ગમતું નથી, ને ક્રમશઃ લોહી ચૂસતા ચૂસતા મરણ પામે છે. તેમ અજ્ઞાની, પુણ્યશાળીઓ, પાપશાળીઓની જેમ તૃષ્ણારૂપી દુઃખના અંકુરોથી જીતાઈ ગયા છે. તેથી વિષયોજ ઈચ્છે છે, ને મરણ પર્યંત દુઃખ ભોગવે છે. પૈસાને ખાતર મરણ થતા સુધી દુકાન ના વહીવટને છોડતો નથી. ખાવાનો લાલચુ વૈદ્યની મનાઈ હોવા છતાં ન ખાવાના પદાર્થ ખાય છે. ને મરણ પામે છે. આથી. પુણ્યો તૃષ્ણા ઉત્પન્ન કરે છે. તેથી પુણ્યો દુઃખના સાધન છે,

---

પ્રવચનસાર ગાથા-૭૬ માંથી.

ઈંદ્રિય સુખ, પરના સંબંધવાળું છે, બાધાવાળું છે, ત્રુટક છે, બંધનું કારણ છે. અને અસ્થિર છે તેથી પુણ્યજન્ય હોવા છતાં દુઃખ જ છે.

(૧) જ્ઞાન સ્વભાવનો સંબંધ રાખી ઉપજતું અતીન્દ્રિય સુખ સ્વાશ્રયી ને સ્વાધીન છે. જ્યારે જ્ઞાન સ્વભાવને મૂકીને પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈન્દ્રિય સુખ પરાશ્રયી અને પરાધીન છે. તથા ઈસ્ટ પદાર્થના સંયોગની અપેક્ષા રાખે છે તેથી પરાધીન છે,

(૨) જ્ઞાન સ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિય સુખ બાધા રહિત છે, કાંઈ પણ વિઘ્ન હોતું નથી તેથી અનાકુળ છે. એવા જ્ઞાન સ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈંદ્રિય સુખ ડગલે પગલે બાધાવાળું છે, વિઘ્નવાળું છે, ઘડીમાં ખાવાની ઈચ્છા થાય, ઘડીમાં પીવાની ઈચ્છા, ઘડીમાં સંસાર ભોગવવાની ઈચ્છા, ઘડીમાં વેપારની, માનની, રેડિઓની, એમ એક પછી એક તૃષ્ણા પ્રગટ્યા જ કરે છે, માટે ઈંદ્રિય સુખ આકુળતા વાળું છે,

(૩) જ્ઞાન સ્વભાવના આશ્રયે ઉપજતું અતીન્દ્રિય સુખ અવિચ્છિન્ન એટલે. એક ધારું છે. ને પ્રતિપક્ષી રહિત છે - માટે એક ધારું સુખ છે. જ્યારે જ્ઞાન સ્વભાવને મૂકીને પુણ્યની રુચિ કરીને ઉપજતું ઈંદ્રિય સુખ ત્રુટક છે તે વિપક્ષવાળું છે. કારણ અશાતાવેદનીય કર્મનો ઉદય આવે છે ત્યારે શાતાવેદનીય હોતું નથી ખસી જાય છે. રાજા રંક થાય છે. ધનવાન નિર્ધન થાય છે નિરોગી રોગી થાય છે.

કૃષ્ણ વાસુદેવ તથા બળદેવ બન્ને ભાઈઓ હતા. દ્વારકામાં જાહોજલાલી હતી. ખમા ખમા થતી હતી જેના હાથના પ્રહારે ડુંગર તૂટતા, પુણ્ય ફર્યા. દ્વારકા સળગી પોતાના માબાપને લેવા ગયા. બળતા મકાન માંથી મા બાપને કાઢવા જાય છે. ત્યાં આકાશવાણી થાય છે. "એમાંમેં દરવાજો હમણા તૂટી પડશે"

"મા બાપને કાઢી શકશો નહિ." બન્ને ભાઇઓ પાછા ફરે છે. અને દરવાજો તૂટે છે. મા બાપ મરી જાય છે. બન્ને ભાઇઓ એકલા ચાલી નીકળે છે. દેવો ચાલ્યા ગયા, નગરજન બળી ગયા, દ્વારકા ઓલવવા દરીઆનું પાણી નાખે તો ય તેલ રૂપે થઇ જાય. આમ પુણ્ય ફરી જાય છે. આમ શાતા વેદની થી મળતું ઇંદ્રિય સુખ વિચ્છિન્ન-ક્ષુદ્ર છે. જુઓ ત્યારના મહાન પ્રતાપશાળી વાસુદેવ બળદેવ, પોતાના નગરની વ્યવસ્થા કરી શક્યા નહીં. એકલા ચાલી નીકળ્યા, તો પછી અત્યારના અજ્ઞાની-જીવો માને કે સમાજની વ્યવસ્થા બરાબર કરવી ને ગરીબોને સારી સ્થિતિમાં મૂકવી જોઇએ આ. બધો અજ્ઞાન ભાવ છે પર પદાર્થની વ્યવસ્થા. એમાં ફેરફાર કરવા કોઇ સમર્થ નથી, અહીં તો શુભના ફળમાં મળેલી સામગ્રી થી થતું ઇંદ્રિય સુખ. પરાધીન-ક્ષુદ્ર બતાવે છે તેથી શુભોપયોગ નિંદ્ય છે.

===卐===卐===卐===卐===卐===

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં. ૨૪૭૬ આસો સુદ ૯
માસિક લવાજમ રા. ૬) ૩૪. તા. ૧૯-૧૦-૫૦. ગુરુવાર.


## પુણ્ય દુઃખનું સાધન છે. (પ્ર. ગા. ૭૬ ના પ્રવચનમાંથી આસો સુદ ૬)

પોતાનો આત્મસ્વભાવ સુખસ્વરૂપ છે એવી માન્યતા ચૂકીને પુણ્યની રુચિ કરવાવાળા જીવને ઈંદ્રિયસુખ મળે છે કે જે ઈંદ્રિયસુખ (૧) પરાધીન છે, (૨) વિઘ્નવાળું છે ને (૩) ત્રુટક છે, તે વાત ગઈકાલે આવી ગઈ છે.

(૪) પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે ઉપજતું અતીંદ્રિયસુખ આગામી બંધનું કારણ નથી તેથી અનંતકાળ સુધી સુખસ્વરૂપ છે. એવા જ્ઞાનસ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરવાથી ઉપજતું ઈંદ્રિયસુખ બંધનું કારણ છે. પર પદાર્થોમાં સુખબુદ્ધિ કરીને હાસ્ય, રતિ, વગેરે ઘણા પ્રકારના ભાવ જીવ કરે છે તેથી ઘણા કર્મોનો બંધ પડ્યા કરે છે ને સંસાર ચાલુ રહે છે.

(૫) જ્ઞાનસ્વભાવના આશ્રયે ઉપજતું અતીંદ્રિયસુખ સ્થિર, હાનિવૃદ્ધિ વગરનું એકધારું છે. એવા જ્ઞાનસ્વભાવની રુચિ નહિ કરતાં પુણ્યની રુચિ કરવાથી ઉપજતું ઈંદ્રિયસુખ ઘડીમાં વધે છે ને ઘડીમાં ઘટે છે, એકધારું રહેતું નથી.

આવી રીતે ઈંદ્રિયસુખ દુઃખ જ છે માટે પુણ્ય પણ પાપની જેમ દુઃખનું સાધન છે.
(ગાથા ૭૬.)

આ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો તે મોહમાં વર્તે છે અને ઘોર અપાર સંસારમાં રખડે છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ, દયાદિના ભાવ તે શુભ ઉપયોગ છે, અને હિંસા, જુઠું, ચોરી, વગેરેના ભાવ અશુભ ઉપયોગ છે. શુભ ઉપયોગ તે ઈંદ્રિયસુખ આપે છે અને અશુભ ઉપયોગ પ્રતિકૂળતા આપે છે. આગળની ગાથામાં સાબિત થયું છે કે ઈંદ્રિયસુખ તે પણ દુઃખનું સાધન છે માટે શુભ અને અશુભ ભાવોમાં — અનાત્મધર્મપણું સમાન છે, પરમાર્થે બંનેમાં કાંઈ ફેર નથી.

પુણ્ય અને પાપથી મળતા ઈંદ્રિયસુખ અને ઈંદ્રિયદુઃખમાં પરમાર્થે કાંઈ ફેર નથી. પુણ્ય અને પાપ આત્માના ધર્મ નહિ હોવાથી, બંને આસ્રવ હોવાથી પરમાર્થે બંનેમાં કાંઈ ફેર નથી તેથી પુણ્ય અને પાપમાં દ્વૈતપણું ટકતું નથી, બંને એક જ છે.

આમ હોવા છતાં જે જીવ પુણ્ય અને પાપમાં તફાવત માને છે એટલે કે પુણ્ય ઠીક છે, કરવા જેવું છે, ને તે કરતા કરતા ધર્મ થશે — એમ પુણ્ય ને પાપથી જુદું પાડે છે તે ઘોર સંસારી છે કારણ પુણ્ય ને પાપ બંને આસ્રવતત્ત્વ છે

બેડી સુવર્ણની હો કે લોખંડની, બંને બાંધવાનું જ કામ કરે છે તેમ પુણ્ય હો કે પાપ હો બંને બંધનું જ કારણ છે — તેવું જ્ઞાન નહિ હોવાના કારણે પોતાના જ્ઞાનસ્વભાવની રુચિ છોડીને પુણ્યની રુચિ અજ્ઞાની કરે છે, ને નવમી ગ્રૈવેયકના દેવપદ તથા મોટી સંપદાના કારણભૂત શુભભાવનું — પંચમહાવ્રતનું પાલન, દેવ-ગુરુ-

શાસ્ત્રની ભક્તિ આદિનું ઘણા ગાઢપણે અવલંબન લ્યે છે. તે જીવ શુભની ક્રિયામાં ઓતપ્રોત થઈ ગયો છે. મનના અવલંબન રહિત આત્મા ચૈતન્ય મૂર્તિ નિર્મળ દીવાલ છે તે શુદ્ધનું અવલંબન છોડી અજ્ઞાની જીવે પોતાની ચિત્તરૂપી ભૂમિ પુણ્યથી રંગીને મેલી તથા વિકૃત કરી છે.

પોતાના જ્ઞાતાસ્વભાવમાંથી શુદ્ધ, અમૃતના ઝરણારૂપી, વ્યકતતા નીકળવી જોઈએ પણ અજ્ઞાની જીવ શુદ્ધોપયોગને વ્યક્ત કરતો નથી ને વિકાર ઉત્પન્ન કરે છે. તે અજ્ઞાની શુદ્ધોપયોગનો તિરસ્કાર કરે છે અને સદાને માટે શારીરિક દુઃખને જ અનુભવે છે. જ્યાંસુધી તે આવો ને આવો અજ્ઞાનભાવ ચાલુ રાખશે ત્યાંસુધી સંસારમાં રખડવાનો છે.

અહીં આચાર્ય ભગવાને જ્ઞાનસ્વભાવની ઉગ્રતા બતાવતા કહ્યું કે જ્ઞાન-તત્વનું એટલે શુદ્ધોપયોગનું ફળ તે સિદ્ધ અને પુણ્યતત્ત્વનું એટલે અશુદ્ધ-ઉપયોગનું ફળ ક્રમે કરીને નિગોદ છે. પુણ્યની રુચિવાળા જીવ જ્ઞાનનો તિરસ્કાર કરે છે માટે તેને ક્રમે કરીને નિગોદ દશા પ્રાપ્ત થશે, જ્યાં જ્ઞાનની હીણામાં હીણી દશા છે.

"<u>સદાને માટે</u>" એમ જે કહ્યું છે તેનું કારણ એ છે કે બે ઈંદ્રિયથી પંચેંદ્રિયપણું ને પંચેંદ્રિયમાં દેવથી નારકી સુધી બધા ત્રસ ભવોની સ્થિતિ કુલ્લે બે હજાર સાગર છે તે ઘોર સંસાર નથી. સંસારનો વધારે કાળ નિગોદમાં હોય છે તેથી "<u>સદાને માટે</u>"નો અર્થ અહીં નિગોદ થાય છે.

વળી "શારીરિક દુઃખને જ અનુભવે છે" - એમ કહ્યું છે તેનો અર્થ એમ છે કે શુભની રુચિવાળાને ક્રમે કરીને માત્ર શરીરનો જ સંયોગ રહેશે, મન, વાણીનો પણ સંયોગ રહેશે નહિ કે જે દશા નિગોદની છે જયાં માત્ર શરીર - ફકત એક સ્પર્શેન્દ્રિય જ છે.

પોતાના જ્ઞાનસ્વભાવની તાકાત ત્રણ કાળના પદાર્થને જાણવાની છે તેનો આદર છોડીને પુણ્યની રુચિ કરીને જે જીવ અટકે છે તે ભવિષ્યમાં ક્રમે કરીને નિગોદમાં જ જશે ને અનંતકાળ રખડશે.

જ્ઞાનમાં સંસાર નથી ને પુણ્યની રુચિમાં સંસારનો અંત આવતો નથી.

# શ્રી સદ્‌ગુરુ - પ્રવચન - પ્રસાદ

દૈનિક પ્રસાદ નં.

સોનગઢ. પુસ્તક બીજું. | ૩૬. | ૨૪૭૬ આસો સુદ ૧૧.

(માસિક લવાજમ રૂા. ૬) | | તા. ૨૧-૧૦-૫૦. શનિવાર.


## શુદ્ધોપયોગ સર્વ દુઃખનો ક્ષય કરે છે. (પ્ર. ગા. ૭૮ના પ્રવચનમાંથી. આ. સુ. ૯. ગુરુવાર)

શુભભાવ અને અશુભભાવ બંન્ને સમાન છે એમ નક્કી કરીને, સમસ્ત રાગ-દ્વેષના બેપણાને દૂર કરીને, સર્વ દુઃખનો ક્ષય કરવાનો પાકો વિચાર કરીને, મુનિ શુદ્ધોપયોગમાં વસે છે. અહીં મુખ્યપણે મુનિની વાત છે. શ્રાવક રાગદ્વેષને માન્યતામાં દૂર કરે છે. શુભાશુભ પોતાનું સ્વરૂપ નથી એમ નિર્ણય કરી આત્મામાં રમણતા કરવા માટે મુનિ શુદ્ધોપયોગ અંગીકાર કરે છે.

શુભ ને અશુભ ભાવ બન્ને સમાન છે. તે આત્માનું સ્વરૂપ નથી. બન્ને ભાવ જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ ભાવ છે, ને કર્મ ઉત્પન્ન કરે તેવી જાતના છે. બન્ને ભાવો ભમ્મરીયા ઉંડા કુવા જેવા છે. પુણ્યને વિષતરુના ફળ કહ્યા છે. બન્ને ભાવોથી રહિત જ્ઞાનસ્વભાવ છે એમ વસ્તુસ્વરૂપને યથાર્થ જાણવું જોઈએ.

જેમ ૧૦૫ ડીગ્રી તાવ અને ૨૦૦ ડીગ્રી તાવ બન્ને તાવ છે. એક પણ તાવ નિરોગનું લક્ષણ નથી. તેમ શુભભાવ હો કે અશુભભાવ હો એકે નિરોગી નિર્મળ આત્મા-નું લક્ષણ નથી. અનાદિથી જે જીવ જડની ક્રિયામાં તથા પુણ્યમાં ધર્મ માને છે તે જીવને કમળાનો રોગ થયો છે. તેથી એવી ઉંધી માન્યતા છોડીને પોતાના જ્ઞાનસ્વ-ભાવથી જ ધર્મ થશે- એમ નક્કી કરવું તે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ શ્રદ્ધા છે ને તે પ્રથમ ધર્મ છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે.

આવા સાચી શ્રદ્ધા ને જ્ઞાન કરેલા મુનિ હવે સ્થિરતા કરવા આગળ વધે છે ને સમસ્ત પર્યાયો સહિત સમગ્ર સ્વ ને પર દ્રવ્યો પ્રત્યે રાગ ને દ્વેષ છોડે છે. અહીં પર દ્રવ્યોમાં દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, દેશ, શરીર, કર્મ વગેરે .. પદાર્થો આવી જાય છે. તે પર પદાર્થો હોય તો ધર્મ થાય તેવું વસ્તુસ્વરૂપ નથી.

દરેક પદાર્થો - જીવ અને પરમાણુઓ - સ્વતંત્ર છે તેનાથી જીવને લાભનુકશાન નથી ને પરની અવસ્થા જીવ કરી શકતો નથી- એમ પર દ્રવ્યો ને તેની - અવસ્થાથી જીવને જુદો જાણવો. તથા પરને લક્ષે પોતામાં શુભાશુભ થાય તે વિકાર છે ને આત્માનું સ્વરૂપ નથી- એમ વિકાર ને પર પદાર્થથી જુદો જાણવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે.

મારો આત્મા જ્ઞાનસ્વભાવી છે ને મારા ત્રણ કાળના પર્યાય જ્ઞાનમય જ છે. મારા પર્યાય મારાથી છે ને બીજાથી નથી.

પર આત્મા જ્ઞાનસ્વભાવી છે ને તેમના ત્રણ કાળના પર્યાય જ્ઞાનમય જ છે તેમના પર્યાય તેના આત્માથી થાય છે, મારાથી થતા નથી.

જડ પદાર્થો સ્પર્શ-રસ-ગંધ-રંગ મય છે ને તેમના ત્રણ કાળના પર્યાયો રૂપી છે. તેમના પર્યાયો તે જડ પદાર્થથી જ થાય છે, મારાથી થતા નથી.

પોતામાં થતા શુભાશુભ ભાવો એ મારું સ્વરૂપ નથી એમ તો પહેલા ને જ્ઞાનમાં નક્કી કરેલ છે. અહીં તો તેથી આગળ વધીને આચાર્ય ભગવાને અંતર રમણતાની અને ચારિત્રની વાત કરી છે.

સમ્યગ્જ્ઞાન થયા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના, શાસ્ત્ર લખવાના, શુભરાગને એટલે કે બધા પર પદાર્થો પ્રત્યેના રાગદ્વેષને મુનિ છોડે છે. અસ્થિરતામાં જે અલ્પ રાગદ્વેષ થઈ આવતા તે સ્વભાવમાં એકાગ્ર થતાં ઉત્પન્ન થતા નથી.

આ ગાથામાં 'સ્વ તથા પર એવા સમસ્ત દ્રવ્યો પ્રત્યે થતા રાગ અને દ્વેષને છોડે છે'- એમ કહ્યું છે તેમાં પર પદાર્થ પ્રત્યેની વાત કહેવાઈ ગઈ. અને સ્વ પ્રત્યેના રાગદ્વેષ છોડવાની વાત કહી છે તે સૂક્ષ્મ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી શુદ્ધ છે ને તેવા શુદ્ધસ્વભાવમાં ઠરું - એવો વિકલ્પ તે રાગ છે. અથવા શુદ્ધોપયોગને ગ્રહણ કરું- તેવો શુદ્ધોપયોગ તરફનો રાગ તેને અહીં સ્વ પ્રત્યેનો રાગ કહ્યો છે.

અશુદ્ધોપયોગનો અભાવ કરું કે અશુદ્ધોપયોગનો નિષેધ કરું -એવો વિકલ્પ અથવા શુદ્ધોપયોગના રાગનો અભાવ કરું એવો વિકલ્પ - એવા બન્ને વિકલ્પ દ્વેષ છે, તેને સ્વ પ્રત્યેનો દ્વેષ કહ્યો છે.

સ્વરૂપમાં ઠરું ને વિકલ્પને છોડું એવા અસ્થિરતાના રાગદ્વેષને મુનિ છોડે છે.

અહીં સ્વ તથા પરના રાગદ્વેષને છોડે છે - એમ કહ્યું છે. ખરેખર જે રાગદ્વેષ થયા તેને છોડવા શું? તે તો છોડી શકાતા નથી. રાગના લક્ષે રાગ છૂટતો નથી પણ જ્ઞાનસ્વભાવમાં ઠરતાં પર કે સ્વ તરફના કોઈપણ પ્રકારના રાગ-દ્વેષ ઉત્પન્ન જ થતા નથી તેને સ્વ-પરના રાગદ્વેષ છોડે છે -એમ કહેવામાં આવે છે.

અહીં સ્વ-પરને જાણવું તે તો જ્ઞાનનો પર્યાય છે, તે તો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેથી જાણવું નુકશાન કરતું નથી પણ ઈચ્છા કરવી તે રાગ છે, ચારિત્ર ગુણની વિકારી પર્યાય છે ને તે પોતાના સ્વભાવમાં ઠરવા દેતી નથી- એમ સમજવું.

અહીં તો સમ્યગ્જ્ઞાન થયા પછી મુનિના શુદ્ધોપયોગની વાત કરી છે. મુનિ પોતાના શુદ્ધોપયોગમાં સર્વથા લીન છે. ~~પોતાના~~ "આત્મામાં ઠરું"- એવા વિકલ્પને અહીં પર-દ્રવ્ય કહ્યું છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં ઠરતા આવા પરદ્રવ્યનું પણ આલંબન સહેજે છૂટી ગયું છે એવા મુનિઓ "શારીરિક દુઃખનો નાશ કરે છે, એટલે તેમને નિગોદ દશા તો કદી પણ મળતી નથી પણ અવતાર રહેતા નથી ને સંપૂર્ણ આનંદને પ્રાપ્ત કરે છે.

મુનિ બાહ્ય કોઈ ક્રિયા, કે શુભભાવમાં લીન નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવ એકમાં જ લીન છે. તેથી "એકાંતે ઉપયોગ વિશુદ્ધ" કહ્યો છે, ને તે સમ્યક્ એકાંત છે.

અગ્નિ લોખંડના સંબંધે રહે તો ઘણના ઘા સહન કરવા પડે પણ લોખંડથી જુદો પડે તો ઘણના ઘા સહન કરવા પડે નહિ. તેમ જ્ઞાનમૂર્તિ સ્વભાવમાં પુણ્ય-પાપ-રૂપી લોઢું પકડે તો દુઃખ સહન કરવું પડે પણ શુદ્ધોપયોગી મુનિ શરીર, કર્મ,

૭ પુણ્ય, પાપ વગેરે પરદ્રવ્યોને અવલંબતો નથી તેથી તેને જરાપણ દુઃખ હોતું નથી ને પરિપૂર્ણ સુખદશાને પ્રાપ્ત થાય છે.

માટે આચાર્ય ભગવાન કહે છે કે "આ શુદ્ધોપયોગ જ મને શરણ છે". તાડપત્ર ઉપર શાસ્ત્ર લખતી વખતે પણ શુદ્ધોપયોગ જ શરણભૂત છે - એમ કહે છે. તાડપત્રની અવસ્થા, લખવાની ક્રિયા, હાથની ક્રિયા, શુભરાગ વગેરે બધા ક્રિયાના આચાર્ય-ભગવાન જ્ઞાતા દૃષ્ટા છે.

અહીં પંચપરમેષ્ઠિને શરણ કહ્યા નથી, સાક્ષાત્ ભગવાનને શરણરૂપ કહ્યા નથી. તાડપત્ર ઉપર શાસ્ત્ર લખવાના શુભભાવને પણ શરણરૂપ કહ્યો નથી. માત્ર શુદ્ધોપયોગ એક જ શરણરૂપ છે એમ કહ્યું છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું.
માસિક લવાજમ રૂ. ૬)

દૈનિક પ્રસાદ નં.
૩૭.

૨૪૭૬ આસો સુદ ૧૨.
તા. ૨૨-૧૦-૫૦ રવિવાર.


(પ્ર. ગા. ૭૯ ના પ્રવચનમાંથી
આ. સુ. ૧૦. ૨૪૭૬. સવાર)

અહીં આચાર્ય ભગવાન પોતાની વાત કરે છે. પોતાના આત્માનું ઘોલન કરતાં ઉપદેશ સહજ નીકળી ગયો છે. ઉપદેશ આપવા ખાતર ઉપદેશ કરતા નથી.

મુનિઓએ સર્વ સાવદ્યયોગ છોડ્યા છે. એટલે વેપાર, ધંધા, વગેરે અશુભભાવ છોડેલ છે. મિથ્યાત્વરૂપી ભ્રાંતિના અંતરના વસ્ત્રનો ત્યાગ કરેલ છે ને બહારથી પણ વસ્ત્ર હોય નહિ એવા નિર્ગ્રંથ મુનિ અંતરમાં અવિકારી- અંતર આત્મઘોલન સહિત હોય છે. આચાર્ય ભગવાને અશુભભાવ તો છોડ્યા છે પણ "અંતરમાં મહાવ્રત આદિ શુભપરિણામને તાબે થઈ મોહનો સર્વથા પ્રકારે નાશ ન કરું તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય?" -એમ પુરુષાર્થની ઉગ્રતા વધારે છે. પોતાના પુરુષાર્થને સંબોધે છે કે "ચૈતન્યની સ્થિરતામાં જા, પંચમહાવ્રતમાં ન જા". જેમ નબળા શરીરવાળો કેડ (બેટ) બાંધીને ટટ્ટાર થાય છે તેમ અહીં આચાર્યભગવાન જ્ઞાનરૂપી શરીરવાળા આત્માની કેડ બાંધે છે, ટટ્ટાર થાય છે. "હે આત્મા! શુભ વિકારમાં જઈશ નહિ."

આ પ્રવચનસારની ૭૯મી ગાથા છે. લૌકિકમાં જેમ રામ રાજ્ય જીતીને આજે વિજયાદશમીને દિને આવ્યા હતા તેમ આજે આત્મા મોહાદિને જીતીને આવે છે. આ લોકોત્તર વાત છે.

જે જીવ પાપારંભ છોડીને શુભચારિત્ર એટલે પાંચ મહાવ્રત આદિના પાલનમાં હોવા છતાં જો મોહાદિને છોડતો નથી તો તે શુદ્ધ આત્માને પામતો નથી. મુનિએ વેપારાદિના પાપભાવને છોડ્યા છે અને પરમ સમતા સ્વભાવમાં લીનતારૂપી પરમ સામાયિક નામના - ચારિત્રની પ્રતિજ્ઞા કરી છે. અહીં પ્રત્યાખ્યાનસ્વરૂપનો અર્થ જ્ઞાનમાં પરભાવોના ત્યાગરૂપ અવસ્થા તે પ્રત્યાખ્યાન- એમ છે. તેથી મુનિએ શુભાશુભભાવોના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન-સ્વરૂપ સામાયિક ચારિત્ર એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા કરવી- એવી પ્રતિજ્ઞા કરી છે. છતાં જે મુનિ શુભના પ્રેમમાં ફસાય છે તે શુદ્ધ આત્માને એટલે મોક્ષદશાને પામતો નથી.

અહીં આચાર્ય ભગવાને પોતાની વાત કરીને પછી જે મોહની વાત મૂકી છે તે મિથ્યાત્વ-સહિતના મોહની વાત સમજવી.

ટીકામાં શુભઉપયોગને ધૂર્ત વેશ્યા-સ્ત્રી-ની ઉપમા આપી છે. પોતાના સ્વભાવની - ઉગ્રતા બતાવવા શુભોપયોગને ઘણો જ ધૂત્કારી કાઢ્યો છે. શુભોપયોગ ધૂર્ત વેશ્યા-સમાન પરિણતી છે તેમાં ~~શ્રી~~ અજ્ઞાની જીવ ફસાય છે. પાંચ મહાવ્રત વગેરે શુભભાવથી જાણે ચારિત્ર ટકતું હોય એમ અજ્ઞાનીને લાગે છે તેથી શુભ ભાવને ઠગારો કહ્યો છે.

અજ્ઞાની જીવો મન, વચન, કાયાને બેસાડી રાખવા તેને સામાયિક કહે છે. સામાયિક પાઠના અર્થની પણ ખબર ન હોય. तस्स उत्तरी ના પાઠમાં ~~મિચ્છામિ દુક્કડં~~ વગેરે વાક્યો આવે છે તેમાં મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય, નિદાનશલ્ય, તે ત્રણ પ્રકારના શલ્યોનો નાશ કરું છું- એમ તેનો અર્થ છે. દેહની ક્રિયાથી કે પુણ્યથી ધર્મ થાય એવી માન્યતા તે મોટું શલ્ય છે. એવો શલ્યનો અર્થ સમજે નહિ ને માત્ર પાઠ બોલી જાય તેને સામાયિક, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, સાચા હોઈ શકે નહિ ને તેને ધર્મ થાય નહિ.

જે જીવ વસ્તુસ્વરૂપ સમજ્યા વગર પૂજાદિના શુભભાવમાં ધર્મ માનીને તીવ્ર રુચિ કરે છે તે જેમ ધૂતારી વેશ્યામાં પ્રેમી ફસાય છે તેમ અજ્ઞાની જીવ શુભમાં ફસાય છે. અહીં દયા, દાનાદિના શુભભાવને મોહની સેના કહી છે, તે મોહની સેનાને વશ થઈ પુણ્ય-પાપરૂપી વિકારની ધૂળને ખંખેરતો નથી. અહીં મોહને ધૂળની ઉપમા આપી છે. જેમ કપડાંને ઝાપટ મારતા ધૂળ જલદી ખરી જાય છે મોહને ધૂળની જેમ જલદી ખંખેરી નખાય એવો છે, છતાં જે જીવ મોહને ખંખેરતો નથી તે જીવ દુઃખની નજીક છે એટલે ક્રમે કરીને નરક નિગોદમાં જશે ને નિર્મળ આત્માને પામી શકશે નહિ.

અહીં આચાર્ય ભગવાન મિથ્યાદૃષ્ટિની વાત કરીને પોતાના પુરુષાર્થની ઉગ્રતા કરવા કહે છે કે મોહનો વિજય મેળવવા મેં કમર કસી છે. આચાર્ય ભગવાને મિથ્યાત્વની તેમજ અશુભ ભાવની ધૂળ તો ખંખેરી નાખી છે પણ અસ્થિરતાના શુભભાવની ધૂળ ખંખેરી નાખવા તૈયાર થયા છે. સમ્યગ્દર્શનિઓ તો અપૂર્વ છે પણ દર્શનસહિતની સ્વરૂપ લીનતાવાળા

નિર્ગ્રંથ દિગંબર મુનિની દશા અપૂર્વ છે. અસ્થિરતાના શુભભાવમાં જરા કમર વળી જાય છે તે દશા ટાળવા આત્મામાં સ્થિર થઈ ટટ્ટાર થવા આચાર્ય પુરુષાર્થ ઉપાડે છે. આજે વિજયાદશમી છે. મોહની સેના ઉપર વિજય કરવા આચાર્ય ભગવાન ચૈતન્ય આત્માનો વિજય વાવટો ફરકાવે છે. સ્વરાજ્યનો વિજય વાવટો ક્યાંય બહારમાં નથી. બહારમાં સુખ કે દુઃખ નથી, સ્વરાજ્ય પોતાના અંતરમાં છે. અહીં તો અશુભભાવનો અભાવ કરીને શુભભાવને જીતવા આચાર્ય ભગવાન વીર્ય ઉપાડે છે, ને શુદ્ધોપયોગ એક જ શરણ છે-એમ કહે છે.

## ગાથા ૮૦.

આ એંશીમી ગાથા ક્ષાયિક સમકિતની છે. તીર્થંકર ભગવાન, કેવળી કે શ્રુતકેવળીની સભામાં લાયક જીવો પોતાના પુરુષાર્થથી ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલા અને અમૃતચંદ્રાચાર્ય ભગવાન એક હજાર વર્ષ પહેલા આ ભરતક્ષેત્રમાં પાંચમાં આરામાં થયા, પરંતુ પાંચમે આરે પણ ક્ષાયિક સમકિત પ્રગટ કરે એવા પુરુષાર્થવાળા સમકિતના ભણકારા વાગી રહ્યા છે. આજે વિજયા દશમીનો વિજયનો દિવસ છે. અને ક્ષાયિક સમકિત જે કેવળજ્ઞાન દશા પ્રગટાવે એવા સમકિતની આજે ગાથા ૮૦મી અલૌકિક ઘણી ઉંચી આવી છે.

જે જીવ અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે, ને પર્યાયપણે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે, એટલે કે ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે, નિમિત્ત-રૂપે દર્શનમોહની સાત પ્રકૃતિનો નાશ થયો છે. જેણે પોતામાં શુદ્ધિ ઘણી કરી છે તે હવે પાછી પડે નહિ ને કેવળદશા પ્રગટાવે તેવા જીવની ક્ષાયિક સમકિતની વાત કહેવાય છે.

પ્રશ્ન:- અહીં અર્હંત ભગવાનના સ્વરૂપને જાણવાની વાત કરી પણ સિદ્ધના સ્વરૂપને જાણવાની વાત કેમ ન કરી? વળી જ્યારે ગાથા લખાઈ ત્યારે ભરતક્ષેત્રમાં અર્હંત ન હતા ને ભગવાન મહાવીર તો તે વખતે સિદ્ધ થઈ ગયા હતા.

ઉત્તર:- કુંદકુંદાચાર્ય ભગવાન સાક્ષાત્ મહાવિદેહમાં ગયા હતા ત્યાં ત્રિલોકનાથ અર્હંતદેવ વર્તમાન સીમંધર ભગવાન બિરાજે છે તેમની વાણીને પોતે સાંભળી છે તેમના પોતાના અનુભવના ભણકારની વાત લીધી છે. વળી સિદ્ધ ભગવાન તો શરીર ને વાણી રહિત છે જયારે અર્હંતને વાણી હોય છે તેથી અર્હંત ભગવાન ધર્મ પામવામાં મુખ્ય ઉપકારી છે. તેથી અહીં અર્હંતના સ્વરૂપને જાણવાની વાત કરી છે. વળી અર્હંત અને સિદ્ધ ભગવાનના કેવળજ્ઞાનમાં કાંઈ પણ ફેર નથી ને અર્હંતનું સ્વરૂપ જાણતાં સિદ્ધનું સ્વરૂપ જણાઈ જાય છે.

શ્રીમદ્‌ના કાવ્યમાં પણ કહ્યું છે કે: "ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખસ્વરૂપ,
મૂળ શુદ્ધ તે આત્મપદ, <u>સયોગી જિનસ્વરૂપ</u>".

આ કાવ્યમાં "સયોગી જિનસ્વરૂપ" કહ્યું છે એટલે અંતરમાં અર્હંતની ઝંખના છે. અર્હંતનો ભેટો થઈ શકે છે, સિદ્ધનો ભેટો થઈ શકતો નથી. આ તેમની છેલ્લી ઝંખના હતી.

અહીં અર્હંતનું સ્વરૂપ તે આદર્શ અરિસો છે. કર્મ, કાળ કે પાંચમો આરો જીવને નડતો નથી, પાંચમા આરાના મુનિ લખે છે પુરુષાર્થ આગળ કાળ કિંકર થાય છે, જે પુરુષાર્થ કરે તે સમકિત પ્રાપ્ત કરી શકે છે.

અજ્ઞાની જીવો णमो अरिहंताणं લાખો વખત બોલે છે પણ અર્હંતના સ્વરૂપને જાણતા નથી. વિહાર કરે, ઉપદેશ આપે, જગતને તારે, શિષ્યો કરે, ચાર તીર્થ સ્થાપે તે અર્હંત -એવું અર્હંતનું સ્વરૂપ અજ્ઞાની જાણે છે, પણ તે સાચું સ્વરૂપ નથી. શરીર, મન, વાણી જડ છે. બીજા જીવો તરે તે પોતાથી તરે છે. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય પ્રગટ્યું છે તે અર્હંતનું સ્વરૂપ છે. અજ્ઞાની જીવો "ભગવાને જોયું હશે તેમ થશે"- એમ કહી સ્વચ્છંદ ખોલે છે, પણ "અર્હંતનું સ્વરૂપ છે એવું મારું સ્વરૂપ છે"- એમ નક્કી કરતાં પરપદાર્થનો અહંભાવ ઉડી જાય છે ને જ્ઞાતાદ્રષ્ટા રહી જાય છે.

કોઈ કહે કે 'આપણે આપણા આત્માનું જાણી શકીએ પણ કેવળજ્ઞાનીનું નક્કી કરી શકીએ નહિ"- તો તે વાત ખોટી છે. આત્મા જણાતા અર્હંતનું સ્વરૂપ જણાય છે અને અર્હંતનું સ્વરૂપ જાણતા આત્મા જણાય છે.

અહીં આ ગાથામાં અર્હંતના સ્વરૂપનું જાણપણું એટલે આત્માનું જાણપણું તે સમ્યગ્દર્શનનું કારણ છે.

અર્હંતનું દ્રવ્ય, તેના જ્ઞાન, દર્શન, વીર્ય, એવા અનંત ગુણો તથા એક સમયમાં પરિપૂર્ણ વ્યક્ત દશા પ્રગટ થઈ એવી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંત વીર્યની પરિપૂર્ણ પર્યાયોસહિત

અર્હંતનું સ્વરૂપ છે તેવું જ આ આત્માનું સ્વરૂપ છે કારણકે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી. વળી છેલ્લા તાપથી કસોટીમાંથી પસાર થયેલું જેવું ૧૬ વલુ સોનું છે તેવું જ અર્હંતનું સ્વરૂપ સર્વપ્રકારે સ્પષ્ટ છે તેથી અર્હંતનું જ્ઞાન થતા બધા આત્માનું જ્ઞાન થાય છે. પોતાના આત્માનું તથા પર આત્માનું, પુણ્ય-પાપમાં અટકે તેવું અથવા જ્ઞાન, દર્શનની હીણી દશાવાળું સ્વરૂપ જ નથી, પણ પરિપૂર્ણ દશા પ્રાપ્ત કરે તેવું સ્વરૂપ છે-એમ નક્કી થાય છે. અશુદ્ધ ૧૩ વલુ સોનું કોઈ ધ્યાનમાં લેતું નથી, ૧૬ વલુ ધ્યાનમાં લે છે તેમ બધા જીવોનું સ્વરૂપ નિરપેક્ષ પરિપૂર્ણ છે-તેમ નક્કી થાય છે.

અર્હંતના સ્વરૂપને જાણતા સ્વનું જ્ઞાન થાય છે.<br>
અર્હંતના સ્વરૂપને જાણતા બધાનું જ્ઞાન થાય છે.

અર્હંત જ્ઞાન, દર્શન, ચારિત્રથી પરિપૂર્ણ છે તે અસ્તિથી અને અર્હંતમાં અજ્ઞાન, રાગદ્વેષને અધૂરાશ બિલકુલ નથી તે નાસ્તિથી-એમ બન્ને પ્રકારે અર્હંતનું સ્વરૂપ જાણ્યું તેને બધાનું જ્ઞાન થાય છે. તેમાં પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ અશરીરિ સિદ્ધનું જ્ઞાન થાય છે, સમ્યગ્દર્શન હોય પણ અધૂરાશ હોય એવા સાધક-આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું જ્ઞાન થાય છે જ્ઞાનતત્વથી વિરુદ્ધ મનાવનાર, શુભમાં ધર્મ ને અધૂરાશથી લાભ મનાવનાર મિથ્યાદ્રષ્ટિના સ્વરૂપનું પણ જ્ઞાન થાય છે.

એટલે અર્હંતને જાણતા પોતાને જાણ્યો ને પોતાને જાણતા સિદ્ધ જીવો, સાધક જીવો, બાધક જીવો બધાનું જ્ઞાન થાય છે.

૧૬ વલા સોનામાં "નેશનલ બેંકની"ની છાપ મારવામાં આવે છે તેમ અર્હંતના સ્વરૂપને યથાર્થ રીતે જાણનારને "ક્ષાયિક સમકીત"ની મહોર મારી છે જે ક્ષાયિક સમકિત કેવળજ્ઞાન પ્રગટાવે છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં. ૩૮. ૨૪૭૬ આસો સુદ ૧૩.

માસિક લવાજમ રૂા. ૬) તા. ૨૩-૧૦-૫૦. સોમવાર.


(પ્ર.ગા. ૮૦ના પ્રવચનમાંથી)
(આ.સુ. ૧૧. રાત્રિ-સવાર)

જે જીવ અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને પોતાના આત્માને જાણતાં બધા આત્માનું જ્ઞાન થાય છે.

અન્વય તે દ્રવ્ય છે. અનુસરીને કાયમ રહે એવી વસ્તુને અન્વય કહે છે. 'આત્મા, આત્મા' એવો ને એવો સદૃશ રહે છે માટે અન્વય તે દ્રવ્ય છે. અન્વયનું વિશેષણ તે ગુણ છે. આત્માના વિશેષો એટલે જ્ઞાન, દર્શન વગેરે ગુણ છે. દ્રવ્ય તે સામાન્ય ને ગુણો તે વિશેષ છે. અન્વયના વ્યતિરેકો (ભેદો) તે પર્યાયો છે. વ્યતિરેક એટલે અવસ્થા, એક પછી એક થાય તે, જુદી જુદી જુદી અવસ્થાઓ થાય તે.

બધા પ્રકારે શુદ્ધ એવા અર્હંતના સ્વરૂપને ખ્યાલમાં લે છે. અહીં અર્હંતભગવાનને યોગ તથા ક્રિયાવતિ શક્તિ વગેરેની અશુદ્ધતા હોવા છતાં અનંત ચતુષ્ટય પ્રગટી ગયા છે તેથી સર્વતઃ વિશુદ્ધ કહેવામાં આવેલ છે.

અર્હંતનું દ્રવ્ય એવું ને એવું રહે છે તે દ્રવ્ય, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત શક્તિઓ રહેલી છે તે અર્હંતના ગુણો, ને કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે અર્થપર્યાયો ને શરીર પ્રમાણ આત્માનો આકાર તે વ્યંજનપર્યાય — એમ એક પછી એક પર્યાયો થયા જ કરે છે. — એવા અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં પોતાના આત્માને મનવડે સમજી લે છે.

આ ચેતન છે તે સદાકાળ — 'ચેતન ચેતન' એવી સદૃશ-હારમાળા કહો કે અન્વય કહો તે દ્રવ્ય છે. અન્વયને (ચેતનને) આશ્રિત રહેલ ચૈતન્ય (જ્ઞાન, દર્શન એવાં) જે વિશેષણ તે ગુણો છે અને અન્વયવ્યતિરેકો એટલે ચૈતન્યના પર્યાયો — જે એક બીજામાં પ્રવર્તતા નથી અને જેની મર્યાદા એક સમયની છે એવા વ્યતિરેકોને પર્યાય કહેવામાં આવે છે, જે પર્યાયો આત્માના પરિણમનની ગાંઠ છે.

આવું તો હજી મનદ્વારા વિકલ્પથી જાણે છે. આ હજી સમ્યગ્દર્શન નથી આને — વ્યવહારશુદ્ધિ અથવા ચિત્તશુદ્ધિ કહે છે. અર્હંતના સ્વરૂપને જાણતાં નવતત્ત્વનું જાણપણું થાય છે.

(૧) દ્રવ્ય, ગુણને અભેદ જાણતાં જીવતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંતના પર્યાયને જાણતાં મોક્ષતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંત તરફ પોતાને શુભવિકલ્પ ઉઠે છે તે પુણ્ય છે — એમ પુણ્યતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંત તરફ સર્વથા વિકલ્પ ન હોય અને સંસાર તરફ વિકલ્પ હોય તે પાપ છે — તે પાપતત્ત્વનું જ્ઞાન થાય છે. પુણ્ય-પાપ બંન્ને આસ્રવ છે. વળી અર્હંતનું સ્વરૂપ પરિપૂર્ણ જેનામાં નથી તે આત્માની અપૂર્ણતાનો ખ્યાલ આવતાં તે આત્મા ક્યાંક અટકેલ છે — એમ નક્કી થાય છે તેથી આસ્રવ, બંધ થાય છે તે પરના લક્ષે હોઈ શકે માટે પર-બાજુ જીવ ને અજીવ પદાર્થનું જ્ઞાન થાય છે. વળી સાધક જીવો પરિપૂર્ણ સ્વરૂપ પામવા પુરુષાર્થ કરે છે તેને સંવર-નિર્જરા થાય છે — તે ઉપરથી સંવર-નિર્જરાનું જ્ઞાન થાય છે. આવી રીતે નવતત્ત્વનું જ્ઞાન થાય છે.

વળી અર્હંતના સ્વરૂપને જાણતાં નય, નિક્ષેપ, પ્રમાણનું પણ જ્ઞાન થાય છે.

(૨) ત્રિકાળી દ્રવ્યને અભેદ ખ્યાલમાં લેનાર જ્ઞાનનો અંશ તે <u>નિશ્ચયનય</u> છે.
પર્યાયને ખ્યાલમાં લેનાર જ્ઞાનનો અંશ તે <u>વ્યવહારનય</u> છે.
આખો ત્રિકાળી આત્મા તથા વર્તમાન બન્નેને ~~ખ્યાલ~~ એકી સાથે ખ્યાલમાં લેનાર શ્રુતજ્ઞાન તે <u>પ્રમાણ</u> છે.
જ્ઞાન જે વિષયને ખ્યાલમાં લે છે તે <u>નિક્ષેપ</u> છે.

(૩) અર્હંતના સ્વરૂપને જાણતાં સાચા ત્યાગ, વૈરાગ્યનું જ્ઞાન થાય છે.

શ્રીમદે કહ્યું છે કે "ત્યાગ, વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન"
તેનો અર્થ એમ છે કે ચૈતન્યસ્વભાવની રુચિ થતાં તીવ્ર આસક્તિભાવ તથા ચૈતન્યના વિરુદ્ધ ભાવનો ત્યાગ થાય છે. ચિત્ત પર પદાર્થો તરફથી છૂટી સ્વ સમજવાને તત્પર થયું તે જ ત્યાગ, વૈરાગ્ય છે. પર પદાર્થો તરફથી રુચિ શા માટે ખસે છે ને સ્વ તરફ શા માટે ઢળે છે એના કારણનું યથાર્થ જ્ઞાન કરતાં મિથ્યાત્વની મંદતા ને રાગદ્વેષની મંદતાનાં પરિણામ થાય છે તેને શ્રીમદે ત્યાગ, વૈરાગ્ય કહ્યો છે. ચિત્તમાં પહેલાં ડામાડોળ હતો તે મટીને આત્માની તૈયારીવાળો જીવ થયો.

(૪) અર્હંતના સ્વરૂપને જાણવામાં ચારે લબ્ધિ આવી જાય છે.

૧) અર્હંતનું સ્વરૂપ સમજે તેટલો ઉઘાડ છે તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે.
૨) તત્વ સમજવા તૈયાર થયો એટલી કષાયમંદતા થઈ તેને વિશુદ્ધિ લબ્ધિ કહે છે.
૩) અર્હંતે ઉપદેશેલા તત્વનું ધારવું તેને દેશનાલબ્ધિ કહે છે.
૪) આવી યોગ્યતાવાળા જીવને દ્રવ્યકર્મો ઘણા ઘટીને મંદ પડે છે તેને પ્રાયોગ્યલબ્ધિ કહે છે.

આવી રીતે અર્હંતના સ્વરૂપને જાણતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું, નવ તત્વનું, ત્યાગ. વૈરાગ્યનું જ્ઞાન થાય છે. ચારે લબ્ધિ હોય છે. આ ચિત્તશુદ્ધિ છે, પુણ્યનું કારણ છે. સમ્યગ્દર્શન રૂપી મહેલમાં આવવા માટેનું આંગણું છે.

હવે એ રીતે ત્રિકાળી આત્માને મનથી જાણી લેતો ચિત્તશુદ્ધિવાળો જીવ સમ્યગ્દર્શન કેવી રીતે પામે છે તેની વાત કરે છે.

મોતીના હારમાં હાર તે અન્વય (વિશેષ્ય) એટલે દ્રવ્ય છે, સફેદાઈ વગેરે તે વિશેષણ - ગુણ છે. ને જુદા જુદા મોતી તે વ્યતિરેક - પર્યાયો છે. તે ત્રણેનું લક્ષ છોડાવી એકલા આખા હારનું લક્ષ કરાવી આત્મામાં દૃષ્ટાંત ઉતારે છે. અહીં ઝૂલતો હાર દૃષ્ટાંતમાં લઈ આત્મા પરિણમનશીલ છે પણ કૂટસ્થ નથી - એમ બતાવવું છે.

જેમ જુદા જુદા મોતીને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચેતન પર્યાયોને ચેતનમાં જ અંતર્ગત કરવાં એટલે જે પર્યાયો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પર પદાર્થો તરફ જતાં તેમને ચેતન તરફ વાળીને અભેદ કરવાં, તથા "વિશેષ્ય તે ચેતનદ્રવ્ય અને વિશેષણ તે ચૈતન્ય વગેરે ગુણો" - એવી ગુણગુણી ભેદની કલ્પના અદૃશ્ય કરવી. જેમ હારની ધોળાશને હારમાં અંતર્ગર્ભિત કરવામાં આવે છે તેવી રીતે જ્ઞાન, દર્શન વગેરે ગુણોને ચેતનદ્રવ્યમાં અંતર્ગર્ભિત કરવા ને કેવળ આત્માને જાણવો.

અહીં પર્યાયને અને ગુણને દ્રવ્યમાં અંતર્ગર્ભિત કરવાનું કહેવામાં આવ્યું છે તો પર્યાયો કે ગુણો દ્રવ્યથી બહાર નથી. દ્રવ્યમાં જ છે, પણ વિકલ્પ દ્વારા ગુણગુણીભેદ પડતો અને રાગ ઉઠતો ~~તે વિકલ્પે~~ " દ્રવ્યને આશ્રયે ~~સમાડી દેતાં~~ એવો ભેદ ઉઠતો નથી, ને ગુણ પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છે તેને દ્રવ્ય સાથે અંતર્ગર્ભિત કર્યા - એમ કહેવામાં આવે છે.

જેમ હાર પહેરતી વખતે કેવળ હારને જ જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં સમયે સમયે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જાય છે. આત્માના બળે શુદ્ધતા પ્રગટ થશે માટે આત્મા શુદ્ધતાનો કર્તા છે. શુદ્ધતાનું પ્રગટ થવું તે આત્માનું કર્મ છે, ને શુદ્ધતાની અવસ્થા પછી બાજુ શુદ્ધતાની અવસ્થાનું થવું તે આત્માની ક્રિયા - આવા કર્તા-કર્મ-ક્રિયાના ભેદ વિકલ્પ છે ત્યાં સુધી રહે છે. આત્મા તરફ વળતા અસંખ્ય સમયો થઈ જાય છે ત્યાં સુધી આવા સૂક્ષ્મ ભેદના વિચારો રહે છે. અહીં સુધી હજુ વિકલ્પાત્મક દશા છે. પણ દ્રવ્ય તરફ પુરુષાર્થપૂર્વક ઢળતાં કર્તા-કર્મ-ક્રિયાના ભેદો ટળી જાય છે ને નિષ્ક્રિય જ્ઞાન પ્રમાણ વસ્તુ અનુભવાય છે. અહીં નિષ્ક્રિય કહ્યું છે તેનો અર્થ એ છે કે એ ક્રિયામાં રાગ નથી પણ પોતાની જ્ઞાનક્રિયા તો છે જ.

પ્રશ્ન: ધ્યાન વખતે શરીરની સ્થિતિ કેવી હોય? ઉત્તર:- આત્માના ધ્યાનને શરીરની ક્રિયા સાથે સંબંધ નથી.

પ્રશ્ન:- તો પછી હાલતાં ચાલતાં ધ્યાન થઈ શકે? ઉત્તર:- હાલતી ચાલતી વખતે મનનું અવલંબન છે તેથી ધ્યાન તે વખતનો વિષય નથી. તથા શાસ્ત્રના લક્ષે પણ ધ્યાન થાય નહિ.

પ્રશ્ન:- ત્યારે શરીર બેસતાં થઈ શકે? ઉત્તર: આત્મા આત્મામાં બેસે ત્યારે ધ્યાન થઈ શકે અને શરીરની સ્થિતિ ત્યારે હાલવાચાલવ રૂપ ન હોય.

અંતર અનુભવ વખતે જ્ઞાનસ્વરૂપ આત્માને પામે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે:-

"દેહ ભિન્ન <u>કેવળ</u> ચૈતન્યનું જ્ઞાન જે"

આમાં '<u>કેવળ</u>' ઉપર ખાસ વજન છે. શરીરાદિ તો નહિ પણ દ્રવ્ય-ગુણ-પર્યાય. કે કર્તા-કર્મ-ક્રિયા - એવા ભેદ પણ નહિ. માત્ર ચૈતન્યપિંડ એકરૂપ વસ્તુનું જ જ્ઞાન, ધ્યાન વખતે અગર સમ્યગ્દર્શન વખતે વર્તે છે. તેને સમ્યગ્દર્શન, પ્રથમ ધર્મ કહે છે. તેને પાંચમી કરણ લબ્ધિ પુરી થઈ, સમ્યગ્દર્શન થયું - એમ કહેવામાં આવે છે.

સામાન્ય દીવાનો પ્રકાશ અસ્થિર હોય છે પણ મણિનો પ્રકાશ નિર્મળ ને અકંપ એટલે ~~એટલે~~ હલેચલે નહિ તેવો હોય છે ને અંધકારનો નાશ કરે છે. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્વિકલ્પ પરિણતિ થઈ હોવાથી મોહનો નાશ થાય છે. મિથ્યાત્વની પર્યાય પહેલાં હતી તેને હવે કોઈનો આશ્રય નહ્યો તેથી મોહ જરૂર નાશ પામે છે. અહીં પ્રલય શબ્દ પુરુષાર્થની ઉગ્રતા બતાવે છે. આવી રીતે આચાર્ય ભગવાન કહી છે કે મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું.
માસિક લવાજમ રા. ૬)

દૈનિક પ્રસાદ નં.
૩૯.

૨૪૭૬ આસો સુદ ૧૪
તા. ૨૪-૧૦-૫૦. મંગળવાર.


(પ્ર. ગા. ૮૦ ના પ્રવચનમાંથી)
ભાવાર્થ (આ. સુ. ૧૨. રવિ. સવાર)

અર્હંત ભગવાનનો આત્મા ને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે. પોતાની વર્તમાન અવસ્થા હીણી છે તે વાત અહીં ગૌણ છે. અર્હંત ભગવાનને મિથ્યાત્વ, રાગ દ્વેષ, સર્વથા ટળી ગયા છે તેથી તેમનું સ્વરૂપ સ્પષ્ટ છે. અર્હંતના સ્વરૂપને મુમુક્ષુ જીવ પ્રથમ મનવડે દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણે છે પછી પોતાના આત્માને દ્રવ્ય, ગુણ, પર્યાયવડે મનથી ખ્યાલમાં લે છે. આ ચિત્તશુદ્ધિ છે. આ સમ્યગ્દર્શન થવા પહેલાંનો વ્યવહાર છે. આટલી વાત ન જાણે તો તેનામાં ધર્મ પામવાની યોગ્યતા નથી. જેમ હીરાનો હાર રા. પાંચમાં મળતો નથી પણ પાંચ લાખની કિંમત આપવાથી મળે છે, તેમ ચૈતન્ય હીરાને પ્રાપ્ત કરવા માટે પોતે યોગ્ય પુરુષાર્થ કરવો જોઇએ, થોડા પુરુષાર્થથી કામ ચાલે નહિ.

અર્હંતના સ્વરૂપને જાણતાં પોતાના આત્માના સ્વરૂપને જાણે છે. અર્હંતના સ્વરૂપને જાણતાં નવ તત્વ વગેરેનું યથાર્થ જ્ઞાન થાય છે.

૧.) જીવને જીવ-જ્ઞાનસ્વરૂપ-જાણે પણ જીવ બીજાનું કરે તેમ માને નહિ.
૨.) અજીવને અજીવસ્વરૂપ જાણે પણ અજીવ જીવને લાભ કરે તેમ માને નહિ.
૩.) પુણ્યને પુણ્ય જાણે પણ પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય તેમ માને નહિ.
૪.) પાપને પાપ જાણે પણ પાપને સુખનું કારણ માને નહિ.
૫.૬) પુણ્ય-પાપ બન્ને આસ્રવ ને બંધ છે એમ જાણે પણ પુણ્યાસ્રવ ઠીક છે
પાપાસ્રવ અઠીક છે-એમ આસ્રવમાં ભેદ કરે નહિ.
૭.) સ્વભાવ સન્મુખ થવું ને અશુદ્ધિથી અટકવું તેને સંવર માને પણ બહારની
શરીરની ક્રિયાથી સંવર માને નહિ.
૮.) સ્વભાવમાં અંશે શુદ્ધિની વૃદ્ધિ ને અંશે અશુદ્ધિનું ટળવું તેને નિર્જરા માને
પણ બહારના પદાર્થોના ત્યાગથી નિર્જરા માને નહિ.
૯.) સ્વભાવમાં પરિપૂર્ણ શુદ્ધિ થવી તેને મોક્ષ માને પણ શરીર છૂટ્યું માટે મોક્ષ
થયો એમ માને નહિ.

આમ નવેને પ્રથક્ પ્રથક્ યથાર્થ સ્વતંત્ર જાણે છે. તથા ચાર નિક્ષેપોનું પણ યથાર્થ જ્ઞાન થાય છે.

૧) બીજા પદાર્થથી જુદો પાડવા સંજ્ઞા આપી પદાર્થને ઓળખવો તે નામ-
નિક્ષેપ છે.
૨) ભગવાનને મૂર્તિમાં સ્થાપના કરી મૂર્તિને ભગવાન કહેવા તે સ્થાપનાનિક્ષેપ છે.
૩) ભાવિ કે ભૂતકાળની યોગ્યતાથી વર્તમાનમાં પદાર્થને ઓળખવો તે દ્રવ્ય-
નિક્ષેપ છે.
૪) ચાલુ વર્તમાનકાળની યોગ્યતાથી પદાર્થને ઓળખવો તે ભાવનિક્ષેપ છે.

નામ નિક્ષેપ તે સ્થાપના આદિ નિક્ષેપ નથી, સ્થાપના તે નામ નિક્ષેપ-રૂપ નથી-એમ દરેકે દરેક નિક્ષેપ સ્વતંત્ર યથાયોગ્ય જાણે છે.

આવા દ્રવ્ય, ગુણ, પર્યાયનું, નિક્ષેપનું, નવતત્ત્વનું પ્રથક્ પ્રથક્ યથાર્થ સ્વરૂપ કહેનારાં જે સર્વથા રાગદ્વેષ ટળ્યા છે તે જ સાચા દેવ છે. તેવું યથાર્થ સ્વરૂપ કહેનારાં તે સાચા ગુરુ છે, ને તેવું જ યથાર્થ સ્વરૂપ બતાવનારાં હોય તે સાચા શાસ્ત્ર છે. આમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ યથાર્થ જાણપણું થાય છે.

જીવોને બહારના ત્યાગની મહિમા આવે છે પણ અંતરવલણ સ્વભાવ સન્મુખ થઈ, સ્વ તરફની રુચિ કરી, પર તરફની ગૃદ્ધિ છોડીને મિથ્યાત્વ મંદ કરે છે તે દશા તે ત્યાગ, વૈરાગ્ય છે તેનો મહિમા આવતો નથી.

તીવ્ર અજ્ઞાનદશામાં નવે તત્ત્વોને પૃથક્ પૃથક્ ન જાણતાં બે તત્ત્વોને એક કરી નાખતો તે હવે પૃથક્ પૃથક્ જેમ છે તેમ જાણે છે તેથી એટલા અજ્ઞાનનો ત્યાગ કર્યો છે.

પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણનું અજ્ઞાન હતું અને સત્ દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપનું પણ અજ્ઞાન હતું. તે અજ્ઞાન ટાળ્યું ને વિકલ્પદ્વારા જ્ઞાન કર્યું એટલા અજ્ઞાનનો ત્યાગ કર્યો છે.

સ્થૂળ અજ્ઞાનદશામાં વિરુદ્ધ જ્ઞાન, ને વિરુદ્ધ જ્ઞાનનાં કહેનારાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તરફ રુચિ થતી હતી તે રુચિ ફરીને સાચા તત્ત્વો અને સાચા તત્ત્વના કહેનારાં સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ વળ્યો તે જ વિરુદ્ધ જ્ઞાનનો ત્યાગ ને વિરુદ્ધ રાગનો ત્યાગ છે.

સ્થૂળ અજ્ઞાનદશામાં શરીર તથા પરનું કરી શકું છું- એવી માન્યતાથી વીર્ય પરમાં અટકતું ને ખંડિત થતું પણ વ્યવહાર સત્યજ્ઞાન થતાં સ્વને વિકલ્પથી જાણવામાં વીર્ય રોકાયું- એકાગ્ર થયું તેટલા ઊંધા પુરુષાર્થનો ત્યાગ છે.

આ વ્યવહાર છે. વિકલ્પાત્મક દશા છે. તેમાં ઘણું વીર્ય જોઈએ છે છતાં તે સમ્યગ્દર્શન કે ધર્મ નથી. વિકલ્પનો અભાવ કરશે ત્યારે સમ્યગ્દર્શન થશે. પણ જે જીવને નવતત્ત્વ વગેરેમાં અજ્ઞાન વર્તે છે. તેને વ્યવહારનાં કે ધર્મ પામવાની લાયકાતનાં કે ચિત્તશુદ્ધિનાં પણ ઠેકાણા નથી.

ઉપર કહ્યા પ્રમાણે પોતાના ત્રિકાળી આત્માને મનથી યથાર્થ જાણી લીધા પછી આત્માનો અનુભવ કેમ કરવો તે કહે છે.

છુટા છુટા મોતી અને ધોળાશને હારમાં અંતર્ગત કરીને કેવળ હારને જુએ છે. ઝૂલતા હારમાં મોતી ને ધોળાશ જુદાં નથી પણ હાર લેતી વખતે મોતી અને ધોળાશને વિકલ્પદ્વારા જુદાં પાડતો તે વિકલ્પનો અભાવ કરી માત્ર હાર પહેર્યાનું સુખ અનુભવ કરે છે- તે કથનને મોતી તથા ધોળાશને હારમાં અંતર્ગત કર્યા એમ કહેવામાં આવે છે.

તેવી રીતે આત્માના પર્યાયોને અને ચૈતન્યગુણને કેવળ આત્મામાં જ અંતર્લીન કરીને આત્માને જાણે છે ત્યારે- આત્મા પોતે પરિણામી, પરિણામ થયા તે પરિણામ, ને એક પરિણામ પછી બીજાં પરિણામનું થવું તે પરિણતિ- એવા ત્રણ ભેદોનો નાશ કરી જીવ પોતાના જ્ઞાનપ્રમાણ આત્માને અનુભવે છે.

અહીં પર્યાયો તથા ગુણને દ્રવ્યમાં અંતર્ગત કરવાનું કહ્યું છે તો પર્યાયોને

કેવી રીતે અંતર્ગત કરવાં? વિકલ્પવાળા પર્યાયને શી રીતે અંતર વાળવો? નવો પર્યાય થાય તેને શી રીતે વાળવો? સમ્યગ્દર્શન થતાં નિર્મળ પર્યાય થાય તે તો સ્વભાવમાંથી આવ્યો છે તેને શું સમાડવો?

સમાધાન:- વિકલ્પદ્વારા આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાયો છે - એમ તે પોતામાં ભેદ પાડતો હતો. વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ કે કટકા નથી, ત્રણે અંતર્ગર્ભિત જ છે. પણ રાગદ્વારા જે ભેદનો વિચાર કરતો હતો, લક્ષમાં જુદા જુદા ત્રણ સ્વરૂપે જોતો હતો પરંતુ અંતર સ્વભાવમાં એકાગ્ર થતાં નિર્મળ પર્યાય પ્રગટે છે તે દ્રવ્ય સાથે અભેદ થાય છે. વિકલ્પવાળો પર્યાય પ્રગટ થઈ બીજે સમયે તો વ્યયરૂપ થઈ ગયો, તેને પાછો વાળવાનો રહેતો નથી. પણ સ્વરૂપમાં અભેદ થતાં તે પર્યાયને સ્વભાવ તરફ વાળ્યો - એમ કથન કરવામાં આવે છે. અને નિર્મળ પર્યાય પ્રગટ થયો તેને બીજે ક્યાંય સમાડવાનો નથી પણ તે પ્રગટ થયો ત્યારે દ્રવ્ય સાથે અભેદ જ છે તેને દ્રવ્યમાં સમાડી દીધો - એમ કથન કરવામાં આવે છે. પર્યાયનો ક્રમ ફરતો નથી. પણ વલણ જે રાગમાં હતું તે વલણ ફરે છે. દૃષ્ટિ ફરી દ્રવ્યદૃષ્ટિ થઈ તે અંતર-અનુભવ થયો.

વાહનમાં બેસીને કોઈ સગા આવે તો કોણ સગા આવ્યા તે જોવા માગે છે પણ કોના વાહનમાં ને કેવા વાહનમાં બેસીને આવ્યા તે કોઈ જોતું નથી તેમ આચાર્ય ભગવાનને કહેવાનો ભાવ શું છે તે ભાવ બરાબર જ્ઞાનમાં પકડવો જોઈએ. વ્યવહારની ભાષાનાં કથન સામું જોવાનું નથી. વસ્તુ-સ્થિતિનો ખ્યાલ કરે તો ભાષા નિમિત્ત કહેવાય.

વાસનાને અંતર્ધાન કરવાનું શાસ્ત્રમાં લખ્યું છે તો શું વાસના અંદર જતી હશે? એ તો નિમિત્તના કથનો છે. પોતે પહેલાં રાગમિશ્રિત વિચારથી આત્મા તરફ જોતો હતો તો હવે નિર્વિકલ્પપણે આત્મા તરફ ઢળ્યો તેને વિકલ્પનો આશ્રય છૂટ્યો - તેને પર્યાય અંતર્લીન થયો - એમ કહેવામાં આવે છે. પર્યાય તો એક પછી એક ચાલુ જ છે તેમાં કયા પર્યાયને બાજુને પાછો લાવવો કે સમાડવો? પહેલાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, એવા ગુણભેદ પડતાં તે સ્વભાવના આશ્રયે ગુણગુણીના વિકલ્પનો લોપ થયો (ગુણો કાંઈ લોપ થતાં નથી) તેને વિશેષણ-વિશેષ્યપણાની વાસના અંતર્ધાન કરી - એમ કહેવામાં આવે છે. આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય - એવો જે વિકલ્પનો વિસ્તાર થતો હતો તે અટકી ગયો ને નિર્વિકલ્પ અનુભવ થયો.

શ્રી સમયસારમાં પણ એ જ રીતે કથન આવે છે:- પહેલાં શ્રુતજ્ઞાનથી - આત્માને વિકલ્પદ્વારા જાણવો પછી નિર્વિકલ્પ થઈને મતિશ્રુતજ્ઞાનને આત્મા તરફ વાળવાં. શાસ્ત્રકારના ભાવને સમજે તો કલ્યાણ થાય તેમ છે બાકી વસ્તુ વચન અગોચર અગમ્ય હૈ - વચનમાં શી રીતે કહેવાય? અનુભવની વાત વાણીમાં શી રીતે આવે? આત્મા ચૈતન્ય છે ને વાણી તો જડ છે, તેથી આત્માના અનુભવની વાત સર્વથા વાણીમાં આવી શકે નહિ.

જે જીવ જ્ઞાનમાત્ર આત્માને અનુભવે છે તેનો મોહ જરૂર નાશ પામે છે.

કારણ વિકલ્પનો અભાવ થવાથી મોહને કોઈ આશ્રય જ રહેતો નથી. મોહ ઉત્પન્ન જ થતો નથી, તેને નાશ થયો એમ કહેવામાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે:- "દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જે"-તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન ન કહ્યું પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વગરનું, રાગ વગરનું, <u>ચૈતન્યનું એકલું જ્ઞાન</u> વર્તે છે - એમ કહ્યું છે.

આવી રીતે મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે-એમ આચાર્યભગવાન કહે છે.

હવે એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો છે-એમ આચાર્ય ભગવાન કહે છે. સંસારમાં રત્નોને ચિંતામણિ પણ કહેવાય છે, તે તો પુણ્ય હોય તો ફળે ને તે પણ સંયોગોની પ્રાપ્તિમાં નિમિત્ત થાય પણ તેનાથી આત્માની શાંતિ કે ધર્મ થાય નહિ.

બ્રહ્મદત્ત ચક્રવર્તિને હજારો દેવો સેવા કરતાં, ૧૪ રત્નો હતા, વૈતાઢ્ય પર્વત ઉપર જાય ત્યારે હાથી ઉપર રત્ન રાખે ત્યારે સૂર્ય જેવો પ્રકાશ થાય ને જોજન સુધી અજવાળાં પડે. હીરાનાં પલંગો હતાં. સોળ હજાર દેવો સેવા કરતા, ૯૬૦૦૦ રાણીઓ હતી. નરકે જવાનો વખત થયો ત્યારે ચિંતામણિ રત્ન હોવા છતાં કેમ નરકે ગયાં? દેવો, નોકરો, રાણીઓ, હજારો, બધા 'ખમા ખમા' કરનારાં ઉભા રહ્યાં. પુણ્ય ફર્યા ત્યાં કોઈ કામ આવતા નથી. એક સમય પહેલાં દેવો વગેરે 'ખમા ખમા' કરતા હોય ને હીરાના પલંગમાં સુતો હોય, બીજા સમયે સાતમી નરકે- જ્યાં કાપાકાપી ને અસહ્ય વેદના છે- ત્યાં જન્મે છે. માટે બહારના ચિંતામણિ રત્ન ધૂળ છે એમાં કાંઈ છે નહિ. પણ ખરો ચિંતામણિ તો આત્મા છે તેની પાસે શાંતિ માગો તો તે મળે તેમ છે. તેની શ્રદ્ધા કરવાથી સમકિત પ્રાપ્ત થાય છે ને એકાગ્ર થવાથી વીતરાગ દશા અને કૈવલ્ય દશા પ્રાપ્ત થાય છે. આવા ચિંતામણિની આચાર્ય ભગવાને પ્રાપ્તિ કરી છે છતાં સ્વરૂપની અસાવધાની-પ્રમાદ- તે ચોર છે એમ વિચારી જાગ્રત રહે છે એટલે સ્થિરતાનો ઉગ્ર પુરુષાર્થ જાહેર કરે છે.

## ગાથા ૮૧.

જેણે દર્શન મોહનો નાશ કર્યો છે અને આત્માના સાચા સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે એવો જીવ જો રાગદ્વેષને છોડે તો તે શુદ્ધ આત્માને પામે છે. સ્વરૂપમાં લીનતા કરે તો રાગદ્વેષ ઉત્પન્ન થતા નથી તેને - રાગદ્વેષને છોડે છે -એમ કહેવામાં આવે છે. જે જીવે દર્શન મોહનો નાશ કર્યો નથી તેના રાગદ્વેષ કદી પણ છૂટતા નથી.

ટીકા:- આ રીતે જે ઉપાયનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે ઉપાયથી મોહનો નાશ કરવો અને સમ્યક્ આત્મતત્ત્વને પામવું. તીર્થંકરો વગેરે બધા જ્ઞાનીઓ પોતાના આત્માની સાચી પ્રતીતિ કરીને આત્મામાં લીનતા કરીને કેવળદશાને પામ્યા. તે જ ઉપાયથી સમ્યગ્દૃષ્ટિ જીવ જો રાગદ્વેષ નિર્મૂળ કરે છે (રાગદ્વેષ ઉપશમ કરે છે તે વાત લીધી નથી) મૂળમાંથી નાશ કરે છે તો શુદ્ધાત્માને અનુભવે છે. પરંતુ જરા પ્રમાદને વશ થઈને અસ્થિરતાના રાગદ્વેષને અનુસરે તો પ્રમાદને આધીન થતાં સ્થિરતા થવી જોઈએ તે થતી નથી તેથી શુદ્ધ આત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ- ચોરાઈ જવાથી ખેદ પામે છે. સમ્યગ્દર્શનરૂપી ચિંતામણિ તો છે પણ ચારિત્રરૂપી ચિંતામણિ હાથમાં ન રહેવાથી ખેદ પામે છે. પ્રમાદ દ્રવ્યમાં નથી પણ પ્રમાદને આધીન

પોતે થાય છે જો તેથી શુદ્ધ અનુભવ વિશેષપણે ચાલુ રહેતો નથી માટે મારે (૧૩૧)
અસ્થિરતાના રાગદ્વેષને ટાળવા અત્યંત જાગૃત રહેવું જરૂરનું છે- એમ આચાર્ય
ભગવાન કહે છે. અહીં આચાર્ય ભગવાન પુરુષાર્થની ઉગ્રતા અને કેવળદશા -
પામવાની ઝંખના બતાવે છે.

oOo

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

સોનગઢ. પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં. ૨૪૭૬ આસો સુદ ૧૫.
માસિક લવાજમ રૂા. ૬) ૪૦. તા. ૨૫-૧૦-૫૦. બુધવાર.


(પ્ર.ગા. ૮૧ના ભાવાર્થના પ્રવચનમાંથી આ.સુ. ૧૩. સોમવાર)

અભેદ રત્નત્રયપરિણત જીવ નિર્મળ જ્ઞાનઘન એક શુદ્ધ બુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરે છે ને કેવળદશાને પામે છે. તેથી સમકિત પામ્યા પછી મુનિપણામાં ત્રણ કષાયનો અભાવ વર્તે છે તોપણ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહીતો રાગદ્વેષ ટાળી શુદ્ધ ઉપયોગમાં જવાની જરૂર છે. રાગદ્વેષ ટાળવાથી વીતરાગ દશા થાય છે એમ અહીં કહ્યું છે તે નિમિત્તના કથન છે. સ્વમાં ઠરતાં રાગદ્વેષ ઉત્પન્ન થતાં જ નથી તેને રાગદ્વેષ ટાળે છે ને મુક્ત થાય છે — એમ કહેવામાં આવે છે.

પૂર્વે ગાથા ૮૦-૮૧માં કહ્યા પ્રમાણે જ અનંત તીર્થંકરોએ અનુભવીને દર્શાવેલો મોક્ષનો પારમાર્થિક પંથ એક જ છે — એમ નક્કી કરીને મતિને — સ્થિર કરે છે.

## ગાથા ૮૨.

બધાય અર્હંત ભગવંતો એટલે તીર્થંકરો વગેરે ૮૦-૮૧ ગાથામાં બતાવેલ વિધિથી જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય કરીને તથા એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે તેમને નમસ્કાર હો. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનાં શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્વરૂપમાં લીનતા પામીને અર્હંત ભગવંતો મોક્ષે ગયા છે. દેહની ક્રિયાથી કે પુણ્યથી ધર્મ થાય — એવી માન્યતા કરીને કોઈ મોક્ષે ગયા નથી.

ટીકા:- ભૂતકાળમાં એક પછી એક થએલા સમસ્ત તીર્થંકર ભગવંતો પોતાના જ્ઞાનસ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન તથા લીનતા — આ એક જ પ્રકારથી મોક્ષ ગયા છે. 'ક્રમશઃ'નો અર્થ 'એક પછી એક' — એમ છે પણ 'આદિ' છે — એમ સમજવું નહિ. તીર્થંકરો અનાદિથી છે પણ એક પછી એક થયા છે એમ બતાવવું છે. આત્મા અનાદિથી છે. ને સિદ્ધ, સાધક, તથા વીતરાગી ધર્મ અને મિથ્યાદૃષ્ટિઓ પણ અનાદિથી છે. આત્મા કેવળજ્ઞાન પામે ત્યારે કેવળી ભગવાનને શરીર દશા નગ્ન હોય છે, પણ વસ્ત્ર, પાત્ર, ખોરાક, પાણી રોગ હોય નહિ. તીર્થંકર એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. છદ્મસ્થના જેવી વાણી તેમને હોય નહિ. ઈચ્છા વગર ૐકાર ધ્વનિ — અનક્ષરી વાણી સહેજે હોય છે.

તીર્થંકરો પરમ આપ્ત (પરમ વિશ્વાસપાત્ર) છે, ભાવમુનિઓ તથા સમ્યગ્દૃષ્ટિ જીવો આપ્ત (વિશ્વાસપાત્ર) છે. તીર્થંકરો સંપૂર્ણ વીતરાગદશા પામી કેવળજ્ઞાન પામ્યા છે માટે પરમઆપ્ત પુરુષ છે. તેઓ મુમુક્ષુઓને ઉપદેશ આપે છે કે "વર્તમાન ને ભવિષ્યકાળે એટલે બધા કાળે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને સ્વભાવમાં સ્થિરતા — આ એક જ મોક્ષ પામવાનો અથવા કર્મ નાશ કરવાનો ઉપાય છે" — આવો ઉપદેશ પોતે કર્યો છે ને એ જ ઉપાયથી પોતે કેવળજ્ઞાન પામ્યા છે.

લુગડાં કે વેશ ફર્યો અથવા શરીર નગ્ન થયું માટે ચારિત્ર થયું — એમ નથી. બહારની ક્રિયા કે પુણ્યની ક્રિયાથી ધર્મ નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં રમવું તે ચારિત્ર છે — આ એક જ પ્રકાર કહ્યો છે. વચ્ચે વ્યવહાર આવે છે તે ઝેર છે. તેનું જ્ઞાન કરાવ્યું છે.

જ્ઞાતાસ્વભાવમાં ઠરતા જ્ઞાનક્રિયા થાય છે તે ક્રિયા છે. જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ કરવું- એવા યથાર્થ ઉપદેશ દાતા તીર્થંકર ભગવંતો છે. તેમને નિમિત્તરૂપે વાણી ન હોય એમ બને નહિ. વસ્તુ કથંચિત વક્તવ્ય છે એટલે આત્માનું સ્વરૂપ કથંચિત્ વાણીમાં આવે છે. જો સ્વરૂપ સર્વથા અવક્તવ્ય હોય તો વાણી નિમિત્તરૂપે ન હોય પણ તે વાત બરાબર નથી. સ્વરૂપ કથંચિત્ વક્તવ્ય છે.

આચાર્ય ભગવાન કહે છે કે "પ્રલાપ બસ થાઓ, વિશેષ શું કહીએ? મારી મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે, ભગવાને કહ્યો તે જ ઉપાય છે હવે મને શંકા નથી — ભગવંતોને નમસ્કાર હો!"

પ્રશ્ન: આચાર્ય ભગવાનના નમસ્કારના શુભભાવને તમો પુરુષાર્થ કહો છો ને બીજાના શુભભાવને ઝેર કેમ કહો છો?

ઉત્તર: આચાર્ય ભગવાનના પુરુષાર્થની ઉગ્રતા છે. વિકલ્પ ઉઠયો તે જ્ઞાતાનું જ્ઞેય છે. રાગ ખાતર રાગ નથી. પૂર્ણ સાધ્ય તરફ ઉગ્ર પુરુષાર્થ છે. ૮૦ મી ગાથા લખાઈ તે કરતાં ૮૨ મી લખાઈ ત્યારે પુરુષાર્થ વધ્યો છે. સમયે સમયે વધી જ રહ્યો છે. ખરેખર નમસ્કાર પોતાના અભેદ દ્રવ્યને જ કર્યો છે. જે વિકલ્પ ઉઠયો તેથી વ્યવહારથી ભગવંતોને નમસ્કાર કર્યો છે.

વ્યવહાર કરતાં કરતાં કર્મક્ષય થાય - એમ આ ગાથામાં ન આવ્યું. કર્મક્ષયનો એક જ રસ્તો કહ્યો છે.

પ્રશ્ન: પણ ભગવાને તો ચાર અનુયોગ કહ્યાં છે ને?

ઉત્તર: ચારે અનુયોગનો સાર એક જ છે, પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રથી આત્મા મોક્ષ પામે છે- એમ સમજે તો ચારે અનુયોગનો અર્થ સમજ્યો કહેવાય.

ચરણાનુયોગમાં દયા, દાન કરતા કરતા અથવા મહાવ્રત કરતા કરતા કે નગ્ન શરીરથી ધર્મ થાય- એમ કહ્યું નથી પણ સાધકદશામાં એવા પ્રકારના શુભ ભાવ આવે છે ને શરીરની અવસ્થા નગ્ન હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

કરણાનુયોગમાં કર્મને લીધે જીવ રખડે છે એમ કહ્યું નથી, કર્મ જીવને રખડાવતા નથી પણ પોતાની ભૂલના કારણે જીવ રખડે છે ત્યારે બાજુ ચીજ કર્મ હાજરમાત્ર છે- એનું જ્ઞાન કરાવ્યું છે.

જ્ઞાની પુરુષો બધા અનુયોગનું મંડન કરે છે ને અજ્ઞાની જે કર્મથી ને પુણ્યથી ધર્મ માને છે તે ચરણાનુયોગ, કરણાનુયોગ, વગેરે બધા અનુયોગનું ખંડન કરે છે. માટે દ્રવ્યાનુયોગ શાસ્ત્રને અને બીજા અનુયોગના શાસ્ત્રને વિરોધ નથી પણ બધાનો સાર એક જ છે કે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરે ને ઠરે તો મુક્તિ થાય.

સમયસાર ગાથા ૧૫ માં જે કહેવું છે તે જ આ પ્રવચનસારની ૮૨મી ગાથામાં આવેલ છે. અહીં પ્રવચનસારમાં જ્ઞાન અધિકાર છે. જ્ઞાનનો સ્વ-પર પ્રકાશકસ્વભાવ છે. જ્ઞાન ઉપદેશની વાણીને બતાવે છે. ને 'સમયસાર' ગાથા ૧૫ માં શ્રુતજ્ઞાનથી વાત કરી છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

માસિક લવાજમ રૂ. ૬) પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં.
૨૪૭૬ આસો વદ ૧ તા. ૨૬-૧૦-૫૦. ગુરુ **૪૧.**
સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરસીભાઈ શેઠ.


(પ્ર. ગા. ૮૩ ના પ્રવચનમાંથી.
આ. સુ. ૧૪. મંગળ. સસાર)

હવે શુદ્ધ આત્મલાભનો લુટારો મોહ છે તેનો સ્વભાવ અને ભેદો કહે છે.

પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય વિષે જેને મૂઢતા રૂપ પરિણામ છે તેને મોહ કહે છે ને મોહથી ઘેરાએલો જીવ રાગદ્વેષ પામીને ક્ષુબ્ધ થાય છે.

જેવી રીતે ધતુરો પીધેલા માણસને પદાર્થોનું સાચું જ્ઞાન થતું નથી, પદાર્થો જેમતેમ ભાસે છે, ને તે કેફમાં જેમતેમ બોલે છે; તેવી રીતે અર્હંતનું ત્રિકાળી દ્રવ્ય, તેની જ્ઞાન, દર્શનાદિ શક્તિઓ ને કેવળજ્ઞાનાદિ પર્યાયો - એમ અર્હંતનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જેવું જ આ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે એવું જે જીવને જ્ઞાન નથી તે મોહથી ઢંકાઈ ગએલો છે.

સ્ત્રી, પુત્રાદિ અહિતકર છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર હિતકર છે - એમ પરપદાર્થો જે જ્ઞેયો છે તેમાં બે ભાગલા પાડે છે તે જ મોહ છે. જે જીવ પર પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ ભાવ કરે છે તે પરદ્રવ્યને સ્વદ્રવ્ય માને છે.

"શરીરના સ્પર્શ, વર્ણાદિ સારાં હોય તો મને ઠીક પડે" એમ જે માને છે તે પર ગુણને સ્વ ગુણ માને છે.

શરીરાદિની અવસ્થા ફરતાં - જીર્ણ થતાં "મારી અવસ્થા ફરી" એમ જે જીવ માને છે તે પર પર્યાયને સ્વ પર્યાય માને છે.

પરના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પોતાપણું માનીને મોહી જીવે અજ્ઞાનભાવ ઘણો દૃઢ કર્યો છે. તે જીવ પરદ્રવ્યને જ હંમેશાં ગ્રહણ કરે છે. ખરેખર પરવસ્તુ ગ્રહણ થતી નથી પણ "પરવસ્તુ મારી છે, શુભાશુભ ભાવો મારા છે, ઉઘાડ જેટલો જ હું છું" - એમ માનીને ઊંધી માન્યતા ગ્રહણ કરી છે. પોતે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ - ભૂલીને દગ્ધ ઈંદ્રિયોને તાબે થાય છે ને પરપદાર્થોમાં "આ સારાં ને આ નરસાં" એવું દ્વૈત નથી છતાં પણ ત્યાં સારાં નરસાં રૂપ દ્વૈતપણું કરે છે.

અનંત જ્ઞેયો હોય તો પણ એક સરખી રીતે જણાવાનો જ્ઞેયોનો સ્વભાવ છે ને જ્ઞાતાનો સ્વભાવ પણ એક જ પ્રકારે જાણવાનો છે તે ચૂકીને જ્ઞેયોમાં સારાં નરસાંનાં બે ભાગલા પાડે છે અને પોતાનાં જ્ઞાનના પણ બે ભાગલા પાડી ખંડ કરે છે તે અધર્મી ને અજ્ઞાની છે.

જ્ઞાની જીવોને સાધક અવસ્થામાં પોતાની નબળાઈના કારણે અલ્પ રાગદ્વેષ થાય છે, પર પદાર્થને ઠીક અઠીક માની રાગદ્વેષ કરતા નથી. તેથી રાગદ્વેષ અનિષ્ટ છે ને પોતાનો જ્ઞાનસ્વભાવ એક જ ઈષ્ટ છે - એમ માની તે અલ્પ રાગદ્વેષને ટાળવા પ્રયત્ન કરે છે. જ્ઞાતાસ્વભાવ ઈષ્ટ છે ને પર પદાર્થ અનિષ્ટ છે એમ જ્ઞાની સમજતા નથી પણ પોતાનો જ્ઞાતાસ્વભાવ ઈષ્ટ છે ને પોતામાં થતો રાગદ્વેષ અનિષ્ટ છે એમ સમજે છે તેથી તેને ટાળી વીતરાગ થાય છે.

જેવી રીતે ધોધમાર જળના પ્રવાહથી પુલના બે કટકા થઈ જાય છે, તેમ અજ્ઞાની મોહી જીવ જ્ઞાન ને જ્ઞેયોમાં બે ભાગલા પાડે છે ને ઠીક અઠીક બુદ્ધિ કરી અત્યંત ક્ષોભ પામે છે, દુઃખી થાય છે.

આ રીતે મોહ. રાગ. દ્વેષ એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે.

હવે ત્રણ પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો નાશ કરવાનું કહે છે.

## ગાથા ૮૪

અનાદિકાળથી જીવ મોહ. રાગ. દ્વેષરૂપે પરિણમે છે તેથી અનેક પ્રકારનો સંસાર ઊભો થાય છે માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરી મોહ. રાગ. દ્વેષને સંપૂર્ણ રીતે નાશ કરવાયોગ્ય છે.

જેવી રીતે અરીસો બધા પદાર્થોને જેમ છે તેમ બતાવે છે, કોઈ પદાર્થને ઠીક અઠીક કરતો નથી તેવી રીતે આ જ્ઞાનસ્વભાવ અરીસા સમાન છે. જગતના પલટતાં પદાર્થોને જાણવાનો આત્માનો સ્વભાવ છે-તેવું જ્ઞાન નહિ હોવાના કારણે મોહી જીવનું જ્ઞાન સંકોચ પામી ગયું છે.

શરીરાદિ પર પદાર્થ મારા નથી, વિકાર તે મારું સ્વરૂપ નથી, હીણા પર્યાય જેટલો હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું - એમ જ્ઞાતાસ્વભાવની એકાગ્રતા કરી જ્ઞાન વિકાસ પામી કેવળજ્ઞાન પ્રગટવું જોઈએ. તેને બદલે અજ્ઞાનીનું જ્ઞાન પરમાં ઠીક અઠીક કરી ખંડિત થઈ બિડાઈ ગયું છે.

(૧) હાથીને ઘાસના પરથી ઢંકાએલા ખાડાનું અજ્ઞાન હોવાના કારણે તે ખાડામાં પડે છે તેમ અજ્ઞાની મોહી જીવ પાંચ ઈંદ્રિયોના વિષયોને તાબે થઈને અજ્ઞાનના કારણે હીણા પરિણમનનો સંગ કરીને મિથ્યાભ્રાંતિના ખાડામાં પડે છે.

(૨) બનાવેલી હાથણીના ગાત્રમાં આસક્ત થઈ. સ્પર્શ લેવા જતાં હાથી ખાડામાં પડે છે તેમ અજ્ઞાની મોહી જીવ સ્ત્રી. પુત્ર, મકાન, મિત્રાદિ અનુકૂળ છે-એમ માની તે તરફ રાગ કરે છે પણ રાગરૂપી કૂટણી તેને સંસારનો બંધ કરાવે છે.

(૩) જેમ હાથીની સામે લડવા માટે બીજો હાથી મોકલવામાં આવે છે ને પેલો હાથી તેની સામે દ્વેષથી લડવા જાય છે ત્યાં તેની પાછળ બીજા માણસો આવી પહેલા હાથીને પકડી લે છે તેમ રોગી શરીરાદિ અનિષ્ટ છે, દુશ્મનો બધા હેરાન કરે છે - માનીને પ્રતિકૂળ સંયોગોને હડસેલવા માગે છે. આવી રીતે દ્વેષ કરીને મોહી જીવ સંસારનો બંધ કરે છે.

મુમુક્ષુ જીવોએ સાચા તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી જ્ઞાન કરવું જોઈએ. મોહ, રાગ. દ્વેષ અનિષ્ટનાં કારણ છે ને પોતાનો જ્ઞાનસ્વભાવ એક જ ઈષ્ટનું કારણ છે - એમ નિર્ણય કરવો જોઈએ. સ્વરૂપના કામીએ ચિરંજીવ-સદાય સુખી થઈને જીવવું હોય તો પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી-ભાન કરવું. તે એક જ મોહ. રાગ. દ્વેષ નાશ કરવાનો ઉપાય છે.

સાચી માન્યતાથી મોહ- ભ્રાંતિ ટળે છે. જ્ઞાનથી અજ્ઞાન ટળે છે. સ્વભાવમાં સ્થિરતાથી રાગ દ્વેષ ટળે છે. એ સાચી ક્રિયા છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

માસિક લવાજમ રા. ૬) પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં. ૪૨

૨૪૭૬ આસો વદ ૨ તા. ૨૭-૧૦-૫૦ શુક્રવાર.

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.


(પ્ર. ગા. ૮૪ના પ્રવચનમાંથી આસો સુદ ૧૫. બુધવાર)

જેમ હાથી અજ્ઞાનથી, રાગથી ને દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે તેમ જીવ મોહ, રાગ, દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે.

મોહી જીવ અનુકૂળ નિમિત્તો મેળવવા ને પ્રતિકૂળ નિમિત્તો દૂર કરવા માગે છે પણ પરવસ્તુ મળવી કે ખસવી તે તેને આધીન નથી છતાં મોહ, રાગ, દ્વેષ કરે છે અને પરવસ્તુ જે જ્ઞેય છે તેમાં અનુકૂળ ને પ્રતિકૂળ એવા બે ભાગલા પાડે છે ને પોતાના જ્ઞાનમાં ખંડ કરે છે.

પ્રશ્ન: તો પછી સત્સમાગમ ન કરવો?

ઉત્તર: સત્સમાગમની ભાવના કરવી તે ઈચ્છા, વ્યવહાર ને રાગ છે, અને પોતામાં એકાગ્ર થવું તે નિશ્ચય ને ધર્મ છે. પર જીવ પાસે કોઈ જતું નથી માત્ર ભાવ કરે છે. પોતાની યોગ્યતા હોય તો નિમિત્તનો યોગ સહજ હોય છે.

પ્રશ્ન: "કુગુરુનો સંગ ન કરવો" - એમ કહ્યું છે ને?

ઉત્તર: "કુગુરુની શ્રદ્ધાનો સંગ છોડ." એવો તેનો અર્થ છે. કુગુરુની શ્રદ્ધા છોડી સુગુરુનો રાગ કરવો તે શુભરાગ છે, પણ સુગુરુથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. "ગુરુથી લાભ થાય" તેમ માનનારે "ચૈતન્યથી લાભ થાય" - એમ ન માન્યું. પોતે સમજે તો ગુરુને નિમિત્ત કહેવાય.

પોતે જ્ઞાતાસ્વભાવી છે, નબળાઈને લીધે રાગદ્વેષ થાય છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે, પણ રાગને લીધે અનુકૂળ નિમિત્ત મળતું નથી ને દ્વેષને લીધે પ્રતિકૂળ નિમિત્ત ટળતું નથી - એમ મોક્ષાર્થી જીવ માને છે અને રાગદ્વેષને ટાળવાનો પુરુષાર્થ કરે છે.

જે જીવ એમ માને છે કે "મારા જ્ઞાનનું વિસામાસ્થાન નિમિત્તમાં છે" તે ઘાસથી ભરેલા ઊંડા ખાડા ઉપર ચાલવા જાય છે. અજ્ઞાની જીવ જ્ઞાનતત્ત્વની રુચિ છોડી નિમિત્તની રુચિ કરી મિથ્યાત્વના ખાડામાં પડે છે. ॥૮૪॥

હવે આ રાગદ્વેષ મોહને લક્ષણો વડે ઓળખીને ઉદ્ભવતાં વેંત જ મારી નાખવા યોગ્ય છે - એમ વ્યક્ત કરે છે. ઉદ્ભવતાં વેંત નાશ કરવા એનો અર્થ એવો નથી કે એકવાર મોહ ઉઠે પછી નાશ કરવો પણ સ્વભાવદૃષ્ટિરૂપ થવું, જેથી મોહ ઉત્પન્ન થાય જ નહિ.

## ગાથા ૮૫.

પદાર્થો જેવા છે તેવા ન સમજવા તે મોહનું લક્ષણ છે. પર જીવ પોતાને હિત કે અહિત કરી શકે, છોકરા ઘડપણમાં પોતાનું પાલન કરશે, દુશ્મનનો છોકરો આપણા કુટુંબનું નિકંદન કાઢશે; ધર્મના નિમિત્તો, દેરાસર, વગેરે, તીર્થંકરની વાણી વગેરે ઠીક હશે તો લાભ થશે - એ બધી માન્યતા પદાર્થોની વિપરીત સમજણસહિત છે.

જે જીવ "શરીરનું હું કરી શકું ને શરીરથી મને લાભ થાય" - એમ માને છે તે જીવને અજીવ માને છે ને અજીવને જીવ માને છે. આ "अतत्त्वार्थश्रद्धानम् मिथ्यादर्शनम्" છે. = તત્ત્વની ખોટી શ્રદ્ધા તે મિથ્યાદર્શનનું લક્ષણ છે.

તિર્યંચો અને મનુષ્યો પ્રેક્ષાયોગ્ય (જાણવાયોગ્ય) હોવા છતાં મોહી જીવ તેમના પ્રત્યે કરુણાભાવ કરે છે તે મોહનું લક્ષણ છે. પર જીવોને જોઈને અને તેઓ દુઃખી છે માટે પોતાને કરુણા આવે છે - એમ મોહી જીવ માને છે. પર જીવો પોતાના અજ્ઞાનના કારણે દુઃખી છે, સંયોગોને લીધે દુઃખી નથી છતાં મોહી જીવ કરુણા કરી પરની અવસ્થા ફેરવી દઉં, ને પરને સુખી કરી દઉં - એવી ઊંધી માન્યતા કરે છે તે મોહનું લક્ષણ છે.

પર જીવોને લીધે તથા પરના દુઃખને લીધે કરુણા આવતી હોય તો ભગવાનને બધા પર જીવોનું અને તેમના દુઃખનું જ્ઞાન છે તો તેમને પણ કરુણા આવવી જોઈએ, પણ એમ બનતું નથી, તે તો વીતરાગ છે. જ્ઞાનીને પર જીવો તથા તેમના દુઃખ જોઈને કરુણા આવતી નથી, પોતાની નબળાઈથી કરુણાનો ભાવ આવે છે તેનો ખેદ વર્તે છે. કરુણા કરવા જેવી છે - એમ માનતા નથી. કરુણા આવી માટે સામો જીવ બચી જશે એમ તેઓ માનતા નથી.

"આહારાદિ તથા દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે મળે તો ઠીક પડશે ને સુખી થઈશ" એમ પર પદાર્થો પ્રત્યે રાગ કરીને, તેમને પોતાના માની અજ્ઞાની નજીક લાવવા માગે છે તે મોહ સહિતના રાગનું લક્ષણ છે. અજ્ઞાની જીવ માને છે કે જ્ઞાન કરવા માટે 'સમયસાર શાસ્ત્ર' નું નિમિત્ત મેળવવું જોઈએ. પણ તે ખોટી વાત છે. શાસ્ત્ર પોતાની ક્રિયાવતિ શક્તિના કારણે ક્ષેત્રાંતર થઈને આવે છે. જીવે શુભરાગ કર્યો માટે આવતું નથી અને તેના કારણે જીવને જ્ઞાન થાય છે - એમ પણ નથી. જીવની વર્તમાન પર્યાયની જ્ઞાન થવાની યોગ્યતાનો કાળ હોય ત્યારે જ્ઞાન થાય જ પણ નિમિત્ત હોય તો યોગ્યતા થાય ને ત્યાં સુધી નિમિત્તની રાહ જોવી પડે - તે વાત તદ્દન ખોટી છે. પર્યાયની યોગ્યતા હોય ત્યારે સત્‌શાસ્ત્રાદિ નિમિત્ત સ્વયં હોય છે એવો સહજ મેળ છે, જો જીવ સમજે ત્યારે સમયસારને નિમિત્ત કહેવાય છે.

મકાન પડે, ધરતીકંપ થાય, વાદળ આવે તેવા પ્રસંગોએ મોહી જીવ દ્વેષ કરે છે, તે પ્રસંગોને લીધે દ્વેષ થયો એમ માને છે તેથી તેવા પ્રસંગોને દૂર કરવા માગે છે. એવો પર પદાર્થો પ્રત્યે અપ્રીતિનો ભાવ તે મોહ સહિત દ્વેષનું લક્ષણ છે.

આ ગાથામાં મોહ, રાગ, દ્વેષના લક્ષણ ઓળખવા ઉપર વજન છે. આચાર્ય ભગવાન અહીં ઉપદેશ આપે છે કે "પર પદાર્થો પોતાના જ્ઞાનના જ્ઞેય છે એવું જ્ઞાન નહિ હોવાના કારણે એટલે કે પોતાના અજ્ઞાનના કારણે મોહ, રાગ, દ્વેષ થાય છે એમ બરાબર ઓળખીને ત્રણે પ્રકારના મોહને ઉપજતાં વેંત જ નાશ કરવા યોગ્ય છે.

પ્રશ્ન: જે મોહ ઉપજે તેને શી રીતે નાશ કરવો?

ઉત્તર: સાચા વસ્તુસ્વરૂપની ઓળખાણ ને રુચિ કરતાં ને સ્વરૂપમાં ઠરતાં મોહ, રાગ, દ્વેષ ઉત્પન્ન થતા નથી - એ કથનને મોહ, રાગ, દ્વેષ ઉપજતાં વેંત જ નાશ કર્યા - એમ કહેવામાં આવે છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

માસિક લવાજમ રા. ૩) પુસ્તક બીજું. દૈનિક પ્રસાદ નં.
૨૪૭૬ આસો વદ ૪ તા. ૨૯-૧૦-૫૦ રવિ. ૪૪. સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

(પ્ર. ગા. ૮૬ ના પ્રવચનમાંથી
આ. વ. ૨. ૨૪૭૬. સવાર)

૮૦ મી ગાથામાં અર્હંતના સ્વરૂપનો વિચાર કરી પોતાના આત્માના સ્વરૂપનો નિર્ણય કરતાં પોતાનો મોહ નાશ પામે છે-એમ કહ્યું હતું. હવે મોહ ક્ષય કરવાનો બીજો ઉપાય વિચારે છે. ૮૦ મી ગાથામાં શાસ્ત્ર લીધા નહતા, આ ૮૬ મી ગાથામાં દિવ્ય-ધ્વનિમાં તથા શાસ્ત્રમાં આત્માનું સ્વરૂપ કેવું કહેવાય છે તે અભ્યાસ કરવો અને તે અભ્યાસ મોહક્ષયનો ઉપાય છે-એમ બતાવે છે.

ભગવાનની દિવ્યધ્વનિમાં જે રહસ્ય આવ્યું તે અનુસાર આચાર્ય ભગવંતોએ જે શાસ્ત્રો રચ્યા તે શાસ્ત્રો દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણથી પદાર્થોને જાણનારને નિયમથી મોહનો ક્ષય થાય છે માટે શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવા યોગ્ય છે.

પોતાનો આત્મા જ્ઞાનસ્વભાવી છે, શરીરાદિ પર પદાર્થથી જુદો તથા વિકાર-રહિત છે-એવી દૃષ્ટિ કરી સ્વના અવલંબને શાસ્ત્ર અધ્યયન કરે તો પ્રત્યક્ષ-પ્રમાણથી શાસ્ત્ર વાંચ્યા કહેવાય. આ દૃષ્ટિ વગર નવ પૂર્વ ને અગિયાર અંગના જ્ઞાનથી એટલે એકલા દ્રવ્યશ્રુતથી મોહ પતો નથી. અહીં ભાવશ્રુતજ્ઞાન-પ્રત્યક્ષપ્રમાણ પહેલાં લીધું છે પછી પરોક્ષજ્ઞાન આદિ લીધામાં આવ્યું છે. અહીં પ્રત્યક્ષ શબ્દ પહેલાં લીધો છે તે ઉપર ખાસ વજન છે. આમ જે શાસ્ત્ર અધ્યયન કરે તે જીવનો મોહોપચય-નિધત્ત અને નિકાચિત કર્મના ઢગલા હોય તો પણ બધા કર્મનો-નાશ થાય છે.

ટીકા: અર્હંતના સ્વરૂપને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણીને પોતાના આત્માનું જ્ઞાન કરવું તે મોહક્ષયનો ઉપાય છે તે ૮૦ મી ગાથામાં પ્રતિપાદિત કરવામાં આવેલ હતું તે ખરેખર શાસ્ત્રજ્ઞાનની એટલે બીજા ઉપાયની અપેક્ષા રાખે છે.

જે જીવ ધર્મ કરવા ઇચ્છે છે તેણે પ્રથમ તો સર્વજ્ઞ કેવા હોય ને સર્વજ્ઞના શાસ્ત્ર કયા હોઈ શકે તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. આજકાલ ભગવાનના નામે ઘણું વિપરીત લખાણ જોવામાં આવે છે, તથા બધા પ્રરૂપકો કહે છે કે અમારા ભગવાન સર્વજ્ઞ છે ને અમારા શાસ્ત્ર ભગવાનના કહેલા છે તો ધર્મના ખપી જીવે સર્વજ્ઞ તથા તેમના શાસ્ત્રની પરીક્ષા કરવી જોઈએ. શાસ્ત્ર કાંઈ બોલશે નહિ, પોતે વિવેક કરવો.

જે આપ્ત પુરુષ ક્ષુધા, તૃષાદિ અઢાર દોષરહિત છે, જેણે સર્વ પ્રકારે રાગદ્વેષ નષ્ટ કર્યા છે, ને જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જાણે છે તે સર્વજ્ઞ ભગવાન છે, પોતાના જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે જ ધર્મ થાય પણ બીજા કોઈ નિમિત્ત કે રાગથી ધર્મ ન થાય-તેવું બતાવનારા જ ભગવાનના શાસ્ત્ર છે, આથી વિપરીત બતાવનારા ભગવાનના શાસ્ત્ર નથી-એમ શાસ્ત્રનો વિવેક કરે. આ જ્ઞાનતત્ત્વ-અધિકાર છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. તેમાં ધર્મી જીવ પર એવા સર્વજ્ઞ અને તેમના શાસ્ત્ર કેવા હોય તેનો એટલે નિમિત્તનો વિવેક કરી લે છે. આટલું નક્કી કરેલ શિષ્યની વાત અહીં લીધી છે.

આવા મુમુક્ષુ જીવે સર્વજ્ઞે સ્વયં જાણેલું અને કહેલું સર્વ પ્રકારે અબાધિત દ્રવ્યશ્રુત પ્રમાણને પ્રાપ્ત કરવું. પર પદાર્થ મેળવી શકતો નથી પણ સ્વને સમજવા માટે વાણી તથા શાસ્ત્ર તરફ લક્ષ જાય છે એનું જ્ઞાન કરાવ્યું છે. તે શાસ્ત્રમાં ક્રીડા કરવી એટલે કે જેમ ગરમીના વખતમાં સરોવરના ઠંડા પાણીમાં નહાવાની ક્રીડા કરે છે તેમ અનંતકાળથી રખડતો જીવ શાસ્ત્રરૂપી સમ્યક્ જળમાં શબ્દોનું રહસ્ય યથાયોગ્ય સમજી તેમાં રસ લે છે. શાસ્ત્ર સાંભળતાં કે વાંચતાં વેઠ કાઢે નહિ કે ઉંઘે નહિ પણ તેનો આશય બરાબર સમજે. શાસ્ત્રના ભાવ સમજવાના સંસ્કારથી વિશેષ જ્ઞાનરૂપી સંપદા જે શક્તિરૂપે છે તે પ્રગટ થાય છે. તેથી જ્ઞાની પુરુષોના કહેવાનો આશય શું છે, ભાવ શું છે તે બરાબર જાણે છે. શાસ્ત્રમાં વ્યવહારથી ને નિમિત્તથી ઘણા પ્રકારે કથનો આવે તો યથાર્થ અર્થ સમજી લે. જેમકે "જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાન રોક્યું" એટલે પોતે જ્ઞાનની હીણી દશા કરે છે ત્યારે જડકર્મ નિમિત્તરૂપે હોય છે પણ કર્મે જ્ઞાન રોક્યું નથી – એમ સાચું જ્ઞાન કરે. પોતે જ્ઞાન કરે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર આવા જ હોય પણ દેવ-ગુરુ-શાસ્ત્રથી જ્ઞાન થાય છે – એમ માને નહિ. વ્યવહારના કથનો, નિશ્ચયના કથનો, ઉપાદાન નિમિત્ત, ભેદ-અભેદ, વગેરે બધા પડખાને સમજી શાસ્ત્રકારનો ભાવ યથાયોગ્ય પોતાના પર્યાયમાં પોતે સમજે તો પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન કર્યું કહેવાય. જ્ઞાની શું કહે છે, તેમના હૃદયની લાગણી શું છે તે સમજવાની તાકાત પોતાની છે. શાસ્ત્ર સમજાવી દે તેમ નથી. પોતે પોતાની યોગ્યતાની કળ દાબે તો જ્ઞાન ફુવારા પર્યાયરૂપે છૂટે છે – પ્રગટે છે. શાસ્ત્ર તો નિમિત્ત માત્ર છે. પોતાનો જ્ઞાનસ્વભાવ શરીર, વાણી, મનથી જુદો, દેવ-ગુરુ-શાસ્ત્રથી જુદો છે વિકારરહિત છે એવું જ્ઞાન થતાં પોતાથી જાણવાની તાકાત ખીલી એટલે પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાન થયું. તેનાથી શાંતિ – થાય છે ને મોહ નાશ પામે છે.

અથવા પ્રત્યક્ષ પ્રમાણથી અવિરુદ્ધ પ્રમાણથી – પરોક્ષ પ્રમાણથી પણ મોહ નાશ પામે છે. પોતાના સ્વસંવેદનથી વિરુદ્ધ લાગે તેને અહીં પ્રમાણ કહ્યું નથી. ચોખાના બે દાણા પાકી ગયા છે એવું જ્ઞાન કરતાં પાંચ મણ ચોખા પાકી ગયાનું જ્ઞાન કરે છે તેમ પોતાના જ્ઞાનસ્વભાવનું જ્ઞાન કરતાં બધાનું જ્ઞાન થઈ જાય છે. યથાર્થ વસ્તુસ્વરૂપથી વિપરીત અભિપ્રાયના સંસ્કારથી પોતાને ઉંધી માન્યતા થતી અને નિમિત્તરૂપે જડકર્મોનો ઢગલો થતો, તે હવે સાચું જ્ઞાન કરતાં મોહ નાશ થાય છે ને નિમિત્તરૂપે નિદ્ધત ને નિકાચિત વગેરે જડ કર્મોના ઢગલાનો નાશ થાય છે.

વ્રત, દયા, દાન, પૂજાને મોહનો નાશ કરવાનો ઉપાય કહ્યો નથી પણ મોહક્ષય કરવામાં પરમ શબ્દ બ્રહ્મ એટલે ભગવાનની વાણીની ઉપાસનાનો – ભાવજ્ઞાનના અવલંબનથી દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે – અભ્યાસ કરવો એ જ ઉપાય કહ્યો છે. અહીં ભાવજ્ઞાનના અવલંબનથી દૃઢ કરેલા પરિણામ ઉપર વજન છે. આત્માનો સ્વભાવ પરનો કર્તા ભોક્તા નથી. વિકલ્પ તે જ્ઞાનતત્ત્વ નથી, બીજાથી પોતાને જ્ઞાન થાય એવો પોતાનો સ્વભાવ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે, એવા અંતર ભાવજ્ઞાનને વારંવાર દૃઢ કરવું. અહીં શાસ્ત્રના અવલંબનથી કહ્યું નથી પણ પોતે અંતર જ્ઞાન કરી તે ભાવજ્ઞાનના અવલંબનથી કહ્યું છે. તે ભાવજ્ઞાન વિના દ્રવ્યશ્રુત નિમિત્ત પણ કહેવાતું નથી.

સર્વજ્ઞના જ્ઞાનમાં સર્વ પદાર્થો સ્વતંત્ર છે-એમ જણાયું છે અને વાણીમાં પણ એમ જ આવ્યું છે. તે મુજબ આ આત્મા શરીર, મન, વાણીથી જુદો ને વિકાર રહિત છે માત્ર જ્ઞાનસ્વરૂપ જ છે એવો નિર્ણય કરે તેને દ્રવ્યશ્રુત અને શબ્દ નિમિત્ત કહેવાય ને તેણે શબ્દ પ્રાપ્ત કર્યા કહેવાય. જે શાસ્ત્ર દયા, દાન, વ્રતથી જ્ઞાન ને ધર્મ થાય-એમ બતાવે તે શાસ્ત્ર નથી. પરથી કે રાગથી જ્ઞાન થતું જ નથી. જ્ઞાન જ્ઞાનથી જ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે "સત્પુરુષને શોધ" ત્યાં સત્પુરુષને ઓળખવાનો ને શોધવાનો ભાવ તો આત્માનો છે, પોતે નિર્ણય કરે તો સત્પુરુષ શોધ્યા કહેવાય ને નિમિત્ત કહેવાય. એમ વાણી કે શાસ્ત્રનો ભાવ સમજે તો શાસ્ત્ર નિમિત્ત કહેવાય.

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે, સ્વનું જ્ઞાન થતાં પર પ્રકાશક વાણી ને શબ્દો આવાં જ હોય તે જ્ઞાનની તાકાત બતાવે છે. માટે ભાવજ્ઞાનના અવલંબનથી દૃઢ કરેલા પરિણામથી શાસ્ત્રનો અભ્યાસ કરવો તે મોહ ક્ષય કરવાનો બીજો ઉપાય છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૪૫

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું માસિક લવાજમ રૂ. ૬)
૨૪૭૬ આસો વદ ૫ તા. ૩૦-૧૦-૫૦. સોમ


પ્ર. સાર ગાથા-૮૭ પ્રવચન
આસો વદ ૩ શનીવાર

આત્માનો દ્રવ્યગુણપર્યાયથી અભ્યાસ કરવો તે મોહ ક્ષયનો ઉપાય છે,

ભગવાનની દિવ્યધ્વનીમાં વસ્તુ સ્વરૂપ જેવું આવ્યું તેનો અભ્યાસ કરે તો મિથ્યાજ્ઞાન નાશ થાય. વ્રત પુજા આદિના ભાવ સમ્યગ્જ્ઞાનનું કારણ નથી પણ શાસ્ત્રનો સમ્યક્ અભ્યાસ તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે.

કોઈ વેપારી નાણું લખે છે ત્યારે કોથળીમાં સોનૈયા રૂપિયા છે, તો તેટલા રૂપિયા છે તેમ જ્ઞાન કરે છે, વાણીમાં પણ તેટલાજ રૂ. બોલે છે, અને ચોપડામાં તેટલાજ રૂ. છે તેમ સોનૈયા લખે છે. તેવીરીતે છ દ્રવ્યો. જીવ પુદ્ગલ ધર્મ. અધર્મ આકાશ કાળ. ચૌદ બ્રહ્માંડની કોથળીમાં સોનૈયા છે કેવળી ભગવાન, છ દ્રવ્યો સ્વતંત્ર જેમ છે તેમ જ્ઞાન કરે છે. તેમની દિવ્યધ્વનીમાં પણ છ દ્રવ્યો સ્વતંત્ર છે એમ આવે છે ને આચાર્ય ભગવંતો પણ છ દ્રવ્યો સ્વતંત્ર છે એમ શાસ્ત્રમાં લખે છે. પદાર્થોનું સ્વરૂપ. તેનું જ્ઞાન તે બતાવનાર વાણી. લખાણરૂપ શાસ્ત્ર ચારે એક જ પ્રકારે વસ્તુને બતાવે છે. તે કઈ રીતે છે તે આ ગાથામાં કહે છે.

<u>ગાથા-૮૭</u>

અન્વયાર્થ:- દ્રવ્યો એટલે કાયમ રહેનારા પદાર્થો, ગુણો એટલે તેની ત્રિકાળ શક્તિ અને તેના પર્યાયો એટલે સમય સમયની અવસ્થાઓ. બધાને અર્થ કહેવામાં આવ્યા છે. તેમાં ગુણ પર્યાયોનો આત્મા દ્રવ્ય છે. અર્થાત્ ગુણો ને પર્યાયોનું સ્વરૂપ સત્વ દ્રવ્યજ છે તેઓ ભિન્ન વસ્તુ નથી એમ જીનેન્દ્રનો ઉપદેશ છે.

ટીકા:- દ્રવ્યો ગુણો અને પર્યાયોમાં અભિધેય ભેદ છે એટલે વાચ્ય ભેદ છે પણ અભિધાન-એટલે નામ અભેદથી ત્રણે-અર્થ નામથી ઓળખાય છે.

સાકર શબ્દ વાચક છે ને સાકર પદાર્થ ઓળખાયો તે વાચ્ય છે. તેવીરીતે. દ્રવ્ય શબ્દ વાચક છે ને ત્રિકાળી પદાર્થ તેનો વાચ્ય છે, ગુણ શબ્દ વાચક છે ને ત્રિકાળી શક્તિ તેનો વાચ્ય છે. પર્યાય શબ્દ વાચક છે ને દ્રવ્ય ગુણની વર્તમાન અવસ્થા તેનો વાચ્ય છે. દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેય વાચ્ય [illegible] જુદા છે. વાચક જે શબ્દો છે તેમાં ભેદ ન રાખીએ તો અર્થ એવા એકજ વાચક (શબ્દ) થી પણ એ ત્રણે ઓળખાય છે,

દ્રવ્યો. પોતાના ગુણો ને અને પર્યાયોને પામે છે. પ્રાપ્ત થાય છે. પહોંચે છે. આત્મદ્રવ્ય પોતાના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણો અને તેની અવસ્થાને પહોંચે છે. ને પુદ્ગલ દ્રવ્ય પોતાના સ્પર્શ રસ ગંધ વર્ણ ગુણોને અને તેની અવસ્થાને પહોંચે છે, શિષ્યનો જીવ પોતાના ગુણો-અને તેની વિકારી કે અવિકારી અવસ્થાને પહોંચે છે પણ ગુરુનો જીવ શિષ્યના જ્ઞાનાદિ ગુણો તથા તેની અવસ્થાને પહોંચતો નથી, જીવ પોતાની ક્રિયાવતિ શક્તિ થી ચાલવારૂપ અવસ્થાને પહોંચે છે, પણ શરીર જીવની ચાલવારૂપ અવસ્થાને પહોંચતું નથી. પોતાનું જીવ દ્રવ્ય બીજા કોઈ જીવની અથવા અજીવની અવસ્થા કે ગુણો ને પહોંચી વળતું નથી પોતે પોતાના ગુણપર્યાય ને પહોંચે છે,

એવો જેણે નિર્ણય કર્યો તેની પર જીવો ને અજીવ પદાર્થો ઉપરથી દ્રષ્ટિ ઉઠી. અજ્ઞાનદશામાં પરપદાર્થની કર્તા બુદ્ધિ હતી તે ટળી. અજ્ઞાનદશામાં પરપદાર્થને લીધે તથા કર્મને લીધે રાગ થાય છે એમ માનતો તે સાચું જ્ઞાન થતા વિકાર પોતાની પર્યાયમાં પોતે કરે છે તો થાય છે એમ નક્કી કરતાં દ્રવ્ય તરફ દ્રષ્ટિ કરે છે. દ્રવ્યનું જ્ઞાન કરતાં દ્રવ્ય રાગ રહિત છે એમ નક્કી થાય છે. દ્રવ્ય સ્વભાવ જ્ઞાતા દ્રષ્ટા છે શાંત છે એવી દ્રષ્ટિ થતાં રાગનો માત્ર જ્ઞાતા રહે છે અને રાગની કર્તા બુદ્ધિ ટળી જાય છે. પોતે જ્ઞાતા થાય છે જ્ઞાતા દ્રષ્ટાની પર્યાયને પોતે પહોંચી વળે છે. આ સમ્યગ્દર્શન, પ્રથમ ધર્મ છે.

જેઓ = દ્રવ્યો ગુણો અને પર્યાયો વડે - પમાય છે. પ્રાપ્ત થાય છે. પહોંચાય છે. એક જીવ દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાય વડે પ્રાપ્ત થાય છે. બીજા જીવ અથવા અજીવના ગુણ પર્યાયો વડે પ્રાપ્ત થતો નથી. એક પુદ્ગલ દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય વડે પ્રાપ્ત થાય છે. બીજા પુદ્ગલ તથા જીવના ગુણ પર્યાય વડે પ્રાપ્ત થતું નથી. બાવાના પરમાણુંની અવસ્થાથી બાવાના પરમાણુ નક્કી થાય છે. પણ બાવાની અવસ્થા વડે જીવ દ્રવ્ય નક્કી થતું નથી. બોલવાની ક્રિયાથી આત્મા છે એમ નક્કી થતું નથી પણ બોલવાની ક્રિયાનું જ્ઞાન કરનાર અવસ્થાથી આત્મા નક્કી થાય છે.

પોતાના જ્ઞાન દર્શન ચારિત્રથી આત્મા નક્કી થાય છે. પણ બીજાના ગુણોથી આત્મા નક્કી થતો નથી જડ કર્મની અવસ્થાથી દ્રવ્ય કર્મ નક્કી થાય છે પણ જીવ નક્કી થતો નથી. આવી રીતે જેઓ દ્રવ્યો પોતાના ગુણ પર્યાયને પામે છે. પ્રાપ્ત કરે છે પહોંચે છે. અથવા જેઓ ગુણો પર્યાયો વડે પમાય છે પ્રાપ્ત કરાય છે - પહોંચાય છે. એવા અર્થો તે દ્રવ્યો છે.

આમ નિર્ણય કરે તો ત્રણે કાળના પદાર્થોની સ્વતંત્રતા સાબીત થાય છે. પરનું કર્તુત્વ છૂટી જાય છે અને દયાદિના વિકારી ભાવ થયા તે પોતાના-પોતાના કારણે છે. તેમ સાચું જ્ઞાન થાય છે. અને પોતાના સ્વભાવ તરફ જોતા સ્વભાવ દોષ રહિત છે એમ જ્ઞાન કરતાં રાગનું કર્તુત્વ રહેતું નથી. એમ નિર્ણય-કરતા દોષ રહિત જ્ઞાતા સ્વભાવની પ્રતીત થાય છે. આ સમ્યગ્દર્શન ધર્મ છે.

તરસઉતરી કરેણમાં વિશાળી કરે છે, તત્વાર્થસુત્રમાં નિશલ્યો વ્રતિ: એવો પાઠ આવે છે પાઠ ગોખી જાય પણ શલ્ય કોને કહેવાય તે અજ્ઞાનીને ખબર નથી. તો શલ્ય નાશ ક્યાંથી થાય. પર આત્મવનું કરી શકે છે અને આત્મવનું પરનું કરી શકે છે તેમ મત્વભાવ એ મોટું મિથ્યાત્વનું શલ્ય છે એ કાઢયા વગર સમ્યગ્દર્શન. શ્રાવક તથા મુનિપણું હોઈ શકે નહિ. માટે પ્રથમ ત્રણે શલ્યો મિથ્યાત્વ માયા નિદાન કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ

જેઓ - ગુણો. દ્રવ્યોને આશ્રય તરીકે પામે છે પ્રાપ્ત કરે છે પહોંચે છે, ગુરુના જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણો. ગુરુના આત્માના આશ્રયે પામે છે પણ શિષ્યના આત્માનો અગર ગુરુના શરીરનો આશ્રય પામતા નથી. સ્પર્શ રસ ગંધ વર્ણ શરીરનો આશ્રય પામે છે પણ આત્માનો આશ્રય પામતા નથી

પ્રશ્ન જ્ઞાન દર્શન ક્યાં મળે! જવાબ - તેનો આધાર આત્મા છે. શાસ્ત્ર નથી.

પ્રશ્ન. સ્પર્શ ગંધાદિ ક્યાં મળે! જવાબ. તેનો આધાર પુદ્ગલ દ્રવ્ય છે, આત્મા નથી

જેઓ - ગુણો, આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય છે પ્રાપ્ત કરાય છે ને પહોંચાય છે. જ્ઞાન દર્શન ચારિત્ર આત્માથી પમાય છે. બીજાના આત્માથી - કે -

પુદ્ગલ દ્રવ્યથી પ્રાપ્ત થતા નથી, સ્પર્શ રસાદિ ગુણો પુદ્ગલથી પમાય છે પણ જીવથી પમાતા નથી એટલે નક્કી થાય છે કે દરેક દ્રવ્યના ગુણો પોતાના દ્રવ્યનો આશ્રય કરે છે પોતાના ગુણો પોતાના દ્રવ્યથી પમાય છે, એવા અર્થો તે ગુણો છે.

આવી દૃષ્ટિ થતા પોતાના ગુણ માટે પોતામાં જોવાનું રહ્યું. પરઉપરની દૃષ્ટિ ટળી જાય છે અને સ્થૂળતાઈ દૃષ્ટિ ટળતાં જ્ઞાતા દૃષ્ટા થાય છે એજ સમ્યગ્દર્શનનો પ્રથમ ધર્મ છે,

=== XXX === XXX === XXX ===

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૪૬

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૧)

૨૪૭૬ આસો વદ ૫ તા. ૩૧-૧૦-૫૦.


(પ્ર. ગા. ૮૭ ના પ્રવચનમાંથી. આસો વદ ૪ રવિવાર)

૧ - આત્મા અનાદિ કાળથી સંસારમાં છે તે સંસારનો અથવા મોહનો નાશ કરવાનો ઉપાય શું છે તે વાત અગાઉની ગાથામાં આવેલ છે કે જો જીવ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનો અભ્યાસ કરે તો મોહનો નાશ થાય. તેમાં દ્રવ્ય, ગુણ કોને કહેવા તે વાત ગઈકાલે કહેવાઈ ગઈ છે, આજે પર્યાયો કોને કહેવા તે વાત કહેવાની છે.

(3) a. જેઓ = પર્યાયો, દ્રવ્યને ક્રમપરિણામથી પામે છે- પ્રાપ્ત કરે છે - પહોંચે છે.

ગુણો દ્રવ્યને અક્રમથી એટલે એકીસાથે પહોંચે છે જ્યારે પર્યાયો ક્રમસર, એક પછી એક દ્રવ્યને પહોંચે છે. બધી પર્યાયો એકીસાથે પહોંચતી નથી કારણ કે પર્યાયનો સમય એક જ સમયનો છે.

આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રની અવસ્થાઓ આત્માને ક્રમસર પહોંચે છે, અક્રમ (આડીઅવળી) પહોંચતી નથી તેમજ બીજા દ્રવ્યનો આશ્રય માંગતી નથી.

પરમાણુની અવસ્થાઓ ક્રમસર પોતાના દ્રવ્યને પહોંચે છે અક્રમ (આડાઅવળી) પહોંચતી નથી, તેમજ બીજા દ્રવ્યનો આશ્રય માંગતી નથી. આવો નિર્ણય થતાં પરમાણુની અવસ્થા તાવથી ઉના રૂપ હોય તેને, ઇન્જેકશનથી અક્રમે ટાઢા રૂપ કરી દેવાનો અહંકાર ઉડી જાય છે. કારણ કે ઇન્જેકશનની અવસ્થા ઇન્જેકશનના દ્રવ્યને પહોંચે છે પણ દરદીના શરીરને પહોંચતી નથી અને દાક્તરનો રાગ દાક્તરના આત્માને પહોંચે છે પણ દરદીના શરીરને પહોંચતો નથી. દરદીના શરીરની અવસ્થાઓ ક્રમબદ્ધ તેના પુદ્ગલ દ્રવ્યને પહોંચતી વળે છે એમાં હું કાંઈપણ ફેરફાર કરી ન શકું, એવો નિર્ણય થતાં પરની અવસ્થાને ફેરવવાની બુદ્ધિનો નાશ થાય છે ને પોતાની અવસ્થાનું પણ સાચું જ્ઞાન થાય છે. રાગ દરદીને લીધે થતો નથી પણ પોતાની નબળાઈના કારણે થાય છે ને પોતાના રાગદ્વેષ ક્રમબદ્ધ પોતાના દ્રવ્યને પહોંચે છે. એવું પર્યાયનું યથાર્થ જ્ઞાન થતાં પોતાના દ્રવ્ય તરફ દૃષ્ટિ થાય છે. દ્રવ્ય તો શુદ્ધ રાગરહિત છે એટલે દ્રવ્યદૃષ્ટિ કરતાં પોતાના રાગ ઉપર પણ દૃષ્ટિ રહેશે નહિ ને રાગ હોવા છતાં રાગનો જ્ઞાતા રહેશે. આવારીતે જ્ઞાતાદૃષ્ટા થવું તે ધર્મ છે.

બાળકને ભણાવા મુકતા લૌકિક વિદ્યાની પ્રાપ્તિ થાય છે એમ

અસાતા માને છે. ભણીને પૈસા કમાવાની વૃત્તિ તો પાપના છે. પાપ (૧૫૯) તે કારણ અને જ્ઞાનનો ઉઘાડ તે કાર્ય શું હોઈ શકે? ના, તેમ હોઈ શકે નહિ. પૂર્વે પોતે જે ઉઘાડ લાવ્યો છે તેમાંથી એટલે લબ્ધમાંથી ઉપયોગરૂપ પરિણમન સમયે સમયે વ્યક્ત થાય છે પણ તે કાંઈ વર્તમાન કહાપણનું ફળ નથી. કોઈ પ્રશ્ન કરે કે ભણ્યા પહેલાં કેમ ઉઘાડ ઉપયોગરૂપ ન દેખાણો? જવાબ:- તે વખતે તેનો ઉપયોગરૂપ કાળ નહતો. જે વખતે જ્ઞાનની અવસ્થાનો ઉપયોગરૂપ કાળ હોય છે તે ક્રમબદ્ધ હોય છે ને તે ક્રમે કરીને પોતાના દ્રવ્યને પહોંચી વળે છે. કોઈ જીવ અક્રમ કરી શકે નહિ. આવું સાચું જ્ઞાન કરવાથી ઈચ્છા અને પૂર્વ પર્યાય બન્ને ઉપરથી દૃષ્ટિ નાશ પામી છે ને પર્યાય જેને પહોંચે છે એવા દ્રવ્ય તરફ દૃષ્ટિ થઈ, તેને ક્રમબદ્ધ પરિણામનો નિર્ણય થયો. આ સમ્યગદર્શન ને ધર્મ છે.

દયાના રાગનો જે કાળ છે તે કાળ ક્રમસર છે તે પરિણામ દ્રવ્યને પામે છે. દ્રવ્ય તો જ્ઞાતાસ્વરૂપ છે. આવું જ્ઞાન થતાં રાગ અને પરની પર્યાયનો અહંકાર ઉડી જાય છે ને પોતે જ્ઞાતાદૃષ્ટા થાય છે.

શરીરની વ્યંજન પર્યાય પુદ્ગલ દ્રવ્યને પહોંચે છે ને આત્માની વ્યંજન પર્યાય આત્માને પહોંચે છે. શરીર આત્માને અથવા આત્મા શરીરને પહોંચી વળતા નથી એવું જ્ઞાન થતાં, આત્મા હોય તો શરીર ચાલે ને શરીરને લઈને આત્મા ચાલે એવો અહંભાવ ટળી જાય છે.

દરેક પર્યાય પોતાના દ્રવ્ય સાથે મેળ ખાય છે પણ બીજા દ્રવ્ય સાથે મેળ ખાતી નથી.

કુંડલ અને કડારૂપ અવસ્થા સોના સાથે મેળ ખાય છે ને સોના સાથે અભેદ થાય છે પણ સોની અગર હથોડી સાથે મેળ ખાતી નથી.

હથોડીની પર્યાય હથોડીને પ્રાપ્ત કરે છે સોનીના રાગની પર્યાય સોનીના આત્માને પ્રાપ્ત કરે છે. રોટલીની પર્યાય રોટલીના પરમાણુ સાથે મેળ ખાય છે પણ તવા અગ્નિ કે બાઈના રાગ સાથે મેળ ખાતી નથી.

દ્વેષના પરિણામ પોતાના આત્મા સાથે મેળ ખાય છે પણ જડકર્મ સાથે દુશ્મન સાથે અગર લાકડી સાથે મેળ ખાતા નથી આમ નક્કી કરતાં પર પદાર્થ, પર જીવ, શરીર, કર્મ વગેરે ઉપરથી દૃષ્ટિ ખસી જાય છે ને પોતાની અવસ્થા પોતાના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે એટલે પોતાના દ્રવ્ય સામે જોતાં, દ્રવ્ય તો શુદ્ધ છે જેથી દ્રવ્યદૃષ્ટિ થતાં શુદ્ધતા વધતી જાય છે ને રાગદ્વેષની અશુદ્ધતા ઘટતી જાય છે ને ક્રમે કરીને વીતરાગ થશે.

દયાના પરિણામ ને પરજીવ બચે તેની સાથે મેળ નથી. દયાના પરિણામને પોતાના આત્મદ્રવ્ય સાથે સંબંધ છે. શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન કરતાં પરનું ને દયાનું કર્તૃત્વ છૂટી જાય છે ને પરજીવનું અને દયાનું જ્ઞાન રહે છે.

શુદ્ધ દૃષ્ટિ વગર પર્યાયનું યથાર્થ જ્ઞાન થતું નથી ને પર્યાયના યથાર્થ જ્ઞાન વગર દ્રવ્યનું યથાર્થ જ્ઞાન થતું નથી.

ભાષાનો સંબંધ ભાષાના પરમાણુ સાથે છે, હોઠ સાથે નથી ઈચ્છા સાથે નથી. ઈચ્છાનો સંબંધ આત્મા સાથે છે પણ આત્મા તો શુદ્ધ છે એવું જ્ઞાન થતાં ઈચ્છાનો જ્ઞાતા થાય છે અને પર્યાયબુદ્ધિનો નાશ થાય છે.

શરીરના ચાલવાની અવસ્થાનો સંબંધ શરીરના પરમાણુ સાથે છે, જીવના રાગ સાથે નથી. ઈર્યા સમિતિનો વિકલ્પ આત્મા સાથે સંબંધ રાખે છે શરીર સાથે સંબંધ રાખતો નથી. રાગ હોય તો શરીર ચાલે એમ નથી અને શરીર ચાલે છે માટે રાગ થાય છે એમ પણ નથી. રાગ પોતાનામાં થાય છે રાગ હોવા છતાં વલણ શુદ્ધ દ્રવ્ય તરફ જાય છે ને તે જ દ્રવ્યદૃષ્ટિ છે.

જ્ઞાનની અવસ્થાનો સંબંધ આત્મા સાથે છે પણ ગુરુ, વાણી, શાસ્ત્ર, જડ કર્મનો ક્ષયોપશમ અથવા પોતાના શુભરાગ કે પૂર્વના ઉઘાડ સાથે સંબંધ નથી. એટલે (૧) જ્ઞાનનો સંબંધ ગુરુ, વાણી, શાસ્ત્ર એવા બહારના નિમિત્તો સાથે નથી એમ નક્કી કરતાં નિમિત્ત ઉપરની દૃષ્ટિ નાશ પામી. (૨) જ્ઞાનનો સંબંધ જડ કર્મના ક્ષયોપશમ સાથે નથી એમ નક્કી કરતાં જડ કર્મ ઉપરની દૃષ્ટિ નાશ પામી. (૩) જ્ઞાનનો સંબંધ શુભ રાગ સાથે નથી એમ નક્કી કરતાં શુભ રાગ ઉપરની દૃષ્ટિ નાશ પામી. (૪) જ્ઞાનની પર્યાયનો સંબંધ પૂર્વના જ્ઞાનની પર્યાય સાથે પણ નથી કારણ કે પૂર્વના જ્ઞાનની પર્યાયનો તો વ્યય થયો છે. પણ દ્રવ્ય તરફ દૃષ્ટિ કરતાં, દ્રવ્યમાં અભેદ થતાં પૂર્વના ઉઘાડ તરફની દૃષ્ટિ એટલે અંશ દૃષ્ટિ નાશ પામી.

પર પદાર્થો સાથે સંબંધ ન રહેતાં પરનો આશ્રય લેવાનું બંધ થયું.

અનંત આત્માને જડ કર્મ સાથે સંબંધ ન રહ્યો. પોતાના જ્ઞાનની અવસ્થાનો સંબંધ પોતાના શુભ રાગની સાથે નથી. પોતાના જ્ઞાનની અવસ્થાનો સંબંધ પૂર્વના જ્ઞાનની પર્યાય સાથે પણ નથી. એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર, જડકર્મ, શુભરાગ, કે પૂર્વનો ઉઘાડ એમાંના કોઈની પણ સામે, પોતાના જ્ઞાનની અવસ્થા માટે જોવાનું ન રહ્યું. એટલે પરની પર્યાય ફેરવવાનો, નિમિત્તો મેળવવાનો, શુભરાગ કરવાનો કે પોતાને ઉઘાડ જેટલો માનવાનો મિથ્યાભાવ નાશ પામે છે. અને પોતાની એક સમયની પર્યાય તે બીજા સમયની પર્યાય નથી જેથી પર્યાયના લક્ષે મિથ્યાજ્ઞાનની પર્યાયનો નાશ કરું એ પણ રહેતું નથી. પર્યાયો જેમાં અભેદ થાય છે એવા દ્રવ્ય તરફ દૃષ્ટિ કરતાં, દ્રવ્ય તો જ્ઞાનસ્વભાવથી ભરપૂર હોવાથી, તેમાં એકાગ્ર થતાં સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટે છે ને મિથ્યાજ્ઞાનની પર્યાય ફરી જાય છે એટલે કે નાશ પામે છે. તે ક્રમસર થાય છે. પોતાનો પર્યાય ફેરવવો એવો પ્રશ્ન પણ દ્રવ્યદૃષ્ટિવાળાને રહેતો નથી.

કારણકે પર્યાયનો સંબંધ પર્યાય સાથે નથી પણ પર્યાયવાન સાથે છે. આમ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરતાં દ્રવ્યદૃષ્ટિ થાય છે ને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તેનું ફળ છે.

આ દ્રવ્યદૃષ્ટિ અને ક્રમબદ્ધ પર્યાયના નિર્ણય વગરના વ્રત, પૂજા, શ્રાવક કે મુનિપણું સાચા હોઈ શકે નહિ.

ચારિત્રના શુદ્ધ પર્યાયનો સંબંધ નગ્ન શરીર સાથે, મોરપીંછી ને કમંડળ સાથે, કર્મના ક્ષયોપશમ સાથે, પંચ મહાવ્રતના રાગ સાથે તેમજ પૂર્વ પર્યાય સાથે નથી પણ ચારિત્રનો સંબંધ આત્મા સાથે છે.

ચારિત્રની શુદ્ધ દશા હોય ત્યારે નગ્ન શરીર વગેરે હોય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ખરો, પણ જીવના ચારિત્રની પર્યાય નગ્ન શરીર વગેરે પરદ્રવ્યને આધીન નથી. તેમજ મહાવ્રતના શુભ પરિણામ થયા માટે શુદ્ધતા થઈ એમ નથી તેમજ પૂર્વ પર્યાયમાં શુદ્ધતા હતી માટે શુદ્ધતા વધી એમ પણ નથી. આમ માનવાથી નગ્ન શરીર, મોરપીંછી, કમંડલ ઉપરથી દૃષ્ટિ ખસી જાય છે તેમજ કર્મ, શુભરાગ અને પૂર્વની શુદ્ધ પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ ખસી જાય છે. પર્યાયનો સંબંધ પર્યાય સાથે નથી પણ પર્યાયનો સંબંધ પર્યાયવાન સાથે છે. પર્યાયવાન એવા દ્રવ્યમાં વિશેષ સ્થિરતા થતાં વીતરાગ દશા પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન પણ પ્રગટ થાય છે.

લૌકિક હિસાબ ગણવામાં લેખાના કુંચીઓ હોય છે જેમ કે એક મણના અઢી રૂપિયા તો શેરનું કેટલું? શેરના ચાર પૈસા. એવી કુંચી આવડે તો તેને બધા લેખાં આવડે. સવા સાડત્રીસ શેરનું કેટલું? તો કહેશે કે સવા સાડત્રીસ આના. આમ જેને શેરની કુંચી હાથ આવી તે ગમે તેવા અઘરા લેખા પણ ગણી શકે છે એમ જેણે પર્યાયો ક્રમબદ્ધ થાય છે અને તે પોતાના જ દ્રવ્યને પહોંચે છે એવો નિર્ણય કર્યો તેને ધર્મના રહસ્યની ચાવી હાથમાં આવી ગઈ છે. તેને ધર્મની રીત બધી આવડી ગઈ છે. આ ભેદ હિસાબ અને ધર્મ છે.

(3) ઘ. અથવા જેઓ એટલે પર્યાયો દ્રવ્ય વડે ક્રમ-પરિણામથી પમાય છે- પ્રાપ્ત કરાય છે ને પહોંચાય છે એવા અર્થો તે પર્યાયો છે.

જીવની જમવાની અવસ્થા જીવથી પમાય છે ખાજ જીવથી પમાતી નથી. શરીરની ચાલવાની અવસ્થા શરીરથી પમાય છે આત્માથી પમાતી નથી. ઈન્જેક્શનની અવસ્થા તેના દ્રવ્યથી પમાય છે હાથથી થતી નથી. ઈન્જેક્શનની અવસ્થા તેના દ્રવ્યથી પમાય છે જીવની ઈચ્છાથી થાતી નથી. આંખની ફરવાની પર્યાય આંખના પરમાણુથી પમાય છે જીવથી થતી નથી રાગની અવસ્થા પોતાના દ્રવ્યથી થાય છે પરથી થતી નથી.

અહીં દ્રવ્યથી રાગ થયો એમ બતાવ્યું છે. આ દર્શનનો (શ્રધ્ધાનો) અધિકાર નથી પણ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. જ્ઞાનતત્ત્વ અધિકાર રાગ વગેરેનું યથાર્થ જ્ઞાન કરાવે છે. દ્રવ્ય પોતે પરમાં અટકે છે તો રાગ થાય છે એમ રાગનું યથાર્થ જ્ઞાન કરાવે છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવના નિર્ણય વિના દ્રવ્ય વડે રાગ થયો એ નિર્ણય હોઈ શકે નહિ. ને રાગની પર્યાયના યથાર્થ નિર્ણય વિના દ્રવ્યનો યથાર્થ નિર્ણય હોઈ શકે નહિ. અહીં પોતાનો સ્વભાવ તો રાગ વિનાનો અને અટક્યા વિનાનો છે, એવું જ્ઞાન કરતાં, પરથી રાગ થાય એવી ભ્રાંતિ દૂર થાય છે અને ધર્મી જીવ પરપદાર્થો, નિમિત્તો, રાગ અને અટકતી જ્ઞાનની દશાનો જ્ઞાતા થાય છે ને તે જ સમ્યક્જ્ઞાન છે.

અહીં રાગ, સમકીત, જ્ઞાન, ચારિત્ર અને કેવળદશા એ બધા પરિણામ આત્માથી થાય છે એમ કહેવું છે કારણ કે જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે તે બધાને જાણે છે.

જીવમાં શુદ્ધતાના પરિણામ પણ ક્રમસર થાય છે તેમાં ઉતાવળ કામ આવતી નથી. શુદ્ધતાના પરિણામ વહેલા થવાના હતા ને મોડા થયા એવું કાંઈ નથી બધું ક્રમસર જ થાય છે.

જ્ઞાનતત્ત્વ અધિકારમાં જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સ્વભાવનો નિર્ણય થતાં રાગ, અધુરી પર્યાય અને નિમિત્તોનું યથાર્થ જ્ઞાન થાય છે. પર્યાયોનું યથાર્થ જ્ઞાન થતાં દ્રવ્યનું યથાર્થ જ્ઞાન થાય છે

દ્રવ્યનું યથાર્થ જ્ઞાન તે દ્રવ્યદૃષ્ટિ છે ને દ્રવ્યદૃષ્ટિનું ફળ સમ્યક્જ્ઞાન અને પ્રથમ ધર્મ છે.

o0o

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૪૭

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ.
અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૬)
૨૪૭૬ આસો વદ ૬ તા. ૧-૧૧-૫૦ બુધવાર

(પ્ર. ગા. ૮૭ આસો વદ ૫ સોમવાર)

દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ભગવાનના જ્ઞાનમાં કેવું આવ્યું તે વ્યવસ્થાની વાત આ ગાથામાં કરી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના યથાર્થ સ્વરૂપનો જેને હજી ઉપદેશ મળ્યો નથી તે ધર્મનો પુરૂષાર્થ કરી શકે નહિ. આવો ઉપદેશ જ્ઞાની પાસેથી સાંભળે અને પછી શ્રદ્ધા કરે તો ધર્મ થાય.

હવે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

(૧) અ. દ્રવ્ય સમાન સોનું પીળાશ ચીકાશ વગેરે ગુણોને અને કુંડલ કડા વગેરે અવસ્થાને પહોંચે છે. સોનો અગર હથોડી કુંડલ કડાની અવસ્થાને પહોંચતા નથી. તેમ આત્મા પોતાના જ્ઞાન દર્શનાદિ ગુણો અને તેની અવસ્થાને પહોંચે છે પણ શરીરના અગર બીજાના ગુણો અને બીજાની અવસ્થાને પહોંચતો નથી.

અજ્ઞાની માને છે કે રોટલા ન ખાધા માટે ઉપવાસને ધર્મ થયો. તેની તે માન્યતા મિથ્યા છે કારણકે રોટલા પોતાની અવસ્થાને પહોંચે છે, તે આત્માને પહોંચતા નથી. આત્મા આત્માની રાગ અગર વીતરાગી અવસ્થાને પહોંચે છે રોટલાની અવસ્થાને પહોંચતો નથી. જુવો રાગ કર્યો માટે રોટલા આવ્યા ને રાગ ન કર્યો માટે ન આવ્યા એમ અજ્ઞાની માને છે. રોટલા ખાવાની ક્રિયા થાય કે ન થાય તેને આત્માની અવસ્થા સાથે સંબંધ નથી પણ રાગ કરે અગર રાગ મંદ કરે તેની સાથે સંબંધ છે. આમ આત્મા તરફ દૃષ્ટિ કરતાં આત્મા રાગરહિત છે એવો નિર્ણય કરે તો રોટલા ન આવ્યા તેનો શરીરનો અને રાગની મંદતાનો જ્ઞાતા રહે છે તેને ધર્મ થાય છે.

(૧) બ. અથવા સોનું પીળાશ ચીકાશ વગેરે ગુણો વડે અને કુંડળ વગેરે પર્યાયો વડે પમાય છે-પ્રાપ્ત થાય છે-પહોંચાય છે તેથી દ્રવ્યસ્થાનીય (દ્રવ્યની જગ્યાએ) સુવર્ણ અર્થ છે.

સોનાને પ્રાપ્ત કરવું હોય તો ચીકાશ પીળાશ વગેરે તેના ગુણોથી તે પ્રાપ્ત થાય છે પણ બીજી વસ્તુના ગુણોથી સુવર્ણ પ્રાપ્ત થતું નથી. તેમ આત્મા તેના દર્શન જ્ઞાનાદિ ગુણો વડે અને તેની પર્યાયો વડે પમાય છે તેથી દ્રવ્ય તે અર્થ છે.

આત્માને પ્રાપ્ત કરવો હોય તો તેના ગુણ પર્યાયો સામે જોશે તો તે પ્રાપ્ત થશે પણ ગુરૂના ગુણ પર્યાયો સામે જોશે અગર પ્રતિમાના ગુણોને અવસ્થા સામે જોશે તો પોતાનો આત્મા પ્રાપ્ત થશે નહિ.

(૨) અ.બ. જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણનો આશ્રય તરીકે પામે છે-પ્રાપ્ત કરે છે અને પહોંચે છે અથવા તેઓ (ગુણો)

આશ્રયભૂત સુવર્ણ વડે પમાય છે-પ્રાપ્ત કરાય છે ને પહોંચાય છે તેથી પ્રકાશ વગેરે ગુણો 'અર્થો' છે.

પ્રકાશ આકાશ વગેરે ગુણો સોનામાં અને સોના વડે પમાય છે. પ્રકાશ આકાશ ગુણો બીજાનો આશ્રય લેતા નથી ને બીજા દ્રવ્યથી પમાતા નથી. તેમ જ્ઞાન દર્શનાદિ ગુણો પોતાના આત્મદ્રવ્યને આશ્રય તરીકે પામે છે-પ્રાપ્ત કરે છે ને પહોંચે છે અથવા ગુણો આશ્રયભૂત આત્મા વડે પમાય છે-પ્રાપ્ત કરાય છે ને પહોંચાય છે તેથી જ્ઞાન દર્શન વગેરે ગુણો 'અર્થો' છે.

જ્ઞાન દર્શનાદિ ગુણોનો આધાર આત્મદ્રવ્ય છે. જ્ઞાન દર્શન આદિ ગુણોનો આધાર નિમિત્ત કે દેવ-ગુરૂ-શાસ્ત્ર નથી તેમજ દયા દાનના પરિણામ કે વર્તમાન પર્યાય પણ તેમનો આધાર નથી. એનો આધાર એક આત્મદ્રવ્ય છે. આત્માના ગુણો આત્મામાં ને આત્મા વડે પમાય છે.

(૩) a. જેમ કુંડળ વગેરે અવસ્થાઓ સોનાને ક્રમ પરિણામથી પામે છે-પ્રાપ્ત કરે છે ને પહોંચે છે તેમ આત્માની વિકારી તથા અવિકારી અવસ્થાઓ આત્માને ક્રમ પરિણામથી પામે છે-પ્રાપ્ત કરે છે ને પહોંચે છે.

દયા દાનાદિના શુભભાવનો સંબંધ આત્મા સાથે છે. પર જીવ બચ્યો તેની સાથે નથી છતાં જે જીવ, દયાના પરિણામથી પર જીવ બચ્યો એમ માને છે તે પુણ્ય તત્ત્વ તેમજ પરના જીવતત્ત્વને સ્વતંત્ર જાણતો નથી કારણ કે પુણ્યનો સંબંધ પોતાના આત્મા સાથે છે. ક્રોધ માન વગેરે અશુભભાવનો સંબંધ આત્મા સાથે છે શરીર કુટુંબ સાથે નથી છતાં જે જીવ શરીર તથા સ્ત્રી વગેરેને લીધે ક્રોધ થયો એમ માને છે તે જીવ પાપ તત્ત્વને જાણતો નથી કારણ કે પાપનો સંબંધ પોતાના આત્મા સાથે છે.

પુણ્ય પાપનો સંબંધ આત્મા સાથે છે એવી સાચી દૃષ્ટિ કરે તો પુણ્ય પાપ વર્તમાનમાં હોવા છતાં દ્રવ્ય તરફ દૃષ્ટિ જાય છે અને દ્રવ્ય પુણ્ય પાપ રહિત છે એવું જ્ઞાન કરતાં પર પદાર્થ ને પુણ્ય પાપનો જ્ઞાતા રહે છે. તે જ ધર્મ છે.

છરીથી શાક સુધારતી વખતે અજ્ઞાની જીવ એમ માને છે કે પોતે ઈચ્છા કરી માટે હાથ ચાલ્યો, હાથથી છરી ચાલી અને છરીથી દુધીનું શાક કપાયું. તે જીવ નવે તત્ત્વો જુદે જુદા છે તેને માનતો નથી.

પોતે ઈચ્છા કરી માટે હાથ ચાલતો નથી કારણકે ઈચ્છા આત્માને પહોંચે છે હાથને પહોંચતી નથી. હાથ ચાલ્યો માટે છરી ચાલી એમ પણ નથી કારણકે હાથની અવસ્થા હાથના પરમાણુને પહોંચી છે પણ છરીને પહોંચી નથી. છરી ચાલી માટે દુધીનું શાક કપાયું એમ પણ નથી કારણ કે છરીની અવસ્થા છરીના પરમાણુને

પહોંચે છે પણ દુધાના પરમાણુને પહોંચતી નથી.

બધા પદાર્થો વ્યવસ્થિત છે સમય સમયની પર્યાયો પોતાના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. આત્મા હોય તો શરીર ચાલે ને આત્મા ન હોય ત્યારે મડદું ચાલતું નથી એમ અજ્ઞાની માને છે તે માન્યતા ખોટી છે.

પરમાણુ ક્રમ પરિણામે હલનચલન રૂપ થાય છે તે હલનચલન રૂપ અવસ્થા પોતાના જડ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે પણ આત્માની સાથે સંબંધ રાખતી નથી. પરમાણુ ક્રમ પરિણામે સ્થિરરૂપ થાય છે તે સ્થિરરૂપ અવસ્થા પોતાના જડ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે પણ આત્માના સ્વભાવ (ઉપયોગ) સાથે સંબંધ રાખતી નથી.

આંગળી કપાતા જ્ઞાન કપાતું નથી કારણ કે આંગળીનો સંબંધ પુદ્ગલ દ્રવ્ય સાથે છે આત્મા સાથે નથી. જ્ઞાનનો સંબંધ આત્મ દ્રવ્ય સાથે છે પણ પુદ્ગલ દ્રવ્ય સાથે નથી.

(૩) દ. કુંડલ વગેરે પર્યાયો સુવર્ણ વડે પમાય છે- પ્રાપ્ત કરાય છે - પહોંચાય છે તેથી કુંડલ વગેરે પર્યાયો અર્થો છે તેમ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં સમજવું.

સમ્યગ્દર્શનાદિની પર્યાય આત્મા વડે પમાય છે - પ્રાપ્ત કરાય છે - પહોંચાય છે. તેથી સમ્યગ્દર્શનાદિ પર્યાયો અર્થો છે.

ધર્મની પર્યાય શુદ્ધ દ્રવ્યથી પમાય છે પણ દેવ-ગુરૂ-શાસ્ત્ર વગેરે નિમિત્તથી કે બહારની ક્રિયાથી પમાતી નથી. મંદીરમાં જતાં પ્રતિમાને જોઈને અગર શ્રવણથી શુભ રાગ થાય છે એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે.

શુભરાગ આત્માથી પમાય છે. પ્રતિમા અગર વાણીથી પમાતો નથી તેવી રીતે જ્ઞાન આત્માથી પમાય છે ગુરૂ-શાસ્ત્ર અગર વાણીથી પમાતું નથી. અજ્ઞાની જીવ હાથ સ્થિર થવાથી કાયોત્સર્ગ થયો માને છે તે અજીવને જીવ માને છે. હાથ સ્થિર થવાની પર્યાય પરમાણુથી પમાય છે તે ઈચ્છાને લીધે નથી. ઈચ્છાને કાયોત્સર્ગ ભાવની પર્યાય આત્માથી પમાય છે હાથથી પમાતી નથી. નવકાર મંત્ર બોલવાની ક્રિયા મારાથી થાય છે એમ અજ્ઞાની માને છે ત્યાં કંઠ આત્માથી ચાલ્યો અને મંત્ર બોલાયો માટે શુભભાવ થયો એમ અજ્ઞાની માને છે. પણ મંત્રની અવસ્થા ભાષા વર્ગણાથી થાય છે હોઠ કે જીભથી થતી નથી કંઠની અવસ્થા તે ઔદારિક શરીરના પરમાણુથી થાય છે જીવની ઈચ્છાથી થતી નથી. શુભભાવની અવસ્થા થઈ તે આત્માથી થાય છે પણ ભાષા કે હોઠથી થતી નથી.

અજ્ઞાની કહે છે કે કર્મનો ઉદય આવ્યો માટે આસ્રવ બંધ થયો અજ્ઞાની સંયોગને જ જુએ છે તે તેનું અજ્ઞાન છે. જડ કર્મની અવસ્થા થઈ તે પરમાણુથી થઈ છે પણ આસ્રવને લીધે થઈ નથી. ભાવ આસ્રવ થયો છે તે આત્માથી થયો છે પણ જડ કર્મને લીધે થયો નથી. આવી રીતે જીવ નિમિત્ત ને સંયોગ ઉપરની દૃષ્ટિ ઉઠાવે ને પોતાના દ્રવ્યમાં પોતે ભૂલ કરે છે એમ સાચું જ્ઞાન

કરે તો દ્રવ્ય તરફ વળે. દ્રવ્યનું જ્ઞાન કરતાં દ્રવ્ય તો શુદ્ધ ને પરિપૂર્ણ છે એવું જ્ઞાન કરતાં પરપદાર્થો અને રાગનું કર્તૃત્વ છૂટી જાય છે. પોતે જ્ઞાતા દૃષ્ટા થાય છે એ સમ્યગ્જ્ઞાન ને ધર્મ છે.

આવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન કરવું તે મોહક્ષયનો ઉપાય છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૪૮

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૬)

૨૪૭૬ આસો વદ ૭ તા. ૨-૧૧-૫૦ ગુરુ


(પ્ર.સાર ગા. ૮૭ પાનું ૧૩૦-૧ આ.વ.૫.)

આ જગતમાં આત્મા અને પરમાણુ વગેરે પદાર્થોની શું વ્યવસ્થા છે તે જે રીતે છે તે રીતે સમજે તો જીવને શાંતિ થાય. અજ્ઞાની જીવ વિપરીત માને તેથી પદાર્થો પોતાનો સ્વભાવ છોડે નહિ અને તેની વિપરીત માન્યતાથી તેને દુઃખ ટળે નહિ. વ્યવસ્થા સ્વયંસિદ્ધ છે? કોઈથી થઈ છે? વર્તમાન અવસ્થા પોતાથી છે કે બીજાથી પલટાય છે? એ બધાનો નિર્ણય કરવો જોઈએ. વસ્તુ સ્વયંસિદ્ધ ન હોય ને બીજાથી હોય તો પોતાનો બગાડ સુધાર પોતાના હાથમાં રહેતો નથી. પરને આધારે થાય એવું વસ્તુસ્વરૂપ નથી. જો આત્મા સ્વયંસિદ્ધ છે તો બગડવું, સુધરવું સ્વયંસિદ્ધ તત્ત્વના આધારે છે બીજાના આધારે નથી. આત્મા અને પરમાણુઓ કોઈના બનાવેલા હોય તો તે સ્વતંત્ર તત્ત્વ રહેતા નથી. ત્રિકાળ સ્વતંત્ર છે તો તેનું વર્તમાન પણ સ્વતંત્ર છે આમ પોતાનો આત્મા સ્વયંસિદ્ધ પદાર્થ નક્કી થાય છે. શાંતિ, શ્રદ્ધા, સુખ અને એકાગ્રતા જોઈતા હોય તો સ્વયંસિદ્ધ પદાર્થમાંથી મળી શકે એમ છે. શ્રદ્ધા શાંતિ, બળ જે ઉલ્ટા થઈ રહ્યા છે તેને સાચા ફેરવવા માગે છે તો તે સ્વયંસિદ્ધ પદાર્થ જેમાં અનંત શક્તિ છે તે તરફ દૃષ્ટિ કરે તો તે ફરે તેમ છે. પદાર્થમાં અનંત શક્તિ ન હોય તો શાંતિ મળી શકે નહિ માટે અનંત શક્તિઓ છે એમ નક્કી થાય છે અને દ્રવ્ય ગુણ હોવા છતાં દ્રવ્યનું વર્તમાન પલટવું કોઈ બીજાને આધારે હોય તો પણ શાંતિરૂપ અવસ્થા પ્રગટી શકે નહિ માટે વર્તમાન પલટવું પણ સ્વતંત્ર છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વયંસિદ્ધ છે એમ જીવ નક્કી કરે તો શાંતિ પ્રગટે. જીવને શાંતિ જોઈએ છે, ધર્મ કરવો છે, સુખી થવું છે તેનો અર્થ એમ છે કે વર્તમાનમાં તે દુઃખી છે અને તે દુઃખ ટાળી તેને સુખી થવું છે. દુઃખરૂપ થવાની તાકાત પોતાની છે ને દુઃખ ટાળી સુખરૂપ થવાની તાકાત પણ પોતાની છે. સુખ શ્રદ્ધા વિર્ય વગેરે શક્તિઓ પોતાની છે. શક્તિનો આધાર પોતાનું ત્રિકાળી દ્રવ્ય છે એટલે ત્રિકાળી દ્રવ્ય ની શક્તિઓ કાયમ રહીને દુઃખ બદલીને સુખ અનુભવી શકે છે. એમ જ્ઞાન કરવું જોઈએ.

પદાર્થો જેમ છે તેમ સર્વજ્ઞે જાણ્યા છે સર્વજ્ઞે કર્યા નથી અગર બીજા કોઈએ પદાર્થો બનાવ્યા નથી. તેના સુખ દુઃખનો આધાર બીજાને આધીન હોય તો પદાર્થનો કોઈ કર્તા હોવો જોઈએ પણ વસ્તુસ્વરૂપ એવું નથી. સુખદુઃખના

પરિણામનો કર્તા જીવ સ્વયં છે તો ત્રિકાળી પરિણામીનો કર્તા કોઈ બીજો હોઈ શકે નહિ. ત્રિકાળી દ્રવ્ય શક્તિ સ્વતંત્ર છે એમ કબુલ કરીને અવસ્થાઓ પલટો પોતાથી થાય છે એમ ભાન કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાનનો ધર્મ થાય છે.

વળી સોનું તેના પીળાશ આકાર વગેરે ગુણો અને કુંડલ કડા વગેરે અવસ્થાથી જુદું નથી અને પીળાશ વગેરે ગુણો તથા કુંડલ વગેરે અવસ્થાઓ સોનાથી જુદા નથી તેથી પીળાશ વગેરે ગુણોનો ને કુંડલ વગેરે પર્યાયોનો સુવર્ણ જ આત્મા છે એટલે કે તે સુવર્ણનું સ્વરૂપ છે સોના સિવાય તે ગુણો ને અવસ્થાઓ બીજે ક્યાંય મળશે નહિ. સોનાની સ્વયં સત્તા ત્રણેમાં વર્તી રહી છે.

તેવી રીતે દ્રવ્ય ગુણ પર્યાયોમાં, ગુણ પર્યાયોનું દ્રવ્યથી જુદાપણું નથી તેથી દ્રવ્ય જ તેમનો આત્મા છે અર્થાત્ દ્રવ્ય જ ગુણો અને પર્યાયોનું સર્વસ્વ-સત્વ છે.

આત્મા ત્રિકાળી દ્રવ્ય, તેની જ્ઞાન દર્શન ચારિત્ર શક્તિઓ અને ક્ષણે ક્ષણે થતી વિકારી કે અવિકારી અવસ્થાઓ એ ત્રણે આત્માથી જુદા નથી, ત્રણે થઈને આત્મા સર્વસ્વ-સત્વ છે.

તેમ રજકણ દ્રવ્ય તેના સ્પર્શ રસ ગંધ વર્ણ શક્તિઓ અને ક્ષણેક્ષણે થતી તેની અવસ્થાઓ એ ત્રણે થઈને પદાર્થ છે.

દ્રવ્ય ગુણ કારણ અને પર્યાય તે કાર્ય. તે સત્વો જુદા નથી ત્રણે થઈને એક સત્વ છે.

આત્માની સાચી કે ખોટી શ્રદ્ધા આત્મા સિવાય બીજે હોય નહિ. એક જીવના ધર્મો બીજા જીવમાં મળે નહિ. અધર્મનો નાશ કરવો હોય અને ધર્મ પ્રગટ કરવો હોય તો કેમ થાય? શક્તિ અને શક્તિવાન જે પોતાનો પદાર્થ છે તેમાંથી તે મળશે. અજ્ઞાની જીવ શાંતિ માટે બહારમાં ફાંફાં મારે છે પર પદાર્થ, લક્ષ્મી, વગેરે મેળવી સુખી થાઉં એમ મિથ્યા કલ્પના કરે છે. જેને સાચું સુખ જોઈતું હોય તેણે પર્યાય, શક્તિ અને શક્તિનો ધરનાર એ ત્રણે અપૃથક્ છે એમ જાણવું જોઈએ અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી જોઈએ.

જડ પદાર્થોની અવસ્થા પલટાય છે પણ તેને દુઃખ નથી. આત્મામાં સુખ ગુણ છે તો તેની વિકૃત અવસ્થારૂપ દુઃખ છે. જડને જ્ઞાન નથી તેથી ભૂલ પણ નથી. આત્મા ભૂલ કરે છે ને દુઃખી થાય છે. આત્મા પોતાનો સુખ સ્વભાવ ભૂલી પરમાં સુખ માની દુઃખી થાય છે. પણ જો આત્મા સુખ, જ્ઞાન, દર્શનાદિ બધા ગુણોને પોતાના દ્રવ્યથી અપૃથક્ માને તો તેને દ્રવ્ય-ગુણ અને પર્યાયના અપૃથક્પણાની દૃષ્ટિ થાય છે, રાગની દૃષ્ટિ રહેતી નથી તે રાગનો જ્ઞાતા માત્ર રહે છે.

આત્મામાં એક શક્તિ નથી પણ અનંત શક્તિઓ છે. ઉંધી શ્રદ્ધા જ્ઞાન, અસ્થિરતા વગેરેને છોડું એવો ભાવ અનંત શક્તિઓ ન હોય તો થાય નહિ. આથી સાબીત થાય છે કે દ્રવ્યમાં અનંત શક્તિઓ છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી અપૃથક્ છે.

દયા, હિંસા, જુઠના ભાવ આત્માનો કાયમનો સ્વભાવ નથી. કાયમનો હોય તો કાયમ રહેવા જોઈએ. દયા વખતે હિંસાના પરિણામ નથી. સંસારના કામ વખતે શુભ પરિણામ નથી પણ બન્ને પરિણામને જાણનાર આત્મા અને શક્તિઓ તો રહે છે. શુભાશુભ ભાવો પલટી જાય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે થઈને એક પદાર્થ છે એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં વિકાર ટળે છે ને ધર્મની અવિકારી દશા પ્રગટ થાય છે.

ઈર્યા સમિતિનો વ્યવહાર ગ્રંથોમાં એવો અર્થ છે કે મુનિએ જોઈને ચાલવું. શરીરને આત્મા ચલાવી શકતો નથી. શરીરના દ્રવ્ય-ગુણ પર્યાય આત્માથી પૃથક્ છે માટે આત્માથી જુદા એવા શરીરને આત્મા ચલાવી શકે નહિ.

આત્મા તો સાતા દ્રષ્ટા ચિદાનંદ સ્વરૂપ છે, પર પ્રાણીને દુભવવાની લાગણી ન થાય એવી રીતે પોતાના સ્વરૂપમાં સાવધાન રહેવું. પર પ્રાણી તરફ જોવાનું નથી પણ પોતામાં જોવું તે પરમાર્થ ઈર્યા સમિતિ છે અને સ્વરૂપના ભાન સહિત વિકલ્પવાળી દશામાં પર પ્રાણી તરફ તીવ્ર દ્વેષ થવા ન દેવો તે વ્યવહાર ઈર્યા સમિતિ છે.

પોતાના કરૂણા ભાવથી સામો જીવ બચતો નથી કારણ કે સામા જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાથી જુદા છે તેથી પર જીવનું આત્મા કાંઈ કરી શકતો નથી. પોતાનો કરૂણાનો ભાવ છે તે પોતાના દ્રવ્યથી અપૃથક્ છે એમ લક્ષ કરતાં કરૂણા ચારિત્ર ગુણની ઉલટી દશા છે એમ ચારિત્ર ગુણ ઉપર દૃષ્ટિ જાય છે અને તે વખતે ચારિત્ર સિવાયના બીજા અનંત ગુણોને ધરનાર દ્રવ્ય છે તે રાગરહિત છે તેના ઉપર દૃષ્ટિ જાય છે તેથી તે કરૂણાનો સાતા રહે છે. આ સમ્યક્ સાન છે.

આંધળા માણસને જડ આંખ ન હોવા છતાં સમ્યગ્દર્શન કરી શકે છે. પોતે દ્રવ્ય ગુણ પર્યાયના અપૃથક્પણાની અવિરોધ વાણી સાંભળી, અંતર ભાન કરી સમકીત પ્રગટ કરે. આખી જીંદગીમાં પોતે જિન ભગવાન કે શાસ્ત્રના દર્શન ન કર્યા હોય તોપણ અંતર ભગવાન આત્માને આ રીતે જાણી શકે છે અને પ્રતિમા જોયાનું ફળ પ્રગટ કરી શકે છે. આંધળા માણસનો વર્તમાન સાન ઉપયોગ સ્પર્શાદિ રૂપી પદાર્થોને ભલે ન જાણી શકે તોપણ તે "હું સાન સ્વભાવી છું" એમ નિર્ણય કરી સ્વાત્માને દેખી શકે છે અને સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે.

ભાવાર્થ:- ૮૬ મી ગાથામાં કહ્યું હતું કે જિન શાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ મોહક્ષયનો ઉપાય છે. અહીં મોહના ક્ષયની વાત લીધી છે, ઉપશમની લીધી નથી. જિન તે સંપ્રદાય નથી પણ ગુણવાચક નામ છે. પરની અપેક્ષા રહિત, રાગ રહિત, વીતરાગી દૃષ્ટિ થવી તે જિન દશા છે. જિન શાસ્ત્રોમાં પદાર્થોની વ્યવસ્થા શી રીતે છે તે સંક્ષેપમાં જણાવાય છે. જિનેન્દ્રદેવે કહ્યું છે કે દ્રવ્યો-ગુણો અને પર્યાયો, પદાર્થો છે. વળી એ ત્રણેમાં ગુણો અને પર્યાયોનો આત્મા

દ્રવ્ય જ છે. આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણ પર્યાયો રૂપે અંશે પણ થતા નથી. સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ પર્યાયોમાં રહે છે. આવું સાચું જ્ઞાન થતાં જડ કર્મો જીવને હેરાન કરે, ને કર્મનો મંદ ઉદય હોય તો ધર્મ થાય-એવી મિથ્યા માન્યતાનો નાશ થાય છે. બહારના સંયોગોમાં ફેરફાર થાય, કે તેના લક્ષે આ રાગ થાય અને તેનું જ્ઞાન થાય તે સર્વનો આત્મા જ્ઞાતા રહે છે. આવી રીતે પદાર્થોની સ્થિતિનું સાચું જ્ઞાન મોહક્ષયમાં નિમિત્ત થાય છે એમ પવિત્ર જિનશાસનમાં કહ્યું છે.

પહેલાં આવો યથાર્થ ઉપદેશ મળવો જોઈએ. અહીં શાસ્ત્રની પ્રાપ્તિ કીધી નથી પણ ઉપદેશની પ્રાપ્તિ કહી છે. સમ્યગ્જ્ઞાની પાસેથી જ દેશનાલબ્ધિ થાય છે. માત્ર શાસ્ત્ર વાંચી લેવાથી દેશનાની પ્રાપ્તિ થતી નથી. જે જીવ મિથ્યાજ્ઞાનીનો ઉપદેશ સાંભળે છે તેને ધર્મની પાત્રતા પણ નથી. પાત્રતા હોય તેને જ્ઞાની મળે છે. ઉપદેશ જિનેશ્વર ભગવાન, મુનિ કે સમ્યગ્જ્ઞાનીનો હોવો જોઈએ. અહીં સાચી દેશના લબ્ધિનો વિવેક કરાવ્યો છે. સાચી દેશનાલબ્ધિ મળવા છતાં પણ પુરુષાર્થ પ્રયોજનભૂત છે. તેથી આચાર્ય ભગવાન પુરુષાર્થ કરે છે.

ગાથા-૮૮

અન્વયાર્થ:- જે જિનના ઉપદેશને પામીને મોહ, રાગ, દ્વેષનો નાશ કરે છે તે જીવ અલ્પકાળમાં સર્વ દુઃખથી મુક્ત થાય છે.

સ્વતંત્ર પદાર્થોનું સ્વરૂપ યથાર્થ જાણી સ્વરૂપની પૂર્ણ વીતરાગ દશા પ્રગટ કરીને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે તે સર્વજ્ઞ વીતરાગ દેવ છે. સર્વજ્ઞ ભગવાનને ઇચ્છા, રાગ દ્વેષ, આહાર ન હોય, શરીર હોય પણ વસ્ત્રપાત્ર ન હોય. શરીરની નગ્નદશા હોય છે. તેવા અર્હંત ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે કે બધા પદાર્થો સ્વતંત્ર અને સ્વયંસિદ્ધ છે. ભગવાન પાસેથી સાંભળેલી આ વાતનો મુનિઓએ ઉપદેશ આપ્યો તે જિનનો જ ઉપદેશ કહેવાય.

ભગવાનની કૃપા થાય તો શિષ્ય તરી જાય અથવા ભગવાન શિષ્યનું કાંઈ કરી દે એવું ભગવાનના ઉપદેશમાં આવ્યું નથી. ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે કે "તું તારો પુરુષાર્થ કરજે. તું આત્મા સ્વયંસિદ્ધ પદાર્થ છો. અમે તથા વાણી તારાથી ભિન્ન છીએ. અમારાથી તારા કલ્યાણની પ્રાપ્તિ થશે નહિ. તારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી અપૃથક્ એવા સ્વપદાર્થ તરફ જોઈશ તો તારું કલ્યાણ થશે. આ ઉપદેશ સાંભળીને તું પુરુષાર્થ ઉપાડીશ તો તારું કલ્યાણ થશે."

આ જ્ઞાનતત્ત્વ અધિકાર છે. તે બધી વસ્તુઓનું યથાર્થ જ્ઞાન કરાવે છે. પૈસા કુટુંબ દેવ-ગુરુ-શાસ્ત્ર પોતાથી પૃથક્ છે પુણ્ય પાપના ભાવ પોતાથી અપૃથક્ છે. અનંતકાળથી પરમાં પોતાપણું માની જીવ રખડે છે. તે પોતે ભૂલ ટાળે તો કલ્યાણ થાય. પરપદાર્થ તે હું નહિ અને રાગદ્વેષ પણ મારું સાચું સ્વરૂપ નથી હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું એમ જ્ઞાન કરી પોતામાં એકાગ્ર થવું તે ધ્યાન અને પુરુષાર્થ છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૪૮

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રા. ૬) ૨૪૭૬ આસો વદ ૮ તા. ૩-૧૧-૫૦. શુક્ર.

(પ્ર. ગા. ૮૮ના પ્રવચનમાંથી) (આ. વ. ૬. બુધ. સવાર.)

ટીકા: આ અતિ દીર્ઘ સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં કોઈપણ પ્રકારે જિનેશ્વરદેવનો આ તીક્ષ્ણ તલવારની ધાર સમાન ઉપદેશ પ્રથમ પ્રાપ્ત કરવો જોઈએ. આત્માની અવસ્થામાં થતા મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ તે સંસાર છે, સંસાર તે બહારના પદાર્થો સ્ત્રી, કુટુંબ દેશ, આદિમાં નથી. પણ "શરીર, સ્ત્રી કુટુંબ, દેશ, આદિનું હું કરી શકું છું. મારું સુખ તેમાં છે' - એવો મમતા ભાવ તે સંસાર છે. અનાદિથી આવા પ્રકારના મિથ્યાભાવ કરીને અજ્ઞાની જીવ ચોરાશીના અવતારમાં રખડે છે, તેમાં કોઈ વખતે મહાદુર્લભ એવું મનુષ્યપણું મળે અને તેમાં પણ સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળી જાય ત્યારે જિનેશ્વરદેવનો કે મુનિનો કે જ્ઞાનીનો ઉપદેશ પ્રત્યક્ષ સાંભળવો જોઈએ.

વર્તમાનમાં તો સાચો ઉપદેશ મળવો જ મુશ્કેલ છે. વીતરાગના નામે શરીરની ક્રિયાથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય - એમ અજ્ઞાની મનાવી રહ્યા છે ને ખોટો ઉપદેશ આપી રહ્યા છે, તે જૈનનો ઉપદેશ નથી. "આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વભાવી છે, શરીર વગેરે પર વસ્તુનો આત્મામાં અભાવ છે, વિકાર ને અધૂરી દશા એ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા તો અખંડ જ્ઞાયકસ્વભાવી છે એવી ઓળખાણ કરી ભ્રાંતિ અને અસ્થિરતાને - જેમ તલવારની તીક્ષ્ણ ધારવડે વસ્તુને છેદી નાખવામાં આવે તેમ - છેદી નાખી વીતરાગદશા પ્રગટ કરવી," આવો ઉપદેશ તે ભગવાનનો ઉપદેશ છે, અને તે ઉપદેશ તીક્ષ્ણ તલવારની ધાર જેવો છે. તીક્ષ્ણ ધારવડે તલવાર જેમ વસ્તુને છેદી-ભેદી નાખે છે તેમ આ ઉપદેશ મિથ્યાત્વ, રાગ, દ્વેષનો નાશ કરવામાં નિમિત્ત છે.

"શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી, દરેકના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદે જુદાં છે," એમ વિકાર અને અવિકાર વસ્તુનો - ભેદજ્ઞાનનો ઉપદેશ તો પણ વર્તમાન પાત્રતાના કારણે અને પૂર્વના પ્રારબ્ધના યોગે મળે છે. આવો ઉપદેશ પામીને પણ જે જીવ મોહ, રાગ, દ્વેષ ઉપર અતિ દૃઢપણે પ્રહાર કરે છે તે જ બધા દુઃખથી વિમુક્ત થાય છે. અહીં "રાગદ્વેષ ઉપર પ્રહાર કરે છે" - તે કથન તો વ્યવહારનું છે. જે જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય છે ને રાગદ્વેષ ઉત્પન્ન કરતો નથી તે "રાગદ્વેષ ઉપર પ્રહાર કરે છે" એમ કહેવામાં આવે છે. વળી અહીં પ્રહાર <u>અતિ દૃઢપણે</u> કહ્યો છે "થોડી પુણ્ય ને નિમિત્તની વાત રાખો, જરા વ્યવહાર હોય તો ધર્મ થાય, થોડું દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન રાખો' - એવી ઢીલી વાત લીધી જ નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતિની અને પુરુષાર્થની દૃઢતા બતાવે છે. શરીર, લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેથી લાભ થાય - એવા મિથ્યાભાવ ઉપર દૃઢ પ્રહાર કરવાનું કહે છે. પ્રથમ મિથ્યાશ્રદ્ધા ઉપર પ્રહાર કરવાનું કહે છે, પછી ચારિત્રની નબળાઈ ઉપર પ્રહાર કરવાનું કહે છે.

આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે તેમાં પૂજા, ભક્તિ, વગેરેના જે વિકલ્પ ઉઠે છે તે બધો

ખબરદાર છે, જ્ઞાનમાં ખબરદાર નથી-આમ જ્ઞાન અને રાગનો ભેદ પાડવો તે સાચો પુરુષાર્થ છે.

મનુષ્યના હાથમાં તલવાર હોવા છતાં પણ જો તે શત્રુઓ પર અતિ જોરથી પ્રહાર કરે છે તો જ તે શત્રુ સંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. તલવાર ઝાલીને ઉભો રહે તો તલવાર કાંઈ કાર્યકારી ન થાય; તેમ ઉપદેશ સાંભળીને જીવ જ્ઞાનની તલવારને મનમાં પકડી રાખે-વિકલ્પમાં પકડી રાખે કે "આત્મા જ્ઞાનસ્વભાવી છે, દયા, દાન વગેરેના વિકલ્પથી ભિન્ન છે."-વગેરે ભગવાને જેવું કહ્યું છે તેવું મનમાં ધારી રાખે પણ વિકલ્પ તોડી, સ્વભાવમાં પુરુષાર્થ કરી ઠરે નહિ, સ્થિર થાય નહિ તો તે ઉપદેશ કાર્યકારી થતો નથી. માટે આચાર્ય ભગવાન કહે છે કે આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી સાચો ઉપદેશ મળવા છતાં પણ જો જીવ પોતાના જ્ઞાન-સ્વભાવનું આલંબન લઈ પ્રતીતિ કરે તો તેનો મોહ નાશ પામે છે. "દેહાદિની ક્રિયા તે મારી નથી, ને જડ કર્મનો ઉદય મને હેરાન કરતો નથી, દોષ થાય છે તે મારા અપરાધથી થાય છે"-એમ પુરુષાર્થ લાવી સ્વભાવમાં ઉગ્રતાપૂર્વક ઠરે તે જીવ રાગદ્વેષનો નાશ કરી સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા બીજી કોઈ ક્રિયાથી-શારીરિક ક્રિયા કે દયા. દાનના શુભભાવથી-રાગદ્વેષનો, સંસારનો નાશ થતો નથી.

જે જીવ પોતાના જ્ઞાનસ્વભાવની કબુલાત કરે છે તે જીવનું સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું છે. "રાગથી લાભ નથી તેમ રાગથી જ્ઞાન નથી, જ્ઞાન તો સામર્થ્યવાન સ્વભાવથી ખીલે છે"-એમ જે જાણે છે તેવા જ્ઞાનીનું જ્ઞાન પર એવા રાગને અસદ્ભૂત વ્યવહાર નયથી જાણે છે. તે જીવ બધા અનુયોગના કથનો બરાબર જાણે છે. કરણાનુયોગમાં-રાગ દશા વખતે કર્મના નિમિત્તોનું જ્ઞાન કરાવ્યું છે, ચરણાનુયોગમાં-શુભભાવ અને શુભભાવ વખતે કેવા નિમિત્તો હોય ને કેવા નિમિત્તો ન હોય તેનું જ્ઞાન કરાવ્યું છે-એમ કથનોનું જ્ઞાન યથાયોગ્ય થાય છે. સ્વને જાણ્યા વગરનું એકલું પર-પ્રકાશક જ્ઞાન-ભલે તે જીવ ચરણાનુયોગ, કરણાનુયોગ કે નવ પૂર્વનું જાણતું હોય તો પણ-સાચું નથી.

ભગવાન શ્રી અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી, છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝુલતા મુનિ હતા તે પુરુષાર્થ ઉપાડવા કહે છે "બધા પ્રયત્નથી મોહનો ક્ષય કરવા હું પુરુષાર્થનો આશ્રય કરું છું". અહીં પુરુષાર્થ એક ગુણનો આશ્રય કરવાનું કહ્યું નથી, પણ અખંડ પરિપૂર્ણ આત્માનો આશ્રય કર્યો તેણે પુરુષાર્થનો આશ્રય કર્યો-એમ કહેવામાં આવે છે. શ્રી અમૃતચંદ્રાચાર્ય તો પાંચમા આરાના મુનિ હતા, પાંચમા આરામાં ક્ષાયિક સમકિત તેમજ ક્ષાયિક ચારિત્ર થતું નથી છતાં મોહનો ક્ષય કરવા પુરુષાર્થ કરું છું એમ કેમ કહ્યું? તેમણે વસ્તુસ્વરૂપમાં લીનતા કરવા પુરુષાર્થ ઉપાડ્યો છે તેથી આ પાંચમો આરો છે-એમ કાળ સામું જોતા નથી, સમકિત ઉપશમ હો કે ક્ષયોપશમ હો-તે પર્યાય સામું જોતા જ નથી તેથી 'મોહનો ક્ષય કરવા પુરુષાર્થ કરું છું'-એમ કહ્યું છે.

આવા ભાવલિંગી મુનિને છઠ્ઠું સાતમું ગુણસ્થાન હજારો વખત આવે છે. તેઓ શરીરની કે રાગની પર્યાયના કર્તા થતા નથી. "વિકલ્પની, વાણીની કે જડની ક્રિયા મારી નથી. તાડપત્ર ઉપર મેં શાસ્ત્ર લખ્યું નથી, આંગળી મારી નથી, વિકલ્પ મારો નથી. હું તો જ્ઞાનસ્વરૂપી છું, એનો જ આશ્રય કરું છું"-એમ આચાર્ય ભગવાન પોતાનો પુરુષાર્થ ઉપાડે છે.

# શ્રી સદ્ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૫૦

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂા. ૬) ૨૪૭૬ આસો વદ ૯ તા. ૪-૧૧-૫૦ શનિ.

(પ્ર. ગા. ૮૯ ના પ્રવચનમાંથી)
(આ. વ. ૭ ગુરુ. સવાર.)

હવે સ્વ-પરના ભેદજ્ઞાનની સિદ્ધિથી જ મોહનો નાશ થઈ શકે છે તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે:-

અન્વયાર્થ:- જે કોઈ આત્મા પોતાને જ્ઞાનસ્વરૂપ જાણે છે અને પર પદાર્થોને પોતપોતાના દ્રવ્યત્વથી સંયુક્ત જાણે છે તે જીવ મોહનો નાશ કરે છે.

ટીકા: પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીર, કર્મ, તેમ જ પર પદાર્થ સાથે સંબંધ નથી તથા પુણ્ય-પાપનો સંબંધ ત્રિકાળી આત્મા સાથે નથી. બીજા જીવ દ્રવ્યનો સંબંધ તેના આત્મા સાથે છે ને પુદ્ગલ દ્રવ્યનો સંબંધ તે પુદ્ગલ દ્રવ્ય સાથે છે.

સ્ત્રી, કુટુંબ, દેવ, ગુરુ, વગેરે એકેંદ્રિયથી લઈ સિદ્ધ સુધીના બધા જીવો પોતપોતાના ચેતનદ્રવ્ય સાથે સંબંધ રાખે છે. બીજા ચેતનદ્રવ્ય સાથે સંબંધ રાખતા નથી. શરીર, મન, વાણી, જડકર્મ એ પર અચેતન દ્રવ્યો છે તે તેના અચેતન દ્રવ્ય સાથે સંબંધ રાખે છે પર જીવ સાથે સંબંધ રાખતા નથી. ગાથામાં <u>યથોચિત</u> શબ્દ કહેલ છે એટલે યથા ઉચિત સંબંધ, જડ ને ચેતન જુદે જુદાં છે એમ સમજવું જોઈએ. આવું નક્કી કરતાં પોતાના જ્ઞાનસ્વભાવ તરફ જોવાનું રહે છે. પર ચેતન અને અચેતન પદાર્થો સામું, વિકાર સામું, અર્હંત ભગવાન સામું કે તેમની વાણી સામું જોવાનું રહેતું નથી, તેમજ કર્મની અવસ્થા તીવ્ર હો કે મંદ હો તેની સામું જોવાનું રહેતું નથી, તેથી પર સામું જોવાની દૃષ્ટિ નાશ પામી

આવી રીતે પોતાના જ્ઞાનનો ને ધર્મનો સંબંધ પોતાના ચૈતન્યાત્મક જીવ સાથે છે એમ નક્કી કરતાં સ્વ-પરનો વિવેક ઉત્પન્ન થાય છે, પોતે જ્ઞાતાદ્રષ્ટા થાય છે ને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. અલ્પ રાગ થાય તેનો પણ જ્ઞાતા રહે છે ને સ્વભાવમાં વિશેષ સ્થિર થતાં સકળ મોહનો નાશ કરે છે.

ચરણાનુયોગમાં રાગ મંદ પાડવાની વ્યાખ્યા આવે છે ને ત્યારે કેવા નિમિત્તો હોય તેનું જ્ઞાન કરાવે છે. નિર્દોષ આહાર, પાણીનો સંબંધ તે તે પુદ્ગલ દ્રવ્યો સાથે છે તેનો સંબંધ આત્મા સાથે નથી. પરને લક્ષે રાગ દ્વેષ કરે તેટલો જીવ સાથે પર્યાયમાં સંબંધ છે પણ ત્રિકાળી દ્રવ્યમાં રાગદ્વેષને પણ સંબંધ નથી. તેમ જ મોરપીંછ, કમંડલ, જિનમંદિર, પંચપરમેષ્ઠિ વગેરે બધા પદાર્થો પોતપોતાના પદાર્થ સાથે સંબંધ રાખે છે, બીજાના જીવ સાથે સંબંધ રાખતા નથી, ને તે પદાર્થોને લક્ષે જે શુભરાગ થાય છે તેનો પણ જીવ જ્ઞાતા રહે છે એટલે ખરેખર જીવનો સંબંધ શુભરાગ સાથે પણ નથી. જીવનો સંબંધ તો માત્ર જ્ઞાતાદ્રષ્ટાની પર્યાય સાથે છે-આવો નિર્ણય કરવો તે સ્વ-પરનો વિવેક છે.

આચાર્ય ભગવાન કહે છે કે "સ્વ-પરના વિવેક માટે હું પ્રયત્નશીલ છું." આચાર્ય ભગવાનને ભ્રાંતિ તો ટળી ગઈ છે પણ જ્ઞાતાસ્વભાવમાં અંતરવલણ કરી વિશેષ સ્થિરતા કરવા પ્રયત્ન કરું છું - એમ આચાર્ય કહે છે. અહીં પ્રયત્નશીલનો અર્થ

હવે સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે:-

## ગાથા ૯૦.

અન્વયાર્થ: સ્વ-પરના ભેદજ્ઞાનથી મોહનો ક્ષય કરી શકાય છે માટે જો આત્મા પોતાને રાગરહિત થવાનું ઈચ્છતો હોય તો જિનેશ્વર ભગવાને કહેલા માર્ગ દ્વારા ગુણોથી સ્વ અને પરને જાણો અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણોથી અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે અને આ પર છે'-એમ વિવેક કરો.

ટીકા:- મોહનો નાશ કરવા માટે જેની બુદ્ધિ તત્પર થઈ છે એવા વિવેકી જનોએ આ જગતમાં શાસ્ત્રને વિષે કહેલાં અનંત ગુણોમાંથી અસાધારણ ગુણોથી સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ઓળખવાં. આ જગતમાં અનંતા જીવો, અનંતા પુદ્ગલો, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને અસંખ્યાતા કાલાણું એમ અનંતા દ્રવ્યો છે. તેમના ગુણોમાંથી જે ગુણ અસાધારણ-વિશેષ હોય તેનાથી તે દ્રવ્યનો વિવેક કરવો. અસ્તિત્વ ગુણ તો બધામાં સમાન છે તેથી તેનાથી દ્રવ્યનો ભેદ પડતો નથી. પણ જ્ઞાનગુણ જીવદ્રવ્યમાં અસાધારણ ગુણ છે બીજાં દ્રવ્યમાં નથી. દરેક જીવનો જ્ઞાનગુણ પોતાના દ્રવ્યમાં છે, ને એક જીવનો જ્ઞાનગુણ બીજા જીવદ્રવ્યમાં નથી. સ્પર્શ, રસાદિ પુદ્ગલમાં છે તે બીજાં દ્રવ્યમાં નથી. આવી રીતે પોતાના ચૈતન્યગુણથી પોતાના દ્રવ્યનો, બીજાના ચૈતન્યગુણથી બીજા ચેતન દ્રવ્યનો અને રૂપી ગુણથી પુદ્ગલ દ્રવ્યનો વિવેક કરવો.

મારું ચેતનદ્રવ્ય છે, સદાય હયાતિ ધરાવતું છે, કોઈથી તેમ જ કોઈ દિવસ નાશ થાય તેવું નથી., તથા કોઈએ મારા દ્રવ્યને બનાવેલ નથી. છે. છે. ને છે. માટે તે સત્ છે. મારા હોવા માટે કોઈ કારણ નથી તેથી અહેતુક છે માટે સ્વયંસિદ્ધ છે. મારું દ્રવ્ય તો અંતર્મુખ પ્રકાશક એટલે મને પોતાને પ્રકાશ કરનાર છે અને બહિર્મુખ પ્રકાશક એટલે મારી જ્ઞાન-શક્તિને લીધે પર પદાર્થોને પ્રકાશ કરનાર છે. મારું દ્રવ્ય તો સ્વ-પર જ્ઞાયક છે. પરની દયા ઈચ્છનાર કે પરની કૃપા ઉપર નભનાર મારું દ્રવ્ય નથી. દરેક આત્મા તેના સ્વ-પર જ્ઞાયક એવા ચૈતન્યગુણ સાથે સંબંધ રાખે છે. બીજાં આત્મા ચૈતન્યગુણવાળા હોવાથી સમાન જાતીય છે અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા પુદ્ગલ દ્રવ્યો અને બીજાં અચેતનદ્રવ્યો બધાય અચેતનગુણવાળા હોવાથી અસમાનજાતીય છે. હું મારા જ્ઞાનગુણથી બીજાં સમાનજાતીય આત્મા અને બીજા અસમાનજાતીય અચેતન દ્રવ્યોને જુદાં જાણું છું. અને એ ચૈતન્યગુણથી હું મારા આત્માને કોઈ કાળ બાકી રાખ્યા વગર સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. હું કર્મના સંયોગ કે પુણ્ય-પાપને ધરતું દ્રવ્ય નથી. નિગોદ અવસ્થા હો કે બીજી ગમે તે અવસ્થા હો કે ગમે તે કાળ હો પણ મેં તો મારા સ્વ-પર પ્રકાશક જ્ઞાયકસ્વભાવને નિત્ય ધારી રાખ્યો છે પણ શરીર, ગતિ, કર્મ, વિકાર, અલ્પ અવસ્થાને મેં ધારી રાખ્યા નથી.

આ રીતે હું મારા આત્માને સકળ ત્રિકાળી ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.
આકાશ તેના સ્વલક્ષણ અવગાહહેતુત્વ વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે.
ધર્મ તેના સ્વલક્ષણ ગતિહેતુત્વ વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે,
અધર્મ તેના સ્વલક્ષણ સ્થિતિહેતુત્વ વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે,
કાળ તેના સ્વલક્ષણ વર્તનાહેતુત્વ વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે,
પુદ્ગલ તેના સ્વલક્ષણ રૂપીપણા વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે.
બીજાં આત્મા તેના લક્ષણ ચૈતન્યપણા વડે સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો છે.

આમ બધાં દ્રવ્યોને હું સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં નક્કી કરું છું.

પુદ્ગલ કર્મ કે શાસ્ત્ર કદી પણ ચૈતન્યપણાને ધરતાં નથી. બીજા આત્માઓ પણ વિકાર, કર્મ કે શરીરને ધરતાં દ્રવ્યો નથી. આવી રીતે દરેક દ્રવ્યનો સંબંધ તેના વિશેષ ગુણ સાથે છે. ચૈતન્યગુણને ચેતન એવા ગુણી સાથે સંબંધ છે એમ ગુણગુણી સંબંધ હું સ્વીકારું છું, ચેતનમાં થતા રાગદ્વેષ-વિકાર કે અલ્પજ્ઞતાને સ્વીકારતો નથી. હું તો માત્ર ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છું - એવી દૃષ્ટિ થતાં પર્યાયદૃષ્ટિનો નાશ થાય છે, ને બીજાને પણ પર્યાયદૃષ્ટિથી લક્ષમાં લેતો નથી. બીજા આત્માઓ પણ ત્રિકાળ ચૈતન્યગુણ ધરતાં દ્રવ્યો છે- એમ સામા જીવને પણ દ્રવ્યદૃષ્ટિથી જોઉં છું.

મિથ્યાત્વ અવસ્થામાં બીજાના અવગુણ જોઈને દ્વેષ થતો ને ગુણ જોઈને રાગ થતો તે પર્યાયબુદ્ધિ દ્રવ્યદૃષ્ટિ થતાં ટળી કારણ બીજાના પર્યાય સામે મારી દૃષ્ટિ નથી, બીજા જીવાત્માઓ પણ જ્ઞાયક ધ્રુવસ્વભાવી છે એવી મારી દૃષ્ટિ થઈ છે. ભેદબુદ્ધિને લીધે સામા જીવમાં અવગુણ ને ગુણના બે ભાગલા પડતા, અને મિથ્યાદૃષ્ટિ, ભવિ. અભવિ. સાધક, મુનિ, સિદ્ધ એવા ભાગલા પડતા પણ એવી ભેદદૃષ્ટિ ટળી જતાં બધાય જીવો પોતાના સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો છે- એવી દ્રવ્યદૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

વળી બીજા જીવના ગુણથી મને ગુણ નથી તેમ જ બીજા જીવના અવગુણથી મને અવગુણ નથી, તેમ જ પર જીવો છે માટે મારું જ્ઞાન પર પ્રકાશક છે -એમ પણ નથી. હું ત્રિકાળ જ્ઞાયકસ્વભાવી છું માટે પર જીવો જણાઈ જાય છે. પર જીવોની હયાતિને લીધે મારો પર પ્રકાશકસ્વભાવ નથી પણ મારા જ્ઞાનસ્વભાવની હયાતિમાં પર જીવો પ્રકાશ પામે છે- એવું ભાન થવું તે સાચો સ્વ-પર પ્રકાશક સ્વભાવ જાણ્યો કહેવાય.

વળી પુદ્ગલ પરમાણુઓ અચેતન રૂપી દ્રવ્યો છે તે તેના રૂપીપણાના વિશેષ ગુણથી સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો છે- એમ નક્કી કરું છું. તેના ગુણને ગુણી સાથે સંબંધ છે. તેની પર્યાય સામે મારે જોવાનું નથી. એટલે કે પરમાણુની પર્યાય સુગંધમય હો કે દુર્ગંધમય હો, ખરબચડો હો કે સુંવાળો હો- મારે તેના પર્યાય સામું જોવાનું નથી- એમ નક્કી કરતાં પર્યાયના ભેદના નિમિત્તે મિથ્યાત્વ અવસ્થામાં રાગદ્વેષ થતાં તે સ્વભાવદૃષ્ટિ થતાં ટળી ગયા. પુદ્ગલદ્રવ્યોને લીધે મારું જ્ઞાન પર પ્રકાશક નથી. હું તો સ્વ-પર પ્રકાશક મારા સામર્થ્યથી નક્કી કરું છું. તેમાં પર એવા જડ પદાર્થો અવસ્થાસહિત જણાઈ જાય છે. આવી વિવેકબુદ્ધિ થતાં સમ્યગ્જ્ઞાન થાય છે ને વિશેષ સ્થિરતા થતાં રાગદ્વેષ ઉત્પન્ન થતાં જ નથી.

તેવી જ રીતે બીજા જીવો અણસમજ કરે કે સમજણ કરે કે રાગદ્વેષ કરે તે સામે મારે જોવાનું નથી કારણ તે જીવો - નિગોદથી સિદ્ધ સુધીના જીવો બધા પોતાના ચૈતન્ય લક્ષણથી સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો છે. "કુટુંબને લીધે અશુભરાગ થાય છે, ભગવાનને જોવાથી શુભરાગ થાય છે અને દેવ-ગુરુને લીધે મને જ્ઞાન થાય છે તથા ભગવાન વગેરે પર જીવો છે તો મને તેનું જ્ઞાન થાય છે"- એવી મિથ્યાબુદ્ધિનો નાશ થાય છે. આમ માન્યતામાં ભાગલા પડતા તે ભાગલા ન પાડતા હું મારા આત્માને ચૈતન્યગુણવડે સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું - એવો વિવેક કરવો તે સમ્યગ્જ્ઞાન છે ને સ્વભાવમાં વિશેષ વિવેક કરી ઠરવું તે વીતરાગતા છે. આચાર્ય ભગવાન આદેશ કરે છે કે "હે બુધજનો! આ પ્રમાણે વિવેક કરો".

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૫૨

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૬) ૨૪૭૬ આસો વદ ૧૧. તા. ૬-૧૧-૫૦. સોમ.

(પ્રવચનસાર ગા. ૯૦ આસો વદ ૯ રાત્રે)

ધર્મી જીવે સ્વ-પરનો વિવેક કરવો જોઈએ. દરેક પદાર્થ તેના વિશેષ લક્ષણદ્વારા ઓળખાય છે. ધર્મ દ્રવ્યને તેના ગતિ હેતુત્વથી, અધર્મ દ્રવ્ય તેના સ્થિતિ હેતુત્વથી, કાળ તેના વર્તના હેતુત્વથી, આકાશ તેના અવગાહન હેતુત્વથી, પુદ્‌ગલો તેના રૂપીપણાથી અને અન્ય આત્માઓ તેના ચૈતન્ય ગુણથી સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો છે. હું મને મારા ચૈતન્ય ગુણવડે ત્રિકાળ ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છું એમ નક્કી કરું છું. શરીર, કર્મ, વિકાર કે અલ્પજ્ઞ અવસ્થાથી નક્કી કરતો નથી. પોતાના સ્વ-પર પ્રકાશક ચૈતન્ય ગુણથી નક્કી કરતાં વિકાર કે અલ્પ અવસ્થા ઉપર દૃષ્ટિ ન રહી. હું તો ત્રણે કાળે, કોઈ કાળ બાકી રાખ્યા વગર સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છું એમ નક્કી થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે દ્રવ્યને ચૈતન્ય લક્ષણથી નક્કી કરતાં તે ધ્રુવ છે એમ શા ઉપરથી નક્કી થાય છે?

સમાધાન:- આ સમાધાન ધ્રુવના આધારે નક્કી થયેલ છે. ભૂતકાળમાં ચૈતન્ય લક્ષણ નહતું અને ભવિષ્યમાં નહિ રહે એમ ચૈતન્યના અનુભવ વખતે ખ્યાલમાં આવતું નથી. દ્રવ્ય વર્તમાનમાં છે, તો જે પદાર્થ છે તે ત્રણે કાળે છેજ. જે પદાર્થ વર્તમાનમાં છે તે ભૂતમાં નહતો અથવા ભવિષ્યમાં નહિ રહે એમ બને નહિ. દ્રવ્યનો કોઈ કર્તા કે હર્તા હોઈ ન શકે. દ્રવ્ય છે એમ કહેતાંજ સકળ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું નક્કી થાય છે. દ્રવ્ય છે એમાં વિકલ્પ ઉઠતો નથી એટલે દ્રવ્યને નિર્વિકલ્પપણે નક્કી કર્યું. દ્રવ્ય છે તો એમને એમ છે. આવી રીતે નક્કી કરતાં રાગ છૂટી જાય છે કોઈ ભેદ રહેતો નથી. ચૈતન્ય ગુણ વડે નક્કી કરતાં પુણ્યના વિકલ્પ વડે નક્કી કરવાનું ન રહ્યું એટલે આ દ્રવ્ય નહતું અને નહિ રહે એવા ભૂત ભવિષ્યના વિકલ્પો પણ રહેતા નથી. એટલે રાગવડે નક્કી કરું એમ પણ રહેતું નથી.

<u>સ્વ-પર પ્રકાશક ચૈતન્ય ગુણ વડે નક્કી કરતાં દ્રવ્યની નિત્યતા અને જ્ઞાન સ્વભાવ નિર્વિકલ્પ છે એમ પ્રતીતિ થાય છે.</u>

ચૈતન્ય ગુણ વડે મારું દ્રવ્ય સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય છે એમ નક્કી કરું છું માટે હું આકાશ નથી, ધર્મ નથી, અધર્મ નથી, કાળ નથી, પુદ્‌ગલ નથી અને બીજા આત્મા રૂપે પણ હું નથી. પણ છ દ્રવ્યો મારામાં નથી એવો વિકલ્પ કરવો પડતો નથી પણ અહીં સમજાવવા માટે કથન કરેલ છે. પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ જાણ્યો એટલે મારા પર પ્રકાશક સ્વભાવમાં તે તે દ્રવ્યો જણાય છે. તે તે દ્રવ્યો તે તે રૂપે છે અને મારામાં નથી એમ મારા જ્ઞાનસ્વભાવની પરપ્રકાશક શક્તિમાં જણાઈ જાય છે. તે તે દ્રવ્યો છે માટે મને પર પ્રકાશક જ્ઞાન છે એમ નથી અને તે તે દ્રવ્યોને મારાથી ભિન્ન જાણવા માટે વિકલ્પ કરવો પડે એમ પણ નથી

મારા જ્ઞાન સ્વભાવની સ્વ-પર પ્રકાશક શક્તિમાં નિર્વિકલ્પપણે છ દ્રવ્યોની મારામાં નાસ્તિ છે એમ જણાઈ જાય છે.

ઓછા ઉઘાડવાળા કોઈ તિર્યંચ વગેરે તથા શિવભૂતિ મુનિ સમ્યગ્દષ્ટિ હતા તેઓ પાંચ દ્રવ્યોના નામ અગર વિશેષ ભેદો ન જાણતા હોય તોપણ તેઓને સ્વનું જ્ઞાન થયું છે એટલે સ્વ-પર પ્રકાશક શક્તિ ખીલી છે તેમાં સ્વ સિવાય બીજા બધા દ્રવ્યો પર છે અને પરની પોતામાં નાસ્તિ છે એવી પર પ્રકાશક જ્ઞાનની શક્તિ સ્વના સામર્થ્ય વડે ખીલી ગઈ છે તેથી તેવા સમ્યગ્દષ્ટિ તિર્યંચોને પણ છ દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન વર્તે છે.

જેમ ઘણા દીવાના પ્રકાશો એક જ ઓરડામાં ભેગા રહેલા હોય તો સ્થૂળ દૃષ્ટિથી જોતાં તેઓ એક બીજામાં મળી ગયેલા ભાસે છે, તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારપૂર્વક જોતાં તો તે પ્રકાશો ભિન્ન ભિન્ન જ છે- એકમેક થયા નથી (કારણ કે એક દીવો બુઝાઈ જતાં તેજ દીવાનો પ્રકાશ નષ્ટ થાય છે અન્ય દીવાના પ્રકાશો નષ્ટ થતા નથી) તેમજ જીવાદિ અનેક દ્રવ્યો એક જ ક્ષેત્રમાં રહેલા છે તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં તેઓ ભિન્ન ભિન્ન જ છે - એકમેક થયા નથી. એટલે મારૂં ચૈતન્ય મારા સ્વરૂપથી એક-મેક રહેલું થકું મને બીજા દ્રવ્યોથી પૃથક્ જણાવે છે.

આ પ્રમાણે જેણે સ્વ-પરનો વિવેક નક્કી કર્યો છે એવા આત્માને વિકાર ઉત્પન્ન થતો નથી. ગાથા ૮૮-૮૯માં "મોહનો ક્ષય કરવાનો પુરુષાર્થ કરૂં છું" એમ કહેલું હતું અહીં ૯૦ મી ગાથામાં એમ કહ્યું કે "હું મારામાં રહું છું" એટલે મોહ ઉત્પન્ન થતો નથી.

સ્વ-પરના વિવેકથી દયા દાનના ભાવ મારા સ્વભાવમાં નથી એમ નક્કી થયું અને દયા દાનાદિના ભાવ પર પ્રકાશક જ્ઞાનમાં જણાઈ ગયા. મારે નવા જાણવાના રહેતા નથી, બાકી રહેલો રાગ પણ જાણવા માટે છે. રાગથી મારૂં દ્રવ્ય નક્કી થતું નથી અને પરને લઈને રાગ થતો નથી હું તો સ્વ-પર જ્ઞાયક દ્રવ્ય છું તેમાં સ્વ શક્તિની સાથે પર એવા રાગદ્વેષ જણાઈ જાય છે.

**પ્રશ્ન:-** આચાર્ય તો હજી સાધક અવસ્થામાં છે તેમને અસ્થિરતાનો અલ્પ રાગ છે છતાં "મોહ ઉત્પન્ન થતો નથી" એમ કેમ લખ્યું?

**સમાધાન:-** ચૈતન્ય લક્ષણથી પોતાના દ્રવ્યને નક્કી કરતાં નિર્મળ પર્યાય પોતામાં અભેદ થાય છે તેની મુખ્યતા છે મહાવ્રતના શુભ રાગની મુખ્યતા નથી. સ્વ તરફ ઢળતાં સ્વ-પર પ્રકાશક શક્તિ વિશેષ ખીલતી જાય છે. અલ્પ રાગ થાય છે તે ગૌણ છે. પર એવા રાગનું જ્ઞાન કરે છે તે પણ જ્ઞાતા તરફ રહીને જ કરે છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાન ઉત્પન્ન થઈને વધે છે તેને જ ભાળે છે. પર પદાર્થો તથા રાગ છે માટે જ્ઞાન વધતું નથી પણ ત્રિકાળ ધ્રુવત્વ ધરતા દ્રવ્યના આશ્રયે જ્ઞાન ખીલે છે. વ્યવહારના કારણે જ્ઞાન નથી એમ અહીં સાબીત કર્યું છે. તો વ્યવહારથી દ્રવ્યને લાભ થાય તે વાત તો ઘણી દૂર રહી ગઈ.

ભાવાર્થ:- સ્વ-પરના વિવેકથી મોહનો નાશ કરી શકાય છે તે સ્વ-પરનો વિવેક અર્હંત ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણીમાંથી રચેલ

જિન શાસ્ત્રોદ્વારા સ્વ-પરના લક્ષણો યથાર્થપણે ઓળખવાથી કરી શકાય છે.

લક્ષણ અને સ્વરૂપ જુદી વસ્તુઓ છે. સ્વરૂપમાં દ્રવ્યના સામાન્ય અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ગુણો, જીવના જ્ઞાન દર્શનાદિ વિશેષ ગુણો, અર્થ પર્યાય વ્યંજન પર્યાય વગેરે બધું આવી જાય છે. લક્ષણ તો દ્રવ્યનો વિશેષ ગુણ છે. દ્રવ્ય તેના લક્ષણ દ્વારા એટલે કે ચેતન દ્રવ્ય એના ચૈતન્ય લક્ષણથી આખું દ્રવ્ય સામાન્ય વિશેષ ગુણો તથા ત્રણે કાળની અર્થ અને વ્યંજન પર્યાયો સહિત જાણી શકાય છે. તેવી રીતે પુદ્ગલનું સ્વરૂપ તેના સામાન્ય વિશેષ ગુણો અને અર્થ વ્યંજન પર્યાયો સહિત જાણી શકાય છે.

આ પહેલાની ગાથામાં સાક્ષાત્ ઉપદેશ સાંભળવાનું કહ્યું હતું અહીં આગમદ્વારા પદાર્થોને નક્કી કરવાનું કહ્યું. એટલે ઉપદેશ ન હોય ત્યારે શાસ્ત્રદ્વારા નિર્ણય કરવો.

ભગવાને પદાર્થોનું સ્વરૂપ કર્યું નથી પણ જેવું છે તેવું જાણીને કહ્યું છે.

જિનેશ્વર ભગવાને કહેલા અર્થોના શ્રદ્ધાન વિના ધર્મલાભ થતો નથી. આત્માનો સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવ નક્કી કરતાં સ્વ ને પરનું યથાર્થ જ્ઞાન થાય છે. તે વિના શુદ્ધાત્માનો અનુભવ થતો નથી એમ આચાર્યદેવ ન્યાયપૂર્વક વિચારે છે.

ગાથા ૯૧

અન્વયાર્થ:- જે જીવ શ્રમણપણામાં આ અસ્તિત્વવાળા ભિન્નભિન્ન પદાર્થોને શ્રદ્ધતો નથી તે શ્રમણ નથી. તે શ્રમણાભાસને ધર્મ ઉદ્ભવતો નથી.

અહીં મુનિની પ્રધાનતાથી વાત કરી છે પણ તે બધા જીવોને લાગુ પડે છે. આ જગતમાં છ દ્રવ્યો અસ્તિ ધરાવે છે ને તે બધા ભિન્નભિન્ન લક્ષણવાળા છે. આત્માની સ્વ-પર પ્રકાશક શક્તિને લીધે બધા દ્રવ્યોનું સ્વરૂપ નક્કી થાય છે. અજ્ઞાની જીવ રોટલા છુટ્યા માટે ધર્મ થયો માને છે. શરીરને તો ખબરેય નથી કે રોટલા આવ્યા કે નથી આવ્યા. જીવની ઈચ્છા શું હતી એની પણ શરીરને ખબર નથી. જે જે દ્રવ્યોના જે જે લક્ષણો હોય તેના વડે તેને નક્કી કરવા જોઈએ. આત્મા પોતાના ચૈતન્ય લક્ષણથી ઓળખાય છે. ત્યારપછી તે પર પદાર્થોને યથાર્થ જાણી શકે છે. આત્મા પર પદાર્થોને ગ્રહતો છોડતો તો નથી પણ પર પદાર્થની સન્મુખ રહીને તેને જાણતો નથી સ્વ સન્મુખ થતાંજ શરીરાદિનું યથાર્થ જ્ઞાન થઈ શકે છે. શરીર, મન, વાણી અને બાહ્ય જડ પદાર્થો સ્વરૂપ સત્તા સંયુક્ત છે તેને નજીક લાવું, છોડું અગર તેમાં ફેરફાર કરું એમ જે જીવ માને છે તેણે પર પદાર્થોની સત્તાનો પોતાની માન્યતામાં નાશ કર્યો છે. અને પર પદાર્થોને ફેરવી નાખવાનું માનનાર જીવે પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનનો નાશ કર્યો છે એટલે કે પોતાની સત્તાનો માન્યતામાં નાશ કર્યો છે એટલે તે જીવે સ્વની કે પરની સ્વરૂપ સત્તા માન્ય રાખી નથી.

ટીકા:- આ દ્રવ્યો સાદ્રશ્ય અસ્તિત્વ વડે સમાનપણું ધરે છે એટલે કે હોવાપણાની અપેક્ષાએ છ એ દ્રવ્યો સમાન છે એટલે કે નિગોદનો જીવ અને સિદ્ધનો જીવ તેમજ પુદ્ગલાદિ સર્વ દ્રવ્યો હોવાપણાની અપેક્ષાએ સમાન છે. છતાં દરેક દ્રવ્ય પોતાના સ્વરૂપની અપેક્ષાએ જુદા જુદા હોય છે. સ્વરૂપની અપેક્ષાએ જીવ અને પુદ્ગલ તો જુદા છે જ પણ જીવે જીવ પણ જુદા છે. બધા સિદ્ધના જીવો હોવાપણાની અપેક્ષાએ સમાન છે પણ સ્વરૂપ અપેક્ષાએ એક સિદ્ધનો જીવ તે બીજા સિદ્ધનો જીવ નથી. કેટલાક માને છે કે મોક્ષ થયા પછી બધા જીવો એકમાં મળી જાય છે તે વાત ખોટી છે. દરેક સિદ્ધનો જીવ સ્વરૂપ અસ્તિત્વથી જુદો છે તેવીજ રીતે બટાટાની એક કણીમાં નિગોદના અનંત જીવો છે. અનંત જીવો હોવાપણાની અપેક્ષાએ સમાન છે પણ સ્વરૂપ અસ્તિત્વની અપેક્ષાએ તે શરીરના બધા જીવો ભિન્ન ભિન્ન છે.

તેવીરીતે કાર્મણ વર્ગણામાં કર્મ થવા યોગ્ય પરમાણુઓ હોવાપણાની અપેક્ષાએ સમાન છે પણ સ્વરૂપ અસ્તિત્વની અપેક્ષાએ સૌ જુદે જુદા છે.

આવી રીતે જ જીવ સ્વ-પર પ્રકાશક જ્ઞાનના નિર્ણય વિના સ્વ અને પરના ભાગલા પાડીને શ્રદ્ધતો નથી, જાણતો નથી. તેવા જીવને સાચી દીવાળી થાય નહિ કેમ કે તેનો ઢાળ એટલે સ્વકાળ પોતા તરફ વળતો નથી. સ્વકાળ થયા વગર કોઈને ધર્મ થતો નથી.

જે શ્રમણ એમને એમજ એટલે સમજણ કર્યા વગર દ્રવ્ય મુનિપણું ધારણ કરે છે અને પોતાના આત્માને ફટ આપે છે તો પણ તે ખરેખર શ્રમણ નથી તેને ધર્મનો લાભ થતો નથી.

અહીં એમને એમજ શબ્દો ઉપર વજન છે. આ ચેતન કોણ છે? શરીર શું છે? કર્મ શું છે? આત્મા પર પદાર્થોને મદદ કરી શકે કે નહિ ને પર પદાર્થની સહાયથી આત્મામાં ધર્મ થાય કે નહિ એવો કાંઈ પણ જ્ઞાનમાં નિર્ણય કર્યા વગર ઓઘિક ધર્મની માનેલી ક્રિયા કરવા માંડે છે તે જીવ એમને એમજ સમજ્યા વગર ધર્મના નામે વ્રત પડિમા ધારણ કરે, બાહ્ય ક્રિયાકાંડ કરે તો પણ તેને ધર્મ થતો નથી. જેમ સટ્ટાનો વેપારી ઉશ્કેરણીમાં આવી જઈને ગમે તેમ ઝંપલાવે છે અને પૈસે ટકે ખુવાર થાય છે તેમ અજ્ઞાની જીવ ધર્મના નામે સાચું સમજ્યા વિના ક્રિયાકાંડની ઉશ્કેરણીમાં ઝંપલાવે છે. તે જીવ કેવળ ખેદખિન્ન થાય છે તેને અંશમાત્ર પણ ધર્મ થતો નથી.

— x —

(પ્ર.સાર ગાથા ૮૧
આસો વદ ૧૦ રવિવાર)

આ જગતમાં અનંતા જીવો, અનંતાનંત પુદ્ગલો, અસંખ્યાત કાલાણુ અને એકેક ધર્મ, અધર્મ, આકાશ એમ છ દ્રવ્યો છે. છ હોવાપણાની અપેક્ષાએ સમાન છે પણ સ્વરૂપ અસ્તિત્વવડે દરેક દ્રવ્ય જુદું છે. જીવ પોતાના ચૈતન્ય લક્ષણથી ઓળખાય છે અને અજીવ પદાર્થો અચેતનપણાથી ઓળખાય છે. એમ સ્વને અને પર એવા બાહ્ય જીવ શરીર, મન, વાણી કર્મ વગેરેનો ભાગ પાડીને જે જાણતો નથી, શ્રદ્ધતો નથી તે મુનિ સમજણ વગરના ક્રિયાકાંડથી પોતાના આત્માને દમે છે. અહીં મુનિની મુખ્યપણે વાત લીધી છે તેમાં શ્રાવકની વાત ગૌણપણે આવી જાય છે. જેમ ગોળ ગળપણનો પિંડ છે તેમ આત્મા જ્ઞાનનો પિંડ છે. શરીર, મન, વાણી જડ પર છે. દેવ-ગુરુ-શાસ્ત્ર કુટુંબ વગેરે પણ પર છે. પુણ્ય પાપના ભાવ વિકાર છે તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી એમ જે મુનિ અગર શ્રાવક ભેદજ્ઞાન કરતો નથી તેને ધર્મ થતો નથી. તે શ્રમણાભાસ અગર શ્રાવકાભાસ છે.

પ્રશ્નઃ- એવી અજ્ઞાનની ક્રિયા કરતાં આનંદ આવતો હોય તો વાંધો નથીને?

જવાબઃ- હરખ સન્નિપાતનો રોગી પોતાના રોગમાં ખડખડાટ હસે છે તે સાચું હસવું અને સુખ નથી. તેને ખબર નથી તેથી કાંઈ તે નિરોગી કે સુખી કહેવાતો નથી તેમ અજ્ઞાની બાહ્ય ક્રિયાકાંડમાં આનંદ માને પણ તે આનંદ નથી. જ્ઞાની તેને સુખી કહેતા નથી.

સોનીની દુકાનની સામેની ધૂળધોનારાને (ધૂળધોયાને) ધૂળ અને સોનાના તફાવતની ખબર ન હોય તો સોનું હાથ લાગે નહિ. સોનેરી પરાની કાચની બંગડીની સોનેરી રંગવાળી કટકીઓ પડી હોય તો તેને તે પોતાના અજ્ઞાનના કારણે સોનું માની લે છે. તે આખો દિવસ મહેનત કરે, મોઢામાં, આંખમાં, નાકમાં, કાનમાં અને હાથપગ વગેરે આખા શરીરે ધૂળધૂળ

ભરાઈ રહે છે. આટલી આટલી મહેનત કરે છે. અજ્ઞાનને કારણે સોનેરી કાચના ગંગડીના ટુકડાને સોનું માની ભેગા કરે છે. પણ તેની મહેનત નકામી જાય છે ને સોનું પ્રાપ્ત થતું નથી; તેમ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે શરીરની કે પુણ્યની ક્રિયામાં ધર્મ માની, ઉપવાસ, વ્રત પડિમા વગેરે ધારણ કરી પાંચે ઇંદ્રિઓદ્વારા વિષયોને મંદ કરતો દેખાય છે. શરીર તો સાક્ષાત્ ધૂળ છે ને પુણ્યના ભાવ ગંગડીના પીળા કટકા જેવા છે. આત્મા તો અંદર સોનાની ધાતુ જેવો ચૈતન્ય ધાતુ છે, રાગરહિત, ચિદાનંદ સ્વરૂપ છે. તેની ઓળખાણ વગર તેને ધર્મલાભ થતો નથી. કોઈ વેપારી ઘણા ખોટા રૂપિયા ભેગા કરે તો જેલની સજાને પાત્ર છે તેમ જે અજ્ઞાની ક્રિયાકાંડ વગેરે ખોટી સમજણથી ધર્મના નામે કરે તો આત્માનો તીવ્ર વિરોધ કરીને ક્રમે કરીને તે નિગોદની જેલને પામે છે. હીરાના વેપાર નો અજ્ઞાની રૂ.૯૦,૦૦૦નો હીરો રૂ.૬૦,૦૦૦માં વેચી નાખે તો મૂર્ખ છે તેમ સૂક્ષ્મ ચૈતન્ય હીરાને પુણ્યના પરિણામમાં વેચી નાખે તો મૂર્ખ કહેવાય છે.

ભાવાર્થ:- જે મુનિ પાંચ મહાવ્રત તથા અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન કરે છે છતાં પોતાનો જ્ઞાનસ્વભાવ શરીરાદિ બાહ્ય પદાર્થોથી જુદો, પુણ્ય-પાપના ભાવોથી રહિત તથા અખંડ જ્ઞાન જેટલો પણ નથી- એમ માનતો નથી, તેમજ પોતે અસંગ, અખંડ ચૈતન્ય દ્રવ્ય છે એવી શ્રદ્ધા કરતો નથી તે સાચો મુનિ નથી. અંતર ચેતન દ્રવ્યની નિશ્ચય પ્રતીતિ વગર સામાયિક એટલે આત્મામાં સ્થિરતારૂપી સમતાભાવ હોઈ શકે નહિ. શ્રાવકોને સામાયિક હોય છે. મુનિઓને વીતરાગ ભાવમાં લીનતારૂપી પરમ સામાયિક હોય છે. જે મુનિઓને ચાર જ્ઞાનના ધણી એવા ગણધર ભગવાન પણ નવકારમંત્રમાં નમસ્કાર કરે છે- એવા મુનિઓએ ઇંદ્રિયોના વિષયો જીતી પરમ સામાયિક સંયમરૂપ ચારિત્રદશા પ્રગટ કરી હોય છે. દ્રવ્ય લિંગી મુનિઓ, આત્માનું ભાન નહિ હોવાને કારણે, પરમ સામાયિક સંયમ પ્રગટાવી શકતા નથી. જેમ ધૂળધોયાને ધૂળ અને સોનાના તફાવતનું જ્ઞાન નહિ હોવાથી ગમે તેટલી મહેનત કરવા છતાં સોનાની પ્રાપ્તિ થતી નથી તેમ દ્રવ્યલિંગી મુનિ શરીરની અને પુણ્યની ક્રિયા કરી પરીષહ સહન કરી ઘણા કષ્ટ ઉઠાવે છે છતાં તેને ધર્મની પ્રાપ્તિ થતી નથી.

ભરત મહારાજાને રાજ્ય દશામાં ઘણો પરિગ્રહ હોવા છતાં અંતર ભાન હતું તેમ સંસાર દશામાં શ્રાવકો પણ સાચું ભાન કરી શકે છે. ચૈતન્ય તત્ત્વના ભાન વિના જે શ્રાવક ક્રિયાકાંડમાં ધર્મ માને છે તે સાચો શ્રાવક નથી. તેને ધર્મલાભ થતો નથી.

હવે આચાર્ય ભગવાન ઉપસંહાર કરે છે.

મન, વાણી, દેહ અને પુણ્ય-પાપ એ મારા સ્વરૂપમાં નથી. અનુકૂળ પ્રતિકૂળ સંયોગોને જાણવા દેખવા તે જ સમતાભાવ છે ને સમતા ભાવથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે- એમ પાંચમી ગાથામાં કહ્યું હતું. આત્મસ્વભાવના ભાન સહિત અંતર રમણતા તે ચારિત્ર છે ને તે જ ખરેખર ધર્મ છે. ધર્મ તે જ સામ્ય છે. વીતરાગી દશા સામ્યભાવ છે. બાહ્ય

પોતાને લાકડી મારે ત્યારે પણ ક્રોધ ન કરવો તે ખરેખર સમતા નથી. આત્માના જ્ઞાનસ્વભાવમાં રમણતા કરતાં શાંતિ પ્રગટે છે તે સમતા છે એમ સાતમી ગાથામાં કહ્યું હતું. દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તેમય છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. તેથી ધર્મપરિણત આત્મા ધર્મ જ જાણવો એમ આઠમી ગાથામાં કહ્યું હતું. આત્માને ધર્મરૂપ બનાવવાનું કાર્ય સાધવા માટે દાનાદિ શુભભાવ ને હિંસાદિ અશુભભાવ એ બન્ને રહિત શુદ્ધોપયોગ તે મોક્ષના સાધનભૂત છે એમ અગ્યારમી ગાથામાં બતાવ્યું હતું. ત્યારપછીની ગાથાઓમાં બતાવ્યું હતું કે શુદ્ધોપયોગના વિરોધી શુભાશુભ ઉપયોગ છોડવા જેવા છે. પોતાના જ્ઞાનસ્વભાવમાં નિર્વિકલ્પ ઠરવું ને આત્મામાં રાગરહિત શાંતિ થાય તે શુદ્ધોપયોગનું સ્વરૂપ છે. શુદ્ધોપયોગના પ્રસાદથી આત્મામાં ઊપજતા સહજ જ્ઞાન અને આનંદને સમજાવતાં જ્ઞાનનાં સ્વરૂપનો ને સુખના સ્વરૂપનો વિસ્તાર કર્યો હતો અને ઇન્દ્રિય જ્ઞાન તથા ઇન્દ્રિય સુખ છોડવા જેવા છે એમ પણ કહ્યું હતું.

હવે આચાર્ય ભગવાન કહે છે કે આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું તે કાર્ય, પુણ્ય પાપના ભાવો છોડીને, અંતરમાં વીર્ય વાળીને શુદ્ધોપયોગથી સાધ્યું છે અને કોઇ પણ જાતની પરની સ્પૃહા વગર આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિને હું પામ્યો છું એટલે કે આત્માની પ્રતીતિ તે સમ્યગ્દર્શન, આત્મામાં રાગરહિત વેદન તે સમ્યગ્જ્ઞાન ને આત્મામાં રમણતા તે સમ્યક્ ચારિત્ર એવી પ્રવૃત્તિ પામીને આનંદ આનંદ થઇ રહ્યો છું. અહીં આત્મતૃપ્ત અને કૃતકૃત્યતાને પામેલ છે એમ કહેલ છે તેનો અર્થ એ છે કે આચાર્ય ભગવાનને સ્વરૂપના આનંદનો નશો ચડી ગયો છે ને અલ્પકાળમાં સિદ્ધદશા પ્રાપ્ત કરવાના છે. પૈસા મળે, બૈરાં સારા મળે વગેરે અનુકુળતા હોય તો બાદશાહી મળી એમ લોકો માને છે. પણ તે તો ઉકરડા છે તેમાં કાંઈ માલ નથી.. આત્માના શાંત અનાકુળ રસમાં લીનતા કરવી તે કૃતકૃત્યતા છે.

આચાર્ય ભગવાન આગળ કહે છે કે હું અત્યંત અનાકુળ થયો છું. હું જ્ઞાન છું, દર્શન છું એવા ભેદ ને વિકલ્પોનો નાશ કર્યો છે તેથી હું સ્વયં સાક્ષાત્ ધર્મ છું.

કોઇ પ્રશ્ન કરે કે આચાર્ય ભગવાને પોતાનું કાર્ય સાધી લીધું એમ કહ્યું તો આ ભવ પછી તો સ્વર્ગમાં રહેવાના છે ને!

સમાધાન:- તે સ્વર્ગમાં રહેવાના જ નથી. પોતે આત્મામાં જ રહેવાના છે. તેમણે સિદ્ધનો ટિકિટ લીધી છે.

વળી કોઇ પ્રશ્ન કરે કે ગાથા લખાણી ત્યારે તો વિકલ્પ હતો છતાં વિકલ્પનો નાશ કર્યો એમ કેમ કહ્યું છે?

સમાધાન:- અસ્થિરતાનો વિકલ્પ ઉઠ્યો છે તેનું જ્ઞાન કરી લીધું છે. તાડપત્ર ઉપર લખવાની ક્રિયા તો જડના કારણે થઇ છે. આચાર્ય ભગવાનની દૃષ્ટિ તો પોતાના સ્વભાવમાં સ્થિરતા કરવા ઉપર છે, વિકલ્પ ઉપર છે જ નહિ તેથી વિકલ્પોનો નાશ કર્યો છે એમ કહ્યું છે.

# શ્રી સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ

દૈનિક પ્રસાદ નં. ૫૪

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ.
અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૩)
૨૪૭૬ આસો વદ ૧૩. તા. ૮-૧૧-૫૦. બુધ.


(પ્ર. સાર ગાથા ૯૨ આસો વદ ૧૧)

અન્વયાર્થ:- જે મુનિ શાસ્ત્રમાં કુશળ છે એટલે કે ભગવાનની દિવ્યધ્વનિમાં આવેલ ઉપદેશને યથાયોગ્ય જાણે છે ને પૂર્વાપર અવિરોધ વાત બરાબર ખ્યાલમાં લે છે, શરીરની કે પુણ્યની ક્રિયાથી ધર્મ માનવાની મોહદૃષ્ટિનો જેણે નાશ કર્યો છે અને જે પોતાના સ્વભાવમાં લીનતારૂપ ચારિત્રમાં આરૂઢ છે તે મહાત્મા મુનિને શાસ્ત્રમાં ધર્મ કહેલ છે. અહીં પાંચ મહાવ્રત કે અઠ્ઠાવીસ મૂળગુણમાં આરૂઢ છે એમ કહ્યું નથી કારણ કે તે તો વિકાર છે. તે વિકલ્પનો અભાવ કરી જ્ઞાતાદૃષ્ટા આનંદ સ્વભાવમાં લીન થયા તે મુનિ છે.

એક જગ્યાએ કહ્યું છે કે 'ધર્મ ધર્મ સૌ કોઈ કહે, ધર્મનો જાણે ન મર્મ.'

નાના છોકરા હાથમાં લીંબોળી રાખે ને તેને ઉંચા નીલમ માને તો કાંઈ લીંબોળી નીલમ થાય નહિ તેમ અજ્ઞાનીઓ પુણ્યની કે શરીરની ક્રિયાને ધર્મ માને તો તે ધર્મ કહેવાય નહિ. તીર્થંકર ભગવાનના તો શાસ્ત્રમાં મુનિની અંતરદશાને ધર્મ કહ્યો છે.

ટીકા:- આ આત્મા પોતે ધર્મરૂપે થાય એજ ખરેખર ભાવના છે સ્વર્ગાદિ મળો એવી ભાવના ભાવી નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેવી રૂચિ છોડીને શરીરની અને પુણ્યની ક્રિયામાં રૂચિ ને પરમાં સાવધાની તે જ બહિર્મોહદૃષ્ટિ છે. આ બહિર્મોહદૃષ્ટિ આત્માને ધર્મ થવામાં વિઘ્ન કરનારી છે. કુદેવ-કુગુરૂ-કુશાસ્ત્ર, આકરા કર્મ, પ્રતિકુળ સંયોગો કે કુટુંબ કબીલા ધર્મને વિઘ્ન કરનારા લીધા નથી. જીવના સ્વરૂપથી વિપરીત માન્યતા જ વિઘ્ન કરનારી છે. શાસ્ત્રના રહસ્યથી ને આત્માના જ્ઞાનથી તે મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે. જે શાસ્ત્ર 'પુણ્યથી ધર્મ તથા નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ મનાવે તે કુશાસ્ત્ર છે. પણ 'જ્ઞાનસ્વભાવી આત્મા રાગરહિત છે તેવી પ્રતીતિ અને જ્ઞાન કરવાથી ધર્મ થાય'-એમ બતાવે તે સત્ શાસ્ત્ર છે. તે સત્ શાસ્ત્રના મર્મ જાણવામાં કુશળતા પ્રાપ્ત કરીને પોતાના આત્માના જ્ઞાનથી મોહને હણ્યો છે. સત્ શાસ્ત્ર મોહ હણી દેતા નથી પણ પોતે મોહનો નાશ કરે છે. આચાર્ય ભગવાન કહે છે કે મેં શાસ્ત્ર કુશળતા ને આત્મજ્ઞાનથી દર્શન મોહને હણ્યો છે, તે ફરીથી ઉત્પન્ન થવાનો જ નથી. અજ્ઞાની લોકો કહે છે કે અવધિજ્ઞાન હોય તો જ ખબર પડે કે પોતાને સમકિત થયું છે કે નહિ અગર ભગવાન કહે તો ખબર પડે તો તે વાત ખોટી છે. આચાર્ય ભગવાનને અવધિજ્ઞાન પણ નહતું તેમજ તેઓ ભગવાનને પણ પૂછવા ગયા ન હતા. પોતાને દૃઢ વિશ્વાસ થઈ ગયો છે કે મારી પરિણતિ નિર્મળ થઈ છે ને આત્મામાં લીનતા થઈ છે તેથી મારો

આત્મા સ્વયં ધર્મ થયો છે. જે શક્તિરૂપે હતો તે વ્યક્તદશા, વીતરાગતા ને નિર્વિકલ્પપણે પ્રગટ થયો છે. શુભાશુભ ભાવો જે ચારિત્રદશાને વિઘ્ન કરનારા છે તેનો નાશ થયો છે તેથી મારો આત્મા સદાય નિષ્કંપ જ એટલે સ્થિર રહે છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્ર લખતી વેળા આચાર્યને વિકલ્પ તો છે છતાં સમસ્ત વિઘ્નનો નાશ કર્યો છે અને નિર્વિકલ્પ રહે છે એમ કેમ કહ્યું?

સમાધાન:- આચાર્ય ભગવાનને જે વિકલ્પ ઊઠે છે તે નિર્જરા માટે છે, તેના ઉપર તેમનું લક્ષ જ નથી. લક્ષ તો અખંડ સ્વભાવ ઉપર જ છે તેથી પુરૂષાર્થની ઉગ્રતામાં એમ કહ્યું છે.

અતિ વિસ્તારથી બસ થાઓ! આચાર્ય ભગવાન હવે ઉલ્લાસમાં આવી જઈને ભગવાનની વાણીનો, સમ્યક્ જ્ઞાનનો ને વીતરાગી ચારિત્રનો જયજયકાર બોલાવે છે.

(૧) તીર્થંકર ભગવાનના શ્રીમુખેથી નીકળેલો ૐકારમય દિવ્યધ્વનિ-જેને સ્યાદ્વાદની છાપ છે તે જયવંત વર્તો.

ભગવાનની વાણી એક સમયમાં પરિપૂર્ણ સ્વરૂપ બતાવે તેવી હોય છે. સ્યાદ્વાદ એટલે વસ્તુસ્વરૂપને કોઈ અપેક્ષાએ કહેવાની કથન પદ્ધતિ. તેના દૃષ્ટાંતો- આત્મા આત્માપણે છે, જડ કર્મરૂપે નથી. એક આત્મા પોતાના આત્મારૂપે છે બીજાના આત્મારૂપે નથી. એક ગુણ પોતાપણે છે ને બીજા ગુણરૂપે નથી. એક વર્તમાન પર્યાય પોતાપણે છે ને પૂર્વ પર્યાયરૂપે નથી. અવિકારી પર્યાય અવિકારીપણે છે ને વિકારરૂપે નથી. એક રજકણ તે રજકણરૂપે છે બીજા રજકણરૂપે નથી. દરેક દ્રવ્ય વર્તમાન ને ત્રિકાળ સ્વપણે છે ને પરપણે નથી. વિકલ્પ વિકલ્પના કારણે છે સ્વભાવના કારણે નથી. ચારિત્રની નબળાઈ પોતાની પર્યાયની યોગ્યતાના કારણે છે, કર્મના અગર પરના કારણે નથી. ચારિત્રની નબળાઈ પોતાની પર્યાયની યોગ્યતાના કારણે છે સ્વભાવના કારણે નથી.

ઉપર પ્રમાણે અનેકાંતનું રહસ્ય સ્યાદ્વાદદ્વારા જીવ બરાબર સમજે તો ધર્મ થાય. પોતાનો સ્વભાવ સમજવા માટે પર પદાર્થોની જરૂર રહેતી નથી. પૂર્વે પર્યાયમાં બહુ વિકાર કર્યા હતા માટે અત્યારે ધર્મ ન થઈ શકે એ વાત રહેતી નથી. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય પરિપૂર્ણ છે. અપૂર્ણતા તો પરને લઈ આવે છે. પર પરપણે છે એમ નક્કી કર્યું એટલે પરની અપેક્ષા ન રહી. એટલે આત્મા પરિપૂર્ણ, અસંગ, પરની અપેક્ષા વગરનો નક્કી થાય છે. આ સ્યાદ્વાદનું ફળ છે. તેથી જ સમ્યગ્-દર્શન, જ્ઞાન ચારિત્રરૂપી ધર્મ પ્રગટ થાય છે.

'તું તારાથી ને અંતે તને અમારાથી પણ લાભ થશે' એવું ભગવાનની વાણીમાં આવ્યું નથી પણ "તને તારાથી જ લાભ થશે" એમ વાણીમાં આવેલ છે.

આત્માનો જ્ઞાન સ્વભાવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર

બતાવનાર વીતરાગી વાણી જયવંત વર્તો!!

કોઈ પ્રશ્ન કરે કે:- વાણી જયવંત વર્તો- એમ કહ્યું તેમાં તો રાગ થયો છે ને? અને વાણી તો નિમિત્ત છે, છતાં નિમિત્ત સદાય જયવંત રહો એમ શામાટે કહ્યું?

સમાધાન:- સ્વભાવમાં ઠરવા માટેનો પુરૂષાર્થ બતાવે છે. વિકલ્પ ઉઠ્યો છે તે સ્વભાવમાં છે જ નહિ. તેનો અભાવ સ્વભાવ જયવંત વર્તો!-એમ કહેવાનો આશય છે. વિકલ્પ વિકલ્પના કાળ જેટલો જ છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. વિકલ્પ પૂર્વ પર્યાયને લીધે નથી. વિકલ્પ બાહ્ય નિમિત્ત કે કર્મના કારણે નથી પછીની પર્યાયમાં રહેવાનો નથી અને જ્ઞાન સ્વભાવમાં વિકલ્પ છે જ નહિ જેથી વિકલ્પ લટકતો રહી ગયો ને ફરી રહેશે નહિ. એટલે અહીં વિકલ્પનો જય નથી પણ વીતરાગતાનો જય છે જેથી સ્યાદ્વાદ મુદ્રાવાળી વાણી જયવંત વર્તો એમ કહ્યું છે.

(૨) ભગવાનની વાણીનું નિમિત્ત પામીને આત્મા રાગરહિત ચૈતન્ય આનંદસ્વરૂપ છે એવું સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું અને તેના પ્રસાદથી 'શરીર ને પુણ્ય પાપ મારા' એવા અનાદિ કાળના મોહનો નાશ થયો છે. તે સમ્યક્‌જ્ઞાન જયવંત વર્તો!!!

અહીં સમ્યક્‌જ્ઞાનમાં નિમિત્ત ભગવાનની સર્વજ્ઞ વીતરાગી વાણી કહી છે. કુદેવની વાણી નિમિત્ત હોઈ શકે નહિ. સમ્યગ્જ્ઞાનીની વાણીનું નિમિત્ત ન હોય તેને તો કદી પણ સાચું જ્ઞાન થઈ શકે નહિ.

શબ્દ આત્માને બતાવે છે માટે શબ્દબ્રહ્મ કહેલ છે ને તેનું રહસ્ય પામી સમ્યક્‌જ્ઞાન અને આત્માનો અનુભવ થયો છે. કોઈ બહારના તપ, વ્રત, ઉપવાસ વગેરે સમ્યક્‌જ્ઞાનના નિમિત્તરૂપે પણ કારણ કહ્યાં નથી. સ્વભાવ અને વિભાવનું એકપણું કરી પરમાં સાવધાની થતી તે મોહગ્રંથી સમ્યક્‌જ્ઞાન થતાં તરત જ તૂટી ગઈ. "झगिति" શબ્દ વાપરેલ છે. સમ્યક્‌જ્ઞાન થાય ને દર્શનમોહનો નાશ થતાં વાર લાગે તેમ બને નહિ. આત્મજ્ઞાન જયવંત વર્તો એટલે સમ્યગ્જ્ઞાન વધીને કેવળજ્ઞાનરૂપે થાઓ-એમ કેવળજ્ઞાન થતાં કાંઈ વિઘ્ન આવો નહિ. આત્મતત્ત્વની ઉપલબ્ધિ જયવંત વર્તો!!

(૩) પરમ વીતરાગી ચારિત્ર એટલે શુદ્ધ સ્વભાવમાં લીનતારૂપ શુદ્ધોપયોગ જેની કૃપાથી આ આત્મા પોતે ધર્મરૂપ થયો તે શુદ્ધોપયોગ જયવંત વર્તો!!!

પાંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ, છ આવશ્યક વગેરેથી ધર્મ થતો નથી પણ મહાવ્રતાદિના શુભભાવ રહિત શુદ્ધોપયોગ તે ધર્મનું કારણ છે. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે ને ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે.

કોઈ પ્રશ્ન કરે કે આચાર્ય ભગવાન તો ભગવાન પછી ૧૫૦૦ વરસે પાંચમા આરામાં થયા છે ને તેમને અવધિ તથા મનઃપર્યય જ્ઞાન નહતું છતાં પરમ વીતરાગ ચારિત્રસ્વરૂપ કેમ કહ્યું?

આચાર્ય ભગવાનને આખો આત્મા દૃષ્ટિમાં હતો ને સ્થિરતા

કરવાના કામી હતા. અધુરાશ ઉપર તેમની નજર નથી એટલે પરમ વીતરાગ ચારિત્ર કહ્યું છે.

જે શાસ્ત્રનો ભાવ આત્મા તરફ વળે તે શાસ્ત્ર છે.
જે જ્ઞાન આત્મા તરફ વળે તે સમ્યક્જ્ઞાન છે.
જે સ્થિરતા આત્મા તરફ વળે તે શુદ્ધોપયોગ છે.

ત્રણે જયવંત વર્તો-એમ આચાર્ય ભગવાને કહ્યું છે.

હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરે છે.

પ્રવચનસારના શરૂઆતમાં પાંચમી ગાથામાં આચાર્ય ભગવાને કહેલ કે મારી દીક્ષારૂપી સ્વયંવરમાં મહોત્સવમાં પાંચ પરમેષ્ઠીને બોલાવું છું તે વખતે વિકલ્પનું લક્ષ જણાવ્યું હતું. આ શ્લોકમાં તેવો વિકલ્પ નહિ હોવાથી પંચ પરમેષ્ઠીની વાત લીધી નથી. જ્ઞાન સ્વભાવના ભાન સહિત અંતર રમણતા પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મરૂપે થાય છે. પોતે ધર્મરૂપે થાય છે ત્યારે વાણીને નિમિત્ત કહેવાય છે. ગરમીના દિવસોમાં ઠંડા પાણીમાં ડુબકી મારવી સારી લાગે છે તેમ વિકાર તરફની પર્યાયદૃષ્ટિ છોડી સ્વરૂપની અંદર લીન થતાં આનંદના ઝરણા છૂટે છે. દિવાળીના દિવસમાં લોકો કહેવાતો આનંદ ચાર દિવસ ભોગવે. અહીં તો ૩૬૦ દિવસ નિત્ય આનંદનો ફેલાવો થઈ રહ્યો છે. એકાગ્રતાના ભંસ થતા અંદરનો ફુવારો ફાટે છે. જેમ સારા ઘીની મીઠાઈ ઘીથી તરબોળ છે તેમ જ્ઞાનતત્ત્વ શાંત અનાકુળ રસથી તરબોળ છે. મીઠાઈ ખાવાથી તથા દાગીનાથી આત્મા શોભતો નથી પણ જ્ઞાનરસથી શોભે છે. જ્ઞાન રસવાળું છે લુખું નથી. સ્વભાવમાં દુઃખ હોઈ શકે નહિ. સ્વભાવ સુખનો ભંડાર છે. તે સુખનો વિસ્તાર થતો જાય છે તે સુખ કોઈ દિવસ ચળે નહિ એવું છે. નિર્વિકલ્પ અનુભવમાં હું સિદ્ધ છું કે સંસારી એવા ભેદ પણ ભૂલી જાય છે.

રત્નનો દીવો જેમ નિષ્કંપ છે તેમ ચૈતન્યદીવો કંપ્યા વિના જ્ઞાનપ્રકાશની શોભાને પામે છે. બાહ્ય દીવા માટે મશીન અગર તેલની જરૂર પડે પણ ચૈતન્ય દીવાને બહારના પદાર્થની જરૂર પડતી નથી. પુણ્ય પાપના ભાવ છોડી સ્વભાવ શક્તિરૂપે છે તેમાંથી વ્યક્ત થઈ જ્ઞાનપ્રકાશ ઉદય પામે છે.

આનું નામ જ્ઞાનતત્ત્વ છે ને તે જ્ઞાનતત્ત્વ અધિકાર પૂરો થાય છે.

હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન નામના પ્રથમ અધિકારની અને જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન નામના બીજા અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે.

<u>શ્લોક ૬ ઠો</u>

આત્માના આશ્રયે રહેલા જ્ઞાનતત્ત્વનો યથાર્થપણે નિશ્ચય કરીને કહ્યું, એટલે અહીં ગુરુ કે શાસ્ત્ર વગેરે પરના આધારે કહ્યું નથી. પોતાના આધારે નક્કી કરીને જ્ઞાનની સિદ્ધિને અર્થે એટલે કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે અધિકારી વીતરાગી દશાને લક્ષે

(૭) જ્ઞેયતત્ત્વ જાણવાનો ઈચ્છક સર્વે પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત જેમ છે તેમ જાણે છે જેથી મોહની બિલકુલ ઉત્પત્તિ ન થાય.

આ જ્ઞેયતત્ત્વ અધિકાર શરૂ કરતાં ઉપોદ્‌ઘાત કરે છે કે જેને દૃષ્ટિ તો નિર્મળ થઈ છે પણ વિશેષ નિર્મળતા કરવાને વીતરાગતા પ્રગટ કરી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રગટાવવા જ્ઞેયતત્ત્વ અધિકાર શરૂ થાય છે. અને જેને સમકિત ન થયું હોય તેને પણ જ્ઞેયોનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન બરાબર કરે તો સમકિત પ્રગટ થાય માટે જ્ઞેયતત્ત્વ અધિકારને દર્શન વિશુદ્ધિ અધિકાર પણ કહેવામાં આવે છે.

આમ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રના શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

શ્રી આત્મધર્મ-પ્રવચન-પ્રસાદ


દૈનિક પ્રસાદ નં. ૫૫

સંપાદકો: ખીમચંદ જેઠાલાલ શેઠ. અમૃતલાલ નરશીભાઈ શેઠ.

પુસ્તક બીજું. માસિક લવાજમ રૂ. ૬)
૨૪૭૬ આસો વદ ૦)) તા. ૯-૧૧-૫૦ ગુરુ

(જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર ગાથા ૯૩ આસો વદ ૧૩)

હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે એટલે કે જ્ઞેયતત્ત્વ જણાવે છે. ભગવાને અનંતા પદાર્થોનું જેવું સ્વરૂપ એવું તેવું જ્ઞેયોનું જ્ઞાન કરવું તે પોતાના જ્ઞાનની નિર્મળતાનું કારણ છે. તેમાં પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ વર્ણવે છે. દરેક આત્માને પરમાણુના દ્રવ્ય ગુણ પર્યાય જુદે જુદા છે. વસ્તુ તે ત્રિકાળી દ્રવ્ય તેના ત્રિકાળી શક્તિઓ ને તેની વર્તમાન અવસ્થા એમ દ્રવ્ય ગુણ પર્યાયનું સમ્યગ્જ્ઞાન કરે તો વીતરાગતાની વૃદ્ધિ થાય છે. જીવ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ છ દ્રવ્યો છે ને છએ જુદે જુદા છે.



ભાવાર્થ:- પદાર્થ દ્રવ્ય સ્વરૂપ છે. પદાર્થો આણો આણો દ્રવે છે પરિણમે છે. દરેક આત્મા તથા દરેક પરમાણું દ્રવ્ય સ્વરૂપ છે વળી દ્રવ્યો ગુણાત્મક કહેવામાં આવ્યા છે એટલે પદાર્થની કાયમની શક્તિઓ પદાર્થથી જુદી નથી જેમકે આત્માની જ્ઞાન દર્શન વગેરે શક્તિઓ અને પુદ્ગલની સ્પર્શ રસ ગંધ વર્ણ વગેરે શક્તિઓ તે ગુણો છે. ને દ્રવ્યો ગુણાત્મક છે. વળી દ્રવ્ય તથા ગુણોથી સમય સમયની અવસ્થા થાય છે. પર્યાયને પોતાનું કાયમનું સ્વરૂપ માનવાવાળા જીવો મૂઢ- મિથ્યાદૃષ્ટિ છે.

જે જીવ અવસ્થાને પોતાનું કાયમી સ્વરૂપ માને છે તે અંશને માને છે પણ આખી સત્તાને કે જેના આધારે પર્યાય થાય છે તે અંશી દ્રવ્યને માનતો નથી તેથી તે પર્યાયબુદ્ધિ છે. આત્મા વસ્તુ એક છે ને તેમાં શક્તિઓ અનેક છે તેની અવસ્થાઓ પણ થાય છે તેમાં વ્યંજન પર્યાય એટલે આકૃતિ તથા એક પછી એક જ્ઞાન દર્શન વગેરેની અવસ્થાઓ થયા કરે છે તે પ્રકાર છે. એમ આકારને પ્રકાર ઉપર જ એકાન્ત જેનું લક્ષ છે અને એવડો જ પોતે છે એમ માને તે પર્યાયદૃષ્ટિ છે. તે આકાર ને પ્રકાર દ્રવ્યના આધારે થાય છે તેને જે સ્વીકારતો નથી તે જીવ ખરેખર પર્યાયને પણ માનતો નથી શરીર મન વાણી ઉપર તેનું લક્ષ જશે ને તેને પોતાના માન્યા વિના રહેશે નહિ. એવો જીવ પરસમય એટલે મિથ્યાદૃષ્ટિ છે.

ટીકા:- આ જગતમાં જે કોઈ જણવામાં આવતો પદાર્થ છે તે આખોય વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યસ્વરૂપ છે.

તેનો અર્થ- 'આ' શબ્દ વિદ્યમાનતા બતાવે છે. વિશ્વમાં અનંત આત્મા, અનંત પુદ્ગલો ધર્મ અધર્મ આકાશ ને કાળ એમ છ દ્રવ્યો છે.

(૧) વિસ્તાર સામાન્ય સમુદાયનો અર્થ:- સોનામાં પીળાશ ચીકાશ વજન બધે પથરાએલા છે તેમ જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય અસ્તિત્વ વગેરે અનંત ગુણોમાં (ગુણભેદ લક્ષમાં ન લઈએ તો બધામાં) એક આત્માપણા રૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તાર સામાન્ય તે દ્રવ્ય છે. પરમાણુ સ્પર્શ રસ ગંધ વર્ણ વગેરે ગુણોથી (ભેદ લક્ષમાં ન લેતા) એક પુદ્ગલપણા રૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તાર સામાન્ય તે દ્રવ્ય છે. અનેક ગુણોનું લક્ષ ન કરતાં એક સામાન્યપણાનું લક્ષ કર્યું. જ્ઞાન દર્શન વગેરે ગુણો એક ઉપર એક પથરાએલા નથી. એકી સાથે રહેલા છે. જ્યાં જ્ઞાન પથરાએલું છે ત્યાં જ દર્શન વગેરે ગુણો પહોળા પથરાએલા છે. એવા બધા ગુણોમાં એક આત્માપણું સામાન્ય ભાસે છે તે દ્રવ્ય છે.

વેપારીને પોતાની વખારમાં શું માલ છે તેની ખબર ન હોય તો તે વેપાર કરી શકે નહિ ને ફાયદો ઉઠાવે નહિ તેમ આ આત્મા અનંતી શક્તિઓની વખાર છે તેના માલને જાણે નહિ તો જ્ઞાન વગેરે શક્તિઓનો વેપાર યથાર્થ કરી શકે નહિ.

આજે ધનતેરસનો દિવસ છે. ચૌદશની રાત્રે પાછલે પહોરે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા ને ગૌતમ સ્વામી કેવળજ્ઞાન લક્ષ્મીને વર્યા. કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી પ્રગટાવવા માટે આજે સ્વરૂપલક્ષ્મીના પૂજનો દિવસ છે. આચાર્ય ભગવાને પણ જ્ઞાનતત્ત્વની પૂર્ણાહુતિમાં કહેલ હતું કે કેવળજ્ઞાનની સિદ્ધિને અર્થે પ્રશમના લક્ષે જ્ઞેયતત્ત્વ અધિકાર શરૂ કરીશ. આપણે આજ ધનતેરસના દિવસે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રગટાવવા જ્ઞેય અધિકાર શરૂ થયો છે ને તે મંગળિક છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેના આધારે કેવળ લક્ષ્મી પ્રગટ થાય છે ને મુમુક્ષુ જીવો પણ જ્ઞેયતત્ત્વ યથાર્થ સમજી સમ્યગ્જ્ઞાનરૂપી લક્ષ્મી પ્રગટ કરી શકે છે.

(૨) આયત સામાન્ય સમુદાયાત્મકનો અર્થ— આયત એટલે લંબાઈ. કાળની અપેક્ષાએ દ્રવ્યના કાળની અપેક્ષાના ભેદોને પર્યાયો કહે છે તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને ગૌણ કરીએ તો એક દ્રવ્યપણા રૂપ સામાન્યપણું જ ભાસે છે. આ આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્ય છે.

સોનામાંથી વીંટી થાય, કડા થાય. એક પછી એક ઘરેણાની અવસ્થા થાય છે તેમાં અવસ્થાની અનેકતા ઉપર લક્ષ ન દેતાં તે બધી અવસ્થામાં સામાન્યપણું તે સોનું છે તે દ્રવ્ય છે.

તેમ આત્મામાં જ્ઞાન દર્શન વગેરે ગુણોની અવસ્થા થાય છે તેમાં તેના હિન અધિકપણાની અનેકતા ઉપર લક્ષ ન દેતાં તે બધી અવસ્થામાં આત્માનું એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું ભાસે છે તે દ્રવ્ય છે.

અહીં પર્યાય વિકારી કે અવિકારી એવા ભેદ પાડવા નથી. પર્યાયોમાં જે અનેકતા છે તે અનેકપણાનું લક્ષ દૂર કરી એક સામાન્યપણારૂપ દ્રવ્યનું લક્ષ કરાવવું છે. નિગોદથી લઈને સિદ્ધના જીવો બધા આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્યો છે. અહીં અનાદિ સાન્ત વિકારી પર્યાયો ને સાદિ અનંત અવિકારી પર્યાયોમાં સામાન્ય એકરૂપ રહેનાર તે દ્રવ્ય છે એમ નક્કી કરવું છે.

કોઈ કહે કે આ ઝીણી વાત ન સમજાય તો તે વાત બરાબર નથી. બધા દ્રવ્યોના સ્વરૂપને પહોંચી વળવાની તાકાત જ્ઞાનમાં છે. નાળીયેરની અંદરનું પાણી નજરે ન દેખાય છતાં ઉપરમાં છોલા છે, તેના નીચે કાચલી છે, કાચલી નીચે ટોપરૂં છે ને ટોપરા નીચે પાણી છે. પરખવાની ચીજ પાણી આટલા પરવાળી છે ને પાણી બહારથી ન દેખાય એવી ચીજ છે છતાં પરવાળી ચીજનો એટલે કે નાળીયેર પાણીચું છે કે ગડગડીયું તેનો નિર્ણય જીવ કરે છે. એ નિર્ણય કરવાની તાકાત જ્ઞાનમાં છે. હાથથી હલાવવાથી કે કાનથી તે નિર્ણય કર્યો નથી તો પછી દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કેવું છે તેનો નિર્ણય કરવાની તાકાત જ્ઞાનમાં છે.

ઉપર કહ્યું તે પ્રમાણે પદાર્થ વિસ્તાર સામાન્યથી અને આયત સામાન્યથી રચાયેલો હોવાથી દ્રવ્ય સ્વરૂપ છે. દ્રવ્ય કાંઈ નવું રચાએલું નથી પણ સમજાવવાની રીત છે. દ્રવ્યની વ્યાખ્યા કરી છે.

કોઈ પ્રશ્ન કરે કે આમાં ધર્મ શું આવ્યો? આ વ્યાખ્યા તો અઘરી લાગે છે.

સમાધાનઃ- ભાઈ, દરેક દ્રવ્યનું સ્વરૂપ તેના વિસ્તાર સામાન્ય ને આયત સામાન્યથી રચાએલું છે એમ જે જીવ નક્કી કરે છે તેને પર પદાર્થો ઉપરથી દૃષ્ટિ ઉડી જાય છે. દૃષ્ટાંત- શરીરના પરમાણુઓ તેના વિસ્તાર સામાન્ય સ્પર્શાદિ ગુણો રૂપે અને આયત સામાન્ય એટલે સુગંધ દુર્ગંધ, સફેદ કાળા રંગ વગેરે અવસ્થારૂપે થાય છે તે પોતપોતાના કારણે થાય છે. આ જીવનો તેમાં અધિકાર નથી. લીલોતરીના જીવની ને લીલોતરીના શરીરની અવસ્થા તે તે દ્રવ્યોને આધીન છે મારે આધીન નથી. હું લીલોતરી કાપી શકતો નથી હું પર જીવને બચાવી શકતો નથી હું ભાષાની અવસ્થાને કરી શકતો નથી એમ દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ જાણતાં પરજીવો તથા પુદ્ગલો વગેરે બધા ઉપરથી કર્તૃત્વભાવ ઉડી જાય છે. હું તો મારા વિસ્તાર સામાન્ય ને આયત સામાન્યથી રચાએલું દ્રવ્ય છું એમ દૃષ્ટિ થતાં પર પદાર્થોની પર્યાય ઉપરની દૃષ્ટિ નાશ પામી. વળી પોતાની પર્યાયમાં પણ જે અનેકતા છે તે પણ હું નથી હું તો ત્રિકાળ એકરૂપ દ્રવ્ય છું એમ નક્કી કર્યું તે દ્રવ્યદૃષ્ટિ થઈ. પૂર્વે પર્યાયદૃષ્ટિથી ભેદ ઉપર લક્ષ જતાં મિથ્યાત્વ ને વિકાર ઉત્પન્ન થતા તે મટી ગયા ને સ્વભાવમાં એકાગ્રતા થતાં જ્ઞાન ને વીતરાગતા ઉત્પન્ન થાય છે. આયતપણું કાયમ રહે છે પણ વિકારી દશા મટી અવિકારી દશા પ્રગટ થાય છે.

આવી રીતે પોતાના સ્વભાવમાં સ્થિર થાય તો કેવળજ્ઞાન પ્રગટે છે આ કેવળજ્ઞાનની પૂજા છે. જડ લક્ષ્મીની તો પૂજા કરવાની હોય જ નહિ પણ ભગવાન મોક્ષ પધાર્યા ને ગૌતમ ગણધરને કેવળજ્ઞાન થયું તેની પૂજા તે પણ ખરેખર પૂજા નથી. તારા દ્રવ્યને ઓળખીને તારા સ્વરૂપની પૂજા કર એમ આચાર્ય ભગવાન કહે છે.

લૌકિકમાં કહે છે કે પર્વના દિવસોમાં કાંઈ કકળાટ કરશો નહિ અહીં આચાર્ય ભગવાન કહે છે કે પર્વના દિવસોમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના

સ્વરૂપ વિરુદ્ધ કકળાટ કરીશ નહિ. જો તારા સ્વરૂપથી વિરુદ્ધ કકળાટ કરીશ તો તારું દ્રવ્ય એવું ને એવું અજ્ઞાની રહેશે.

હવે ગુણની વ્યાખ્યા કરે છે— વળી દ્રવ્યો એક જેમનો આશ્રય છે એવા વિસ્તાર વિશેષ સ્વરૂપ ગુણોથી રચાએલા એટલે ગુણોથી બનેલા હોવાથી ગુણાત્મક છે. તેનો ખુલાસો:- વસ્તુ એક હોય પણ તેના ગુણો અનેક હોય. દાખલા:- આત્મા એક અને તેના વિસ્તાર વિશેષ એટલે ગુણો દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વિર્ય વગેરે અનેક. પુદ્ગલ દ્રવ્ય એક અને સ્પર્શ રસ ગંધ વર્ણ વગેરે ગુણો અનેક. તેવી રીતે છ દ્રવ્યોમાં અનંત ગુણો રહેલા છે. એક વસ્તુમાં અનેક ગુણ હોઈ શકે પણ એકેક ગુણ દીઠ એકેક વસ્તુ એમ ગુણને અનેક વસ્તુ હોઈ શકે નહિ. અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે અને દરેક દ્રવ્ય તે પોતાના ગુણોથી રચાયેલું છે. આધાર એક છે ને આધેય અનેક છે. આધાર આત્મા એક છે ને જ્ઞાન દર્શન ચારિત્ર વગેરે આધેય અનેક છે એટલે આધાર આધેય સંબંધ પોતામાં રહ્યો પર ચીજ સાથે આધાર આધેય સંબંધ રહ્યો નહિ. આમ સાચું ગુણાત્મક દ્રવ્યનું જ્ઞાન કરતાં પરનું અભિમાન ટળી જાય છે ને પોતામાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી કેવલજ્ઞાન પામે છે. હવે પર્યાયની વ્યાખ્યા કરે છે— વળી પર્યાયો કે જેઓ આયત વિશેષો સ્વરૂપ છે તેઓ —જેમના લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યા એવા દ્રવ્યોથી તેમજ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે તથા ગુણાત્મક પણ છે.

તેનું સ્પષ્ટીકરણ:- આયત એટલે લંબાઈ. દ્રવ્યની હોય તો દ્રવ્યના કાળ અપેક્ષાએ લંબાઈ ને ગુણની અવસ્થા હોય તો ગુણના કાળ અપેક્ષાએ લંબાઈ. અહીં ક્ષેત્રની લંબાઈની વાત નથી. અવસ્થા એક એક સમયે થાય છે તે અવસ્થા દ્રવ્યની પણ છે અને ગુણોની પણ છે.

તેમાં અનેક દ્રવ્યાત્મક એકતાના સ્વીકારના કારણભૂત દ્રવ્યપર્યાય છે તે બે પ્રકારે છે (૧) સમાન જાતીય (૨) અસમાન જાતીય.

તેમાં પુદ્ગલોનો સ્કંધ તે સમાન જાતીય દ્રવ્યપર્યાય છે અને દેવ મનુષ્ય વગેરે અસમાન જાતીય દ્રવ્યપર્યાય છે કેમ કે દેવનો આત્મા ને દેવનું શરીર બન્ને અસમાન જાતી છે.

અનાદિ કાળથી અજ્ઞાની જીવ સમાનજાતીય દ્રવ્યપર્યાયોમાં અને અસમાન જાતીય દ્રવ્ય પર્યાયોમાં મારાપણું માને છે. દૃષ્ટાંત:- કોઈ પણ પૌદ્ગલિક વસ્તુ તે સમાન જાતીય દ્રવ્ય પર્યાય છે તે પર્યાયો તે તે પુદ્ગલ દ્રવ્યો ને ગુણોના આધારે થઈ છે પણ અજ્ઞાની એમ નહિ માનતા તે રૂપી પદાર્થની અવસ્થા મારાથી થઈ અથવા હું હતો તો થઈ એમ માને છે. વળી એક ક્ષેત્રે રહેલું શરીર ને મનુષ્યનો આત્મા બન્ને અસમાન જાતીય દ્રવ્ય પર્યાય છે છતાં અજ્ઞાની જીવ આત્મા હોય તો શરીર ચાલે ને શરીરથી આત્માને લાભ થાય તેમ માને છે. આત્માની પર્યાય આત્માના દ્રવ્ય ગુણના આધારે છે એમ માનતો નથી. પોતે નિત્ય છે એમ ભૂલીને શરીરને નિત્ય રાખવા માગે છે. શરીરની અવસ્થા અનિત્ય ને પલટતી છે ને તેની પર્યાય તો તે પરમાણુના

દ્રવ્ય ગુણને આધાન છે એમ સાચું સમજી પોતે નિત્ય છે એમ નક્કી (૨૦૯)
કરી પોતાના દ્રવ્ય ગુણ તરફ વળે તો શાંતિ ને ધર્મ થાય તેમ છે.
પર્યાયમૂઢ જીવ પોતાની એકલી પર્યાયને જ તથા સામાની પર્યાયને
જ જાણે છે જેથી તે સંયોગનેજ જુએ છે. જે સ્વભાવને જુએ તો
સામાની પર્યાયને લીધે રાગ થયો એમ માને નહિ. સ્વ તરફ વળતા
એટલે કે દ્રવ્ય ગુણ સામાન્યનું લક્ષ કરતા ધર્મ પ્રગટે ને વીતરાગતા
થાય.